
नमोऽस्तु तस्मै जिनशासनाय

મહોપાધ્યાય યશોવિજયજી વિરચિત સીમંધરસ્વામીને વિનંતિસ્વરૂપ

# ૩૫૦ ગાથાનું સ્તવન

પ્રથમઢાળ વિવેચના



-મુનિ ગુણહંસવિજય

नमोऽस्तु तस्मै जिनशासनाय

મહામહોપાધ્યાય શ્રીયશોવિજયજીવિરચિત
સીમંધરસ્વામીને વિનંતીસ્વરૂપ...

# ૩૫૦
# ગાથાનું
# સ્તવન

: પ્રેરક :

પં. ચન્દ્રશેખરવિજયજી મ. સાહેબ

: પ્રકાશક :

કમલ પ્રકાશન ટ્રસ્ટ

**પ્રકાશક :**

**કમલ પ્રકાશન ટ્રસ્ટ**

જીવતલાલ પ્રતાપશી સંસ્કૃતિ ભવન

૨૭૭૭, નિશા પોળ, ઝવેરીવાડ, રીલિફ રોડ, અમદાવાદ-૧

ફોન : ૨૫૩૫૫૮૨૩, ૨૫૩૫૬૦૩૩

**લેખક :**

સિદ્ધાન્તમહોદધિ, સચ્ચારિત્રચૂડામણિ,

સ્વ. પૂજ્યપાદ આ. ભગવંત શ્રીમદ્વિજય

પ્રેમસૂરીશ્વરજી મહારાજા સાહેબના વિનેય

**પૂ. પં. શ્રી ચન્દ્રશેખરવિજયજીના શિષ્ય**

**મુનિ ગુણહંસવિજય**

**આવૃત્તિ :**

પ્રથમ સંસ્કરણ : નકલ : ૧૦૦૦

વિ.સં. ૨૦૬૭ તા. ૧૫-૬-૨૦૧૧

મૂલ્ય રૂા. ૧૦૦/-

**ટાઈપસેટિંગ :**

**અરિહંત ગ્રાફિક્સ**

ખાડિયા ચાર રસ્તા, ખાડિયા, અમદાવાદ.

**મુદ્રક :**

**ભગવતી ઓફસેટ**

બારડોલપુરા, બંસીધર એસ્ટેટ, અમદાવાદ.

# પ્રસ્તાવના

અઢળક શાસ્ત્રીય પદાર્થોથી ભરપૂર આ સ્તવનના વિવેચનમાં ઉત્સૂત્રપ્રરૂપણા ન થઈ જાય અને સાચું રહસ્ય પામી શકાય એનો પૂરો પ્રયત્ન કર્યો છે.

છતાં છદ્મસ્થ છું, ભૂલ થવાની શક્યતા છે જ, ગીતાર્થોને વિનંતિ કે "કોઈપણ ભૂલ નજરમાં આવે, તો મને જણાવવા દ્વારા મારા પર ઉપકાર કરે."

કુલ ૧૭ ઢાળ !

આ પ્રથમ ભાગમાં પ્રથમ ઢાળનું વિવેચન લીધું છે.

૧૭ ઢાળના કેટલા ભાગ થશે ? એ ખબર નથી. પણ નાના-નાના ભાગ કરવાનું કારણ એટલું જ કે વાંચનારાને અનુકૂળતા રહે, સંયમીઓ વિહારમાં પણ ઉંચકી શકે.

અતિ અણમોલ છે આ સ્તવન !

પૂ.આ. નરદેવસાગરસૂરિજીએ મને ગૃહસ્થપણામાં સુરત-વાડીના ઉપાશ્રયે ચાતુર્માસ દરમ્યાન આજથી લગભગ અઢારેક વર્ષ પહેલા ૧૨૦ દિવસમાં ૧૩૦૦ જેટલી ગાથાઓ કંઠસ્થ કરાવેલી, સાથે બે બુકનો અભ્યાસ કરાવેલો. એ ગાથાઓમાં જ આ ૩૫૦ ગાથાનું સ્તવન પણ કંઠસ્થ કરાવેલું. ત્યારે એ ખૂબ ગમેલું, આજે ૧૮ વર્ષ બાદ તો આ સ્તવન ઘણું ઘણું ઘણું ગમવા લાગ્યું છે. તેઓશ્રીનો ઉપકાર યાદ ન કરું તો હું કૃતઘ્ન કહેવાઉં !

ભવોદધિતારક, સુવિશુદ્ધપરિણતિના સ્વામી, પરમશાસનપ્રભાવક પૂજ્યપાદ ગુરુદેવશ્રી પંન્યાસપ્રવર શ્રી ચન્દ્રશેખરવિજયજી મ.સાહેબના ઉપકારનું તો વર્ણન જ થઈ શકે એમ નથી. આ જે કંઈપણ લેખનાદિ શક્તિઓ પ્રગટી છે, એ માત્ર ને માત્ર એમની અમીદૃષ્ટિનું જ ફળ છે.

પૂ.પં.મેઘદર્શન મ. તથા પૂ.મુ. રત્નવલ્લભ મ. આ બંને વિદ્યાગુરુઓએ મારામાં જે પાયાનું ચણતર કરેલું, એની ઈમારત રૂપ આ પુસ્તક સમજવું.

શાસનસમ્રાટ સમુદાયના આચાર્યદેવ, સાહિત્યરસિક, મહોપાધ્યાયજી પ્રત્યે અતિશય બહુમાનના ધારક પૂજ્ય પ્રદ્યુમ્નસૂરિજી મ.સાહેબે સ્વાસ્થ્યની ઘણી પ્રતિકૂળતા વચ્ચે પણ મારા જેવા નાના સાધુની પણ વિનંતિ સ્વીકારીને પ્રસ્તાવના લખી આપી, એ એમનો ઉપકાર કાયમ યાદ રહેશે.

અંતે,

જિનાજ્ઞા વિરુદ્ધ કંઈપણ લખાયું હોય, તો મન-વચન-કાયાથી મિચ્છા મિ દુક્કડં.

- ગુણહંસ વિજય

# સરળ શૈલીનું વિસ્તૃત વિવેચન

ઉપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજ વિ. રચિત સાડા ત્રણસો ગાથાના સ્તવન પર વિસ્તૃત વિવેચનની જરૂર હતી જ, તે આ નિમિત્તે પૂર્ણ થાય છે તે આનંદની બીના છે. આની પાછળ ઘણી મહેનત છે.

વિરતિદૂતમાં એમની કલમ ચાલે છે તે વાંચીને આ વાંચે કે આ વાંચીને વિરતિદૂતના પાના ઉપર નજર ફેરવે તો તેને જણાઈ આવે કે બન્નેના લેખક એક જ છે. ભાષા સાદી સીધી છે, શૈલી આમે વિસ્તાર રૂચી છે. અને આ વિવરણ વિસ્તાર સાધે તેવું છે.

પહેલી ઢાળના વિવરણ જોતા એમ અનુમાન થાય છે કે બધી ઢાળોનું વિવરણ આવું રસાળ હશે. તે બધાનું સ્વાગત છે.

આ પહેલું પ્રકાશન થાય છે, તેવું લાગે છે. વિરતિદૂતની વાત જુદી છે અને પુસ્તક લખવું તે જુદા પ્રકારનું છે. જેમાં સફળ થયા છે.

જૈનશાસનની પરંપરા છે, ખાસ કરીને તપાગચ્છની પરંપરા છે કે એમાં કાળે કાળે આવા વિશિષ્ટ લેખકો થતા રહે છે.

તબિયતના કારણે આટલું એમના પ્રત્યેની સદ્ભાવનાના કારણે લખાયું છે.

ઈચ્છીએ કે ૧૨૫/૧૫૦ ગાથાના સ્તવનોનું વિવરણ તેઓ તરફથી મળે. અને કાળક્રમે ઉપાધ્યાયજી મહારાજના ગુજરાતી સાહિત્યમાં જે જે સ્થાનો દુર્બોધ છે તેના પર યોગ્ય ટિપ્પણી તેઓ આપે, વય નાની છે, બધા જીવોને ભગવાનનું શાસન વહાલું છે. જીવોને વહાલું લાગે તેવો તેમનો પ્રયત્ન છે. તેમાં સફળતા સાંપડે તે જ.

સંવત ૨૦૬૭ જેઠ સુદ-૧

**- આ. શ્રી પ્રદ્યુમ્નસૂરિજી**
કાંકરીયા જૈન ભવન,
અમદાવાદ-૨૨.

પૂ. પંન્યાસ શ્રી કીર્તિદર્શન મ.સાહેબની
પ્રેરણાથી

● સૌજન્ય ●

## શ્રી કાંદીવલી જૈન શ્વે. મૂ.પૂ. સંઘ

કાંદીવલી (વેસ્ટ), મુંબઈ

શ્રુતભક્તિનો લાભ લીધો એ બદલ
ખૂબ ખૂબ ધન્યવાદ....

લિ.
કમલ પ્રકાશન ટ્રસ્ટ

## પૂજ્યશ્રીના સંયમોપયોગી પુસ્તકો

| | | |
|---|---|---|
| (૧) | શૂન્ય બનીને પૂર્ણ બનું. | (યોગશતક ગ્રન્થ ઉપર વિવેચન) |
| (૨) | ક્યારે બનીશ હું સાચો રે સંત ! | (ઉપદેશરહસ્ય ઉપર વિવેચન) |
| (૩) | દશવૈકાલિક ચૂલિકા | (સંયમમાં અસ્થિર બનેલા આત્માઓને સ્થિર કરનારું પુસ્તક) |
| (૪) | હવે તો માત્ર ને માત્ર સર્વવિરતિ ! | (વર્તમાનકાળ પ્રમાણે સંયમ અંગેના અનેકવિધ પદાર્થો...) |
| (૫) | સંવિગ્ન સંયમીઓની નિયમાવલિ | (દીક્ષા બાદ તરત લેવા યોગ્ય ૨૦૦થી વધુ નિયમો ઉપર વિવેચન) |
| (૬) | મુનિજીવનની બાલપોથી (ભાગ ૧ થી ૫) | (સાધુજીવનના પાયાના પદાર્થોથી ભરપૂર, સાધુક્રિયાના સૂત્રોના અર્થોથી ભરપૂર) |
| (૭) | યોગસાર વિવેચન | (અદ્‌ભુત ૨૦૦ ગાથાઓ ઉપર વિવેચન) |
| (૮) | ઉપદેશમાલા (ભાગ ૧ થી ૫) | (પ્રભુવીરના શિષ્યશ્રી ધર્મદાસગણિએ રચેલા ૫૪૪ શ્લોકો ઉપર વિવેચન) |
| (૯) | વિશ્વશાંતિનો મૂલાધાર (ભાગ ૧-૨-૩) | (મહોપાધ્યાયજી રચિત ગુરુતત્ત્વવિનિશ્ચય ગ્રન્થ ઉપર વિવેચન) |
| (૧૦) | ગુરુમાતા | આ પુસ્તકો પૂજ્યશ્રીએ ૪૫-૫૦ વર્ષ પૂર્વે દીક્ષાના શરુઆતના વર્ષોમાં લખેલા છે. એમાંથી જે પુસ્તકો અમારી પાસે ઉપલબ્ધ નથી, તે જ્ઞાનભંડારોમાંથી મેળવવાના રહેશે. |
| (૧૧) | મહાપંથના અજવાળા | |
| (૧૨) | વિરાટ જાગે છે ત્યારે | |
| (૧૩) | વિરાગની મસ્તી | |
| (૧૪) | શ્રમણસંઘ શૈથિલ્ય વિચાર | |
| (૧૫) | વીર મધુરી વાણી તારી ! | શ્રી હરિભદ્રસૂરિવિરચિત અષ્ટકપ્રકરણ ગ્રન્થ ઉપર વિવેચન |
| (૧૬) | અપૂર્વ સ્વાધ્યાય | |
| (૧૭) | ત્રિભુવનપ્રકાશ મહાવીરદેવ | |

આ સિવાય બીજા પણ ૨૦૦-૨૫૦ જેટલા પુસ્તકો પૂજ્યશ્રી લિખિત છે. રાજકારણ, સંસ્કૃતિ, ધર્મ, કથા વગેરે વગેરે અનેક વિષયોને આવરી લેતા આ પુસ્તકોમાંથી કોઈપણ પુસ્તક સંયમીઓ વિના મૂલ્યે મેળવી શકાશે. તેઓએ બતાવેલા સરનામાઓ ઉપર સંપર્ક કરવો.

અમારી ખાસ ભલામણ છે કે પૂજ્યશ્રીના આ પુસ્તકો એક વાર તો અવશ્ય વાંચવા.

# ૩૫૦ ગાથાનું સ્તવન

મહામહોપાધ્યાય શ્રીયશોવિજયજીવિરચિત સીમંધરસ્વામીને વિનંતીસ્વરૂપ...

# સાડા ત્રણસો ગાથાનું સ્તવન

કલિકાલસર્વજ્ઞશ્રી **હેમચન્દ્રસૂરિજીએ** ફરમાવ્યું છે કે -

कुवासनापाशविनाशनाय नमोऽस्तु तस्मै तव शासनाय

સૌ પ્રથમ તો આપણને એ પ્રશ્ન થાય છે કે આ જિનશાસન એટલે શું ? એનો સ્પષ્ટ જવાબ એ છે કે સર્વજ્ઞભગવંતોના વચનો એ જ જિનશાસન ! પછી એ વચનો સર્વજ્ઞ મહાત્માના મુખેથી ઉચ્ચારાયેલા વચનો હોય કે શાસ્ત્રોમાં અક્ષરો રૂપે ગુંથાયેલા વચનો હોય એ બધું જ જિનશાસન છે.

બાર અંગો જિનશાસન છે, તો વર્તમાનમાં એમ સ્પષ્ટ કહી શકાય કે ગીતાર્થ-સંવિગ્ન મહાત્માઓએ ઉપયોગપૂર્વક બનાવેલા, વર્તમાનમાં વિદ્યમાન હજારો-લાખો શાસ્ત્રો એ પણ જિનશાસન જ છે. એ મહાત્માઓ જિનાજ્ઞા-જિનશાસનને છોડીને કશું જ લખતા નથી.

આવા જિનશાસન માટે તેઓશ્રીએ અત્યંત અગત્યનું સોહામણું, લોભામણું વિશેષણ પણ દર્શાવ્યું છે. એ છે **कुवासनापाशविनाशनाय**

આપણા જેવા જગતના જીવોને કુવાસનના જે પાશ છે - બંધન છે, એનો વિનાશ કરનાર જો કોઈ હોય તો એ છે એક માત્ર જિનશાસન !

કુવાસનાઓને જો સાંકળ કહો, તો જિનશાસન એને તોડી નાંખનાર દૈવી તલવાર છે. કુવાસનાઓને જો ઉકરડો કહો, તો જિનશાસન એને બાળીને ભસ્મ કરનાર દાવાનળ છે.

કુવાસનાઓને જો ઝેર કહો તો, જિનશાસન એની તાકાત હણી નાંખનાર અમૃત છે.

કુવાસનાઓ જો ખતમ, તો મોક્ષ હથેળીમાં જ સમજવો.

આ કુવાસનાઓ બે પ્રકારની છે.

(૧) ખોટી માન્યતાઓ અને તેના જ દૃઢ સંસ્કારો

(૨) ખોટા આચારો અને તેના જ દૃઢ સંસ્કારો

પહેલી કુવાસના આપણને સમ્યક્ત્વથી પણ ભ્રષ્ટ કરી દે છે.


બીજી કુવાસના આપણને ચારિત્રથી ભ્રષ્ટ કરી દે છે.

જો સમ્યક્ત્વ અને ચારિત્ર ન હોય, તો ગુણસ્થાન આવે મિથ્યાત્વ ! વળી રત્નત્રયી વિના કંઈ ત્રિકાળમાં ય મોક્ષ મળવાનો છે ખરો ? નહિ જ.

મહોપાધ્યાય યશોવિજયજી વિરચિત સીમંધરસ્વામીને વિનંતિસ્વરૂપ

# ૩૫૦ ગાથાનું સ્તવન

પ્રથમઢાળ વિવેચના



-મુનિ ગુણહંસવિજય

એટલે

**મોક્ષ માટે રત્નત્રયી અને એ માટે આ બંને પ્રકારની વાસનાઓનો નાશ અત્યંત આવશ્યક છે.**

એમાંય આ પડતા કાળમાં ખોટી માન્યતાઓ-વિચારો અને ખોટા આચારોએ તો હદ વટાવી દીધી છે. દરેક સૂર્યોદય જાણે કે રોજ એક-અનેક ખોટી માન્યતાઓ અને ખોટા આચારોને પોતાની સાથે લેતો જ આવે છે. કુવાસનાઓને તોડનારાઓ થાકી જાય, કંટાળી જાય....એટલી હદે એના ધાડેધાડા રોજેરોજ ધરતી પર ઉતરી આવે છે.

ભલા શૂરવીર માણસ પણ એકલે હાથે હજારોની સામે કેમ લડે ?

વિશ્વ પ્રસિદ્ધ ડૉકટર પણ એકલે હાથે એક સાથે હજારો ઓપરેશન કેમ કરે ?

મોટામાં મોટો દરજી પણ ફાટેલા આભને થીગંડા દેવા કેમ જાય ?

એવી જ પરિસ્થિતિ સર્જાણી આ ભરતક્ષેત્રમાં !

ગીતાર્થસંવિગ્ન મહાત્માઓ કુવાસનાઓનો નાશ કરવા, ભવ્યલોકને બચાવવા માટે અથાગ મહેનત કરે જ છે, જિનશાસનનો એ માટે વધુમાં વધુ ઉપયોગ કરે જ છે. પણ કુવાસનાઓની સંખ્યા અને બળ બે ય ભારે ! અતિ ભારે !

મહોપાધ્યાય યશોવિજયજી મહારાજના કાળમાંય આ બંને પ્રકારની કુવાસનાઓ પોતાની ભયાનક તાકાતનું પ્રદર્શન કરી રહી હતી. હજારો, લાખો જીવો અમૂલ્ય માનવભવ હારી બેસે એવી પરિસ્થિતિઓ સર્જાઈ હતી, જિનશાસન-જિનધર્મ નામશેષ થઈ જાય એવો ભય પણ કેટલાકોને સતાવી રહ્યો હતો.

આ બધી વિષમતાઓ વચ્ચે મહોપાધ્યાયજી જેવા પરોપકારી પુરુષ શાંત કેમ બેસી શકે ? એમનો આત્મા પોતાની તમામ શક્તિ, આ માર્ગે કેમ ન લગાડે ?

અને એ જ બન્યું.

એમણે તે વખતની જે જે કુવાસનાઓ ચારે બાજુ ફેલાઈ હતી, એ બધાના વિનાશ માટે જિનશાસનમાંથી જ પદાર્થો ચૂંટી કાઢીને નવી રચના કરી. 'એ રચના માત્ર વિદ્વાનો જ સમજી શકે, લોકો ન સમજી શકે' એવું ન થવા દેવા માટે લોકભાષા ગુજરાતીમાં કરી.

એને નામ આપવામાં આવ્યું **સીમંધરસ્વામીવિનંતીરૂપ સાડા ત્રણસો ગાથાનું સ્તવન !**

સૈંકડો શાસ્ત્રોરૂપી વિરાટ જિનશાસનમાંથી જ પ્રગટેલું આ એક નાનકડું જિનશાસન જ જોઈ લ્યો ! પણ આની તાકાત ? નાનો પણ રાઈનો દાણો ! નાનો પણ અણુબોમ્બ !

એ મહાપુરુષે આ ગુજરાતી સ્તવનમાં સાગર ખડકી દીધો છે. કોઈપણ કુવાસના લાવો, એને ખતમ કરવા માટેના સચોટ ઉપાયો આ સ્તવનમાંથી મળી જ રહે.

ખોટી માન્યતાઓ + ખોટી વિચારણાઓ બેયને બરાબર સમજીને જ એ મહાપુરુષે એ બધાનો નિકાલ કરવા માટે આ સ્તવનમાં અથાગ પ્રયત્નો કર્યા છે.

કોઈ વ્યવહારનયને જડતાથી વળગી રહેવાની કુવાસનાઓ !

કોઈ નિશ્ચયનયની ઉંચી ઉંચી વાતો કરવાની કુવાસનાઓ !

કોઈ ઉત્સર્ગમાર્ગના કદાગ્રહની કુવાસનાઓ !

કોઈ અપવાદમાર્ગની સુખશીલતાની કુવાસનાઓ !

કોઈ કુગુરુને ય ભગવાન માની આરાધવાની મુગ્ધતાની કુવાસનાઓ !

કોઈ સદ્‌ગુરુનું સાન્નિધ્ય ત્યાગી ગગનવિહારી બનવાની સ્વચ્છંદતાની કુવાસનાઓ !

કોઈ દોષોથી ભરચક ક્રિયાઓને ય મોક્ષમાર્ગ માની લેવાની અજ્ઞાનતાની કુવાસનાઓ !

કોઈ માર્ગાનુસારી ક્રિયાઓને ય નકામી-અનુપયોગી કહી દેવાની અહંકારની કુવાસનાઓ !

કોઈ શ્રાવકધર્મ અબ્રહ્માદિ પાપોથી ગર્ભિત હોવાથી દુર્ગતિકારક માનવાની અતિની કુવાસનાઓ !

કોઈ સાધુધર્મ અતિચાર ભરપૂર હોવાથી શ્રાવક તરીકે જ જીવવાનું ઉચિત માનવાની કુવાસનાઓ !

અરેરેરે !

કુવાસનાઓનું લાંબુ લીસ્ટ ઘણી જગ્યા રોકી લે એવડું છે. એટલે જ આપણે એ લીસ્ટ અહીં જ પૂરું કરીએ. આવી તમામે તમામ કુવાસનાઓનો વિનાશ કરવા માટે મહોપાધ્યાયજીએ સાડા ત્રણસો ગાથાના સ્તવન રૂપ જિનશાસનની રચના કરી છે.

પણ એ વાતને આજે ત્રણસોથી ય વધારે વર્ષ તો પસાર થઈ ગયા. આજે એ ગુજરાતી સ્તવનોના પણ કેટલાક શબ્દો સમજવા માટે અઘરા પડવા લાગ્યા

છે. બીજી વાત એ કે શ્લોકો રૂપે જ્યારે એ પદાર્થો ગુંથાયેલા હોય, ત્યારે એ પદાર્થો ટુંકાણમાં જ હોય. હવે જે જીવો એવા છે કે જેઓ ટૂંકી વાત ઉપરથી બધું સ્પષ્ટ જાણી-સમજી ન શકે, તેઓ માત્ર શ્લોકના આધારે વિશેષ બોધ ન પામી શકે. ત્રીજી વાત એ કે એ મહાપુરુષે તે કાળમાં જે કુવાસનાઓ ફેલાયેલી સ્પષ્ટ રીતે દેખાતી હતી, એ કુવાસનાઓનો વિનાશ કરવા માટે એને નજર સામે રાખીને શ્લોકો ગુંથેલા હોય એ સ્વાભાવિક છે. આજે ત્રણસો વર્ષ બાદ તે કાળની કુવાસનાઓ તેવા ને તેવા જ સ્વરૂપમાં તો ઓછી જોવા મળે. કુવાસનાઓ એ જ રહેવા છતાં એનું આખું સ્વરૂપ બદલાઈ ગયું હોય એટલે મુગ્ધજીવો એ ન સમજી શકે કે 'વર્તમાનમાં જે કુવાસનાઓ અનુભવાય છે, એનું જ આ વર્ણન છે અને એનો જ નાશ કરવાના આ ઉપાય છે.' હવે જો તેઓ આ ન સમજે તો સ્તવન ભણવા છતાં પણ પોતાના જીવનમાં એનો વિશેષથી ઉપયોગ ન કરી શકે. માત્ર ત્રણસો વર્ષ પહેલાનો ઈતિહાસ એમને જાણવા મળી રહે. પણ એ ઈતિહાસ વર્તમાનમાં ફરી ઉપસ્થિત ન થાય, પોતાના જીવનમાં એ ઈતિહાસનું પુનરાવર્તન ન થાય.

દા.ત. ત્રીજી ઢાળમાં ઉપાધ્યાયજી મ. એ એ વાત બતાવી છે કે નબળા આલંબનો પકડીને નબળા બનવું એ બરાબર નથી. એ માટે ચાર-પાંચ નબળા આલંબનોના દૃષ્ટાંતો પણ આપ્યા છે. હવે એને આધારે આપણે એ વિચારવાનું હોય છે કે આપણામાં કે વર્તમાનમાં ધારો કે એ ચાર-પાંચ નબળા આલંબનો ન પણ દેખાય, પણ એ સિવાય સેંકડો નબળા આલંબનો આપણે પકડતા હોઈએ... તો એ આપણે શોધી કાઢવા જોઈએ, એના ઉપાયો વિચારવા જોઈએ... હવે આ બધું માત્ર સ્તવનની કડીઓના આધારે તો મુગ્ધજીવો શી રીતે સમજી શકે !

આમ

(૧) ત્રણસો વર્ષ પૂર્વેના સ્તવનમાં ગુજરાતી શબ્દો અને એનો પરમાર્થ સમજવો અઘરો પડતો હોવાથી

(૨) શ્લોકો રૂપે ગુંથાયેલા પદાર્થો ટુંકાણમાં હોય, એટલે ઘણા ખરા જીવો એ ટુંકાણમાંથી વ્યવસ્થિત સ્પષ્ટ બોધ ન મેળવી શકતા હોવાથી

(૩) વર્તમાનકાળને નજર સામે રાખીને તે સ્તવનોનો અર્થ ક્યાં ક્યાં અને કેવી કેવી રીતે લાગી શકે, એ બધું સમજવું મુગ્ધજીવો માટે લગભગ અશક્ય હોવાથી

આ સ્તવન ઉપર વિસ્તારથી વિવેચન કરવું જરૂરી લાગ્યું અને એટલે જ આ

લખાણનો પ્રારંભ કર્યો છે.

<u>પ્રશ્ન :</u> પણ આ સ્તવનના અર્થવાળા પુસ્તકો મળે તો છે જ.

<u>ઉત્તર :</u> એમાંના ઘણા પુસ્તકો એવા છે કે જેમાં સ્તવનના શબ્દોનો અર્થ કરવામાં આવ્યો છે, પણ વિસ્તાર નહિ. એટલે એ અર્થો સાચા જ હોવા છતાં ટૂંકાણમાં હોવાથી જેઓને વિસ્તારથી ઘણું જાણવાની-પામવાની જિજ્ઞાસા છે, તેઓ માટે વિસ્તારથી વિવેચન આવશ્યક છે.

વળી સૌથી મહત્ત્વની વાત તો એ છે કે આ એક આત્મોપયોગી કાર્ય છે. એ બીજાઓ પણ કરે અને હું પણ કરું એમાં ખોટું શું ? સારું કામ તો મારે મારા હિત માટે કરવાનું છે ને ? બીજાઓએ કર્યું, એ એમના હિત માટે ! હું કરું છું, એ મારા હિત માટે...ભલેને એ કામ પાંચમી-દશમી વાર થતું હોય.

તમને ખબર છે ? કે ઉત્તરાધ્યયનસૂત્ર ઉપર આજે ઓછામાં ઓછી સાત ટીકાઓ છપાયેલી મળે છે. જેમાં ઘણી ખરી ટીકાઓનું લખાણ તો લગભગ સરખેસરખું જ છે. એમ આવશ્યકસૂત્ર ઉપર પણ ઢગલાબંધ ટીકાઓ છે. શું આપણે એ ટીકાકાર મહાપુરુષોને પૃચ્છા કરશું ? કે "આના ઉપર તો ઘણાઓએ લખી દીધું છે, તમે શા માટે લખ્યું ? એ પણ પાછું લગભગ સરખે સરખું જ લખાણ ! આનો ફાયદો શો ?"

જેમ ત્યાં આપણે આવું કંઈપણ પૂછતા નથી, એને યોગ્ય જ ગણીએ છીએ. તેમ અહીં પણ આ સ્તવન ઉપર બીજા પણ પુસ્તકો ભલે ને લખાયા હોય, શું આત્મહિતની ઈચ્છાથી અને આ સ્તવન ઉપરના ભક્તિભાવથી મારા જેવા કોઈક જીવો નવું લખાણ ન કરી શકે ?

આ વિવેચનની શરુઆત કરતા પૂર્વે દેવાધિદેવ ચરમતીર્થપતિ શ્રમણ ભગવાન મહાવીરસ્વામીને વિનંતી કરી લઉં કે આપે પ્રરૂપેલી દ્વાદશાંગી એ જો જિનશાસન છે, એમાંથી જ પ્રગટ થયેલું આ સ્તવન એ પણ જો જિનશાસન છે, તો એ જ સ્તવનના ભાવાર્થોને પ્રગટ કરતું આ વિવેચન પણ જિનશાસન જ બની રહો. જૈનસંઘમાં વિદ્યમાન લાખો આત્માઓ અને એના દ્વારા બીજા જૈનેતરો પણ આ જિનશાસનના આધારે પોતાની વૈચારિક-આચારિક કુવાસનાઓનો વિનાશ કરી વહેલામાં વહેલી તકે પરમપદને પામો.

કદાચ આ હકીકત બને કે ન પણ બને.

પણ મારા પરમેશ્વર !

કમસેકમ એટલું તો બનવું જ જોઈએ કે

આ સ્તવનના વિવેચનમાં મને એવો ક્ષયોપશમ પ્રગટો, એવા પરિણામ પ્રગટો કે જેના કારણે મારામાં રહેલી બંને પ્રકારની કુવાસનાઓના મને દર્શન થાય અને એ પછી એનો હું વિનાશ કરી શકું. અલબત્ત એ પણ તારી કૃપાથી જ થશે.

મારા જેવાઓની મુશ્કેલી એ જ છે કે બીજાઓની કુવાસનાઓને હું જલ્દી જોઈ શકું છું, પકડી શકું છું. પણ ખુદ મારામાં ય કેટલીય કુવાસનાઓ ચક્કાજામ પડેલી જ છે, છતાં એ જોવા માટેની દૃષ્ટિ મારી પાસે નથી. હું આમ ભલે બે આંખોવાળો ખરો, પણ આ કુવાસનાઓને જોઈ શકવા માટે સાવ અસમર્થ-અંધ છું. હવે એ આંતર ચક્ષુઓ તારે જ મને આપવાની છે. આ વિવેચનના માધ્યમે તારે જ મારી આંખો ઉઘાડી દેવાની છે. મારે તો પ્રભુ ! એવો અનુભવ કરવો છે કે વિવેચન પૂર્ણ થાય ત્યારે મને એમ જ લાગે કે "આ વિવેચન મેં લખ્યું નથી, પણ મારા પણ કરુણાનો ધોધ વરસાવનારા પ્રભુએ મારી કુવાસનાઓના નાશ માટે જ મારી પાસે આ વિવેચન લખાવ્યું છે."

રે ! માત્ર છેલ્લે જ નહિ, આ જ પળથી મને સતત એવું જ લાગ્યા કરે કે "હું લખતો નથી, તું મને લખાવે છે. મને કંઈ સૂઝતું નથી, તું મને સુઝાડે છે. હું કરતો નથી, તું મને કરાવે છે."

બસ, આ જ પળથી તારા પ્રત્યેનો આ સમર્પણ ભાવ-અહોભાવ-ભક્તિભાવ-સ્નેહભાવ મારામાં પ્રગટો, વધુ ને વધુ દૃઢ બનો... એનાથી મારો અહંકાર ખતમ થશે, નવો જાગશે નહિ... અને આ સમર્પણના પાયા ઉપર ઉભો થયેલો વિવેચનમહેલ જ બેનમૂન-અવર્ણનીય-આહ્લાદક-અનુપમ બની રહેશે, જે મારું અને યોગ્યાત્માઓનું કલ્યાણ કરશે.

## ઢાળ-૧

**શ્રીસીમંધરસાહિબ આગે, વિનતડી એક કીજે રે**
**મારગ શુદ્ધ મયા કરી મુજને, મોહનમુરતિ દીજે રે. શ્રીસીમંધર...૧**

**ગાથાર્થ :** શ્રી સીમંધર ભગવાનની આગળ એક વિનંતી કરીએ કે "ઓ મોહનમૂર્તિ ! કૃપા કરીને તું મને શુદ્ધ માર્ગ આપ."

**ભાવાર્થ :** આપણું બધાનું અંતિમ લક્ષ્ય તો મોક્ષ જ છે. ત્યાં સુધી પહોંચવા માટે આપણે હજી ઘણું ચાલવાનું બાકી છે. પણ એ તો સાચા રસ્તે ચાલ્યા તો કામનું ! ભૂલથી જો ખોટા રસ્તે ચડી ગયા, જે માર્ગ મોક્ષમાં લઈ જ ન જતો હોય એવા માર્ગે ચાલવા લાગ્યા, તો એમાં ગમે એટલું ચાલશું, દોડશું પણ મોક્ષમાં નહિ જ પહોંચીએ.

એટલે મોક્ષમાં પહોંચવા માટે સાચા માર્ગમાં = શુદ્ધ માર્ગમાં ચાલવું અત્યંત જરૂરી છે. મુશ્કેલી એ છે કે આ વિષમકાળના પ્રતાપે નવા નવા માર્ગો=રસ્તાઓ બનતા જ જાય છે, અને બધા એક જ વાત કરે છે કે "આ મોક્ષનો માર્ગ છે. તમે આ માર્ગે આગળ ચાલશો, તો મોક્ષે પહોંચશો."

આવું બને એટલે સ્વાભાવિક રીતે મુંઝવણ થવાની જ. માર્ગ સેંકડો, એ બધા જ પાછા મોક્ષના માર્ગ કહેવાય. જે જે નવો માર્ગ સ્થાપે, તે તે પોતાના સ્થાપેલા માર્ગને જ મોક્ષમાર્ગ કહે. એટલે આપણા જેવાને શંકા તો પડે જ ને ? કે સાચું શું ? મોક્ષનો માર્ગ કયો ? આ કાળમાં જૂઠ બોલનારાઓ ઓછા નથી. જો કોઈની વાતમાં તણાઈ જઈને ભૂલથી પણ ઊંધા માર્ગે ચડી ગયા, તો મોક્ષે તો નહિ જ પહોંચીએ, પણ અનંતસંસાર ભેગા થઈ જશું. એ કંઈ આપણને મંજુર નથી. આપણે તો જોઈએ માત્ર ને માત્ર મોક્ષ ! હવે આ સંસારમાં રહેવાની, ભટકવાની આપણને તો લગીરે ઈચ્છા નથી. એટલે જ ભૂલથી પણ ખોટો માર્ગ આપણા હાથમાં ન આવી જાય, કોઈક આપણને ઊંધા રસ્તે ચડાવી ન દે એ માટેની સતત-સખત સાવધાની આપણે રાખવી જ પડવાની.

જેમ કેન્સરના રોગથી પીડાતો દર્દી અંતરથી ઈચ્છા કરે કે, "મારો આ રોગ મટે તો સારું." પણ એ રોગ મટાડવા કઈ દવા લેવી ? કોના પર વિશ્વાસ મુકવો ? એની ભારેમાં ભારે મુંઝવણ એને થવાની. કેમકે એલોપથીવાળા કહે કે "અમારી દવાથી કેન્સર મટે જ, અને એ અમારી દવાથી જ મટે. આયુર્વેદ-હોમિયોપથી-

નેચરોપથી... આ બધું નકામું છે.

જ્યારે આર્યુવેદવાળાને પૂછીએ ત્યારે એ પણ આવા જ જવાબો આપે. તો હોમિયોપથી-નેચરોપથીવાળા ય વળી ઉણા ન ઉતરે.

એ બિચારા દર્દીને ચોખ્ખું લાગે કે, "આ બધાને મારા રોગના નાશની જેટલી ચિંતા છે, એના કરતા વધારે તો પોતાના ધંધાઓને વિકસાવવાની વધુ ચિંતા છે. બધા પોતપાતાની દવાઓને સૌથી ઉત્કૃષ્ટ દવા જણાવે છે અને બીજાની દવાઓની રીતસર નિંદા કરે છે. આ બધાના ઝઘડામાં મારી તો હાલત બગડી જવાની."

રે ! એલોપથીમાં ય વળી ડૉકટરે ડૉકટરે અભિપ્રાય જુદા ! દરેક ડૉકટરની પોતપોતાની સ્પેશ્યલ દવા ! બીજા ડૉકટરને નિંદવામાં કોઈ પાછું ન પડે... એ જ હાલત વૈદ્યોમાં ય જોવા મળે....

આ જ હાલત સંસારરોગથી ત્રાસેલા જીવોની થાય. બૌદ્ધો કહે, "અમે કહીએ એ પ્રમાણે કરો તો જ મોક્ષ મળે... વેદાન્તીઓ, ક્રિશ્ચિયનો, મુસ્લિમો, સાંખ્યો... બધા જ આ જ રજુઆત કરે.

કદાચ એકવાર મક્કમતાપૂર્વક એ બધાને ત્યાગીને મોક્ષાર્થી આત્મા એમ નક્કી કરે કે, "ના, મારે તો જિનેશ્વર દેવોએ બતાવેલા માર્ગે જ ચાલવું છે. કેમકે એ જ સાચો મોક્ષમાર્ગ છે." તો ય એના માટે એ કામ સહેલું નથી.

કારણ ?

દિગમ્બરો કહેશે કે "વસ્ત્રો ન વહેરવા.. વગેરે જે અમારો માર્ગ છે, એ જ જિનેશ્વર દેવોનો માર્ગ છે."

સ્થાનકવાસીઓ કહેશે કે "જિનપૂજાદિ ન કરવા... વગેરે રૂપ જે શુદ્ધ અહિંસા છે. એ જ જિનેશ્વર દેવોનો માર્ગ છે."

તેરાપંથીઓ કહેશે કે, "અવિરતિવાળા તિર્યંચો વગેરેને મરતા બચાવીએ તો એ આખી જીંદગી જે પાપો કરે, એ બધાનું પાપ આપણને લાગે માટે એમને બચાવવા નહિ. બિલાડી કબુતર ફાડી ખાતી હોય તો આપણે અટકાવવી નહિ.... વગેરે જે અમારો માર્ગ છે. એ જ જિનેશ્વરદેવોનો માર્ગ છે."

શ્રીમદ્ રાજચંદ્રવાળા કહેશે કે "ન દીક્ષા ! ન સામાયિકાદિ ક્રિયાઓ ! એના બદલે સ્તવનો દ્વારા ભગવાનની ભક્તિ કરો, આત્મસિદ્ધિશાસ્ત્રનો સતત પાઠ કરો. જ્ઞાન ધ્યાનમાં મસ્ત બનો, આ જ જિનેશ્વરદેવોનો મોક્ષમાર્ગ છે."

દાદા ભગવાનવાળા કહેશે કે, "અક્રમવાદ એ જિનેશ્વરોનો માર્ગ છે."

મૂર્તિપૂજકોમાં ય ખરતલગચ્છ, અંચલગચ્છ, પાયચંદગચ્છ, તપાગચ્છ.... વગેરે વગેરે ગચ્છો કહેશે કે "અમે જે કહીએ છીએ, કરીએ છીએ એ જ જિનેશ્વરદેવોનો માર્ગ છે."

રે ! તપાગચ્છમાં ય વળી ઢગલાબંધ સમુદાયો ! તેઓ પણ કહેશે કે "અમારો સમુદાય જે રીતે કરે છે, કહે છે એ જ જિનેશ્વરદેવોનો માર્ગ છે."

આમ જૈનદર્શનમાં આવી ગયેલો એવો ય મોક્ષાર્થી આત્મા આવા અનેકાનેક માર્ગો જોઈ મુંઝાવાનો ખરો કે, "આમાં સાચું શું ? મોક્ષમાર્ગ કયો ? ક્યાં ?"

હા ! એક જ સ્થાને જવાના ઘણા બધા રસ્તાઓ પણ હોઈ શકે ખરા, પણ... શું અહીં આ બધા જ રસ્તા સાચા હશે ? કે પછી એમાંના ઘણા રસ્તાઓ સાવ ખોટા જ હશે ?

વળી જેની પાસે જઈએ, એની પાસે પોતાની માન્યતાઓને સાચી સાબિત કરવા માટેની યુક્તિઓ પણ ઓછી નહિ અને ઘણાઓને તો એ દરેકે દરેકની વાત સાચી લાગે. જ્યાં જેની વાત સાંભળે, ત્યાં તેની વાતમાં વિશ્વાસ બેસવા ય લાગે....

હા !

જેને મોક્ષે જવું જ નથી, એને તો કશી ચિંતા જ નથી. મોક્ષના માર્ગ ભલે ને સેંકડો હજારો કહેવાતા હોય, એમાંના ઘણા ખોટા ય હોય.. તો ય એને શું પડી ? એણે મોક્ષમાર્ગે જવું જ નથી, પછી કયો સાચો માર્ગ ને કયો ખોટો માર્ગ ? એની એને લગીરે પડી ન હોય એ સ્વાભાવિક છે.

પણ

એક બાજુ સાચી મોક્ષેચ્છા !

બીજી બાજુ મોક્ષમાર્ગ તરીકે કહેવાતા ઢગલાબંધ માર્ગોનો ખડકલો !

ત્રીજી બાજુ એમાંના ઘણા માર્ગો ખોટા હોવાની શંકા !

ચોથી બાજુ એ માર્ગોમાં ખોટા કેટલા ? સાચા કેટલા ? એ વિવેકનો અભાવ !

પાંચમી બાજુ જો આવી જ મુંઝવણમાં ભવ પૂરો થાય, તો ફરી અનંતસંસાર થવાનો ભયાનક ભય !

આવી પરિસ્થિતિમાં ત્રાસ ! ત્રાસ ! ત્રાસ ! અનુભવાય.

છેલ્લે બધેથી કંટાળેલો, ત્રાસેલો, હારેલો, પીડાયેલો જીવ ક્યાં જાય ? **जिसका कोइ नहि, उसका तो खुदा है यारो ।** એવી કોઈ કડી એણે વાગોળી હોય, "ભાંગ્યાનો ભેરુ ભગવાન !" એવી કહેવતો એણે રૂઢ કરી હોય,

એ એને યાદ આવે, અને ભગવાનના શરણે દોડી જાય. સાડા ત્રણ કરોડ રૂંવાડાઓથી ચીસ પાડી ઉઠે "ભગવાન ! કૃપા કર. મારે શુદ્ધ માર્ગ જોઈએ છે. એ તું મને આપ. તારી કૃપાથી જ મને આ શુદ્ધ માર્ગ મળી શકશે."

મહોપાધ્યાયજીએ પોતાની આંતરવેદના આ રીતે જ પ્રથમગાથામાં ઠાલવી છે.

"ઓ સીમંધરસ્વામી ! મોહનમૂર્તિ ! તારી પ્રતિમા જોઈને મારું મન તારા તરફ મોહાયું છે. તું રાગ-દ્વેષ-અજ્ઞાન વિનાનો છે, એવું મને ચોક્કસ લાગ્યું છે. મને હવે બીજામાં વિશ્વાસ રહ્યો નથી. તું જ મને સાચો માર્ગ આપી શકશે, આપશે.

તો નાથ ! કૃપા કર, મને વિવેક આપ. અશુદ્ધ માર્ગો ત્યાગવાની અને શુદ્ધ માર્ગ આરાધવાની સમજણ આપ."

<u>પ્રશ્ન :</u> ઉપાધ્યાયજીએ પ્રભુવીરને વિનંતી કેમ ન કરી ? એ તો એમના જ શાસનમાં છે ને ? તો તીર્થાધિપતિને બદલે સીમંધરસ્વામીને વિનંતી શા માટે ?

<u>ઉત્તર :</u> એના કારણો :

(૧) ચરમતીર્થાધિપતિ તીર્થંકર તરીકે સાક્ષાત વિદ્યમાન નથી, એ સિદ્ધ થઈ ચૂક્યા છે. જ્યારે સીમંધર સ્વામી ભાવતીર્થંકર તરીકે આ ધરતી પર બિરાજમાન છે.

(૨) વીતરાગ તરીકે તો બધા જ તીર્થંકરો સમાન છે. એટલે કોઈને પણ વિનંતી કરવાનો ભાવ જાગે એમાં કંઈ ખોટું નથી. વળી ૧૫૦ ગાથાનાં સ્તવનમાં ઉપાધ્યાયજીએ વીરપ્રભુને ઉદ્દેશીને જ વિનંતી કરી છે, સ્તવના કરી છે. એટલે આ સ્તવનમાં સીમંધર પ્રભુને યાદ કરે એ શક્ય છે, યોગ્ય છે.

(૩) સીમંધરસ્વામી પ્રત્યેનું વધુ આકર્ષણ એવું પુણ્ય કર્મ બંધાવી આપે કે સીમંધર પ્રભુ પાસે જ જન્મ અપાવે, અને એમના દ્વારા તરત કલ્યાણ થઈ જાય. જેમ અવંતિસુકુમાલને દેવલોકમાં મન ચોંટ્યુ, તો એનો જન્મ ત્યાં જ થયો. એમ અહીં પણ બની શકે. એટલે મહાવિદેહમાં જન્મ લેવા માટે સીમંધરપ્રભુનું હાર્દિક આકર્ષણ-તડપ-ભક્તિ વધુ ઉપયોગી બની રહે એ શક્ય છે. કદાચ એ જ કારણોસર ઉપાધ્યાયજીને સીમંધર પ્રભુ પ્રત્યે ભક્તિભાવ વધુ ઉછળે અને એટલે તેમને વિનંતી કરે એ સંભવિત ખરું.

(૪) પ્રભુવીર પાસેથી કોઈપણ દેવ અહીં આવે એ શક્ય નથી જ. પણ સીમંધરસ્વામી પાસેથી કોઈ દેવ આવે, એમનો સંદેશો કહેવડાવે... એ શક્ય છે.

પ્રભુવીરેં જેમ અંબડ દ્વારા સુલસાને સંદેશો મોકલ્યો. તેમ સીમંધર પ્રભુ કોઈ દેવ દ્વારા અહીં સંદેશો મોકલે એ અશક્ય તો નથી જ, એટલે એમને વિનંતિ કરવાનું મન સહજ રીતે થઈ જાય.

<u>પ્રશ્ન :</u> મોક્ષનો માર્ગ તો શુદ્ધ જ હોય ને ? તો શુદ્ધ શબ્દ મુકવાની જરૂર શી ?

<u>ઉત્તર :</u> એ વાત પૂર્વે જ જણાવી દીધી કે સાચો મોક્ષ માર્ગ શુદ્ધ જ હોય. પણ જ્યારે અશુદ્ધ ખોટા માર્ગો પણ મોક્ષમાર્ગ તરીકે બોલાવા લાગ્યા. ત્યારે 'શુદ્ધ મોક્ષમાર્ગ કયો ?' એવી જિજ્ઞાસા પ્રગટે એ સ્વાભાવિક જ છે.

મોહનમૂરતિ શબ્દ પણ માર્મિક છે. ઉપાધ્યાયજી કહે છે કે "ઢગલાબંધ માર્ગો જોઈ મુંઝવણ થતી, કોઈના પર વિશ્વાસ ન બેસતો. આ તારી મૂર્તિ નિહાળી. એમાં રાગાદિ દોષોનો અભાવ અનુભવાયો. મારું મન મોહાઈ પડ્યું. એટલે જ તારી પર વિશ્વાસ મૂકીને તને વિનંતી કરું છું.

– x – x –

<u>શિષ્ય :</u> ગુરુદેવ ! આપ સીમંધરસ્વામી પાસે શુદ્ધ માર્ગની માંગણી કરો છો, પણ શુદ્ધ માર્ગ તો આપણને નજર સામે જ સ્પષ્ટ દેખાય છે. મોક્ષ માટે બે કામ કરવાના છે. (૧) જૂના તમામે તમામ કર્મોનો ક્ષય (૨) નવા કર્મોનો બંધ અટકાવવો તે.

આ બે માટે જરૂરી છે. (૧) નિર્જરા (૨) સંવર. બસ આ જ મોક્ષમાર્ગ છે અને એ તો આપણે જાણીએ જ છીએ. બધા એનું આચરણ પણ કરે છે.

જુઓને, ઉપવાસાદિ તપની આરાધના કેટલી બધી થાય છે ? એમ છ બાહ્ય તપો અને છ અભ્યન્તર તપ...બધું ધમધોકાર ચાલે જ છે ને ?

સંવરની વાત કરીએ તો તમામ સાધુઓ - સાધ્વીઓ સામાયિકાદિ ચારિત્ર પાળે છે. પાંચ સમિતિ અને ત્રણગુપ્તિ પાળે છે. બાવીસ પરિષહોને સહન કરે છે, બાર ભાવનાઓને ભાવે છે, દસ શ્રમણધર્મોનું આચરણ કરે છે....

બધા સંયમીઓ પાત્રામાં ગોચરી વહોરે છે-લાવે છે. વાપરે છે.

બધા સંયમીઓ વિહારાદિ આચારો સાચવે છે.

બધા સંયમીઓ ઓઘો-મુહપત્તી આદિ આવશ્યક ઉપધિ રાખે છે.

બધા સંયમીઓ પ્રતિક્રમણ-પ્રતિલેખનાદિ ક્રિયાઓ કરે છે.

બધા સંયમીઓ સચિત્તવસ્તુ કદી વાપરતા નથી.

બધા સંયમીઓ વર્ષમાં બે વાર લોચ કરાવે છે.

બધા સંયમીઓ અસ્નાનવ્રત પાળે છે.

બધા સંયમીઓ સંથારાનો ઉપયોગ કરે છે.

આવા તો અઢળક આચારો પ્રાયઃ તમામ સંયમીઓ પાળે છે. આ બધો માર્ગ જ છે ને ? તો તમે છેક સીમંધરપ્રભુ પાસે માર્ગની માંગણી કરવા શા માટે જાઓ છો ? એ પણ પાછો શુદ્ધ માર્ગ માંગવા જાઓ છો ? જે અહીં ન હોય - આપણને મળતું ન હોય તેની માંગણી બીજા પાસે કરીએ, પણ અહીં એ શુદ્ધમાર્ગની ખોટ ક્યાં છે ? સેંકડો હજારો પવિત્ર આચારો શુદ્ધ માર્ગ જ છે ને ?

<u>ઉપાધ્યાય :</u>

**<u>ચાલે સૂત્રવિરુદ્ધાચારે, પાળે સૂત્રવિરુદ્ધ રે</u>**

**<u>તેહ કહે અમે મારગ રાખું, તે કેમ માનું શુદ્ધ.</u>** ॥૨॥

<u>ગાથાર્થ :</u> સૂત્રવિરુદ્ધ આચાર જેઓ ચલાવે છે, સૂત્ર વિરુદ્ધ આચાર જેઓ પાળે છે. તેઓ એમ કહે કે, "અમે માર્ગ રાખીએ છીએ" તો એને હું શી રીતે શુદ્ધ માનું ?

<u>ભાવાર્થ :</u> શિષ્ય ! તેં કહ્યું એ મુજબ બધા જ સંયમીઓ - શ્રાવકો સુંદર આચારો પાળે છે, એની ના નથી. પણ શુદ્ધમાર્ગ કોને કહેવાય ? એ તને ખબર છે ? માત્ર બાહ્યદૃષ્ટિએ આચારો પાળી લેવા, એ કંઈ માર્ગ નથી.

માર્ગ તો છે શાસ્ત્રાનુસારે આચારો પાળવા તે.

માર્ગ તો છે શાસ્ત્રાનુસારી પ્રવૃત્તિ ચલાવવી-અપનાવવી તે.

જેમાં શાસ્ત્રાનુસારિતા નથી, જેમાં આપણી બુદ્ધિ પ્રમાણે, આપણી ઈચ્છા પ્રમાણે, આપણી અનુકુળતા પ્રમાણે જ બધું કરવામાં આવતું હોય, તેને મોક્ષમાર્ગ કેમ કહેવાય ?

શિષ્ય !

કબુલ છે કે બધા જ સંયમીઓ પાત્રામાં ગોચરી વહોરે છે, લાવે છે, વાપરે છે... પણ તું જ કહે કે શું એ ગોચરી શાસ્ત્રાનુસારી છે ? એમાં બેંતાલીસ દોષોનો ત્યાગ કરવામાં આવ્યો છે ? કે પછી આધાકર્મી -અભ્યાહૃત-સ્થાપના વગેરે વગેરે દોષોના ઢગલા એમાં ઉભા થાય છે ?

શું સંયોજના વિના ગોચરી વપરાય છે ? રાગ-દ્વેષ વિના ગોચરી વપરાય છે ? પ્રણીત ભોજન વિના ગોચરી વપરાય છે ?

કબુલ છે કે બધા જ સંયમીઓ વિહારાદિ આચારો સાચવે છે. પણ તું જ

કહે કે શું વિહારો શાસ્ત્રાનુસારે થાય છે ? શું વિહારો જરૂરી હોય એટલા જ થાય છે ? શું વિહારોમાં ઈર્યાસમિતિનું પાલન થાય છે ? શું વિહારોમાં વાતચીત નથી થતી ? શું વિહારોમાં જીવદયાનું સતત પાલન થાય છે ? બધી ઉપધિ જાતે ઉંચકવામાં આવે છે ?

કબુલ છે કે બધા જ સંયમીઓ આવશ્યક ઉપધિ રાખે છે. પણ તું જ કહે કે શું માત્ર આવશ્યક ઉપધિ જ રાખે છે ? કે બિનજરૂરી પણ જાતજાતની વસ્તુઓ રાખે છે ? આવશ્યક ઉપધિમાં પણ શું વિભૂષા પોષાય છે ? કે નહિ ? એ આવશ્યક ઉપધિનો યોગ્ય ઉપયોગ થાય છે ? મુહપત્તી છે, તો બોલતી વખતે મુહપત્તી રખાય છે ? દરેક વસ્તુ લેવા મુકવામાં ઓઘાનો પુંજવા માટે ઉપયોગ થાય છે ?

કબુલ છે કે બધા જ સંયમીઓ પ્રતિક્રમણાદિ ક્રિયાઓ કરે છે. પણ તું જ કહે કે બધી ક્રિયા ઉપયોગપૂર્વક થાય છે ? ઉભા ઉભા થાય છે ? સત્તરસંડાસા પૂર્વક થાય છે ? સૂત્રોચ્ચાર બરાબર થાય છે ? પ્રતિલેખન અજવાળામાં થાય છે ? અજવાળામાં પણ વસ્ત્રાદિ ઉપધિમાં બરાબર દૃષ્ટિ રાખવાપૂર્વક થાય છે ?

કબુલ છે કે બધા જ સંયમીઓ સચિત્તના ત્યાગી છે. પણ તું જ કહે કે શું સચિત્ત વસ્તુઓ પોતાના જ માટે અચિત્ત કરાવાતી નથી ? આધાકર્મી કરાવાતું નથી ?

શિષ્ય !

આચારો ઘણા પળાય છે, એની ક્યાં ના છે ? પણ શાસ્ત્રવિધિ સાથેના આચારો કેટલા પળાય છે ? એ જ મારો પ્રશ્ન છે ! તો શું શાસ્ત્રવિરુદ્ધ આચારોને શુદ્ધ માર્ગ કહી શકાય ? શું એ મોક્ષ આપશે ?

ઘણું બધું ખાધું, પણ ચાવ્યા વિના ખાધું તો એનાથી શરીર બનશે કે બગડશે ?

ઘણું બધું વાચ્યું, પણ ઝોકા સાથે વાંચ્યુ તો એનાથી જ્ઞાન વધશે કે ઘટશે ?

ઘણું બધું ચાલ્યા, પણ ઉપાશ્રયમાં જ ચાલ્યા તો એનાથી પ્રગતિ વધશે કે ઘટશે ?

ઘણું કરવું એ જેટલું મહત્ત્વનું છે, એ કરતાંય વિધિપૂર્વક કરવું એ અતિશય મહત્ત્વનું છે.

જેઓ આ વાસ્તવિકતા ન સમજે અને એટલે જ શાસ્ત્રવિરુદ્ધ આચારો પણ ચલાવી લે, પોતે જાતે પણ એવા જ આચારો પાળે તો એ આચારને શુદ્ધ માર્ગ કેમ કહેવાય ?

આ બાહ્ય ઘણા આચારના મિથ્યા અહંકારમાં જો તેઓ એમ કહે કે "અમારી પાસે સાચો મોક્ષમાર્ગ છે. અમે મોક્ષમાર્ગના આરાધક છીએ, અમે ચારેબાજુ મોક્ષમાર્ગની પ્રભાવના કરનારા છીએ..." તો આપણે શી રીતે એ બધી વાત સાચી માની લેવી ? શી રીતે એમના આચારોને શુદ્ધ માર્ગ માની લેવો ?

તું એટલું યાદ રાખ કે

જે શાસ્ત્રાનુસારી આચાર હોય એ જ શુદ્ધ મોક્ષમાર્ગ બને.

શાસ્ત્રવિરુદ્ધ કોઈપણ આચાર શુદ્ધ મોક્ષમાર્ગ ન બને. મોક્ષમાર્ગ શુદ્ધ હોવો એમાં શાસ્ત્રાનુસારિતા અતિ અતિ અતિ અગત્યની બાબત છે.

– x – x –

<u>શિષ્ય :</u> ગુરુજી ! આપની બધી વાત સાચી. કોઈપણ આચાર શાસ્ત્રાનુસારી હોય તો જ એ શુદ્ધ માર્ગ બને, એ વાતની હું પણ ના નથી પાડતો.

પણ ગુરુજી ! આપની પાસે જ મેં જાણ્યું છે કે શાસ્ત્રોમાં ઉત્સર્ગ માર્ગ બતાવ્યા છે, તેમ અપવાદ માર્ગ પણ બતાવ્યા જ છે. જેટલા ઉત્સર્ગ છે, એટલા જ અપવાદ છે. "માત્ર ઉત્સર્ગ એ જ શાસ્ત્રીય માર્ગ અને અપવાદ એ શાસ્ત્રવિરુદ્ધ" આવું માનવું એ મિથ્યાત્વ છે. જિનશાસનની સમજણનો અભાવ છે.

એટલે

નિર્દોષ ગોચરીરૂપ ઉત્સર્ગ એ જો શાસ્ત્રીય આચાર છે, તો

આધાકર્માદિ ગોચરીરૂપ અપવાદ એ પણ શાસ્ત્રીય આચાર છે.

અજવાળામાં વિહાર રૂપ ઉત્સર્ગ એ જો શાસ્ત્રીય આચાર છે, તો

અંધારામાં વિહાર રૂપ અપવાદ એ પણ શાસ્ત્રીય જ આચાર છે.

૧૪-૨૫ ઉપકરણો રાખવા રૂપી ઉત્સર્ગ જો શાસ્ત્રીય આચાર છે, તો જરૂર પડે વધારે ઉપધિ રાખવી-ચોક્ખી ઉપધિ રાખવી એ પણ શાસ્ત્રીય જ આચાર છે.

ઉભા-ઉભા, ઉપયોગપૂર્વક બધી ક્રિયાઓ કરવી એ જો શાસ્ત્રીય આચાર છે,

તો બેઠા-બેઠા ક્રિયાઓ કરવાદિ રૂપ પણ શાસ્ત્રીય આચાર છે....

ઉત્સર્ગનું જંગલ જેટલું વિરાટ છે.

અપવાદનું જંગલ પણ એટલું જ વિરાટ છે.

એટલે શાસ્ત્રાનુસારી આચારો શુદ્ધ માર્ગ બને, એ વાત આપની સાચી, પણ આપ માત્ર ઉત્સર્ગમાર્ગને જ શાસ્ત્રાનુસારી સમજો એ તો બરાબર નહિ જ ને ? અપવાદમાર્ગ શાસ્ત્રાનુસારી છે, અને માટે જ શુદ્ધમાર્ગ છે. એમાં ઉત્સર્ગની

વિધિઓ તો ન જ હોય એ સ્વાભાવિક છે, પણ એટલા માત્રથી એને અશાસ્ત્રીય આચાર એવું બિરુદ કેમ આપી દેવાય ?

ઉપાધ્યાય : શાબાશ ! તેં ખૂબ સુંદર રજુઆત કરી.

પણ હવે મારી વાત સાંભળ.

અપવાદ એ પણ શુદ્ધ માર્ગ છે, એ વાત ચોક્કસ સાચી. પણ અપવાદ ક્યારે કહેવાય એ તો તને ખબર છે ને ?

શિષ્ય : હા ! જ્યારે કોઈ પુષ્ટ=તગડું આલંબન=કારણ આવી પડે ત્યારે ઉત્સર્ગને છોડીને જે વિપરીત આચાર સેવવામાં આવે તે અપવાદ કહેવાય.

ઉપાધ્યાય : પણ એવું કોઈ સાચું આલંબન જ ન હોય, અને વગર આલંબને ઉત્સર્ગ આચાર છોડીને દોષ સેવવામાં આવે તો એ અપવાદ કહેવાય ?

શિષ્ય : ના, નહિ જ.

ઉપાધ્યાય : આલંબન જ ન હોવા છતાં ખોટે ખોટા આલંબનો બનાવવા અને એ રીતે ઉત્સર્ગ છાંડી અપવાદ આચરવો એ શું શુદ્ધમાર્ગ કહેવાય ? શુદ્ધ અપવાદ કહેવાય ? નહિ જ ને ?

બસ, શિષ્ય ! મારે તને આ જ વાત કહેવી છે કે,

**આલંબન કુડા દેખાડી, મુગ્ધલોકને પાડે**

**આણાભંગ તિલક તે કાળું, થાપે આપ નિલાડે. ॥૩॥**

ગાથાર્થ : ખોટા આલંબન દેખાડીને તેઓ ભોળા જીવોને પાડે છે. પોતાના કપાળ પર આજ્ઞાભંગ નામનું કાળું તિલક સ્થાપે છે.

ભાવાર્થ : ઉત્સર્ગમાર્ગ છોડીને દોષસેવન ત્રણ રીતે થાય.

(૧) પુષ્ટ આલંબન હોય અને દોષસેવન થાય.

(૨) અપુષ્ટ આલંબન હોય અને દોષસેવન થાય.

(૩) આલંબન જ ન હોય અને દોષસેવન થાય.

એમાં (૧) પ્રકાર તો શુદ્ધ માર્ગ છે જ. એમાં કોઈ ના નથી. પણ (૨) અને (૩) પ્રકાર એ શુદ્ધ મોક્ષમાર્ગ નથી.

દા.ત.: માંદગી હોય અને દોષિત વાપરવું પડે તો એ પહેલો પ્રકાર.

માંદગી હોય, પણ એવી નહિ કે જેમાં દોષિત લેવું પડે, નિર્દોષથી પણ ચાલી જાય. છતાં એમાં દોષ સેવવાનો આવે તો એ બીજો પ્રકાર !

માંદગી ન હોવા છતાં દોષિત વાપરવામાં આવે તો એ ત્રીજો પ્રકાર !

એમ

- વિહાર લાંબો હોય, મોડો વિહાર કરવામાં ખૂબ પિત્ત થઈ જવાની સંભાવના હોય, એટલે અંધારામાં વિહાર એ પ્રથમ પ્રકાર ! (એમ એવા બીજા પણ પુષ્ટ કારણો વિચારી લેવા.)

- વિહાર વધુ લાંબો ન હોય, તડકો સહન કરવો પડે પણ 'એનાથી ખૂબ પિત્ત થઈ જાય' - એવી કોઈ જ તકલીફ ન હોય છતાં પણ અંધારામાં વિહાર એ બીજો પ્રકાર !

- વિહાર નાનો, તડકો કે પિત્ત સહન કરવાનો અવસર જ ન આવે એવી પરિસ્થિતિ, છતાં અંધારામાં વિહાર ! એ ત્રીજો પ્રકાર !

એમ

- તાવ-પુષ્કળ થાક વગેરે ગાઢ કારણે પ્રતિક્રમણ બેઠા બેઠા કે ક્યારેક સુતા સુતા પણ કરવું પડે એ પ્રથમ પ્રકાર !

- જરાક માથું દુઃખે, જરાક થાક લાગે એટલે પ્રતિક્રમણ બેઠા બેઠા કરવું એ બીજો પ્રકાર !

- ન દુઃખાવો, ન થાક....છતાં પ્રતિક્રમણ બેઠા બેઠા કરવું તે ત્રીજો પ્રકાર !

આવું દરેક બાબતોમાં સમજી લેવું.

જેઓ સુખશીલ છે, ઈન્દ્રિય લંપટ છે, ક્રિયામાં અરૂચિવાળા છે...તેઓ મોટા ભાગે બીજો અને ત્રીજો પ્રકાર જ અપનાવતા હોય છે. 'એ શુદ્ધમાર્ગ નથી જ' એ સ્પષ્ટ છે. પણ આ જીવો એક તો સ્વયં આ રીતે નીચે ઉતરે, મોક્ષમાર્ગથી નીચે પડે અને બીજાઓને પણ તેઓ મોક્ષમાર્ગથી નીચે પાડે. દરેક બાબતમાં કંઈપણ નાનું કારણ ઉભું કરી, "આવા આવા કારણો આવી પડે. ત્યારે તો દોષ સેવાય, એ અપવાદ છે, એમાં કોઈ દોષ નથી." એમ ખોટા આલંબનો દેખાડી ભોળા જીવોને પાડે.

બિચારા ભોળા જીવો ! આમ પણ અનાદિકાળના કુસંસ્કારો તો હોય જ, એમાં વળી આવા લોકો સામેથી એમને દોષ સેવવાની રજા આપે, એ દોષસેવનને શાસ્ત્રાનુસારી ગણાવે... પછી તો બાકી શું રહે ? આ તો વાંદરાને દારૂ પાયા જેવું થાય.... અને એ ભોળા જીવો ઉત્સર્ગ માર્ગ તો છોડે જ, ઉપર દર્શાવેલા ત્રણ પ્રકારમાંથી પ્રથમ પ્રકાર પણ છોડે અને બીજા - ત્રીજા પ્રકારનો ભોગ બને.

<u>**શિષ્ય :**</u> પણ કોઈ એમને કહેનાર ન મળે ? કે આ તમે ખોટું કરો છો ?

વગર કારણે કે નબળા કારણે આ રીતે દોષ સેવવા, વિધિ છોડી દેવી એ બિલકુલ બરાબર નથી. કોઈક તો એમની આંખ ઉઘાડે ને ?

<u>ઉપાધ્યાય :</u> આવું કોઈ કહેવા આવે, તો એની સામે આ લોકો પાસે ઉત્તારો પણ તૈયાર જ હોય. એવા એવા કારણો દર્શાવે, એવું જોરદાર વર્ણન કરે કે શિખામણ દેનારાઓ કદાચ સચ્ચાઈ સમજતા હોય તો ય શાંત થઈ જાય, કહેવાનું છોડી દે. આ શિથિલો નબળા કારણોને કે અકારણોને તગડા કારણો તરીકે દર્શાવવામાં એકદમ પાવરધા બની જાય. વળી, આવું ઘણા કરે એટલે બધાને એકબીજાનો સહકાર મળી રહે. તાકાત વધી જાય.

પણ જેઓ આ રીતે ખોટા આલંબનો દેખાડીને મુગ્ધજીવોને મોક્ષમાર્ગમાંથી ભ્રષ્ટ કરે છે, તેઓ સ્પષ્ટ રીતે જિનાજ્ઞાનો ભંગ કરે છે. આ આજ્ઞાભંગ રૂપ ઘોર પાપ, કલંક એમને લલાટે અંકાઈ જાય છે.

– x – x –

<u>શિષ્ય :</u> આપે કીધું એ વાત સાચી. પણ જ્યાં સાવ નબળા આલંબનો હોય કે આલંબન જ ન હોય, ત્યાં તો એને તગડા આલંબન તરીકે તેઓ બતાવી જ ન શકે ને ? એ તો ખુલ્લે આમ જૂઠ તરીકે પકડાઈ જાય.

સંઘમાં ૨૦૦ ઘરો હોય, નજીકમાં હોય, ગોચરી માટે વિનંતિ કરતા હોય, કોઈ માંદગી ન હોય છતાં આધાકર્મી કરાવીને વાપરવું... આ તો સ્પષ્ટપણે શાસ્ત્રવિરુદ્ધ જ છે. આમાં શું આલંબન દેખાડે ?

માત્ર એક બે કિમીનો જ વિહાર હોય અને છતાં પાંચ વાગે સવારે વિહાર કરી દેવો, અંધારામાં જ પહોંચી જવું એ તો સ્પષ્ટપણે શાસ્ત્રવિરુદ્ધ જ છે. આમાં શું આલંબન દેખાડે ?

વિહાર-માંદગી વગેરે ન હોવા છતાં બેઠા બેઠા ક્રિયા કરવી, અશુદ્ધ સૂત્રો બોલવા એ તો સ્પષ્ટપણે શાસ્ત્રવિરુદ્ધ જ છે. આમાં શું આલંબન દેખાડે ?

ટૂંકમાં જે ક્રિયાઓ ઉત્સર્ગથી કે અપવાદથી ખુલ્લેઆમ અવિધિવાળી દેખાય, જેમાં કોઈ બચાવ જ ન હોય, ત્યાં તેઓ શું કરશે ?

<u>ઉપાધ્યાય :</u> આવા વખતે "આવા અવિધિવાળા આચારો પણ ચલાવી લેવાના" એવું સાબિત કરવા માટે તેઓ ખોટા આલંબનો આપે.

આશય એ છે કે

પહેલો પ્રયત્ન તો તેઓ એવો જ કરે કે "આ જે કંઈ દોષ સેવાય છે, તે પુષ્ટ આલંબનોથી સેવાય છે..." એમ પુષ્ટ આલંબનો બતાવીને દોષસેવનને

શુદ્ધમાર્ગ તરીકે સાબિત કરવો.

પણ એમાં જો સફળ ન થવાય તો "ભલે આ દોષસેવન પુષ્ટ-આલંબન વિનાનું હોય, ભલે ખરેખર એ દોષરૂપ હોય, મોક્ષમાર્ગ રૂપ ન હોય તો પણ એ બધું જ ચલાવી લેવું" એવું સાબિત કરવા માટે તેઓ ખોટા આલંબનો આપે.

<u>શિષ્ય :</u> વાહ ! શાસ્ત્રવિરુદ્ધને શાસ્ત્રાનુસારી સાબિત કરવાના આલંબનો તો આપે સમજાવ્યા, પણ "શાસ્ત્રવિરુદ્ધ પણ ચલાવી લેવું. શાસ્ત્રવિરુદ્ધનો નિષેધ ન કરવો" આવું સાબિત કરવા માટે તેઓ કયા ખોટા આલંબનો આપે ?

<u>ઉપાધ્યાય :</u> 'તીર્થરક્ષા કરવા માટે શાસ્ત્રવિરુદ્ધ આચારો પણ ચલાવી લેવા' એમ તેઓ કહેશે.

**<u>વિધિ જોતા કલિજુગમાં હોવે, તીરથનો ઉચ્છેદ</u>**
**<u>જિમ ચાલે તિમ ચલવે જઈએ, ઈમ ધરે મતિભેદ. ॥૪॥</u>**

<u>ગાથાર્થ :</u> "કળિયુગમાં જો વિધિ જોવા જશો તો તીર્થનો ઉચ્છેદ થશે. માટે જેમ ચાલે તેમ ચાલવા દેવું" આ રીતે તેઓ મતિભેદ ધારણ કરે છે.

<u>ભાવાર્થ :</u> જેઓ શાસ્ત્રવિરુદ્ધ આચારો પણ ચલાવી લેવા માંગે છે, તેઓ એ માટે કહે છે કે → "જુઓ, ભવ્યજીવો ! આ કળિયુગ છે, પાંચમો આરો છે. ત્રીજા-ચોથા આરાની વાત જુદી હતી કે જ્યારે સાક્ષાત તીર્થંકરો હાજર હતા, કાળના પ્રભાવે જીવો પણ એકંદરે સરળ-પ્રાજ્ઞ હતા. તેઓ બધું જ શાસ્ત્રાનુસારી જીવન જીવે એ શક્ય હતું. બધી જ શાસ્ત્રીય વિધિ પાળે એ શક્ય હતું.

પણ કહેવત છે ને ? ते हि नो दिवसा गताः એ આપણા પવિત્રતમ દિવસો તો ગયા.

ચોથા આરામાં તીર્થંકરો હતા, આજે તીર્થંકરો નથી એ વાત આપણે સ્વીકારી લીધી ને ?

તો હવે આ વાત પણ આપણે સ્વીકારી લેવાની કે ચોથા આરામાં વિધિપાલન હતું, આજે સંપૂર્ણ વિધિ પાલન નથી.

એટલે કે આ કાળમાં કોઈપણ અનુષ્ઠાનમાં અવિધિઓ તો રહેવાની જ. ઉત્સર્ગ કે અપવાદ કોઈપણ માર્ગ વિધિશુદ્ધ આચરાય એ શક્ય જ નથી.

અરે ભાઈ !

બેઠા બેઠા ય પ્રતિક્રમણ તો કરે છે ને ? કરવા દો.

ભૂલો ભરેલા ય સૂત્રો તો બોલે છે ને ? બોલવા દો.

અંધારામાં ય વિહાર તો કરે છે ને ? વિહરવા દો.

દોષિત ભોજન પણ વહોરીને જ લાવે છે ને ? લાવવા દો.

તદ્દન ઉપયોગ વિના ય ક્રિયા તો કરે છે ને ? કરવા દો.

મન મારીને ય, વાસનાપીડિત થઈને ય બ્રહ્મચર્ય તો પાળે છે ને ? પાળવા દો. નવવાડો તોડીને ય બાહ્ય બ્રહ્મચર્ય તો પાળે છે ને ? પાળવા દો.

અમારી એક જ વાત છે કે,

દુનિયા જેને ધર્મ કહે છે, વ્યવહાર જેને ધર્મ કહે છે. એ બધું ગમે તેવું ય ચાલવા દો. મહેરબાની કરીને તમે દોઢ ડાહ્યા ન થાઓ. મહેરબાની કરીને તમે વિધિપાલનનો આગ્રહ ન રાખો. મહેરબાની કરીને તમે તમારી વિદ્વત્તા દેખાડવાનો પ્રયત્ન જ ન કરો. મહેરબાની કરીને તમે તમારી સંવિગ્નતા તમારા હૈયામાં જ ધરબી રાખો.

સબૂર ! આ બધું અમે જે કાંઈપણ કહીએ છીએ, તે એટલા માટે નહિ કે અમને અવિધિ ગમે છે. પણ અમારી રગેરગમાં જિનશાસનનો રાગ પડેલો છે. જિનધર્મ-જિનશાસનને કોઈપણ ભોગે અમારે ટકાવવું છે. તમારા દોઢ ડહાપણમાં એને કંઈ નુકસાન થાય એ અમે સહન કરી શકીએ એમ નથી.

અમે તો કહીએ છીએ કે,

ત્રણ ટાઈમ વાપરજો, અંધારામાં વિહારો કરજો, ચોક્ખાચટ કપડા પહેરજો, પણ તમે દીક્ષા લો, અને એ રીતે દીક્ષામાર્ગ ટકાવો.

અમે તો કહીએ છીએ કે

સીવેલા કપડાથી પ્રતિક્રમણ કરજો, ચરવાળા વિના પ્રતિક્રમણ કરજો, અશુદ્ધ વસ્ત્રોથી પ્રતિક્રમણ કરજો...પણ ક્રિયાઓ કરજો. એ રીતે ક્રિયામાર્ગ ટકાવો.

અમે તો કહીએ છીએ કે

પેન્ટ-શર્ટ પહેરીને ય પૂજા કરજો, પારકા પૈસે -પારકા દ્રવ્યે પૂજા કરો, એક-બે પ્રકારી પૂજા કરજો, ચૈત્યવંદનાદિ વિનાની પૂજા કરજો, પણ એ રીતે પૂજામાર્ગ ટકાવો.

અમે તો કહીએ છીએ કે

પૌષધમાં બપોરે બે કલાક ઊંઘી જજો, આઠ માતાના નામો ય ન આવડે તો ય ચાલશે. પણ પૌષધો ચાલુ રાખજો.

અમે તો કહીએ છીએ કે,

આંબિલમાં ઢોકળા-ઢોસા ખાજો. આધાકર્મી ય કરાવજો. પણ ઘોર તપ

કરજો. એ રીતે તપમાર્ગ ચાલુ રાખજો.

બાકી જો આપણે વિધિનો-શાસ્ત્રીયતાનો આગ્રહ રાખશું તો ન દીક્ષા, ન ક્રિયા, ન પૂજા, ન પૌષધ, ન તપ, ન સ્વાધ્યાય, ન સંઘો, ન ઉપધાનો, ન યાત્રાઓ, ન મહોત્સવો... કશું જ બચશે નહિ. બધા બધુ બંધ કરી દેશે.

કારણ ?

કારણ એ જ કે "બધા અનુષ્ઠાનો વિધિપૂર્વક-શાસ્ત્રીયતાપૂર્વક જ કરવાના. જો વિધિ = શાસ્ત્રીયતા ન જાળવી શકાય તો બધા જ અનુષ્ઠાનો છોડી દેવા. પણ અવિધિ = અશાસ્ત્રીયતાવાળા અનુષ્ઠાનો તો ન જ કરવા." આવું આવું આપણે જો બોલીએ તો આજના જમાનામાં વિધિ = શાસ્ત્રીયતા જાળવવી લગભગ અશક્ય જ છે. એટલે બધા એ જ વિચારવાના કે "વિધિ-શાસ્ત્રીયતા તો આપણે આચરી શકવાના નથી. જો અવિધિ-અશાસ્ત્રીયતા સેવશું તો મહારાજ સાહેબના કહેવા પ્રમાણે દુર્ગતિ ભેગા થશું. એના કરતા હવે ધર્મ કરવો જ નહિ."

અને એ રીતે બધા જ બધો જ ધર્મ છોડી દેવાના.

બહુ જ સ્પષ્ટ વાત છે કે,

"દીક્ષામાં નિત્ય એકાસણા કરવા જ પડશે, અજવાળામાં જ વિહાર કરવો પડશે, પાંચ તિથિ આંબિલ કરવા પડશે, સંયોજના સાથે ગોચરી નહિ જ વપરાય." આવો જો એકાંત સેવવામાં આવશે તો એકપણ જીવ દીક્ષા લેવા નહિ આવે. દીક્ષામાર્ગ જ બંધ !

એ જ વાત ક્રિયાઓ, પૂજા-તપ વગેરે વગેરે સેંકડો અનુષ્ઠાનોમાં વિચારી લેવી.

હવે આમાં આપણું ગાંડપણ જ ગણાય છે કે બીજું કંઈ ? નફો કરવા જતાં મૂડી ગુમાવી દેવા જેવી મૂર્ખતા આમાં છતી થાય છે. વિધિ-શાસ્ત્રીયતાનું પૂંછડું પકડી રાખવા ગયા, તો એ તો ગુમાવ્યું, વધારામાં અવિધિવાળા ય જે હજારો ધર્મો થતા હતા, એ ય ગુમાવ્યા.

ખાલી દીક્ષા માટે પણ જો વિધિ-શાસ્ત્રીયતાનો સજ્જડ નિયમ બનાવવામાં આવે અને એ ન પાળનારાને સંસારમાં રવાના કરવામાં આવે, તો આજે જે ૧૫ હજાર સંયમીઓ છે, એમાંથી ૧૫૦ પણ બાકી નહિ બચે. નવાની તો આશા જ છોડી દો. ધીમે ધીમે એ ૧૫૦ ય કાળધર્મ પામશે અને આ વિશ્વમાં એકપણ જૈન સાધુ બાકી નહિ બચે.

એમ પ્રતિક્રમણ માટેની વિધિ – શાસ્ત્રીયતાનો સજ્જડ નિયમ બનાવીએ

અને એ ન પાળનારાને પ્રતિક્રમણ બંધ કરાવીએ, તો નવા તો કોઈ જોડાશે જ નહિ, ને આપણા જેવા જૂના હજારો જીવો પ્રતિક્રમણ છોડી દેશે. જે ગણ્યા ગાંઠયા વિધિપૂર્વક કરશે, એ બધા ય એક દિ પરલોકમાં જાશે, ને એક દિ એવો ઉગશે કે આખા ભારતમાં પ્રતિક્રમણ કરનારો એકેય જીવ નહિ મળે.

અરે ભાઈ ! अति सर्वत्र वर्जयेत् । એ વાક્ય કંઈ એમ ને એમ નથી બોલાતું. વિધિ - શાસ્ત્રીયતાની જીદનો અતિરેક મૂળથી જ સર્વનાશ નોંતરી લાવનારો બની રહેશે.

આપણે તો ભાઈ આમેય વાણિયાના ગુરુ કહેવાઈએ. નફો-નુકસાન નિહાળીને જ આપણે પ્રવૃત્તિ કરીએ અને આમાં સ્પષ્ટ લાગે છે કે જેવો તેવો ય ધર્મ ચાલવા દેવો, કચકચ કરવી નહિ... તો જ આવો બાહ્ય પણ ધર્મ ટકશે.

આ રીતે જ આપણે ધર્મરક્ષા કરવાની છે, શાસન રક્ષા કરવાની છે. આપણા જેવા ગીતાર્થ અનુભવીઓએ જ આ રીતે પાંચમા આરાના અંત સુધી ધર્મને ખેંચી જવાનો છે. પણ જો વિધિના અને શાસ્ત્રીયતાના પૂંછડા પકડીને ચાલનારા દોઢ ડાહ્યાઓની સત્તા વધી જશે, તો શાસનરક્ષા-ધર્મરક્ષા-સંઘરક્ષા થઈ રહી. ←

આ શબ્દો ગીતાર્થ-સંવિગ્ન મહાત્માના નથી, પણ પોતાની જાતને ગીતાર્થ-સંવિગ્ન માનનારા અગીતાર્થોના છે કે અસંવિગ્નોના છે.

અગીતાર્થો સાચી સમજણના અભાવે, વિવેકબુદ્ધિના અભાવે આવું બોલે, ભાવાવેશમાં આવેલા એમની ભાવના ભલે સારી હોય, પણ એમની આ સમજણ તો સાવ ખોટી છે.

અસંવિગ્નો પોતાની શિથિલતા ચલાવી લેવા માટે 'એ શિથિલતાઓ ઘણા આચરતા થઈ જાય તો પોતે શિથિલ ન દેખાય' એ માટે આવી આવી વાતો કરે. એમની તો ભાવના પણ ખોટી અને સમજણ તો ખોટી છે જ.

આ જીવો ગીતાર્થ-સંવિગ્નની મતિને બદલે સાવ જુદા જ પ્રકારની મતિને ધારણ કરે છે. એટલું જ નહિ, પણ પોતાના આશ્રિતોમાં ય આવો મતિભેદ ઉભો કરે છે. જૈનસંઘમાં જ આ રીતે ગીતાર્થ-સંવિગ્નને અનુસરનારાઓ જુદી મતિવાળા અને અગીતાર્થો કે અસંવિગ્નોને અનુસરનારાઓ જુદી મતિવાળા બની રહે છે. એટલે જ ફાંટાઓ વધતા જાય, મતિભેદના કારણે પ્રરૂપણાભેદ વધતો જાય, એના લીધે અનુષ્ઠાનોમાં ય ભેદ વધતો જાય, ઝઘડાઓ - નિંદાઓ ઉભા થતા જાય.

અવિધિ ચલાવી લેવાની વાત કરનારા તેઓ આ રીતે સ્વ અને પર અનેકોને

કેટલું બધું નુકસાન પહોંચાડનારા બને છે.

<u>શિષ્ય :</u> તેઓ આવી માન્યતાવાળા બને કે "અવિધિ પણ ચલાવી લેવી, એનાથી શાસનની રક્ષા કરવી" તો ભલે ને બને. એમાં નુકસાન શું ?

<u>ઉપાધ્યાય :</u> નુકસાન ? તને હમણાં જ તો બતાવ્યું.

સાંભળ.

**એમ ભાષી તે મારગ લોપે, સૂત્રક્રિયા સવિ પીંસી.**
**આચરણાશુદ્ધિ આચરીએ, જોઈ યોગની વીંશી. ॥૫॥**

<u>ગાથાર્થ :</u> આ પ્રમાણે બોલીને તેઓ બધી સૂત્રક્રિયાને ખતમ કરી નાંખીને માર્ગનો લોપ કરે છે. માટે યોગવિંશિકા ગ્રંથ જોઈને-ભણીને શુદ્ધ આચાર પાળવો જોઈએ.

<u>ભાવાર્થ :</u> માત્ર મતિભેદ પોતાના મનમાં જ ધારણ કરીને એ મુગ્ધ જીવો બેસી રહેવાના થોડા જ છે ? તેઓ તો પોતાની વાતને સાચી માનીને, પોતાની શક્તિ પ્રમાણે ચારેબાજુ આ જ પ્રરૂપણા કરવાના. વિધિ આચરવાની વાત જ નહિ. માત્ર અનુષ્ઠાન કર્યા કરવાની જ વાત !

બિચારા ભોળા શ્રોતાઓ ય એમની દેશનાઓ સાંભળીને ધર્મક્રિયાઓ ખૂબ ખૂબ વધારી દેશે, પણ એમાં વિધિ - શાસ્ત્રીયતા લાવવાનો તો એમને સ્વપ્નમાં પણ વિચાર નહિ આવે.

તેઓ દીક્ષા લઈ લેશે, પણ આખી જીંદગી અતિચારોથી ભરપૂર પસાર કરશે, છતાં મિથ્યા સંતોષ માનશે કે 'મેં દીક્ષા પાળી.'

તેઓ આખી જીંદગી પ્રતિક્રમણ કરશે પણ ઉપયોગ વિના, ભાવોલ્લાસ વિના, બેઠા-બેઠા, પ્રતિક્રમણનો પરમાર્થ સમજ્યા વિના કરશે. છતાં ખુશ થશે કે, "હું રોજ બે ટાઈમ પ્રતિક્રમણ વર્ષોથી કરું છું."

તેઓ ગુરુસમર્પિત બનશે, પણ મૂલગુણભ્રષ્ટ કુગુરુના ય ભક્તો બની રહેશે. એમની સેવાને પ્રભુસેવા માનશે. એમના દોષોનું પોષણ કરવું એ ભક્તિ માનશે. કુગુરુના સંયમ જીવનમાં સંસારજીવન ઉભું કરી દેવામાં મોટા નિમિત્ત બનીને ય એનાથી ગુરુભક્તિ કર્યાનો મિથ્યા સંતોષ માનશે...

તારક ધર્મો મારક બની જાય એ રીતે આચરીને ય માનશે તો એમ જ કે "અમે આ ધર્મના પ્રતાપે તરી જવાના."

ચારે બાજુ આવા અવિધિ ભરપૂર અનુષ્ઠાનો જ આદરાય, એટલે ધીમે ધીમે

શાસ્ત્રમાં દર્શાવેલી શુદ્ધ ક્રિયાઓ તો વિચ્છેદ જ પામે.

આ શાસ્ત્રોક્ત ક્રિયાઓ-શાસ્ત્રાનુસારી ક્રિયાઓ એ જ તો મોક્ષમાર્ગ છે. આનો વિચ્છેદ કરવાનું ઘોરાતિઘોર પાપ આ જીવો બાંધે. ભાવના સારી....પણ જેને બચાવવાની ભાવના હતી. એને જ ખતમ કરનારા બની રહ્યા.

<u>શિષ્ય :</u> ભલે શાસ્ત્રીય ક્રિયાઓ વિચ્છેદ પામી, પણ બાહ્ય દષ્ટિએ તો એ બધી ક્રિયાઓ બચી ગઈ ને ? એ તો સારા માટે નહિ ?

<u>ઉપાધ્યાય :</u> હોસ્પિટલનો વોચમેન દર્દીનું ઓપરેશન કરે તો શું હાલત થાય ? ઓપરેશન તો રોગનાશક વસ્તુ જ ગણાય છે ને ? તો એ તો સારા માટે જ ગણાવું જોઈએ કે નહિ ? ત્યાં તમે એમ કહેશો ? કે, "વોચમેને ઓપરેશન કર્યું, એ સારું કર્યું." કે પછી એને ખરાબ જ ગણશો ? સ્પષ્ટ વાત છે કે એના કારણે દર્દી મરી જાય, વધુ રોગી બને એટલે એ વસ્તુ ઈષ્ટ ન જ બને.

જીવવા માટે ખોરાક ખાવા ન મળે, તો જીવવા માટે પથરાઓ-ઝેર ખાઈ શકાય નહિ. કેમકે એ જીવન તો આપતા જ નથી. ઉલટું મોત લાવી આપે કે આરોગ્ય જ બગાડે.

વાળ કપાવવા માટે હજામ ન મળે, તો દરજી-લુહારાદિ પાસે વાળ કપાવાય નહિ, કેમકે તેઓ વાળ તો બરાબર ન જ કાપે, પણ ભૂલમાં નસ-ડોકું કાપી નાંખે.

પચાસમાં માળેથી છેક નીચે સુધી પહોંચવા દાદરા ઉતરવાનું શક્ય ન હોય, તો ય ઉપરથી કુદકો મરાય નહિ, કેમકે એમાં નીચે પહોંચતાની સાથે જ કાયમ માટે ઉપર પહોંચી જવું પડે.

એમ વિધિવાળી ક્રિયાઓ, શાસ્ત્રીય ક્રિયાઓ શક્ય ન હોય તો તદ્દન શાસ્ત્રવિરુદ્ધ ક્રિયાઓ ચલાવી લેવાય નહિ, કેમકે એમાં આત્મહિત, કર્મક્ષયાદિ તો ન જ થાય. પણ આજ્ઞાભંગ, અનવસ્થા, સૂત્ર-આશાતના, ક્રિયા-આશાતના વગેરેને લીધે એ ક્રિયાઓ વધારે નુકસાન કરનારી બની રહે.

<u>શિષ્ય :</u> પણ ગુરુજી ! આ કેવું ? સંસારના પાપો સંસાર વધારે એ તો સમજ્યા, પણ ધર્મક્રિયાઓ પણ સંસાર વધારે ? કર્મ બંધાવે ? આવું કેમ ?

<u>ઉપાધ્યાય :</u> કેમકે એમાં સર્વોત્તમ ક્રિયાઓની, સર્વોત્તમ શાસ્ત્રોની, એને બતાવનારા સર્વોત્તમ મહાપુરુષોની ઘોર આશાતના થાય છે. અધ્યાત્મસારમાં આ વાત મેં બરાબર દર્શાવી છે.

**<u>हिंसानुबन्धिनी हिंसा मिथ्यादृष्टेस्तु दुर्मतेः ।</u>**
**<u>अज्ञानशक्तियोगेन तस्याहिंसापि तादृशी ।</u>**
**<u>येन स्यान्निह्नवादीनां दिविषद्दुर्गतिक्रमात् ।</u>**
**<u>हिंसैव महती तिर्यग्नरकादिभवान्तरे ॥</u>**

<u>અર્થ :</u> દુષ્ટ મતિવાળા મિથ્યાત્વીની હિંસા તો હિંસાનુબંધવાળી છે જ, પણ એનામાં રહેલી અજ્ઞાનશક્તિના કારણે તેની અહિંસા પણ હિંસાનુબંધવાળી બની રહે છે. માટે જ નિહ્નવો ઉત્કૃષ્ટ ક્રિયાઓ આચર્યા પછી એકાદ દેવદુર્ગતિ મેળવીને ક્રમશઃ તિર્યંચ નારકાદિ ગતિઓમાં ભયંકર હિંસાના ભાગીદાર બને છે.

સાવ સીધી વાત છે કે

રાજા અતિ મહાન છે એની બરાબર આરાધના કરો તો આપણા બધા દુઃખ દૂર કરી દે. પણ એની સેવામાં ગરબડ કરો, તો એ જ રાજા ભયંકર સજા પણ ફટકારી દે.

અગ્નિ શિયાળામાં ઠંડી દૂર કરી આપે, બારેમાસ ખોરાક રાંધી આપે. પણ જો અવિધિથી અગ્નિનું સેવન કરો તો ઠંડી નહિ, પણ આપણે જ દુનિયામાંથી દૂર થઈ જઈએ. ખોરાક રંધાય નહિ, પણ સળગીને સાફ થઈ જાય.

એમ શાસ્ત્રોમાં દર્શાવેલી ક્રિયાઓ જો વિધિપૂર્વક સેવવામાં આવે, તો મોક્ષ આપે જ આપે. પણ એમાં ગરબડો કરવામાં આવે, તો વીફરેલી વાઘણની માફક એ ક્રિયાઓ આપણને જ ફાડી ખાય.

એટલે જ અવિધિઓ ચલાવી લેવાની વાત માન્ય બની શકે નહિ.

વળી સંસારમાં પણ દરેકે દરેક ક્ષેત્રોમાં વિધિ અતિશય મહત્ત્વની ગણાય છે. અવિધિ કરવામાં અનર્થોની પરંપરા સ્પષ્ટ જોવા મળે છે.

(ક) રસોઈ બનાવવી હોય તો શાકભાજી વિધિસર સમારવા પડે, નહિ તો આંગળા કપાઈ જાય. એ શાકભાજી કે અનાજ ગેસ પર તપેલીમાં કે કુકરમાં મુકવા પડે, સીધા જ અગ્નિ પર ન મુકાય, નહિ તો બધું બળી જાય. તપેલીમાં કે કુકરમાં ય પાણીમાં મુકવા પડે, નહિ તો બળી જાય. એમાં મસાલો પણ માપસર નાંખવો પડે, નહિ તો અતિખારું-અતિ તીખું ભોજન વાપરી જ ન શકાય એવું બને, એ ફેંકી જ દેવું પડે....એક ભોજન બનાવવાની ક્રિયામાં પણ આવી તો ઢગલાબંધ વિધિઓ અવશ્ય પાળવી જ પડે છે. ત્યાં તમે અવિધિ ચલાવી શકો છો ખરા ? આંગળા કપાઈ જાય, શાક સળગી જાય....એ બધું સ્વીકારી શકો છો ખરા ?

(ખ) સ્નાન કરવું હોય તો ય કેટલી બધી વિધિની જરૂર પડે છે ! શિયાળામાં શરીર ઉપર બરફ ઘસી નાંખીએ તો ચાલે ? ધગધગતું પાણી મોટી તપેલી ભરીને એક સાથે શરીર પર રેડી દઈએ તો ચાલે ?સાબુને બદલે મેંશ શરીર પર ઘસી દઈએ તો ચાલે ? હાથથી શરીરના કોઈપણ અંગો ઘસવાને બદલે માત્ર પાણી નાંખ્યા કરીએ તો ચાલે ? પાણી ભરેલા કુંડમાં આખા તે આખા ડુબી જઈએ, પંદર-વીસ મિનિટ અંદર જ રહી જઈએ તો ચાલે ? બાથરૂમ કે અગાસીને બદલે રસોડામાં, બેડરૂમમાં કે સોફા પર બેસીને સ્નાન કરીએ તો ચાલે ? શરીરની જેમ દાંત પણ મેલા થયા હોય તો દાંત સાફ કરવા દાંત ઉપર સાબુ-શેમ્પુ લગાડીએ તો ચાલે ? શરીરની અંદર પણ ઘણો મેલ છે. સાબુનું પાણી પી લઈએ તો ચાલે ? પહેલા પાણીથી સ્નાન કર્યા બાદ છેલ્લે આખા શરીરે સાબુ ઘસીએ તો ચાલે ?

બોલો ! કેટકેટલી વિધિ સ્નાન માટે જરૂરી બને છે !

(ગ) હૃદયનું કે પેટનું ઓપરેશન કરવું હોય તો એટલા ભાગને ઈજેકશનાદિ દ્વારા બેભાન કર્યા વિના જ ઓપરેશન કરી શકાય ? સોંય કે કાતર શરીરની અંદર જ રહી જાય અને બધું પાછું સીવી લેવામાં આવે તો ચાલે ? દસ દિવસ ત્રણ ટાઈમ લેવાની દવાઓ એક જ દિવસે એક જ સાથે લઈ લે તો ચાલે ? હૃદયનું ઓપરેશન હોય અને માથું ચીરીને ત્યાં શોધખોળ કરવામાં આવે તો ચાલે ? દારૂ પીને ઓપરેશન કરે તો ચાલે ?

(ઘ) હાઈવે પર ગાડી ચલાવીને અમદાવાદથી મુંબઈ પહોંચવાનું હોય ત્યારે રસ્તા પર ડાબી બાજુને બદલે જમણી બાજુ જ ગાડી ચલાવ્યા કરવામાં આવે તો ચાલે ? ગાડી અટકાવવી હોય ત્યારે બ્રેકને બદલે એકસલરેટર જ જોર જોરથી દબાવાય તો ચાલે ? ગાડી ભગાવવાની હોય ત્યારે બ્રેક દબાવવામાં આવે તો ચાલે ? ઉંઘતા ઉંઘતા ગાડી ચલાવાય ? બે વર્ષનો છોકરો ગાડી ચલાવે તો ચાલે ? હોર્ન વગાડવાની જરૂર હોય ત્યારે ચપટી વગાડ્યા કરે તો ચાલે ? હાથને બદલે પગથી સ્ટીયરીંગ પકડવામાં આવે તો ચાલે ? અમદાવાદથી મુંબઈ સુધી ગાડી ઉંધી જ રાખીને રીવર્સમાં ચલાવવામાં આવે તો ચાલે ?

અરે, ભલા આદમી ! વિધિની આવશ્યકતા કયાં નથી એ તો કહો. સંડાસ જવું હોય તો ય ઢગલાબંધ વિધિ જોઈએ. ધંધો કરવો હોય, ઘર બનાવવું હોય, પુસ્તકો છપાવવા હોય, છોકરાઓને ભણાવવા હોય, જાતજાતના યંત્રો ચલાવવાના હોય, આખા રાષ્ટ્રનું સંચાલન કરવાનું હોય... ઉંઘવું હોય, હસવું હોય, ચાલવું હોય... દરેકે દરેક ક્ષેત્રમાં જો સુક્ષ્મ રીતે વિચારશો તો ચોક્કસ

લાગશે કે જો એમાં અવિધિ કરવામાં આવે તો કેટલા બધા અનર્થો થાય.

આશ્ચર્ય છે કે ધર્મની વાત આવે, ધર્મ ક્રિયાઓની વાત આવે ત્યારે વિધિ સાચવવામાં ભારે ઉપેક્ષા ! ત્યાં ચલાવી લેવાની તૈયારી ! વાહ રે વાહ ! આવી જ તૈયારી ઉપરની બધી ક્રિયાઓમાં ય રાખો ને ?

પણ ના. ત્યાં તો અવિધિ આચરવામાં અનર્થો સાક્ષાત દેખાય છે, અનુભવાય છે. એટલે ત્યાં વિધિ પાળવાનો આગ્રહ ભારે ! ધર્મક્રિયાઓમાં તો ગમે એટલી અવિધિ કરીએ તો પણ સાક્ષાત હોઈ અનર્થો દેખાતા નથી, શાસ્ત્રોએ બતાવેલા અનર્થો તો અતીન્દ્રિય છે. એટલે જ એમાં વિધિની સરિયામ ઉપેક્ષા ! અવિધિનો આદર !

પણ એક વાત સમજી લેવી જોઈએ કે શાસ્ત્ર વચનો ખોટા નહિ પડે. અવિધિનું આચરણ એના ભયંકર નુકસાનો આપશે જ. એ અનર્થોની પરંપરાઓ, અવિધિ આચરનારાઓએ અને અવિધિ ચલાવી લેનારાઓએ ભોગવવી જ પડશે.

માટે જ શિષ્ય !

શાસનરક્ષા - ધર્મરક્ષાના કહેવાતા શુભ આશયથી પણ અવિધિઓ ચલાવી લેવાની વાત બિલકુલ બરાબર નથી. ઉલ્ટું એમાં જ શાસનહાનિ-ધર્મહાનિ થાય છે.

આ અંગે સંબોધસિત્તરીમાં કહ્યું છે કે,

**जह भोयणमविहिकयं विणासेइ विहिकयं जीयावेइ ।**

**तह अविहिकओ धम्मो देइ भवं विहिकओ मुक्खम् ॥**

જેમ અવિધિથી કરેલું ભોજન મારક બને, વિધિથી કરેલું હોય તો જીવાડે. એમ અવિધિથી કરેલો ધર્મ સંસાર વધારે, વિધિથી કરેલો ધર્મ મોક્ષ આપે.

માટે જ શિષ્ય !

એ નબળા આલંબનો તરફ ધ્યાન ન આપીશ. આ માટે યોગવિંશિકા ગ્રંથમાં શ્રીહરિભદ્ર સૂરિજીએ ઘણી મહત્ત્વની બાબતો દર્શાવી છે. એમાં વિધિ-આચરણ ઉપર પુષ્કળ ભાર મુક્યો છે. તું એ ગ્રંથ બરાબર જોઈ લે, એટલે તને આ બધી બાબત સમજાઈ જશે.

**શિષ્ય :** યોગવિંશિકાના એ અગત્યના પાઠ દર્શાવશો ?

**ઉપાધ્યાય :** યોગવિંશિકા ગાથા-૧૪, ૧૫, ૧૬માં આ બધી બાબતો વિસ્તારથી દર્શાવી જ છે. અહીં મેં તને ગુજરાતીમાં તો બધું બતાવી જ દીધું છે.

આ પાઠોને આધારે હવે તું બધી જ ક્રિયા વિધિપૂર્વક કરજે. ઉત્સર્ગમાર્ગ આચરે, તો એની વિધિ આચરજે. અપવાદમાર્ગ આચરે તો એની વિધિ આચરજે. પણ વિધિની ઉપેક્ષા ન કરીશ. એમાં ય સંયમજીવનમાં તો ઉભયટંકના પ્રતિક્રમણ + પ્રતિલેખન + ગાથાઓ ગોખવી + પાઠ લેવો + ગુરૂભક્તિ + ગ્લાનસેવા + ગોચરીચર્યા + તપશ્ચર્યા + જીવદયા પાલન + સ્થંડિલ-માત્રુ પરઠવવું + વિહાર + નિદ્રા + દિવસ દરમ્યાન અનેકાનેક ઈરિયાવહિઓ + પ્રભુભક્તિ વગેરે વગેરે ઢગલાબંધ ક્રિયાઓ છે, એ બધી ક્રિયાઓની વિધિ તું બરાબર જાણી લે અને એનું શુદ્ધ આચરણ કર. (ગા.૫)

— x — x —

<u>શિષ્ય :</u> તમારી વાત આમ તો બધી સાચી લાગે છે. પણ આ પાંચમો આરો છે. નબળો કાળ છે, પડતો કાળ છે. આ કાળમાં અવિધિ મોટો દોષ ન ગણાય. ચોથા આરાની વાત જુદી છે. ત્યારે તો સંઘયણ ઉંચા-જીવો ઉંચા-તીર્થંકરોની હાજરી.... એટલે વિધિપાલન સહેલું પડે. એટલે જ એ કાળમાં વિધિ ન પાળે તો ચોક્કસ દોષ લાગે. પણ આવા નબળા કાળમાં વિધિ ન પાળે તો દોષ ન લાગે એવું નથી લાગતું ?

<u>ઉપાધ્યાય :</u> ના

**<u>વિષમકાળે જિમ વિષ મારે, અવિધિદોષ તિમ લાગે રે</u>**
**<u>ઈમ ઉપદેશપદાદિક દેખી, વિધિરસિયો જન જાગે રે ॥૬॥</u>**

<u>ગાથાર્થ :</u> વિષમકાળમાં જેમ ઝેર મારનાર બને. તેમ અવિધિદોષ પણ લાગે. ઉપદેશપદાદિ ગ્રન્થોમાં કરેલી આ વાતો જોઈને વિધિરસિક લોકો જાગ્રત બને.

<u>ભાવાર્થ :</u> તું મને એમ કહે કે

ચોથા આરામાં ઝેર ખાઓ, તો મરવું પડે, પણ પાંચમાં આરામાં ઝેર ખાઓ તો મરણ ન થાય. એવું ખરું ?

ચોથા આરામાં ગળા પર તલવાર ઉગામવામાં આવે તો ડોકું કપાય. પણ પાંચમા આરામાં તલવાર મારો તો ગળું ન કપાય એવું ખરું ?

જો, ના.

તો અવિધિ ચોથા આરામાં જ દોષ ગણાય, ને પાંચમા આરામાં દોષ ન ગણાય, એવું કયા આધારે કહી શકાય ?

કાળ ગમે તે હોય, અવિધિ એનું ફળ આપે જ આપે.

શ્રીઉપદેશપદ વગેરે ગ્રન્થોમાં શ્રીહરિભદ્રસૂરિજીએ આ વાત કરી છે. એટલે આ બધું જાણીને વિધિરસિક જીવોએ જાગી જવું જોઈએ. હા ! જેને વિધિમાં રસ નથી. તેઓ તો આવા કાળ વગેરેના બહાના કાઢીને, છટકી જ જવાના, પણ જેને વિધિમાં રસ છે, જેને વિધિ ગમે છે. તેઓ 'કાળ ખરાબ છે...' વગેરે નબળી વાતો નહિ કરે. પણ પોતાની તમામ શક્તિ ફોરવીને વિધિનું પાલન કરશે જ.

શિષ્ય : આપની વાત મને હજી બરાબર સમજાઈ નથી. ચોથા આરામાં પહેલા સંઘયણવાળા હતા. અત્યારે છેલ્લા સંઘયણવાળા છે. હવે પહેલા સંઘયણીની તાકાત તો જબરદસ્ત હોય. છેલ્લા સંઘયણીની તાકાત સાવ જ ઓછી હોય. બે વચ્ચે આભગાભનું અંતર છે. તો બંને માટે અવિધિદોષ સરખો કેમ ગણાય ? પ્રથમ સંઘયણી આધાકર્મી વાપરે તો એને જેટલો દોષ, ચરમસંઘયણીને પણ આધાકર્મી વાપરવામાં એટલો જ દોષ શી રીતે મનાય ? પ્રથમસંઘયણીની તાકાત વધારે હોવા છતાં એ આધાકર્મી વાપરતો હોવાથી તેને જ વધારે દોષ લાગવો જોઈએ. ચરમસંઘયણીની તાકાત ઓછી હોવાથી એને આધાકર્મી વાપરવાનો દોષ ઓછો જ લાગવો જોઈએ.

આવું દરેકે દરેક બાબતોમાં વિચારી લેવું.

અને આ વાતને સાચી સાબિત કરવાની યુક્તિઓ પણ મળે છે.

(૧) પ્રથમસંઘયણીઓ અવિધિ સેવે, દોષ સેવે તો એના પ્રતાપે છેક સાતમી નારક સુધી પણ જાય. જ્યારે ચરમસંઘયણી વધુમાં વધુ બે જ નરક સુધી જઈ શકે. એણે પ્રથમસંઘયણીની અપેક્ષાએ ઘણું વધારે પાપ કર્યું હોય, તો ય એ બીજી નરકથી વધારે દુર્ગતિ ન જ પામે.

પ્રથમસંઘયણી કીડીની હિંસા દ્વારા ય સાતમી નારકમાં જાય એ શક્ય છે.

ચરમસંઘયણી હજાર માણસોને મારી નાંખે તોય બીજી નારકથી વધુ દુર્ગતિ ન જ પામે.

પ્રથમસંઘયણી મજાક-મશ્કરીના જૂઠથી ય સાતમીમાં ય જાય, એ શક્ય છે.

ચરમસંઘયણી ઉત્સૂત્રપ્રરૂપણા કરે તો ય વધુમાં વધુ બીજી નારકે જાય.

પ્રથમ સંઘયણી મુહપત્તીની ચોરીથી ય સાતમીમાં ય જાય, એ શક્ય છે.

ચરમસંઘયણી કરોડો રૂપિયાની, સ્ત્રી વગેરેની ચોરી કરે તો ય વધુમાં વધુ બીજી નરકે જાય.

પ્રથમસંઘયણી વિકારથી સ્ત્રી તરફ દૃષ્ટિ કરવા માત્રથી પણ સાતમીમાં ય જાય, એ શક્ય છે.

ચરમસંઘયણી સાધ્વી સાથે વ્રતભંગ કરે તો ય વધુમાં વધુ બીજીમાં જ જાય.

પ્રથમસંઘયણી અણાહારી વસ્તુનો પરિગ્રહ કરીને ય સાતમીમાં ય જાય, એ શક્ય છે.

ચરમસંઘયણી અબજો રૂપિયા રાખે તો ય વધુમાં વધુ બીજીમાં જ જાય.

આમ જેની શક્તિ ઓછી, તેને અવિધિદોષ ઓછો લાગે.

જેની શક્તિ વધારે, તેને અવિધિદોષ વધારે લાગે.

આ શક્તિ કાળને આધીન છે. માટે માનવું જોઈએ કે ચોથા આરામાં અવિધિ દોષ વધારે લાગે, પાંચમાં આરામાં અવિધિદોષ ઓછો લાગે....

(૨) ચોથા આરામાં ૧૮૦ ઉપવાસ જેવા પ્રાયશ્ચિત્તો અપાતા હતા. આજે એ જ દોષસેવનમાં માત્ર ૩ ઉપવાસનું જ પ્રાયશ્ચિત્ત અપાય છે. અર્થાત્ પ્રાચીનકાળમાં જે દોષોમાં જે પ્રાયશ્ચિત્તો અપાતા હતા, એના કરતા આજે એ જ દોષોમાં ઘણા ઓછા પ્રાયશ્ચિત્ત અપાય છે.

આનો અર્થ સ્પષ્ટ છે કે આ કાળમાં અવિધિદોષ ઓછો ગણાય. જો ચોથા આરામાં અને પાંચમાં આરામાં અવિધિદોષ સરખો જ ગણાતો હોત, તો તો બધાને પ્રાયશ્ચિત્ત પણ સરખું જ આવત...

આમ આ બે યુક્તિઓથી એવું સાબિત થાય છે કે ચોથા આરામાં અવિધિદોષ વધારે લાગે, પાંચમાં આરામાં અવિધિદોષ ઓછો લાગે. (૧) દુર્ગતિનો ઘટાડો (૨) પ્રાયશ્ચિત્તનો ઘટાડો આ બે યુક્તિઓ એકદમ સ્પષ્ટ જ છે.

એટલે જ

→ જેમ ઝેર ચોથા આરામાં અને પાંચમા આરામાં બંનેમાં મારે,

એમ અવિધિ ચોથા આરામાં અને પાંચમાં આરામાં બંનેમાં મારે. ←

આવી તમારી પ્રરૂપણા મને વ્યાજબી લાગતી નથી.

(૩) વળી

જેમ જેમ કાળ પડતો જાય છે, તેમ તેમ શાસ્ત્રકારો આપણને આચારોમાં કેટલી બધી છૂટો આપતા જ જાય છે. પહેલા કંદોરો ન હતો, હવે એ આવી ગયો. પહેલા ચેતનો-તરપણી ન હતા, હવે એ આવી ગયા. પહેલા રાત્રે પાણી રાખવાનું જ ન હતું, હવે ચૂનાનું પાણી રાખવાની છૂટ આપવામાં આવી. પહેલા ડોલી-વ્હીલચેર ન હતાં, હવે બંનેની છૂટ આપવામાં આવે છે. પહેલા સંખડિની ગોચરી ન વપરાતી, હવે પુષ્કળ વપરાય છે છતાં રજા આપવામાં આવે છે. પહેલા પુસ્તકો-પ્રતો છાપતા ન હતાં, હવે એની પણ રજા આપવામાં આવી

છે. પહેલાં શેષકાળમાં પાટ-પાટલા ન વપરાતા, હવે એ વપરાય છે.

આવી તો સેંકડો નહિ, હજારો બાબતો છે.

ખુદ ગીતાર્થો જો આવી અવિધિની છૂટ આપતા હોય, આવી અવિધિઓ ચલાવી લેતા હોય તો એનો મતલબ જ એમ કે આ કાળમાં આ બધી જ અવિધિઓનું નુકસાન ઓછું થતું હશે કે બિલકુલ નહિ થતું હોય. બાકી જો જૂના કાળ પ્રમાણે જ આ અવિધિઓના દોષો લાગતા હોત, તો તો જેમ જૂના કાળમાં આ બધામાં બિલકુલ છૂટ અપાતી ન હતી, તેમ અત્યારે પણ ન જ અપાત.

પણ આ બધી અવિધિઓની છૂટ અપાઈ રહી છે, એ જ દર્શાવે છે કે વર્તમાનમાં અવિધિ દોષ ઓછો લાગે.

મારી સમજણ જો ખોટી હોય તો સમાધાન આપવા કૃપા કરશો.

<u>ઉપાધ્યાય :</u> પડતાકાળમાં-નબળા કાળમાં અવિધિદોષ ઓછો લાગે, એ વાત સાચી સાબીત કરવા તેં ત્રણ યુક્તિઓ દર્શાવી.

(૧) વર્તમાનમાં અવિધિદોષ ગમે એટલો મોટો સેવાય, તો પણ બીજી નારકથી વધુ મોટી દુર્ગતિ નથી. જૂના કાળમાં નાના અવિધિદોષથી પણ છેક સાતમી નારકની પણ શક્યતા હતી.

(૨) વર્તમાનમાં મોટા અવિધિદોષનું પ્રાયશ્ચિત્ત પણ નાનું અપાય છે, જૂના કાળમાં નાના અવિધિદોષનું પણ પ્રાયશ્ચિત્ત મોટુ અપાતું.

(૩) વર્તમાનમાં ઢગલાબંધ અવિધિઓની છૂટ આપવામાં આવે છે, જૂના કાળમાં અવિધિઓની છૂટ અપાતી ન હતી.

વર્તમાનમાં અવિધિદોષ લાગતો નહિ હોય કે ઘણો ઓછો લાગતો હશે, માટે જ આ ત્રણ વસ્તુ શક્ય બને. બાકી જો સરખો જ દોષ લાગતો હોત તો

દુર્ગતિ સરખી થાત.

પ્રાયશ્ચિત્ત સરખું અપાત.

અવિધિઓની છૂટ ન અપાત.

માટે 'વર્તમાનમાં ઘણો મોટો દેખાતો એવો પણ અવિધિદોષ વિશેષ નુકસાન ન કરે.' એમ માની લઈને એ અવિધિઓ ચલાવી લેવી જોઈએ.

આ છે તારા અંતરનો અભિપ્રાય !

બરાબર છે ને?

અલબત્ત તે ચિંતન ઘણું જ કર્યુ. યુક્તિઓ પણ ઘણી સારી શોધી લાવી. પણ એ ચિંતન ભૂલભરેલું છે,એ યુક્તિઓ ખામી ભરેલી છે.

તું નીચેની બાબતો બરાબર ધ્યાનથી સમજી લે, મનમાં ધારી લે કે જેથી ઘણી બધી ભ્રમણાઓ મનમાંથી નીકળી જાય.

આ પદાર્થ મારે ઘણો જ વિસ્તારથી સમજાવવાનો છે, એટલે તું ધીરજ ધારણ કરીને સાંભળજે.

સૌ પ્રથમ વાત એ કે રાગદ્વેષ કે અજ્ઞાન આ આત્મિકદોષો એ જ પરમાર્થથી અવિધિ છે. જયાં આ દોષો નથી, ત્યાં વસ્તુતઃ અવિધિ કહેવાય જ નહિ. જયાં આ દોષો છે, ત્યાં વસ્તુતઃ વિધિ કહેવાય જ નહિ.

બીજી કોઈપણ બાબતને અવિધિ તરીકે ત્યારે જ ઓળખવામાં આવે કે જયારે તેમાં રાગ-દ્વેષ-અજ્ઞાનમાંથી કોઈક દોષ ભળેલો હોય. જયાં આમાંથી એક પણ આત્મિક દોષ નથી. ત્યાં વ્યવહારથી કદાચ અવિધિ બોલાય તો પણ એ અવિધિ છે જ નહિ.

આ નક્કર સત્ય છે,જિનશાસનનો ઉત્કૃષ્ટ સિદ્ધાન્ત છે. જેઓ આ સિદ્ધાન્ત સમજવામાં ગરબડ કરે છે, તેઓ અવિધિને પણ વિધિ અને વિધિને પણ અવિધિ સાબિત કરી દે તો લગીરે આશ્ચર્ય નહી.

મુખ્ય પરમાર્થ જોયા બાદ હવે આપણે વ્યવહારને આધારે અને નિશ્ચયને આધારે વિધિ-અવિધિની વિચારણા કરીએ.

કોઈપણ અનુષ્ઠાનમાં વિધિ-અવિધિ ચાર રીતે સંભવી શકે છે.

(૧)દ્રવ્યથી (૨)ક્ષેત્રથી (૩)કાળથી (૪)ભાવથી.

દા.ત. પ્રતિક્રમણ ક્રિયા કરવાની હોય તો

શ્રાવકો અશુદ્ધ વસ્ત્રોથી પ્રતિક્રમણ કરે, ચરવળા વિના કરે......સાધુઓ પાંગરણી ઓઢીને કરે,સંથારા ઉપર રહીને કરે...... આ બધી દ્રવ્ય-અવિધિ છે.

એમ બેઠા બેઠા પ્રતિક્રમણ કરે, બીજાઓને તકલીફ પડે એવા સ્થાને બેસે, જયાં લોકોની વાતચીત કે ટી.વી. વગેરેના અવાજો સંભળાય એવા સ્થાને પ્રતિક્રમણ કરે. અવરજવર કરનારા લોકો દેખાયા કરે કે વારંવાર આળ પડ્યા કરે એવા સ્થાને કરે.....આ બધી ક્ષેત્ર-અવિધિ છે.

મન પડે ત્યારે પ્રતિક્રમણ કરવું, માંડલીનો સમય ન સાચવવો. વહેલું કરવું કે પછી મોડું કરવું..... સવારનું પ્રતિક્રમણ પડિલેહણ પૂર્વે કરવાને બદલે બે-ત્રણ-ચાર વાગે કરી લેવું.....આ બધી કાળ અવિધિ છે.

બિલકુલ બહુમાન વિના પ્રતિક્રમણ કરવું... યશ-કીર્તિ વગેરેની તીવ્રતમ = અબાધ્ય લાલસાથી પ્રતિક્રમણ કરવું... આ બધી ભાવ-અવિધિ છે.

ગોચરીની વિચારણા કરીએ તો

દોષિત ગોચરી વહોરવી, અભક્ષ્ય કે સચિત્ત વસ્તુ પણ વહોરવી, પલ્લા ઓછા રાખવા, મેલા રાખવા,.... આ બધી દ્રવ્ય અવિધિ છે.

કીડીઓના ઉપદ્રવવાળા સ્થાનમાં ગોચરી બેસવું - જે ઘરોમાં અપ્રીતિ થતી હોય એવા ઘરોમાં જવું - નીચકુળના ઘરોમાં ગોચરી જવું - ઘરવાળાની રજા વિના છેક અંદર સુધી પહોંચી જવું - અંધારા વાળા સ્થાનોમાં જવું..... આ બધી ક્ષેત્ર-અવિધિ છે.

ગોચરી વહોરવા જવાનો સમય થયો ન હોય ત્યારે વહેલા ગોચરી જવું - બધાના ઘરે રસોઈ જમાઈ જાય, આરામ શરુ થાય એવા સમયે ગોચરી જવું......આ બધી કાળ અવિધિ છે.

મનની આસક્તિઓ પોષવાની ઈચ્છાથી ગોચરી જવું - ગોચરીના બહાને સ્ત્રી વગેરેને મળવા - જોવાની ઈચ્છાથી ગોચરી જવું - ભક્તોને ખુશ કરવાના ભાવથી ગોચરી જવું - ગોચરી જવું ન હોય છતાં જવું પડે ત્યારે મનના સખત તિરસ્કાર સાથે ગોચરી જવું - 'દોષિત પણ વહોરી લઈને ઝટ ઝટ આવી જઈશ' એવા મલિનભાવ સાથે દોચરી જવું.....આ બધી ભાવ-અવિધિઓ છે.

શિષ્ય!

આ ચારેય પ્રકારની અવિધિઓ વિહાર-વૈયાવચ્ચ-તપ-જપ-સ્વાધ્યાય-પ્રતિલેખન-ગુરુભક્તિ-વ્યાખ્યાન-વાચના- વાંચન-લેખન-ચિંતન વગેરે વગેરે સેંકડો આચારોમાં વિચારી લેવી. કેમકે પ્રાયઃ દરેકમાં આ ચારેય પ્રકારની અવિધિઓ સંભવે છે.

એમાં ય સૌથી વધારે મહત્વની અવિધિ છે, ભાવ-અવિધિ.

એ ભાવ-અવિધિના બે પ્રકારો પાડી શકાય.

(૧) જે અભવ્ય જીવો છે, જે ભવ્ય હોવા છતાં અચરમાવર્તી છે, જે ચરમાવર્તી હોવા છતાં અપુનર્બંધકપણું - માર્ગાનુસારીપણું પામ્યા નથી. તેઓનો આત્મા અપાત્ર છે. તેઓમાં શુભભાવ હોતો નથી. કાં તો આલોકના સુખની તીવ્ર ઈચ્છા, કાં તો પરલોકના સુખની તીવ્ર ઈચ્છા, કાં તો એકદમ શૂન્યમનથી સદ્ભાવ-રુચિ વિના જ સંમૂર્ચ્છિમજીવની જેમ ક્રિયા કરવી.....આ ત્રણમાંથી જ એકાદ વસ્તુ આ જીવોમાં હોય છે. મોટા ભાગે તો ત્રીજી પદ્ધતિ જ હોય છે.

આમાં આલોકના સુખની તીવ્ર ઈચ્છા રૂપ જ ભાવ-અવિધિ હોય, તો તેઓ બાકીની તમામ વિધિ પાળે, તોય તેમનો આચાર વિષાનુષ્ઠાન = ઝેર બની જાય

છે.

પરલોકના સુખની તીવ્ર ઈચ્છા રૂપ જો ભાવ-અવિધિ હોય, તો તેઓ પણ બાકીની તમામ વિધિ પાળે તો ય તેમનો આચાર ગરાનુષ્ઠાન = ઝેર પરભવમાં તીવ્ર ઈચ્છા પૂરી કરાવીને એ જીવનું સત્યાનાશ વાળે.

જ્યારે મન જોડ્યા વિના, સદ્ભાવ કે રુચિ વિના, યાંત્રિકપુરુષની માફક જે કંઈ ક્રિયાઓ કરાઈ હોય તે અનનુષ્ઠાન બને. એનાથી માત્ર અકામનિર્જરા થાય, બીજો કોઈ જ ફાયદો ન થાય.

આમ પ્રથમ પ્રકારની ભાવ-અવિધિ

(અ) અભવ્યો,અચરમાવર્તીઓ અને અમાર્ગાનુસારીઓને હોય

(બ) પ્રથમ ભાવ-અવિધિથી બાકીની તમામ વિધિઓ કાં તો નુકસાનકારી કે છેવટે નકામી બને.

(ક) આ ભાવ-અવિધિથી વિષ, ઝેર કે અનનુષ્ઠાન એ ત્રણમાંથી એકાદ અનુષ્ઠાન જ પ્રગટે.

આનાથી મોક્ષમાર્ગમાં પ્રગતિ ન થાય.

(૨) બીજી ભાવ-અવિધિ છે, અનુષ્ઠાનને ઉચિત ઉપયોગ ન હોવા તે. પ્રતિક્રમણ વખતે સૂત્રોમાં-અર્થોમાં ઉપયોગ હોવો જોઈએ, તે ન હોય. ગોચરીમાં વહોરવાની ક્રિયામાં - નીચે જોવામાં - બેતાલીસ દોષની ગવેષણા કરવામાં ઉપયોગ હોવો જોઈએ, તે ન હોય.

આમાં

જીવ માર્ગાનુસારી બન્યો હોય, ક્રિયા પ્રત્યે આંશિક પણ સદ્ભાવવાળો બન્યો હોય, આચારો પ્રત્યે લેશથી પણ અહોભાવ ઉંડે ઉંડે પણ પ્રગટ્યો હોય એ જીવમાં પ્રથમ પ્રકારની અવિધિ નથી. આ જીવ જો પ્રતિક્રમણ - ગોચરી વગેરે ક્રિયાઓ કરે, પણ એમાં એનો ઉપયોગ ન રહેતો હોય...... તો એનું એ અનુષ્ઠાન તદ્ધેતુ અનુષ્ઠાન બને. અર્થાત ધીમે ધીમે આ જીવ અમૃત - અનુષ્ઠાનને, સર્વોત્કૃષ્ટ અનુષ્ઠાનને પ્રાપ્ત કરનારો બને.

જો માર્ગાનુસારી જીવને ક્રિયામાં સદ્ભાવાદિ સાથે એકાગ્રતા પણ ટકે, ઉપયોગ પણ ટકે તો એ જીવ અમૃતાનુષ્ઠાનનો માલિક બને.

આમાં વળી દરેકે દરેક અનુષ્ઠાનના પેટા વિભાગો અસંખ્યપ્રકારના છે. કેમકે અધ્યવસાયો અસંખ્ય પ્રકારના હોય છે. દા.ત. આલોકસુખની તીવ્ર ઈચ્છા પણ બધાને એક સરખી ન હોય, કોઈને એકદમ ઓછી તો કોઈને ઘણી વધારે.

ક્રિયાઓમાં ઉપયોગ = એકાગ્રતા પણ બધાને એક સરખી ન હોય, કોઈકને મંદ એકાગ્રતા, કોઈકને તીવ્ર એકાગ્રતા.....આ બધાના કારણે દરેકે દરેક અનુષ્ઠાનના પેટા વિભાગો ઘણા બધા પડે.

**<u>પ્રશ્ન :</u>** અભવ્ય વગેરે જીવોને જો ક્રિયા-ધર્મ પ્રત્યે સદ્ભાવ જ નથી, તો પછી તેઓ શા માટે ક્રિયા કરતા હશે ?

**<u>ઉપાધ્યાય :</u>** અભવ્યો 'ગરજે ગધેડાને બાપ કહેવાય' એ ન્યાયે બધી ક્રિયાઓ કરે છે. આશય એ છે કે જેમ કોઈને ગધેડાનું કે કુંભારનું કામ પડે ત્યારે જરૂર પડે તો એ બોલી પણ દે કે 'આ ગધેડો તો મારો બાપ છે.' પણ એ ભાઈ ખરેખર તો ગધેડાને ગધેડો જ માનતા હોય, બાપ નહિ જ. પોતાનું કામ પતી જાય એટલે ગધેડા તરફ નજર કરવાની પણ એ ભાઈને ફુરસદ ન હોય.

એમ અભવ્ય વગેરે જીવોને સ્વર્ગના સુખો, યશકીર્તિ વગેરેની જરૂર પડી છે. આ ઈચ્છા પૂરી કરવા માટે એમને સુંદર આચારોની જરૂર પડે છે. એટલે ક્રિયાઓ પ્રત્યે આંતરિક કોઈપણ શુભભાવ ન હોવા છતાં, ક્રિયાઓને ગધેડા જેવી જ માનતા હોવા છતાં પોતાના સ્વાર્થને સાધવા માટે વિધિપૂર્વક ક્રિયાઓ આચરતા હોય છે. પણ જેવો એમનો સ્વાર્થ સધાઈ જાય કે તરત જ તેઓ ક્રિયાઓને છોડી દે છે. ક્રિયા સાથે આંતરિક પ્રીતિ આ જીવોને હોતી નથી.

એટલે અભવ્યો વગેરે બાહ્ય ક્રિયાઓ ભલે ગમે એટલી સારી કરે, તો પણ તેઓમાં પ્રથમ પ્રકારની ભાવવિધિ ન હોવાથી એ બધું વિષાદિક અનુષ્ઠાન રૂપ બની રહે છે.

<u>શિષ્ય :</u> અભવ્યો વગેરે પાસે ક્રિયા-એકાગ્રતારૂપ ભાવવિધિ છે, પણ માર્ગાનુસારિતાદિરૂપ ભાવવિધિ નથી. જયારે અપુનર્બંધક વગેરે જીવો પાસે માર્ગાનુસારિતાદિ રૂપ ભાવવિધિ છે, પણ ક્રિયા-એકાગ્રતારૂપ ભાવવિધિ ન પણ હોય..... તો આ બેમાંથી કોણ ચડે?

<u>ઉપાધ્યાય :</u> એ તો બહુ જ સ્પષ્ટ વાત છે. માર્ગાનુસારી જીવો જ ચડે.

એકબાજુ માર્ગાનુસારીભાવ રૂપી ભાવવિધિ

બીજીબાજુ દ્રવ્ય-ક્ષેત્ર-કાળવિધિ અને એકાગ્રતા રૂપી ભાવવિધિ

આ બેમાં માર્ગાનુસારીભાવ રૂપી ભાવવિધિ ચડે. કેમકે એનાવાળું અનુષ્ઠાન કમસેકમ તદ્ધેતુ અનુષ્ઠાન તો બને જ. જયારે એ ન હોય તો બાકીની બધી વિધિ ભેગી થાય તો ય વિષ-ગર કે અનનુષ્ઠાન જ બની રહે.

આ વાત દૃષ્ટાન્તોથી વિચારીએ.

(ક) ઘરમાં મોટો પગાર આપીને રસોઈયો રાખ્યો હોય, કડક સૂચના કરી હોય કે રસોઈ બરાબર બનવી જોઈએ, સમયસર બનવી જોઈએ, જમતી વખતે ગરમાગરમ હોવી જોઈએ..... પેલો પગારદાર રસોઈયો એ તમામે તમામ કાળજી રાખે.

બીજી બાજુ બા-બહેન રસોઈ બનાવતી હોય, પીરસતી હોય..... પણ એમાં ક્યારેક સમય ન પણ સચવાય, ક્યારેક ગરમાગરમ રસોઈ ન પણ મળે..... એ બધું બને.

છતાં આ બેમાંથી ચડે કોણ ? રસોઈયો કે બા-બહેન ? એ યુવાનભાઈ રસોઈયાને માટે લાખો ખરચશે? કે બા-બહેન માટે ?

કારણ સ્પષ્ટ છે કે રસોઈયો બાહ્ય કાળજી ઉંચામાં ઉંચી કરે તો ય એને તો પગાર સાથે નિસ્બત છે. શેઠ માટે એને આંતરિક સ્નેહ નથી. પગાર બંધ એટલે શેઠની એસી તેસી કરીને ય એ જતો જ રહેવાનો.

જ્યારે બા-બહેન બાહ્ય કાળજી ઓછી કરે, તોય એમને તો પોતાના પુત્ર-ભાઈ માટે આંતરિક સ્નેહ છે. બા-બહેન વિશ્વાસપાત્ર છે.

(ખ) ધંધામાં -ઓફિસમાં કામકાજ કરવામાં પાવરધો નોકર અને નવો સવો - આવડત વિનાનો -'શીખાઉ નાનો ભાઈ! બેમાંથી વધુ વિશ્વાસપાત્ર કોણ? તિજોરીની, ઓફિસની ચાવી કોને અપાય? નોકર ગમે એટલો ચતુર હોય, પણ એ પગારદાર છે. અવિશ્વસનીય છે. જ્યારે સગો નાનો ભાઈ તો આ ઓફિસને - ધંધાને પોતાની માનશે. લાગણી ધરાવશે.

(ગ) પૈસા લઈને કામ કરતી આયા નાના બાળકને સાચવે અને સગી મા નાના બાળકને સાચવે. બેમાં ફરક ખરો કે નહિ? આયા તો નાના બાળકને બિલકુલ નહિ મારે, ખૂબ લાડથી સાચવે, શેઠના દિકરા તરીકે રાજાશાહી ઠાઠથી ય રાખે..... જ્યારે સગી મા એટલા લાડ ન ય કરે. ક્યારેક તમાચો પણ મારી દે.....છતાં આયા મહાન ? કે સગી મા મહાન ?

આ બધા અનુભવો એમ સ્પષ્ટ જણાવે છે કે બાહ્ય ઔચિત્ય અને આંતરિક સ્નેહ એ બેમાં ઘણો બધો તફાવત છે. એ બંને હોય, તો શ્રેષ્ઠ, પણ બેમાંથી એકની પસંદગી કરવાની હોય તો આંતરિક સ્નેહ ચડે. બાહ્ય ઔચિત્ય એની સામે નબળું જ ગણાય.

(ઘ) અભવ્યો વગેરે જીવો બાહ્ય ચારિત્ર ઉંચામાં ઉંચુ પાળે, તો પણ એને શાસ્ત્રકારો ઝેર કહીને વખોડી નાંખે છે, કેમકે માર્ગાનુસારિભાવ નથી.

એની સામે કોઈ અજ્ઞાની જીવ મોક્ષની ઈચ્છાથી ગિરનારના ભૈરવ પત્થર ઉપરથી ભુંસકો મારીને આત્મહત્યા કરે, કાશીમાં કરવત મુકાવે કે અગ્નિદાહ સ્વીકારે તો એમાં બાહ્ય - અવિધિઓ ભરચક હોવા છતાં શાસ્ત્રકારો એને **વિષયશુદ્ધ અનુષ્ઠાન** કહે છે. એમ પણ કહેવામાં આવે છે કે આવું આત્મહત્યા જેવું **નિંદ્ય અનુષ્ઠાન** પણ મોક્ષની ઈચ્છા નામના આંશિક શુભભાવથી ગર્ભિત હતું, માટે એના પ્રતાપે એ જીવને ઉચિત કુળમાં જન્મ પ્રાપ્ત થાય. અર્થાત જૈનાદિ કુળમાં જન્મ પામીને એ આરાધનાની સામગ્રી પ્રાપ્ત કરનારો બને.

(જૂઓ અધ્યાત્મસાર, યોગબિન્દુ આદિ ગ્રન્થો...)

બાહ્ય - અવિધિઓ રૂપી કચરાના ઢગલા વચ્ચે આંશિક મોક્ષાશય રૂપી શુભભાવ નાનકડા ચકમકતા હિરાની માફક કેવો શોભી ઉઠે છે.

(ચ) તું જ કહે કે તું અભવ્ય વગેરે જીવોની ઉંચામાં ઉંચી ચારિત્રક્રિયાને વખાણીશ? કે સંવિગ્નપાક્ષિકો વગેરેની શિથિલતાવાળી ચારિત્રક્રિયાને સારી ગણીશ ? શાસ્ત્રોએ ચોક્ખું કીધું છે કે સંવિગ્નપાક્ષિક પણ મોક્ષમાર્ગ છે. ઢગલાબંધ અવિધિઓ વચ્ચે પણ એ જે કંઈ નાની - મોટી યતના પાળે, તેના બળથી, પોતાના ચારિત્રરાગાદિ ભાવવિધિના બળે એ ઘણી નિર્જરા પામે.

અધ્યાત્મસારમાં આ પ્રમાણે શ્લોક છે કે निर्दम्भस्यावसन्नस्याप्यस्य शुद्धार्थभाषिणः । निर्जरां यतना दत्ते स्वल्पाऽपि गुणरागिणः । સંવિગ્નપાક્ષિકો શિથિલ હોવા છતાં કપટ ન કરે, શુદ્ધ અર્થની પ્રરૂપણા કરે, ગુણાનુરાગી બને, એટલે તેઓની અલ્પ પણ યતના નિર્જરા આપે.

અહીં સ્વલ્પ યતના છે, એનો અર્થ એ જ કે બીજી બધી ઘણી અવિધિ પણ છે જ, એમ છતાં આ જીવો મોક્ષમાર્ગ તરફ જ આગળ ધપે છે, એમ શાસ્ત્રોએ માન્યું છે.

આ બધી બાબતોથી એટલી વાત તો બરાબર નિશ્ચિત થાય છે કે માર્ગાનુસારીભાવ રૂપી ભાવવિધિ બાકીની તમામે તમામ વિધિઓ કરતા ઘણી - ઘણી મહાન છે.

**શિષ્ય :** જો માર્ગાનુસારીભાવ રૂપી ભાવવિધિ હોય તો એ વખતે દ્રવ્યાદિવિધિઓ ન હોય તો ચાલે ખરું? કે પછી દ્રવ્યાદિવિધિઓ જોઈએ જ?

**ઉપાધ્યાય :** ચારિત્રપરિણામવાળો સાધુ - શ્રાવક વગેરે જીવો **માર્ગાનુસારિભાવની** સાથે દ્રવ્યાદિ તમામે તમામ વિધિઓ પાળે તો એ **શુદ્ધ ઉત્સર્ગમાર્ગ** બને અને એમાં એને પુષ્કળ નિર્જરાની પ્રાપ્તિ થાય.

આ જ જીવો ક્યારેક એવા પુષ્ટ કારણો આવી પડે કે જેમાં તે તે દ્રવ્યાદિવિધિ પાળવી શક્ય ન બને, તો ના છુટકે દ્રવ્યાદિ અવિધિઓ આચરે, પણ આ દ્રવ્યાદિ - અવિધિઓ પુષ્ટ કારણસર અને યતનાપૂર્વક પાળી હોવાથી શુદ્ધ અપવાદ રૂપ બને અને એમાં પણ એને લગભગ ઉત્સર્ગની માફક જ પુષ્કળ નિર્જરાની પ્રાપ્તિ થાય.

આ શુદ્ધ ઉત્સર્ગ અને શુદ્ધ અપવાદ એ બંને અમૃતાનુષ્ઠાન બની રહે છે. દા.ત. માંદગી આવે ત્યારે બેઠા બેઠા પ્રતિક્રમણ કરે, પણ ઉંઘે નહિ..... શક્તિ હોય તો ટેકો આપ્યા વિના પ્રતિક્રમણ કરે..... હવે આમાં ઉભા ઉભા પ્રતિક્રમણ કરવા રૂપી દ્રવ્યવિધિ નથી પાળી, પણ જે કંઈપણ અવિધિ પાળી છે, તેમાં બરાબર યતના પાળી છે. જરાક પણ પ્રમાદ નથી કર્યો. તો આની બાહ્ય તમામ અવિધિઓ હકીકતમાં તો વિધિ જ છે, અપવાદમાર્ગ જ છે.

એ જ રીતે બીજી વાત વિચારીએ કે નિર્દોષ ગોચરી દુર્લભ હોય, ઘરો ઓછા હોય, અથવા તો માંદગી વગેરેને લીધે અમુક વસ્તુની જરૂર હોય. આવા વખતે સાધુ-નિર્દોષ ગોચરીને બદલે અભ્યાહૃત, ક્રીત વગેરે દોષવાળી વસ્તુ વાપરે. પણ આધાકર્માદિ મોટા દોષો વિના ચાલી શકતું હોવાથી એ દોષો ન સેવે, તો અહીં એણે જે કંઈપણ બાહ્ય અવિધિ સેવી, એ બધી જ અવિધિ પરમાર્થથી તો વિધિ જ છે.

આવું દરેક અનુષ્ઠાનમાં વિચારી લેવું.

પણ આવા શુદ્ધ ઉત્સર્ગ અને અપવાદ ઘણા બધા દુર્લભ છે. જેમ વિશ્વમાં કરોડો બાળકો પોતપોતાની સ્કુલની પરીક્ષા આપતા હશે, પણ દરેક વિષયમાં ૧૦૦માંથી ૧૦૦ માર્ક લાવનારા કેટલા? હજી કદાચ ગણિત - વિજ્ઞાનાદિ વિષયમાં ૧૦૦ માર્ક લાવનારા મળી રહે, પણ એ ય હજારમાં એક વિદ્યાર્થી માંડ મળે.

તો એ જ રીતે શુદ્ધ ઉત્સર્ગ કે શુદ્ધ અપવાદ ૧૦૦ માંથી ૧૦૦ માર્ક લાવવા બરાબર છે, એ ઘણો દુર્લભ છે. પ્રાયઃ દરેક જીવમાં નાના મોટા પ્રમાદાદિ દોષો હોય જ છે. એના કારણે દરેક જીવ ઓછા-વત્તા અંશમાં અવિધિઓ સેવી બેસે છે, અને એ અવિધિ પ્રમાદાદિજન્ય હોવાથી અતિચાર વગેરે દોષરૂપ તો બની જ રહે છે.

આમ માર્ગાનુસારીભાવ હોવા છતાં, ક્રિયાસદ્ભાવાદિ આત્મિક ગુણો હોવા છતાં પ્રમાદથી કે રાગ-દ્વેષાદિને પરવશ બનીને દ્રવ્ય-અવિધિ, ક્ષેત્ર- અવિધિ

વગેરે દોષો સેવી બેસે, અને એટલા અંશમાં એનું ચારિત્ર મલિન બને પણ ખરું જ.

દા.ત. માંદગીના કારણે પ્રતિક્રમણ ઉભા ઉભા ન કર્યું, એ અપવાદ. પણ ટેકો લીધા વિના બેઠા બેઠા પ્રતિક્રમણ કરવાની શક્તી હોવા છતાં પ્રમાદ-સુખશીલતાના કારણે ટેકો લઈને પ્રતિક્રમણ કર્યું..... તો આ પ્રમાદજન્ય અવિધિ દોષરૂપ બની રહે. એમ ગુરુ પાસે જઈને પ્રતિક્રમણ કરવાનું સામર્થ્ય હોવા છતાં માંદગીનું આલંબન લઈ પોતાના જ સ્થાને પ્રતિક્રમણ કરે, માંડલીને બદલે અલગ પ્રતિક્રમણ કરે,......આ બધી પ્રમાદજન્ય અવિધિઓ દોષરૂપ બની રહે.

એમ માંદગી હોવાથી દોષિત ગોચરી લાવવી પડે ત્યારે ક્રીત - સ્થાપનાદિથી ચાલી જતું હોવા છતાં આધાકર્માદિ દોષ સેવે, શુદ્ધ વસ્તુની તપાસ કરવાની તક હોવા છતાં એ ન કરે..... આ બધી પણ પ્રમાદજન્ય અવિધિઓ છે.

આવા અનુષ્ઠાનો નબળા ચોક્કસ, પણ નુકસાનકારી કે ઝેર જેવા ન માનવા. ઉલ્ટું આવા જ અનુષ્ઠાનોથી જીવ ધીરે ધીરે મોક્ષ માર્ગ તરફ આગળ ધપે છે. ભલે આ અનુષ્ઠાનોને અમૃત ન કહો, પણ આ વિષ-ગર કે અનનુષ્ઠાન પણ નથી, તદ્ધેતુ નામનું સદનુષ્ઠાન જ છે.

તું જ કહે કે

પરિક્ષામાં વિદ્યાર્થી ૧૦૦% લાવે તો અતિ-અતિ શ્રેષ્ઠ ! પણ કોઈક ૯૯% લાવે, કોઈક ૯૮% લાવે... કોઈક ૭૦%... કોઈક ૬૫% લાવે... છતાં આ બધા પણ Pass તો ગણાય જ ને? તેઓ આગલા ધોરણમાં જાય ખરા ને? તેઓ First Class માં તો ગણાય જ ને ?

હવે એ તો સ્પષ્ટ વાત છે કે જેણે ૯૯% લાવ્યા છે, તેણે ૧% જેટલી ભૂલ તો કરી જ છે, એમ જેના જેટલા ટકા ઓછા છે, તેનામાં તેટલી ભૂલ તો છે જ, એની તો કોઈપણ ના પાડી ન શકે. છતાં આ વિદ્યાર્થીઓ પ્રશંસાપાત્ર બને છે, આગળ વધનારા બને છે....એ પણ નક્કર હકીકત છે. રે! ૩૫% વાળા ય Pass ગણાય છે, અને આગલા ધોરણમાં જાય છે...તદ્દન ઠોઠ વિદ્યાર્થીઓ આ રીતે ૩૫% મેળવીને ય Pass થાય, ત્યારે એમને ય આનંદ થાય, લોકો પણ આશ્વાસન આપે કે ચાલો, માંડ માંડ પણ Pass તો થયો.

એમ જેની પાસે માર્ગાનુસારિતાદિ ભાવ પ્રગટરૂપે છે, તે જીવોમાં બાકી બધી અવિધિ હોય તો પણ એ પ્રમાદાદિજન્ય અવિધિના કારણે તેઓ ૧%, ૨% ... વગેરે ગુમાવે. છેલ્લે ઘણી બધી અવિધિ હોય તો ૬૫% પણ ગુમાવે, પણ માર્ગાનુસારિતાનો ભાવ - ક્રિયાસદ્ભાવાદિ ગુણોના પ્રતાપે એ ૩૫% તો મેળવી

જ લે અને એ રીતે આ જીવો ૩૫% થી ૯૯% સુધી પાસ થઈને મોક્ષમાર્ગે આગળ ધપે. આમાંથી એકેય નાપાસ ન કહેવાય.

મહત્ત્વની વાત એ કે

૯૯% લાવનારો વિદ્યાર્થી 'મારો ૧% માર્ક કેમ ઘટ્યો ? મારે એ ઘટવા નથી દેવો' વગેરે વિચારીને એ ૧% માર્ક મેળવવાના સખત પ્રયત્ન કરે, તો એ ૯૯% માંથી ૧૦૦% સુધી પહોંચી જાય. એમ ૯૮%, ૯૭%..... ૭૦%..... ૬૫% વાળા પણ વધુ માર્ક લાવવા પ્રયત્નો કરે તો પોતાના માર્ક વધારી શકે. હા ! ૯૯% વાળાને ૧૦૦% કરવા સહેલા છે. ૬૫% વગેરે વાળા ને સીધા ૧૦૦% કરવા અઘરા છે. પણ તેઓ પણ ૬૬%, ૬૭%......એમ ટકાવારી વધારી તો શકે જ છે.

જો વિદ્યાર્થી સમજુ હોય, તો પોતાની ટકાવારી વધારવાનો અને ભૂલો દૂર કરવાનો સખત પ્રયત્ન કરશે જ.....અને એનાથી એને ફાયદો થવાનો જ.

પણ જો વિદ્યાર્થી પ્રમાદ કરે, કુસંગે ચડે, દારૂ-જુગારાદિની લત લગાડે.....તો એવું ય બને કે ૯૯%ના ૬૫% ય થઈ જાય. એમ ૬૫% વાળાના પણ ઘટીને ૫૦% વગેરે થઈ જાય. પ્રમાદ વધી જાય તો ૩૫% થી ય નીચે જતા રહે......જો આવું થાય તો એ નાપાસ ગણાય. આ હકીકત ૧૦૦% વાળા માટે ય શક્ય છે જ.

એટલે કોઈપણ વિદ્યાર્થી માટે આગળ વધવું કે પાછળ જવું......એ એના પુરુષાર્થ પર આધાર રાખે છે, એના વધુ અપ્રમાદ - વધુ સાવધાની પર આધાર રાખે છે.

આ જ વાત આધ્યાત્મિક ક્ષેત્રે પણ સમજી લેવી.

૩૫% થી ૯૯% જેવા અનુષ્ઠાન કરનારા જીવો "મારે હજી વધુ સારો ધર્મ કરવો છે, અતિચારો ઘટાડવા છે, વધુ પવિત્ર બનવું છે.." આવા આવા વિચારો કરીને અપ્રમત્તતા વધારે, દ્રવ્યાદિ-અવિધિઓનો પ્રમાદ ટાળીને દ્રવ્યાદિ-વિધિઓનું પાલન વધારે તો એ જીવો પોતાના અનુષ્ઠાનોને વધુ ને વધુ શુદ્ધ બનાવતા જાય, વધુ ને વધુ મોક્ષમાર્ગના સારા આરાધક બનતા જાય......

પણ જો પ્રમાદમાં પડે, દ્રવ્યાદિ-અવિધિઓ રૂપી ભૂલો દૂર કરવાનો પ્રયત્ન ન કરે, ભૂલો વધતી જાય તો ય ઉપેક્ષા કરે તો એમના અનુષ્ઠાનોની પવિત્રતાની ટકાવારી ઘટતી જાય. ૧૦૦%, ૯૯%... વગેરે ઘટીને ધીમે ધીમે કે છેવટે એક ઝાટકે ૩૫% સુધી પણ પહોંચી જાય.

આ પતન વધતું વધતું પણ જ્યાં સુધી માર્ગાનુસારી ભાવો પ્રગટપણે ટકેલા રહે, ત્યાં સુધી ઓછી ઓછી પણ નિર્જરા આપતા રહે....પણ જે વખતે માર્ગાનુસારી ભાવ પણ તૂટે, મોહનીયનું સામ્રાજ્ય ફેલાઈ જાય એ વખતે ૩૫%થી નીચેની ટકાવારી શરુ થાય, જીવ નાપાસ થાય.... અર્થાત હવે એ ધર્માનુષ્ઠાનો કરે તો ય વિષ-ગર કે અનનુષ્ઠાન જ બની રહે.

પેલા ચૌદ પૂર્વધરો ! ૧૦૦% પાસ થનારા વિદ્યાર્થી જેવા મહાત્માઓ ! પણ પ્રમાદ વધે, પૂર્વો ઘટતા જાય.....અને એક પળ એવી આવે કે વિરતિ-સમ્યકત્વ તો ગુમાવે જ, પણ પ્રગટ માર્ગાનુસારિતા પણ ગુમાવે. (સદનુષ્ઠાનરાગાદિ ગુણો ય ગુમાવે...) અને અનંતના યાત્રી બને.

આ હકીકત જો સમજાય તો, એ પણ સમજાઈ જાય કે શા માટે પ્રભુવીર ગૌતમ સ્વામી જેવા ગણધર મહારાજાને ય ઉપદેશ દેતા હશે કે **समयं ! गोयम ! मा पमायए ।** **સીધી વાત છે કે ગૌતમ સ્વામી ૧૦૦% શુદ્ધ ધર્મ કરતા હોય તો ય જો પ્રમાદ ઘુસ્યો, તો ૧૦૦%માંથી ઘટી ઘટીને ૩૫% થી નીચે પણ જતા રહેવાની** શક્યતા પ્રભુ નિહાળે જ છે. અમૃતાનુષ્ઠાનો પણ કંઈ સાદિ-અનંત નથી કે જે એકવાર આવ્યા પછી કાયમ ટકી જ રહે. એટલે ૯૯% વગેરે શુદ્ધ ધર્મવાળાઓને પણ પ્રમાદ-ત્યાગનો ઉપદેશ આપવો પડે. એટલે ગૌતમસ્વામી ત્યારે પ્રમાદ લેશ પણ ન કરતા હોય તો ય એમને પ્રમાદત્યાગનો ઉપદેશ ભવિષ્યની દ્રષ્ટિએ પ્રભુવીર આપે, તો ગુરુપદે બિરાજેલા તેઓશ્રી માટે એ એકદમ સુયોગ્ય જ છે.

[(૧) તીવ્રભાવે પાપ ન કરવું (૨) સંસાર ઘોર હોવાથી એના પર વધુ રાગ ન કરવો. (૩) સર્વત્ર ઔચિત્ય સેવન કરવું.....આ અપુનર્બંધકના લક્ષણો છે. આ પણ માર્ગાનુસારી ભાવ કહેવાય. આમાંનો અંશ પણ પ્રગટે તો ય માર્ગાનુસારી ભાવ કહેવાય. સદનુષ્ઠાનરાગ= ક્રિયાઓ પ્રત્ય સદ્ભાવ એ પણ માર્ગાનુસારી ભાવ છે.....]

આ બધાનો સાર એ કે

(૧)માર્ગાનુસારી ભાવ પ્રગટરૂપે ન હોય + આલોક સુખની તીવ્ર ઈચ્છાથી ધર્મ કરાય, તો એ <u>વિષાનુષ્ઠાન</u>

(૨) માર્ગાનુસારી ભાવ પ્રગટરૂપે ન હોય +પરલોક સુખની તીવ્ર ઈચ્છાથી ધર્મ કરાય તો એ <u>ગરાનુષ્ઠાન.</u>

(૩) માર્ગાનુસારી ભાવ પ્રગટરૂપે ન હોય+ સંમૂર્ચ્છિમની જેમ, જડની જેમ ધર્મ કરાય તો એ <u>અનનુષ્ઠાન.</u>

(૪)માર્ગાનુસારી ભાવ પ્રગટરૂપે હોય+ પ્રમાદાદિજન્ય દ્રવ્યાદિ અવિધિઓ વાળો ધર્મ કરાય તો <u>તદ્ધેતુ.</u>

(૫) માર્ગાનુસારી ભાવ પ્રગટરૂપે હોય+ પ્રમાદાદિજન્ય અવિધિઓ સંપૂર્ણ ત્યાગીને ધર્મ કરાય તો <u>**અમૃતાનુષ્ઠાન.**</u>

આમ સામાન્યથી કહી શકાય.

પહેલું અનુષ્ઠાન આલોકમાં જ તીવ્ર-ઈચ્છા સંતોષીને જીવને પતિત કરે, નુકસાનકારી બને.

બીજું અનુષ્ઠાન પરલોકમાં જ તીવ્ર-ઈચ્છા સંતોષીને જીવને પતિત કરે, નુકસાનકારી બને.

ત્રીજું અનુષ્ઠાન માત્ર અકામનિર્જરા આપે, આત્મિક લાભ કોઈ ન કરે.

ચોથું અનુષ્ઠાન સકામ નિર્જરા આપે, અમૃતને ખેંચી લાવવાનું કામ કરે.

પાંચમું અનુષ્ઠાન ઘણી નિર્જરા આપે, મોક્ષને ઘણું નજીક લાવવાનું કામ કરે.

<u>**શિષ્ય :**</u> માર્ગાનુસારિતાના ગુણો ન હોય અને આલોકના જ તીવ્ર-ઈચ્છાથી ધર્મ કરાય તો એ ધર્મ આલોકસુખની ઈચ્છા પૂરી કરે જ એવો નિયમ ખરો?

<u>**ઉપાધ્યાય :**</u> ના. જો એ જીવ દ્રવ્યાદિવિધિઓમાં ઘણા બધા ગોટાળા વાળે તો તો એ ધર્મ એને આલોકસુખની ઈચ્છા પૂરી ન કરી આપે.

આ જ વાત પરલોકસુખની તીવ્ર ઈચ્છામાં પણ સમજવી લેવી.

અભવ્યો નવગ્રૈવેયક પામે, એ વાત સાચી. પણ એ દ્રવ્યાદિની વિધિ સાચવીને જ પામે. જો દ્રવ્યાદિવિધિ ન સાચવે, તો નવગ્રૈવેયક અપાવે એવું પુણ્ય જ ન બંધાય.

બસ, એજ ન્યાય બધે લગાડવો. નવગ્રૈવેયક માટે ઘણું પુણ્ય જોઈએ, તો એ માટે ઘણી દ્રવ્યાદિવિધિ જોઈએ. એનાથી ઓછા ઓછા ભૌતિકસુખાદિ માટે ઓછું ઓછું પુણ્ય જોઈએ, તો એ માટે ઓછી ઓછી પણ દ્રવ્યાદિવિધિ તો જોઈએ જ. એમ જેને આલોકસુખાદિ મેળવવા છે, એ જો દ્રવ્યાદિવિધિમાં ઘણી બધી ગરબડ કરે, તો આલોકસુખ અપાવનાર પુણ્ય જ ન બંધાય, તો આલોકસુખ ન મળે. એટલે આલોકસુખ અપાવે એવા પુણ્ય માટે જેટલી દ્રવ્યાદિવિધિ જરૂરી હોય એટલી તો એણે પાળવી જ પડે. જો એ ન પાળે, તો આલોકસુખાદિ ન મળે.

<u>**શિષ્ય :**</u> માર્ગાનુસારિતાદિ ગુણો હોય, એ મોક્ષેચ્છાથી જ ધર્મ કરે એવું ખરું? એને આલોકસુખાદિની ઈચ્છા થાય કે ન થાય ? એવી ઈચ્છાથી એ ધર્મ કરે કે નહિ ? કરે તો એ વિષ-ગર બને? કે ન બને?

**ઉપાધ્યાય :** માર્ગાનુસારિતાદિ ગુણો વાળાને ક્રોધ કષાય જાગે કે નહિ ? માન કષાય જાગે કે નહિ? વેદોદય થાય કે નહિ ?

મંદમિથ્યાત્વી માર્ગાનુસારીને મંદ અનંતાનુબંધી કષાયનો ઉદય હોય, સમ્યક્ત્વીને અપ્રત્યાખ્યાનીયનો અને દેશવિરતિધરને પ્રત્યાખ્યાનીયનો અને સાધુને સંજ્વલનનો ઉદય છે જ ને ? તો એમને તે તે પ્રકારનો લોભકષાયનો ઉદય થાય કે નહિ ? થઈ જ શકે.

આલોકસુખની ઈચ્છા, પરલોકસુખની ઈચ્છા આ બધું લોભકષાયના ઉદયથી જ થાય છે ને ?

+ અવંતિસુકુમાલ માર્ગાનુસારી ગુણોવાળો હતો, એને દેવલોકમાં જવાની ઈચ્છા થઈ કે નહિ?

+ **શ્રીકૃષ્ણ ક્ષાયિક સમ્યક્ત્વી છે. એમને નરકમાં ગયા બાદ પણ 'પોતાનો યશ વધે, બધા એમની પ્રશંસા કરે' એવી ઈચ્છા થઈ કે નહિ?**

+ તે જ દિવસે કેવલજ્ઞાન પામનારા સિંહ કેસરિયા લાડુવાળા મુનિને સિંહકેસરિયાની લાલસા થઈ કે નહિ?

+ આપણા જેવા કેટલાય આત્માઓ માર્ગાનુસારીગુણોવાળા છે જ, એ બધાને જાતજાતની કેટલીય ઈચ્છાઓ શું નથી થતી ? આપણી જાતને જ પૂછીએ કે આપણને સારી ગોચરીની, સારા પવનની, સારા ઉપાશ્રયની, સારા શિષ્યોની ઈચ્છાઓ શું નથી થતી ? શું બધામાં પાછળ મોક્ષની ઈચ્છા જ છે ? કે પછી આપણી આસક્તિઓ, સુખશીલતાદિ દોષો એમાં ભાગ ભજવે છે ? નિષ્કપટ બનીને જાતને પૂછશું તો એનો જવાબ આપણને મળી જ જશે.

હવે

બીજો પ્રશ્ન એ છે કે આવી ઈચ્છાથી પ્રેરાઈને તે જીવો ધર્મ કરે ખરા કે નહિ? એનો જવાબ છે હા !

+ અવંતિસુકુમાલે દેવલોકમાં જવાની ઈચ્છાથી દીક્ષા સ્વીકાર રૂપ ધર્મ કર્યો જ ને?

+ સંપ્રતિરાજાનો પૂર્વભવ ભિખારીએ ભોજનની ઈચ્છાથી દીક્ષા સ્વીકાર રૂપ ધર્મ કર્યો ને?

+ રૂપવતી જૈન કન્યાને પરણવા અજૈનયુવાને કપટથી શ્રાવકધર્મ સ્વીકારવા રૂપ ધર્મ કર્યો જ ને? (જે પછી ખરેખર સાચો શ્રાવક બન્યો.......)

+ દ્વારકા નગરીના કરોડો લોકોએ દૈવી ઉપદ્રવથી બચવા આંબિલાદિ રૂપ

ધર્મ કર્યો જ ને?

આવા તો ઢગલાબંધ દ્રષ્ટાંતો મળે.

ત્રીજો પ્રશ્ન એ છે કે એ વિષ-ગર બને કે નહિ?

એનો ઉત્તર છે 'ના.'

માર્ગાનુસારિતાગુણો એ અનુષ્ઠાનને વિષ-ગર ન બનવા દે, એને તદ્ધેતુ રૂપ બનાવી દે. ઉપરના ચારેય દ્રષ્ટાંતોમાં અવંતિસુકુમાલ, સંપ્રતિ વગેરે નુકસાન નથી પામ્યા, દીર્ઘ-સંસારી નથી બન્યા. ચોક્કસ અમૃતાનુષ્ઠાનના જેટલું ફળ નથી પામ્યા, એ દ્રષ્ટિએ નુકસાન ખરુ. પણ હકીકતનું નુકસાન નહિ.

<u>શિષ્ય :</u> અભવ્યો, અચરમાવર્તીઓ વગેરેને જે આલોકસુખાદિ-ઈચ્છા થાય, તે તીવ્ર જ હોય, અબાધ્ય જ હોય [ સમજાવવા છતાં પણ ઈચ્છા ન ત્યાગવી.....] કે પછી મંદ- બાધ્ય પણ હોય? એમ માર્ગાનુસારી જીવોને આલોકસુખાદિ-ઈચ્છા મંદ જ હોય, બાધ્ય જ હોય ? [ગુરુ વગેરે સમજાવે તો આ ઈચ્છા નીકળી જાય....] કે પછી તીવ્ર- અબાધ્ય પણ હોઈ શકે?

<u>ઉપાધ્યાય :</u> અભવ્યાદિ જીવોની સુખાદિ-ઈચ્છા દેખાવમાં મંદ દેખાય કે તીવ્ર, પણ એ તીવ્ર-.અબાધ્ય જ ગણવાની. કેમકે એમને એનું ફળ એવું જ મળે છે.

પ્રગટ માર્ગાનુસારી જીવોની સુખાદિ-ઈચ્છા દેખાવમાં તીવ્ર - અબાધ્ય દેખાય કે મંદ, પણ એ મંદ- બાધ્ય ગણવાની. કેમકે એમને એનું ફળ એવું જ મળે છે.

જેમ કોઈક કષાય અનંતાનુબંધીનો હોવા છતાં બાહ્ય દેખાવમાં સંજવલન જેવો લાગે. એમ અભવ્યોમાં સંજવલન જેવી દેખાતી સુખેચ્છા ખરેખર અનંતાનુબંધીની હોય છે.

જેમ કોઈક કષાય અનંતાનુબંધીનો હોવા છતાં બાહ્ય દેખાવમાં અનંતાનુબંધી જેવો લાગે, જેમકે અવંતિસુકુમાલે ગુરુની સમજાવટ છતાં એ વખતે દેવલાકસુખેચ્છા ન ત્યાગી..... એમ માર્ગાનુસારી જીવોમાં અનંતાનુબંધી જેવી દેખાતી સુખેચ્છા ન ત્યાગી....એમ માર્ગાનુસારીજીવોમાં અનંતાનુબંધી જેવી દેખાતી સુખેચ્છા મંદ-અનંતાનુબંધીની, પ્રત્યાખ્યાનીયની, અપ્રત્યાખ્યાનીયની કે સંજવલનની હોય છે. એટલે કે મંદ-બાધ્ય જ હોય છે.

હા! માર્ગાનુસારીજીવો પણ જો એના ગુણો ગુમાવી દે તો એમની પણ સુખેચ્છાઓ અભવ્યાદિની માફક તીવ્ર બની શકે ખરી.

સાર એ કે

આલોકસુખાદિની ઈચ્છા હોય એટલે અનુષ્ઠાન વિષ કે ગર જ બને, એવો એકાંત ન માનવો. અભવ્યાદિમાં એવું અનુષ્ઠાન વિષ-ગર બને. માર્ગાનુસારીગુણવાળામાં એ અનુષ્ઠાન તદ્ધેતુ બની રહે. હા! એટલું ચોક્કસ કે એ ઈચ્છા માર્ગાનુસારી જીવોમાં ભાવ-અવિધિ તો કહેવાય જ, પણ એના કારણે તે અનુષ્ઠાન એ જીવોને ઝેર જેવું ફળ આપે એવું ન કહેવાય. ઉલ્ટું અત્યાર સુધી નાપાસ એ જીવો હવે ૩૫, ૪૦, ૫૦, ૬૦% વાળા બની રહ્યા છે, એનો આનંદ જ વ્યક્ત કરવાનો હોય.

શાસ્ત્રોમાં એવા ઢગલાબંધ દ્રષ્ટાંતો મળશે કે જેમાં આલોક સુખની કે પરલોકસુખની ઈચ્છાથી ધર્મ કરનારાઓ મહા અનર્થો પામ્યા, દીર્ઘસંસારી બન્યા, દુર્ગતિગામી બન્યા.

તો શાસ્ત્રોમાં એવા પણ ઢગલાબંધ દ્રષ્ટાંતો મળશે કે જેમાં આવી ઈચ્છાથી ધર્મ કરનારાઓ વધુ ધર્મી બન્યા, ઈચ્છા ત્યાગીને શુદ્ધધર્મી બન્યા, પરંપરાએ મોક્ષગામી બન્યા.

બંને પ્રકારના દ્રષ્ટાંતો મળે છે. બેમાંથી એકે ય ખોટા નથી. પણ બંનેમાં તફાવત આ છે કે અભવ્યો, ભવ્યો પણ અચરમાવર્તીઓ, ચરમાવર્તીઓ પણ અમાર્ગાનુસારીઓ પહેલા પ્રકારના દ્રષ્ટાંતમાં વિષય બને છે. જયારે માર્ગાનુસારીજીવો - એના પ્રગટ ગુણવાળા જીવો બીજા પ્રકારના દ્રષ્ટાંતમાં વિષય બને છે.

આટલો વિવેક જ આપણે કરી લઈએ તો ક્યાંય વિધિ-અવિધિની સમજણમાં ઝાઝી મુશ્કેલી ન પડે.

અભવ્યાદિજીવો મડદા જેવા છે, મડદાને ગમે એટલા શણગાર કરો, એને શું એનો આનંદ મળવાનો છે ? મડદાને ઉંચામા ઉંચી દવાઓ આપો, મડદું શું બેઠું થવાનું છે ? નહિ જ ને ? એમ અભવ્યોને ઉંચામાં ઉંચા અનુષ્ઠાનો રૂપી શણગાર સજાવો કે ઉંચામાં ઉંચા અનુષ્ઠાનો રૂપી દવાઓ આપો...... એનાથી એમને આત્માનંદ નથી જ મળવાનો, એમનો રોગ ઘટવાનો નથી........

માર્ગાનુસારી જીવો માંદા પણ જીવતા માણસ જેવા છે. એને સારા શણગારથી આનંદ પણ થાય, એને સામાન્ય દવા પણ રોગ ઓછો કરનારી બને. એમ આ જીવોને નાનું પણ ધર્માનુષ્ઠાન આત્માનંદ આપે, નાનું પણ ધર્માનુષ્ઠાન આત્મરોગને નબળા પાડે.

એટલે જ માત્ર દ્રવ્યાદિ અવિધિઓ જોઈને ભડકી જવું, એ અનુષ્ઠાનનો

સરિયામ વિરોધ કરવો, એ અનુષ્ઠાન છોડાવી દેવું, એ બધું ખૂબ ખૂબ વિચારણીય છે.

ચાલો, મેં તો ઘણી ઘણી વાતો કહી દીધી. આ જિનશાસનનું અણમોલ રહસ્ય છે. જેઓ એને સારી રીતે સમજશે, તેઓ સ્વ-પર અનેક ઉપર સાચો ઉપકાર કરનારા બની રહેશે.

હવે મૂળ વાત પર આવીએ.

તું એમ કહે છે કે ચોથા આરામાં દોષો લાગે, મોટા લાગે. પાંચમાં આરામાં દોષો ન લાગે, ઘણા ઓછા લાગે.....

આ વાત બરાબર નથી.

આ અંગે નીચે પ્રમાણે વિચારવું.

ચોથા આરાનો કાળ એવો છે કે જેમાં પહેલાં સંઘયણથી માંડીને છેલ્લા સંઘયણ સુધીના બધા જ સંઘયણો સંભવી શકે છે. સંઘયણ જેટલું જોરદાર, આત્માના સારા કે ખરાબ અધ્યવસાયો પણ એટલા જ જોરદાર બને.

એટલે ચોથા આરામાં જીવોમાં જે રાગ-દ્વેષ-પ્રમાદાદિ દોષો ઉત્પન્ન થાય, તે બધા જઘન્યથી માંડીને ઉત્કૃષ્ટ સુધીના હોઈ શકે છે. જાડી ભાષામાં કહીએ તો ઉત્તરોત્તર મોટા થતા જાય, એવા ૧ થી ૧ કરોડ દોષો હોય, તો ચોથા આરાના જીવોમાં એ તમામ પ્રકારના દોષો સંભવી શકે ખરા.

પણ એમાં જેઓ છેલ્લા સંઘયણવાળા છે, તેઓમાં ૧ થી ૧૫ લાખ સુધીના દોષો ઉત્પન્ન થઈ શકે, એનાથી ઉપરના નહિ. કેમકે એમનું સંઘયણ છેલ્લું હોવાથી એમના દોષો એટલા તગડા બની શકતા નથી.

પાંચમા સંઘયણવાળાને ૧ થી ૩૦ લાખ સુધીના દોષો સંભવે, વધારે નહિ.

ચોથા સંઘયણવાળાને ૧ થી ૪૫ લાખ સુધીના દોષો સંભવે, વધારે નહિ.

ત્રીજા સંઘયણવાળાને ૧ થી ૬૦ લાખ સુધીના દોષો સંભવે, વધારે નહિ.

બીજા સંઘયણવાળાને ૧ થી ૭૫ લાખ સુધીના દોષો સંભવે, વધારે નહિ.

પહેલા સંઘયણવાળાને ૧ થી ૧ કરોડ દોષો સંભવી શકે.

આ બધા દોષો રાગ-દ્વેષ-અજ્ઞાનાદિ રૂપ ભાવદોષો જ સમજવા. એ ન હોય તો માત્ર દ્રવ્યાદિ દોષો હકીકતમાં દોષ જ ન ગણાય. એ અપવાદ માર્ગ બની રહે...... એ આપણે જોઈ ગયા.

હવે

પાંચમા આરામાં અત્યારે માત્ર છઠ્ઠા સંઘયણવાળા જ જીવો છે. તો તેઓમાં ભાવ-અવિધિ એટલી જ પ્રગટે કે જેનાથી તેઓને ૧ થી ૧૫ લાખ સુધીના દોષો

લાગી શકે.

હવે

(૧) ચોથા આરાનો કોઈપણ જીવ ધારો કે ૧૦ લાખમો દોષ સેવે, અને પાંચમા આરાનો કોઈપણ જીવ ૧૦ લાખમો દોષ સેવે, તો બંનેને કર્મબંધ સરખો, અશુદ્ધિ સરખી......

(૨) ચોથા આરાનો કોઈ જીવ ધારો કે નં ૧ દોષ સેવે, અને પાંચમા આરાનો કોઈ જીવ ૧૫ લાખમો દોષ લેવે, તો ચોથા આરાવાળા જીવને જેટલો કર્મબંધ થાય, તેના કરતા પાંચમા આરાના જીવને ઘણો ઘણો ઘણો વધારે કર્મબંધ થાય.

(૩) ચોથા આરાનો કોઈ જીવ ધારો કે પંદર લાખમો દોષ સેવે, પાંચમા આરાનો કોઈ જીવ ૧લો દોષ સેવે, તો પાંચમાં આરાવાળા જીવને જેટલો કર્મબંધ થાય, તેના કરતા ચોથા આરાના જીવને ઘણો ઘણો વધારે કર્મબંધ થાય.

(૪) ચોથા આરામાં ૧૫ લાખથી ઉપરનો કોઈપણ દોષ સેવનારો જીવ પાંચમા આરાના કોઈપણ જીવ કરતા વધુ દોષવાળો બને. કેમકે પાંચમા આરામાં ૧૫ લાખથી ઉપરના દોષને કોઈપણ જીવ સેવી શકતો જ નથી.

હવે આ વિચારણા પ્રમાણે તો નં. (૧) અનુસાર, પાંચમા અને ચોથા આરાના જીવને સરખો દોષ પણ લાગે, નં. (૨) અનુસાર ચોથા આરાના જીવ કરતા પાંચમા આરાના જીવને ઘણો ઘણો વધારે દોષ લાગી શકે.

એટલે ચોથા આરા કરતા પાંચમાં આરામાં ઓછો દોષ જ લાગે એમ શી રીતે કહેવાય?

ચોથા આરાવાળા સાતમીમાં જઈ શકે, પાંચમાવાળા બીજી સુધી જ જઈ શકે એ વાત સાચી. પણ ચોથાવાળા બધા સાતમીમાં જ જાય એવો નિયમ ખરો? ચોથાવાળા પહેલી નારકમાં, તિર્યંચાદિમાં પણ જાય ને? તો એ બધા કરતા તો પાંચમા આરાવાળો, બીજી નારકમાં ગયેલો જીવ વધારે દોષવાળો હતો..... એમ માનવું જ પડશે ને?

હવે પ્રાયશ્ચિત્તની વાત વિચારીએ.

પ્રાયશ્ચિત્ત જેમ પાપને આધારે અપાય, તેમ જીવની શક્તિ -આયુષ્ય વગેરેને આધારે પણ અપાય. અને આ પદ્ધતિ માત્ર પાંચમા આરામાં જ નહિ, પણ ચોથા આરામાં પણ હતી જ. જો ચોથા આરામાં કોઈ પાપનું પ્રાયશ્ચિત્ત ૧૮૦ ઉપવાસ ખરેખર આવતું હોય તો ય જો પેલો જીવ ઘણો માંદો હોય, એક ઉપવાસ પણ

કરી શકે તેમ ન હોય તો એને ઉપવાસથી પણ ઓછું પ્રાયશ્ચિત્ત અપાતું જ.

એમ ચોથા આરામાં કોઈક જીવને ઘણા લાંબાકાળનું પ્રાયશ્ચિત્ત આવતું હોય પણ એની મરણની ઘડીઓ ગણાતી હોય, તો માત્રને માત્ર મિચ્છા મિ દુક્કડં દેવા જેટલું પ્રાયશ્ચિત્ત પણ આપી દેવામાં આવે...

એમ કોઈક જીવને ઘણું મોટું પ્રાયશ્ચિત્ત આવતું હોય, પણ એ જીવ વિશિષ્ટ વૈયાવચ્ચાદિ કરતો હોય તો જો એ પ્રાયશ્ચિત્ત વહન કરવામાં વૈયાવચ્ચ ખોરંભાઈ જતી હોય તો એને ઓછું પ્રાયશ્ચિત્ત આપવામાં આવે.

આવી તો અનેક બાબતો છે કે જેમાં ખરેખર પાપ મોટું હોય, ખરેખર એનું પ્રાયશ્ચિત્ત મોટું આવતું હોય, છતાં એનું પ્રાયશ્ચિત્ત ઓછું, ઘણું ઓછું પણ આપવામાં આવે. આવું વળી ચોથા આરામાં ય બને.

એનો અર્થ એ કે 'ચોથા આરામાં પ્રાયશ્ચિત્ત મોટા અપાતા, માટે ત્યાં પાપ મોટું અને અત્યારે પ્રાયશ્ચિત્ત નાના અપાય છે, માટે અત્યારના પાપો નાના.' આવો નિયમ ન બાંધી શકાય. આજે માત્ર છટ્ઠુ સંઘયણ હોવાથી પ્રાયશ્ચિત્ત વહન કરવાની તાકાત ઓછી હોય, એટલે ચોથા આરાના અવિધિદોષ કરતા આ કાળનો અવિધિદોષ મોટો હોય તો ય એ જીવની તાકાત ઓછી હોવાથી પણ પ્રાયશ્ચિત્ત ઓછું અપાય. પ્રાયશ્ચિત્ત એ વ્યવહારમાર્ગ છે, આંતરિકદોષ અને એનાથી થતો કર્મબંધ વગેરે નિશ્ચયની બાબત છે.

એટલે તેં જે વાત કરેલી કે 'વર્તમાનમાં ગમે એટલા મોટા પાપનું પ્રાયશ્ચિત્ત પણ અટ્ઠમાદિ રૂપ ઓછું અપાય છે, માટે આ કાળમાં દોષ નાનો જ લાગતો હોવો જોઈએ...... વગેરે બાબતો ખોટી ઠરે છે.

હવે તારી છેલ્લી વાત-

વર્તમાનમાં ગીતાર્થો પણ ઘણી બધી બાબતોમાં છૂટ આપે છે. એ છૂટ પહેલા અપાતી ન હતી. એટલે લાગે છે કે વર્તમાનમાં એ દોષ નહિ લાગતો હોય, તો જ ગીતાર્થો છૂટ આપે ને ?

આ વાત પણ બરાબર નથી.

સૌથી પહેલી વાત તો એ કે 'દોષ એટલે શું? તું કોને દોષ તરીકે માને છે ?

ભૂતકાળમાં પુસ્તકાદિની વિરાધના ન હતી, વર્તમાનમાં છે, શું એ દોષ છે ?

ભૂતકાળમાં નિર્દોષ ગોચરી વપરાતી હતી, અત્યારે નાના દોષવાળી ગોચરી તો ખરી જ, શું એ દોષ છે ?

ભૂતકાળમાં વાડાનો -કુંડીનો ઉપયોગ ન હતો. આજે વાડાદિનો ઉપયોગ કરવો પડે છે, શું એ દોષ છે ?

ભૂતકાળમાં નિર્દોષ - અસંસક્ત વસતિમાં રહેવાનું થતું, આજે દોષિત - સંસક્ત વસતિમાં રહેવાનું થાય છે, એ દોષ છે ?

ભૂતકાળમાં કંદોરો-તરપણી-દોરો વગેરેનો વપરાશ ન હતો, આજે એ બધાનો વપરાશ છે, શું એ દોષ છે ?

ભૂતકાળમાં એકાસણાદિની આરાધના જઘન્યથી હતી, આજે નવકારશી વગેરે કરાય છે. શું એ દોષ છે ?

ભૂતકાળમાં સાધુઓ જ ઉપધિ ઉંચકતા, આજે માણસો - સાઈકલો રાખવામાં આવે છે, શું એ દોષ છે ?

ભૂતકાળમાં અન્તપ્રાન્ત આહાર વપરાતો, આજે પ્રણીત ભોજન વપરાય છે, શું એ દોષ છે ?

ચોક્કસ,

વ્યવહારનયથી આ બધું દોષરૂપ કહેવાય, સંયમવિપરીત ગણાય અને એટલે એની ઉપેક્ષા કરવાની તો વાત પણ ન કરાય. પણ પરમાર્થ શું ? વાસ્તવિક રીતે દોષ શું ?

પરમાર્થ એ કે <u>'શક્તિનિગૂહન'</u> એ દોષ! પછી એ નિગૂહન રાગથી કે દ્વેષથી કે પ્રમાદાદિથી પ્રેરિત પણ હોય, પણ એ હોય તો જ દોષ ! એ ન હોય તો દોષ નહિ.

ઉપરની તમામ બાબતો અને એવી હજારો બાબતો દોષ ગણાય, જો એ શક્તિનિગૂહનથી થઈ હોય તો! જો એ શક્તિનિગૂહન વિના થઈ હોય તો એ દોષ નથી જ, એ અપવાદ છે.

પુસ્તકાદિ વિના જ્ઞાન પ્રાપ્તિ અશકય બને, અને માટે નાછુટકે પુસ્તકાદિનો ઉપયોગ કરે, છપાવે-મંગાવે-ભંડાર બનાવે તો એ દોષ નથી જ. પણ નકામા પુસ્તકો છપાવવા, મમત્વથી પુસ્તકો ભેગા કરવા, યશકીર્તિ માટે પુસ્તકો છપાવવા એ ચોક્કસ દોષ !

નિર્દોષ સ્થંડિલ ભૂમિ દૂર સુધી પણ ન મળવાદિ કારણોસર વાડાનો ઉપયોગ કરે, તો દોષ નથી. પણ દૂર જવાના કંટાળાદિને કારણે વાડા વાપરે તો ચોક્કસ દોષ !

યોગ્ય વસતિ ન મળવાથી સંસક્ત - સદોષ વસતિમાં રહે તો દોષ નથી.

પણ વિગઈ-વિજાતીયનું સાન્નિધ્ય મેળવવાદિ કારણોસર એવી વસતિમાં રહે તો ચોક્કસ દોષ !

સુરક્ષા વિ. કારણસર કે ઉપધિ ઉચકી જ ન શકાય એવી પરીસ્થિતિમાં માણસાદિ રાખે તો દોષ નથી. પણ સુખશીલતા - પ્રમાદને લીધે માણસ પાસે ઉપધિ ઉચકાવે તો ચોક્કસ દોષ !

નબળા શરીરને સંયમ પાલન માટે સમર્થ બનાવવા વિગઈઓ વાપરે તો દોષ નથી. પણ જીભની પરવશતાને લીધે વાપરે તો ચોક્કસ દોષ! આવું હજારો બાબતોમાં વિચારી લેવું.

કોઈપણ બાહ્ય-અવિધિ અપવાદ બની શકે છે. શક્તિ - અનિગૂહનાદિના પ્રતાપે !

કોઈપણ બાહ્ય-અવિધિ ઉન્માર્ગ બની શકે છે, શક્તિ - નિગૂહનાદિના પ્રતાપે !

ચોથા આરાવાળાની શક્તિ બધી ઉપધિ ઉચકવાની હોય તો એ મુહપતી પણ જો કોઈને ઉંચકવા આપે તો એને શક્તિનિગૂહન દોષ લાગે.

પાંચમા આરાવાળો માંદગી વગેરે કારણોસર ક્યારેક માણસ પાસે ઉપધિ ઉંચકાવે, તો એને દોષ નથી.

ચોથા આરાવાળો નિર્દોષની તાકાત હોવા છતાં સ્થાપનાદોષ પણ સેવે, તો દોષપાત્ર!

પાંચમાં આરાવાળો શક્તિ ન હોવાને લીધે રીતસર આધાકર્મી વાપરે, તો પણ નિર્દોષ!

ચોથા આરાવાળો શક્તિ હોય તો પણ આખા પ્રતિક્રમણમાં એકાદ ખમાસમણું પણ સત્તરસંડાસા ન સાચવે તો દોષપાત્ર!

પાંચમાં આરાવાળો માંદગી વગેરેને લીધે આખે આખું પ્રતિક્રમણ સુતા સુતા કરે તો ય નિર્દોષ!

ચોથા આરાવાળો શક્તિ હોવા છતાં સ્થંડિલ સંબંધી ૧૦૨૪ ભાંગામાંથી સૌથી ઓછા દોષવાળો ભાંગો સેવે તો ય દોષપાત્ર!

પાંચમા આરાવાળો વિચિત્ર પરિસ્થિતિઓમાં સૌથી વધુ દોષવાળો ભાંગો સેવે તો પણ નિર્દોષ!

આવું હજારો બાબતોમાં વિચારી લેવું.

<u>**શિષ્ય :**</u> પણ આ તો મેં કહ્યું એ જ વાત આવી કે પાંચમાં આરામાં કાળપ્રભાવે દોષ ન ગણાય, ઓછો ગણાય.

**ઉપાધ્યાય :** ના. આ જ આખી વાત ઉંધી પણ લેવાય ને? ઉપરની તમામ બાબતમાં ઉંધુ પણ સંભવી શકે છે, એ કેમ નથી વિચારતો? વળી આમાં કાળપ્રભાવ માત્રથી દોષ ન લાગવાની તો વાત જ નથી. અહીં તો ગમે તે કાળ હોય જો શક્તિનિગૂહન છે, તો દોષ છે. જો એ નથી તો દોષ નથી.

જો ચોથા આરામાં શક્તિનિગૂહન ન હોય તો બાહ્ય મોટો દોષ પણ દોષ નથી જ.

જો પાંચમાં આરામાં શક્તિનિગૂહન હોય તો બાહ્ય નાનો દોષ પણ દોષ છે જ.

**શિષ્ય :** તો પછી આજે આટલી બધી છૂટછાટ કેમ છે?

**ઉપાધ્યાય :** ગીતાર્થો જે છૂટ આપે છે, તે સંઘયણાદિની નબળાઈને લીધે શક્તિ ઘટવાના કારણે ! નહિ કે માત્ર પાંચમા આરાના કારણે! આ કાળમાં છટ્ઠું જ સંઘયણ છે, એ ય નબળું પડતું જાય છે........આ બધાના કારણે ઘણા બધા અનુષ્ઠાનો સંપૂર્ણવિધિ સાથે પાળવાની શક્તિ રહી નથી. તો જેમાં જેટલી શકિત ઘટી, તેમાં એટલી છૂટ અપાઈ. જેમાં શક્તિ નથી ઘટી, એમાં છૂટ નથી અપાઈ.

એક વાત બરાબર સમજી લે કે

આરો ચોથો હોય કે પાંચમો..... પણ જે કાળમાં જે અનુષ્ઠાનમાં જેટલી શક્તિ ઘટે, તે કાળમાં તે જીવને તે અનુષ્ઠાનમાં શંક્તિ ઘટાડા પ્રમાણે છૂટ આપવામાં આવે જ છે. જ્યારે જે કાળમાં જે જીવને જે અનુષ્ઠાનમાં જેટલી શક્તિ છે, તે કાળમાં તે જીવને તે અનુષ્ઠાનમાં એટલી શક્તિ પ્રમાણે બિલકુલ છૂટ અપાતી નથી જ.

તને એવું કોણે કહ્યું ? કે ચોથા આરામાં સાધુ દોષિત વાપરનાર ન હતો, એકપણ સાધુ રાત્રિવિહાર કરનાર ન હતો, એકપણ સાધુ બેઠા-બેઠા પ્રતિક્રમણ કરનાર ન હતો, એકપણ સાધુ માણસો પાસે ઉપધિ ઉંચકાવનાર ન હતો?.......

આ ખોટી વાત છે. ત્યારે પણ એવા સાધુઓ સંભવી શકે છે. ફરક માત્ર એટલો કે ત્યારે મોટાભાગે બધા શક્તિસંપન્ન હોવાથી અને દ્રવ્યાદિ અનુકુળ હોવાથી આવા દોષ સેવનારા ઘણા -ઘણા ઓછા હોય...... પણ બિલકુલ ન હોય એવું જો કોઈ માનતું હોય તો એ ભ્રમ છે. આજે મોટા પ્રમાણના જીવોમાં શક્તિ ઘટી હોવાથી મોટા પ્રમાણમાં દોષ દેખાય છે એની તો ના જ નથી.

ગીતાર્થો કાળમાત્રને આધારે કોઈ જ છૂટ આપતા જ નથી. પણ કાળાદિના કારણે ઉત્પન્ન થયેલી અશક્તિ વગેરેના આધારે છૂટો આપે છે. જે અપવાદરૂપ

હોવાથી નિર્દોષ બની રહે છે. એટલે ચોથાઆરામાં પણ અશક્તિવાળાઓને તે તે તમામ છૂટ અપાઈ જ છે, તો પાંચમાં આરામાં પણ એ રીતે છૂટ અપાઈ છે.

એક દ્રષ્ટાંત

૧૬ રોટલીના ખોરાકવાળો જીવ જો ૧૨ જ રોટલી ખાય તો એનું શરીર ન ટકે, નબળું પડે.

એમ ૧૦૦% નિર્દોષ આચાર પાળવા સમર્થ જીવ જો ૯૦% નિર્દોષ આચાર પાળે, તો એનું ચારિત્ર નબળું પડે.

૮ રોટલીના ખોરાકવાળો જીવ જો ૮ જ રોટલી ખાય, તો એનું શરીર ટકે, વધે, તગડું બને. ભલે એણે પહેલા જીવ કરતા ચાર રોટલી ઓછી ખાધી છે.

એમ ૭૦% જ નિર્દોષ આચાર પાળવા સમર્થ જીવ જો ૭૦% નિર્દોષ આચાર પાળે, તો એનું ચારિત્ર ટકે, વધે, તગડું બને. ભલે એણે પહેલા જીવ કરતા ૨૦% નિર્દોષતા ઓછી પાળી હોય.

આ અતિ ગંભીર પદાર્થ છે.

ખૂબ શાંતચિત્તે વિચારજે.

માત્ર બાહ્ય અવિધિઓની બહુલતાને કારણે ચારિત્રનાશ માનનારાઓ ઘણી મોટી ગેરસમજનો ભોગ બનેલા છે, એ નક્કી માનવું. બાહ્ય - અવિધિઓ જો આંતરિકપરિણામની નબળાઈથી પ્રગટી હોય અથવા તો આંતરીકપરિણામને નબળા પાડવાનું કામ કરતી હોય તો જ તે ચારિત્રહાનિકારક ગણાય.

<u>શિષ્ય :</u> પણ અત્યારે તો ઠેર ઠેર અવિધિઓના ઢેરના ઢેર જોવા મળે છે. શું બધા અપવાદ છે? શું બધાની છૂટ શાસ્ત્રોએ - ગીતાર્થોએ આપી છે?

<u>ઉપાધ્યાય :</u> એવું કોણે કહ્યું? આજની બધી અવિધિઓ ગીતાર્થ માન્ય છે, અપવાદ છે એવી વાત કોણ કહે છે? રે! આજે તો ગીતાર્થોને પૂછનારા જ કેટલા? જેને મનમાં જેમ સૂઝે છે, એ એમ જ કરે છે. 'ગીતાર્થોની સલાહ લેવી જોઈએ' એવી સમજણ કેટલા પાસે ? હોય તો અમલ કેટલા પાસે ?

પંચમકાળનો આ પ્રતાપ ચોક્કસ કે જીવો સ્વચ્છંદ બનીને અવિધિઓ આચરે છે, એની અનવસ્થાઓ ચાલે છે, સંઘ-શાસનને નુકસાન થાય છે, ગીતાર્થો અંતરથી દુઃખ પામે છે છતાં helpless બનીને બધુ જ જોયા વિના કશું કરી શકતા નથી. શક્તિ પ્રમાણે સુધારો કરવાનો પ્રયત્ન ચોક્કસ કરે છે. પણ એ ફાટેલા આભમાં નાનકડું થીંગડું લગાડવા જેટલો બની રહે છે.

આ બધી વાતની ના નથી.

પણ કાળ ગમે તે હોય, રાગ-દ્વેષ-પ્રમાદાદિ ભાવદોષો જેટલા વધુ એટલું નુકસાન વધુ જ. એ દોષો જેટલા ઓછા એટલું નુકસાન ઓછું જ.

હજી પણ આ બાબતમાં ઘણી ઘણી બાબતો કહેવા જેવી છે. પણ અત્યારે તો આટલું પર્યાપ્ત છે. આગળ અવસરે બીજી પણ ઘણી બાબતો લેશું.

— x — x —

<u>શિષ્ય :</u> આપે જો કે ઘણા સુંદર પદાર્થો દર્શાવ્યા, પણ આ બધા પદાર્થો ઘણાં ઉંડા છે. આમાં તો કેટલી બધી વાતો ભેગી છે. આટલો બધો વિવેક તો યાદ રાખવો ય અઘરો પડી જાય. મારા જેવાને પણ જો આ બધું સમજવું કપરું પડે છે, તો સામાન્ય જીવોને તો આ બધું ભાર રૂપ જ લાગે. હવે આટલા બધા ઉંડા ઉતરવાને બદલે અમે એક જ વાત વિચારીએ કે 'ઘણા બધા લોકો જે કરે, એ આપણે કરવું......." આમ પણ આ બહુમતીનો જમાનો છે અને એ યોગ્ય છે. માણસો બુદ્ધિ-સમજણવાળા છે, એ તો હકીકત છે. એટલે ઘણા માણસો જે કરતા હશે, એ વિચારીને જ કરતા હશે. ઘણા કરતા હોવાથી એ જ સાચું હશે, એમ સ્પષ્ટ માની શકાય છે.

એટલે અમે વધારે ઉંડા ન ઉતરીએ, અને ઘણા લોકા જે કરે, એ જ કરીએ તો એ રીતે મોક્ષમાર્ગના આરાધક બની શકીએ.

આ અમારી સમજણ બરાબર છે?

<u>ઉપાધ્યાય :</u> કેટલાકો તમે રજૂ કરેલી માન્યતાવાળા છે ખરા,

**<u>કોઈ કહે જેમ બહુજન ચાલે, તેમ ચલીએ શી ચર્ચા રે.</u>**
**<u>મારગ મહાજન ચાલે ભાખ્યો, તેમાં રહીએ અર્ચા રે. (૭)</u>**

<u>ગાથાર્થ :</u> કોઈ કહે છે કે "જેમ ઘણા લોકો ચાલે, એમ આપણે ચાલવું. એમાં ચર્ચા શી કરવાની ? 'મહાજન જે રસ્તે ચાલે એ જ માર્ગ' એમ શાસ્ત્રોમાં કહ્યું છે. તો આપણે એમાં જ અર્ચાથી= ભક્તિથી રહીએ......"

<u>ભાવાર્થ :</u> કેટલાકો કહે છે કે - બહુમતી ઝિંદાબાદ! મોટી શાંતિમાં પણ કહ્યું છે કે महाजनो येन गतः स पन्थाः મહાજન જે રસ્તે જાય, એ જ માર્ગ! મહાજન એટલે ઘણા લોકો! ઘણા લોકો જે માને, જે આચરે તે સાચું જ હોય. કેમકે આટલા બધા લોકો તો ખોટું ન જ કરે ને! આટલા બધા લોકો તો ભ્રમમાં ન જ પડે ને?

વળી આજે બધે જ બહુમતીનું સામ્રાજ્ય છે.

- રાષ્ટ્રનું સંચાલન કયો પક્ષ કરે ? એ પ્રજાની બહુમતીના આધારે જ નક્કી થાય છે ને?

- સંસદમાં જે કોઈ કાયદાઓ પસાર થાય, નિર્ણયો લેવાય એ સંસદસભ્યોની બહુમતીના આધારે જ નક્કી થાય છે ને ?

- વ્યાખ્યાનકાર કોણ સારો ? એ પણ વ્યાખ્યાનમાં આવતી જનસંખ્યાના આધારે જ નક્કી થાય છે ને ?

ચોમાસું ક્યાં સારુ થયું ? એ પણ તપસ્વીઓની સંખ્યા ઉપર જ નિર્ભર છે ને?

તો પછી મોક્ષમાર્ગ કયો? એનો નિર્ણય પણ ઘણા ધાર્મિકોની ધર્મારાધનાના આધારે જ કરી શકાય ને? જે ધર્મારાધના સૌથી વધુ લોકો કરે તે ધર્મારાધના મોક્ષમાર્ગ!

– x – x –

<u>શિષ્ય :</u> આપ કહો છો કે "કેટલાકો આવું કહે છે, "તો શું આપને આ વાત માન્ય નથી ?

<u>ઉપાધ્યાય :</u> ના.

<u>શિષ્ય :</u> શા માટે? શું એમની વાતો સાચી નથી?

<u>ઉપાધ્યાય :</u> ના.

**<u>તે પણ બોલ મૃષા મન ધરીયે, બહુજન મત આદરતા રે.</u>**
**<u>છેહ ન આવે બહુલ અનાર્ય, મિથ્યામતીમાં ફિરતા રે. (૮)</u>**

<u>ગાથાર્થ :</u> ' તે શબ્દો પણ ખોટા છે' એમ મનમાં ધારવું. કેમકે જો ઘણા લોકોનો મત આદરવા જઈએ, તો અંત જ ન આવે. [ કોઈ સાચો નિર્ણય ન લેવાય] કેમકે ઘણા બધા અનાર્યો મિથ્યા મતમાં ફરનારા છે.

<u>ભાવાર્થ :</u> 'તીર્થરક્ષા માટે અવિધિ ચલાવી લેવી' એ શબ્દો તો ખોટા હતા જ, પણ મનમાં આ પણ વાત ધારણ કરી રાખજે કે "ઘણા લોકો જે આચરે તે માર્ગ!" આ પણ ખોટું છે.

<u>શિષ્ય :</u> પણ શા માટે?

<u>ઉપાધ્યાય :</u> 'જો ઘણા લોકો જે માને - આચરે, એ જ આચરવાનું' એવો વિચાર કરશો ને, તો તમારી સમસ્યાનો અંત નહિ આવે. 'મોક્ષમાર્ગ કયો ?' એ અંગેની તમારી શંકાઓનો અંત નહિ આવે.

તે આ પ્રમાણે:

વર્તમાનમાં સામાન્યથી વિચારીએ તો એક માત્ર ભારતદેશ આર્યદેશ ગણાય છે. એ સિવાયના તમામ રાષ્ટ્રો વ્યવહારથી અનાર્યદેશો ગણાય છે. આ અનાર્યદેશો અને આર્યદેશો... બધાની કુલ જનસંખ્યા અત્યારે સાત અબજ= ૭૦૦ કરોડ જેટલી છે. એમાં ક્રિશ્ચિયનો - મુસલમાનોની વસ્તી સૌથી વધારે છે. એ બધા જ અનાર્યો તરીકે ઓળખી શકાય.

હવે ક્રિશ્ચિયનો, મુસલમાનો તો પૂર્વભવ - ઉત્તરભવ વગેરે કશું માનતા જ નથી. વર્તમાનભવ પછી એમના ભગવાન જ માણસોના કર્મ પ્રમાણે સ્વર્ગ-નરકમાં કાયમ માટે મોકલી દે છે..... વગેરે. નથી તેઓના મતમાં આત્મા કે નથી તેઓના મતમાં મોક્ષાદિ પદાર્થો! ક્ષણિકવાદિ બૌદ્ધો ય આમ જોવા જઈએ તો આ બધાના નાના ભાઈ જેવા જ છે.

આ બધા જે ધર્મ માને છે, તેને આપણે તો મિથ્યામત જ કહીએ છીએ, પણ હવે જો બહુમતીના આધારે નિર્ણય કરવાનો હોય તો વિશ્વમાં ક્રિશ્ચિયનો સૌથી વધુ બહુમતી ધરાવે છે.

બોલો. આપણે એમના ધર્મને સાચો માનીને ક્રિશ્ચિયન બની જવું છે? જૈનધર્મ છોડી દેવો છે?

બીજા નંબરમાં મુસલમાનો બહુમતી ધરાવે છે, તો તેઓનો ધર્મ સ્વીકારવો છે આપણે ? હજારો દેરાસરને ચર્ચ કે મસ્જીદ રૂપે બનાવી દેવા છે આપણે ? અમે તમામ સાધુ-સાધ્વીઓ ઈસુધર્મના સાધુ અને સાધ્વી બની જઈએ ?

– x – x –

**થોડા આર્ય અનાર્યજનથી, જૈન આર્યમાં થોડા રે.**
**તેમાં પણ પરિણતજન થોડા, શ્રમણ અલ્પ બહુ મુંડા રે. (૯)**

**ગાથાર્થ :** અનાર્યલોકો કરતા આર્યો થોડા! આર્યોમાં જૈનો થોડા! તેમાં પણ પરિણત જૈનો ઓછા, કેમકે સાચા સાધુઓ ઓછા છે, મુંડનવાળા ઘણા છે.

**ભાવાર્થ :** આપણે જૈનો ક્યાં છીએ એ તારે જાણવું છે?

ભારતના ૯૦ કરોડ હિન્દુઓ આર્યજન તરીકે ઓળખી શકાય, કેમકે તેઓ પહેલેથી જ આર્યદેશવાસી છે, આત્મા-પરલોક-મોક્ષ વગેરે માનનારા છે. પણ જગતની અનાર્ય વસ્તી લગભગ ૬૦૦ કરોડ જેટલી! એની સામે આ આર્યો તો છઠ્ઠા ભાગ જેટલા જ છે, ઘણા ઓછા છે.

એ ૯૦ કરોડ હિંદુઓમાં- આર્યોમાં 'જૈન' નામ ધરાવનારા છે માંડ ૭૦ લાખ! ૧% પણ નહિ. તો શું જૈનો કરતા હિંદુધર્મોમાં વધુ મોક્ષમાર્ગી માનવા ને?

હજી ઉંડા ઉતરીએ.

૭૦ લાખ જૈનોમાં ય જૈનધર્મને સમજનારા, મોક્ષ-આત્મા-કર્મ-નવતત્ત્વો-ઉત્સર્ગ-અપવાદ-સ્યાદ્વાદ-નિશ્ચય-વ્યવહાર-જ્ઞાન-ક્રિયા.....વગેરે પદાર્થોને સમજીને પરિણત બનેલા જૈનો કેટલા? સાત હજાર પણ મળશે ખરા?

રે! આજે ૧૫ હજારની સાધુ-સાધ્વી સંખ્યા છે, એમાં ય આવા પરિણત સાચા શ્રમણો તો ઘણા ઓછા છે, મોટા ભાગના શ્રમણો તો માત્ર 'માથે મુંડન છે, પાસે ઓઘો છે.....' એટલે શ્રમણ કહેવાય છે. બાકી પરિણત બનેલા શ્રમણો તો ઓછા!

હવે જો તમારી બહુમતીવાળી વાત માનવા જઈએ તો સાચા શ્રમણો સૌથી ઓછા હોવાથી એમનું આચરણ માર્ગ નહિ બને, જૈનો પણ આર્યો કરતા ઓછા હોવાથી એમનું આચરણ પણ માર્ગ નહિ બને.....છેલ્લે મુસલમાનો અને ક્રિશ્ચિયનોનું આચરણ જ માર્ગ માનવાની આપતિ આવશે.

આ તો માન્ય નથી.

– x – x –

<u>શિષ્ય :</u> પણ તો પછી મોટી શાંતિના શાસ્ત્રપાઠનું શું ? એમાં તો સ્પષ્ટ લખ્યું છે કે મહાજનોનું આચરણ એજ માર્ગ ! મહાજન એટલે ઘણા લોકો ! શું તમે શાસ્ત્રવચન પણ નહિ માનો ?

<u>ઉપાધ્યાય :</u> મહાજન શબ્દનો સાચો અર્થ શું છે ? એ જ તમે જાણતા નથી. સાંભળો.

**<u>ભદ્રબાહુ ગુરુ વદન-વચન એ, આવશ્યકમાંહે ભાખ્યુ રે.</u>**
**<u>આણાશુદ્ધ મહાજન જાણી, તેહની સંગે રહીએ રે. (૧૦)</u>**

<u>ગાથાર્થ :</u> આવશ્યક નિર્યુક્તિમાં ભદ્રબાહુસ્વામીના મુખના વચનો આ પ્રમાણે દર્શાવ્યા છે કે " આજ્ઞાશુદ્ધ પુરુષને મહાજન જાણીને તેમની સાથે રહેવું."

<u>ભાવાર્થ :</u> <u>'કરેમિ ભંતે'</u> સૂત્ર વગેરે આવશ્યકસૂત્રોની રચના ગણધર મહારાજાઓએ કરી, તેના ઉપર નિર્યુક્તિ રચના ચૌદપૂર્વધર શ્રીભદ્રબાહુસ્વામીએ

કરી. એ ગ્રન્થમાં તેઓશ્રી ફરમાવે છે કે "મહાજન એટલે આજ્ઞાશુદ્ધ જન! આવા મહાજનની સાથે રહેવું."

આશય એ છે કે 'મહાજન એટલે ઘણા બધા લોકો !' આ અર્થ જ ખોટો છે. કેમકે ચૌદપૂર્વધર મહારાજાએ આવો અર્થ દેખાડ્યો જ નથી. એમણે તો જે પુરુષ ભગવાનની આજ્ઞાઓને બરાબર જાણતો હોય, એના પર અગાધ શ્રદ્ધાવાળો હોય, એની જ પ્રરૂપણા કરનારો હોય, દરેક વાતમાં જિનાજ્ઞાને આગળ કરનારો હોય. પોતાના જીવનમાં શક્તિ પ્રમાણે એ આજ્ઞાઓનું પાલન કરનારો હોય એ પુરુષને મહાજન તરીકે ઓળખ્યો છે.

માટે જ કહ્યું છે કે **एकोऽपि शास्त्रनीत्या यो वर्तते स महाजनः । किमज्ञसार्थैः शतमप्यन्धानां न पश्यति ।** ભલે તે પુરુષ એકલો હોય, તો પણ એ શાસ્ત્રનીતિ પ્રમાણે ચાલતો હોય તો એ જ મહાજન છે. અજ્ઞાનીઓના ટોળે ટોળા હોય, તો પણ એનાથી શું વળે? એવું થોડું જ છે કે આંધળાઓ સો ભેગા થાય, એટલે જોતા થઈ જાય?

અને આ વાત લૌકિકક્ષેત્રે પણ જોવા મળે જ છે.

કોઈક માણસ બિમાર પડે, એના સેંકડો સ્વજનો ભેગા થાય, બધા કહે કે "આને અમુક દવા આપો, અમુક સારવાર કરો...." વગેરે. અને મુખ્ય ડોક્ટર દર્દીને તપાસ્યા બાદ બીજી જ દવા અને બીજી જ સારવાર સૂચવે...... તો કોનું મનાય? સ્વજનો સેંકડો છે, ડોક્ટર એક જ છે.....છતાં બધા ડોક્ટરનું માનવાને? કારણ બધા અજ્ઞાની છે, ડોક્ટર આ ક્ષેત્રમાં જ્ઞાની છે.

પાંચસો માણસોનો જમણવાર હોય, એ વખતે દરેકે દરેક વસ્તુમાં કેટલો મસાલો નાંખવો? કયો મસાલો નાંખવો? ખાંડ કેટલી નાંખવી?......વગેરે કોણ નક્કી કરે? રસોઈના અજાણકાર એવા ભેગા થયેલા પાંચસો માણસો? કે રસોઈમાં પાવરધો એકલો રસોઈયો?

હજારો માણસો જેમાં કામ કરતા હોય એવી કંપની શી રીતે ચલાવવી? એના નિર્ણયો કંપનીનો માલિક કરે ? કે હજારો મજુરો ?

દુનિયાના દરેક ક્ષેત્રમાં પ્રાયઃ આવું જોવા મળશે કે જે ક્ષેત્રમાં જે જ્ઞાની-હોશિયાર, એ એકલો હોય તો પણ એ ક્ષેત્રમાં એનું કહ્યું કરવામાં આવે. ત્યાં હજારો અજ્ઞાનીઓની સલાહને રદ કરવામાં આવે.

બસ, એ જ નીતિ અહીં પણ લાગે છે કે મોક્ષમાર્ગ સર્વજ્ઞભગવંતોએ

શાસ્ત્રોમાં દર્શાવેલો છે, એટલે જે શાસ્ત્રોના જ્ઞાતા -પ્રરૂપક-રાગી-યથાશક્તિ પાલક છે, એ જે કહે એ જ માર્ગ ગણાય. ત્યાં જેઓ શાસ્ત્રોને જાણતા નથી. શ્રદ્ધા ધરાવતા નથી..... તેવાઓ લાખો ભેગા થાય તો એમની કશી કિંમત નથી.

એટલે તમે જો શાસ્ત્રોની ઉંડી બાબતોને સમજી શકતા ન હો, એટલી માનસિક તાકાત ન હોય, અને એટલે જ કોઈકની નિશ્રા સ્વીકારીને એના કહ્યા પ્રમાણે મોક્ષમાર્ગ આરાધવાની ભાવના હોય તો એની ના નથી. પણ એ માટે ગીતાર્થ-સંવિગ્ન મહાત્માની નિશ્રા સ્વીકારવી. અગીતાર્થો ગમે એટલા જોરદાર દેખાય, સંવિગ્નો ગમે એટલા મહાન દેખાય એમની નિશ્રા ન સ્વીકારવી.

શ્રી ઓઘનિર્યુક્તિમાં સ્પષ્ટ લખ્યું છે કે **गीयत्थो विहारो, बीओ गीयत्थमिस्सिओ भणिओ । इत्तो तइअविहारो नाणुन्नाओ जिणवरिंदेहि ।** એક ગીતાર્થ વિહાર, બીજો ગીતાર્થમિશ્રિત વિહાર! આ સિવાયનો ત્રીજો વિહાર ભગવાને દર્શાવ્યો નથી, એની રજા આપી નથી.

આશય એ છે કે જે ગીતાર્થ છે, એ તો મોક્ષમાર્ગનો જ્ઞાતા હોવાથી સ્વયં મોક્ષમાર્ગની આરાધના કરશે જ, એ વાત માન્ય છે. જે અગીતાર્થ છે, એ અજ્ઞાની હોવાથી જ સ્વયં તો મોક્ષમાર્ગની આરાધના નહિ જ કરી શકે. પણ એ જો કોઈ ગીતાર્થની સાથે રહે, એના જ કહ્યા પ્રમાણે કરે, પોતાની બુદ્ધિનો ઉપયોગ બંધ કરે, પરતંત્ર બને તો એ પણ મોક્ષમાર્ગનો આરાધક કહેવાય. પણ જો પોતે અજ્ઞાની હોવા છતાં પણ પોતાની જ મેળે મોક્ષમાર્ગની આરાધના કરવા લાગે અથવા તો એવા અજ્ઞાનીઓની જ સલાહ લેવા લાગે તો એ આરાધક ન બને. માટે જ ઉગવાને એની છૂટ આપી નથી.

<u>શિષ્ય :</u> જે ખૂબ વૈરાગી હોય, આચારસંપન્ન હોય, નિઃસ્પૃહી હોય એની નિશ્રા ન સ્વીકારાય? ભલે ને એ અગીતાર્થ હોય, પણ બીજા બધા ગુણો કેટલા બધા છે?

<u>ઉપાધ્યાય :</u> એક માણસ એવો છે કે જેની પત્ની સતી સીતા જેવી પતિવ્રતા છે, દિકરાઓ રામ-લક્ષ્મણ જેવા પિતૃભક્ત છે, ભાઈઓ ભરત જેવા સ્નેહાળ છે.....પણ એ માણસ માંદો પડે ત્યારે કોની સલાહ લે, પત્નીની, દીકરાઓની, ભાઈઓની સલાહ લે ખરો? 'કઈ દવા લેવી, કઈ ન લેવી?' એ બધું એમને પૂછીને કરે ખરો? કે પછી પારકા કહેવાતા ડોક્ટર પાસે જાય?

એટલે કોઈ ગમે એટલો સંવિગ્ન હોય, જો એ ગીતાર્થ ન હોય, તો મોક્ષમાર્ગ મેળવવા માટે એની નિશ્રા સ્વીકારી ન શકાય.

આ બાબતમાં વ્યક્તિરાગી જે બને, તે આત્મહિત ગુમાવે.

– x – x –

<u>શિષ્ય :</u> પણ ગુરુજી! આજે તો ઘણી જગ્યાએ એવું દેખાય છે કે જેઓ અજ્ઞાની છે. તેઓના ભક્તો પુષ્કળ છે, એમની ચારેબાજુ બોલબાલા છે. એમને હજારો લોકો ગુરુ માને છે. સેંકડો સંઘો એમના કહ્યા પ્રમાણે કરે છે. બીજી બાજુ જેઓ જ્ઞાની છે, એનું કોઈ વિશેષ પુણ્ય નથી. તેઓ તો બિચારા ખૂણામાં બેઠા હોય છે. કોઈ એમને પૂછે પણ નહિ. કોઈ એમની સલાહ પણ ન લે......

આવી પરિસ્થિતિમાં આપને એવું નથી લાગતું ? કે પેલા ભલે અજ્ઞાની હોય, છતાં એની પાસે હજારોનું બળ છે...... તો એમને જ આપણા ધણી તરીકે સ્વીકારી લેવા. એમની નિશ્રામાં આપણે આવી જવું.

<u>ઉપાધ્યાય :</u>

**<u>અજ્ઞાની નવિ હોવે મહાજન, જો પણ ચલવે ટોળું રે.</u>**

**<u>ધર્મદાસગણિ વચન સુણીને, મન નવિ કીજે ભોળું રે. (૧૧)</u>**

<u>ગાથાર્થ :</u> 'અજ્ઞાની ભલે ને ટોળાને ચલાવે, તો પણ એ મહાજન ન બને.' ધર્મદાસગણિના વચનો સાંભળીને મનને ભોળું ન બનાવો.

<u>ભાવાર્થ :</u> એક વાત કાન ખોલીને સાંભળી લે કે જે સાધુ શાસ્ત્રોનો જ્ઞાતા નથી, એ કદીપણ મહાજન તરીકે માન્ય બની શકે નહિ. તું એની પાસે ભેગા થતા હજારો લોકોથી જો અંજાઈ જતો હોય, તું એની બાહ્ય સમૃદ્ધિમાં જો ખોવાઈ જતો હોય તો એ તારી મૂર્ખતા છે. તું તો પાછો પેલી બહુમતીનાં વાદે જ ચડી રહ્યો છે કે જેનો કોઈ જ સાર નથી.

આજે ઘણા હિંદુ સંન્યાસીઓ પાસે હજારો-લાખો માણસો ભેગા થાય છે. કેટલાક સંન્યાસીઓ તો આખા વિશ્વમાં પ્રસિદ્ધિ પામેલા છે, મીડિયાઓ એમનો પ્રચાર કરતા થાકતા નથી. વિશ્વના કરોડો માણસો એ સંન્યાસીઓની પ્રશંસા કરતા થાકતા નથી.

આ બધાથી જો અંજાઈ જવાનું હોય તો એમને જ જૈનસંઘનું સંઘાધિપતિપદ આપી દેવું પડશે.

પણ જો એ માન્ય નથી, તો એ પણ માન્ય ન જ બને કે કોઈ અજ્ઞાની

મહાજન તરીકે સ્વીકારવામાં આવે.

શક્ય છે કે પુણ્યના પ્રભાવે કોઈક અજ્ઞાનીના પ્રવચનોમાં હજારો માણસો ઉમટે, શક્ય છે કે કોઈક અજ્ઞાનીને પુણ્યના પ્રભાવે ઢગલાબંધ શિષ્યો પણ થઈ જાય, શક્ય છે કે શ્રીમંત ભક્તો એના ચરણો ચૂમતા હોય......પણ આ બધી શક્યતાઓ એને મહાજન બનાવી દેવા માટે પૂરતી નથી. મહાજન બનવું હોય તો જોઈશે શાસ્ત્રનો ઉંડો બોધ! જોઈશે છેદગ્રંથોનો તલસ્પર્શી અભ્યાસ ! જો એ નહિ, તો મહાજનપદ પણ નહિ.

જો કે આ નક્કર સત્ય હોવા છતાં વિષમકાળની બલિહારી છે કે બિચારા લાખો મુગ્ધ જીવો આ બધી સમજણના અભાવે ખોટા રસ્તે દોરવાયા છે, છેતરાયા છે, ઠગાયા છે. છતાં તેઓને હજી પણ એ સમજાતું નથી કે અમે ખોટા રસ્તે છીએ, છેતરાયા છીએ......જે કોઈ ગીતાર્થો એમને સમજાવવાનો પ્રયત્ન કરે, ઉલ્ટું તેઓ તો એ ગીતાર્થોને જ ઉંધા રસ્તે ચડાવનારા, છેતરનારા જાહેર કરી દે છે.

આ તો 'ચોર કોટવાલને દંડે' એના જેવી હાલત થઈ છે.

જગતના ભોળા લોકો !

કોઈક ગુરુની મીઠી-મધવાણીથી આકર્ષાઈને એમને પોતાના ગુરુપદે સ્થાપી દે છે.

કોઈક ગુરુની વિશાળ શિષ્યસંપદામાં અંજાઈ જઈને એમને ગુરુ તરીકે સ્વીકારે છે.

કોઈક ગુરુની શ્રીમંતભક્તોની શ્રેણી જોઈને ખેંચાઈ જઈ એમને મહાજન બનાવી દે છે.

કોઈક ગુરુની લાગણીશીલતા - વાચાળતાદિના દર્શન કરીને એમને ભગવાન માની લે છે.

કોઈક ગુરુની શાંત મુખમુદ્રાથી - ઠંડા સ્વભાવથી હર્ષ પામીને આમને યોગી માની લે છે.

કોઈક ગુરુની અઘોર તપારાધનાને નિહાળી હેબતાઈ જઈને એમના કિંકર (સેવક) બની રહે છે.

કોઈક ગુરુની કલાકો સુધીની પલાઠી જોઈને ચરણે આળોટી પડે છે.

પણ એવા જીવો કેટલા મળે ? કે જેઓ આ બધું જોતા પહેલા એ જુએ કે " મારા ગુરુ ગીતાર્થ છે ? શાસ્ત્રોના જાણકાર છે ? ઉંડાણપૂર્વક શાસ્ત્રીયપદાર્થોનું

ચિંતન કરનારા છે ? કે પછી કશું ભણ્યા નથી ?... કે પછી ઉપર ઉપરથી બધા ગ્રન્થો વાંચી લઈને જાતને ગીતાર્થ માની રહ્યા છે ?... કે પછી ઢગલાબંધ ગુજરાતી પુસ્તકો વાંચીને એના વિશિષ્ટ જ્ઞાનની જોરદાર આભા હેઠળ પોતાની શાસ્ત્રીય બોધની અજ્ઞાનતાને ઢાંકી રહ્યા છે ? જો આવું હોય તો ભલે ને એ પ્રભાવક - તપસ્વી - વૈરાગી હોય, એ ગુરુપદને લાયક નથી. મારે એમને ગુરુ બનાવવા નથી..."

આવું જોનારા કેટલા ? આવું જોવાની ભાવનાવાળા કેટલા ? એવી ભાવના હોય તો ય પારખી શકવાનું સામર્થ્ય ધરાવનારા કેટલા ?

<u>શિષ્ય :</u> પણ તો શું તપ-જપ-પ્રભાવના-મીઠાશ ભરેલી વાણી........ આ બધું નકામું છે ? એની કોઈ કિંમત નહિ?

<u>ઉપાધ્યાય :</u> એવું કોણ કહે છે? એ બધાની કિંમત છે જ, પણ એ પોત-પોતાના ક્ષેત્રમાં ! અહીં તો મોક્ષમાર્ગની આરાધના શી રીતે કરવી? એ માટે મહાજન તરીકે કોને ગણવા? ગુરુપદે કોને સ્થાપવા? એની ચર્ચા ચાલે છે.

જેણે સ્વયં નિર્જરા કરવી હોય, શરીર શોષવી નાંખવું હોય એને માટે તપ જરૂરી છે.

દેવ-દેવીને પ્રગટ કરવાદિ કાર્યો માટે જપ જરૂરી છે.

લોકોને સંસારમાંથી ધર્મ તરફ આકર્ષવા માટે આક્ષેપણી વગેરે કથાઓ જરૂરી છે

સૌને પ્રસન્નતાની ભેટ આપવા માટે મીઠી વાણીની જરૂર છે.

પણ

મોક્ષમાર્ગના નિર્ણય માટે, મોક્ષમાર્ગની આરાધના માટે તો ગીતાર્થ મહાત્માની જરૂર પડવાની જ. એમાં બાકી બધી બાબતો ગૌણ બની રહે છે.

મારું તો તને સ્પષ્ટ કહેવું છે કે તું ભોળો ન બનતો. તને ઠગનારા નિમિતો ઘણા મળશે, પણ સાવધ રહેજે. મનમાં દૃઢ સંકલ્પ કરજે કે "મારે ગીતાર્થને જ ગુરુ બનાવવા છે, બીજાને નહિ." જો આવો સંકલ્પ દૃઢ નહિ હોય, તો બહારના આડંબરો તને ગમે ત્યા ખેંચી જશે, એ ન ભૂલીશ.

<u>શિષ્ય :</u> ગીતાર્થ કોને કહેવાય?

<u>ઉપાધ્યાય :</u> ચૌદપૂર્વધર ઉત્કૃષ્ટ ગીતાર્થ ! શ્રીનિશીથસૂત્ર + ચૂર્ણિનો તલસ્પર્શી અભ્યાસ કરનારા મહાત્મા જઘન્ય ગીતાર્થ ! એની વચ્ચેનું જ્ઞાન ધરાવનાર મધ્યમ ગીતાર્થ !

વર્તમાનકાળની દૃષ્ટિએ એમ કહેવું યોગ્ય લાગે છે કે - શ્રી નિશીથસૂત્ર એકલું ભણી લે એ ન ચાલે. એની પૂર્વના ઓઘનિર્યુક્તિ, પિંડનિર્યુક્તિ, આવશ્યક નિર્યુક્તિ, દસવૈકાલિક, ઉતરાધ્યયન અને આચારાંગ આ છ ગ્રંથો તો ઓછામાં ઓછા ભણેલા હોવા જોઈએ.

— x — x —

<u>શિષ્ય :</u> તમારી આ વાત તો સાચી, પણ છતાં અમે કોઈ અજ્ઞાનીને જ ગુરુ બનાવી લીધા હોય તો ? અથવા તો નવા પણ જીવો અજ્ઞાનીને ગુરુ બનાવવાના તો છે જ, આપણે બધાને કંઈ અટકાવી શકવાના નથી. તો એમને શું નુકસાન થાય ? એ અજ્ઞાની ગુરુને પણ શું નુકસાન થાય ?

ભલે ગીતાર્થ-જ્ઞાની ગુરુ પાસેથી જે લાભ થતો હોય એ ન થાય, પણ જો કોઈ નુકસાન પણ ન થતું હોય તો વાંધો શું? આ કાળમાં એ ચલાવી લેશું........

<u>ઉપાધ્યાય :</u> અજ્ઞાની અને એને ગુરુ માનનારાઓને શું નુકસાન થાય? શા માટે થાય?-એ બે પ્રશ્નોનો ઉત્તર આ પ્રમાણે છે.

**<u>અજ્ઞાની નિજછંદે ચાલે, તસ નિશ્રાએ વિહારી રે.</u>**
**<u>અજ્ઞાની જે ગચ્છને ચલવે, તે તો અનંતસંસારી રે. ॥૧૨॥</u>**

<u>ગાથાર્થ :</u> અજ્ઞાની પોતાની ઈચ્છા પ્રમાણે ચાલે, તેની નિશ્રાએ વિચરનારાઓ પણ નિજછંદે ચાલે, એટલે અજ્ઞાની જે ગચ્છને ચલવે, તે અનંતસંસારી થાય.

<u>ભાવાર્થ :</u> જે અજ્ઞાની છે અને ગુરુ બની બેઠો છે. એણે પોતાના માથે કોઈ ગુરુ રાખ્યા નથી. કદાચ નામ માત્રથી રાખ્યા હોય તો ય દરેકે દરેક કાર્યમાં ગુરુની સલાહ લેવાનું એને મન પણ થતું નથી. કદાચ પોતાના ગુરુ જ્ઞાની હોય, સાથે હોય તો ય આ અજ્ઞાની ગુરુ પોતાના જ્ઞાની ગુરુને કશું પુછવા તૈયાર નથી, કેમકે એ પોતે જ પોતાની જાતને ગુરુ -જ્ઞાની માને છે. અને જો જ્ઞાની ગુરુ સાથે ન હોય, દૂર હોય, કે કાળ પામ્યા હોય તો તો આ અજ્ઞાની ગુરુ આઝાદ જ બની રહે.

હવે આવા અજ્ઞાની ગુરુ જે કંઈપણ પ્રવૃત્તિ કરશે, તે કોની સલાહ લઈને કરશે ? કોના આધારે કરશે ? સદ્‌ગુરુનું પારતન્ત્ર્ય એણે રાખ્યું નથી, એટલે એમની ઈચ્છા પ્રમાણે તો એ પ્રવૃત્તિ કરવાના નથી.

**શિષ્ય :** શાસ્ત્રબોધના આધારે બધી પ્રવૃત્તિ કરશે......

**ઉપાધ્યાય :** વાહ ! અજ્ઞાનીને વળી શાસ્ત્રબોધ કેવો ? એટલે એ તો શાસ્ત્રબોધ ન હોવાથી એના આધારે પણ પ્રવૃત્તિ કરી શકવાનો નથી. તો એ પ્રવૃત્તિ કેવી રીતે કરશે ?

દા.ત. 'દીક્ષાને માટે લાયક કોણ ?' વગેરેની એને ખબર જ નથી. તો કોઈ મુમુક્ષુ તૈયાર થાય, ત્યારે એને દીક્ષા આપવી કે નહિ ? ક્યારે આપવી ? વગેરે નિર્ણયો એ શી રીતે કરશે ? ગુરુની સલાહ તો લેવાની નથી અને શાસ્ત્રનો બોધ નથી.

એમ 'ચોમાસું ક્યા ક્ષેત્રમાં કરાય ?' વગેરેની એને ખબર જ નથી, તો એ ચોમાસાનો નિર્ણય કેવી રીતે કરશે ?

'ગ્લાનસાધુની કાળજી શી રીતે કરવી ? દવા કરાવવી કે નહિ ? કોની પાસે કરાવવી ?' વગેરેની એને જાણકારી જ નથી, તો પછી ગ્લાનસાધુઓ અંગેનો નિર્ણય શી રીતે લેશે ?

'શાસન ઉપર અનેક પ્રકારે આફતો આવે, ત્યારે શું કરવું ?' એનો પણ નિર્ણય શાસ્ત્ર અજ્ઞાનને લીધે એ શી રીતે લેશે ?

'ગોચરી ક્યારે નિર્દોષ વાપરવી, ક્યારે દોષિત વાપરવી, તે પણ ક્યા દોષથી દોષિત વાપરવી.....' વગેરે બાબતોનો ખ્યાલ જ નથી, તો એ શી રીતે એ બધાનો નિર્ણય લેશે ?

'અતિચાર ક્યારે લાગે ? ક્યારે ન લાગે ? એ હજારો પ્રકારના અતિચારોનું પ્રાયશ્ચિત્ત શું ? આલોચના કેવી રીતે સાંભળવી?......'વગેરે કોઈપણ બાબતનું જ્ઞાન ન હોવાથી એ આલોચના કેવી રીતે સાંભળશે ? અતિચારાદિનો નિર્ણય કેવી રીતે કરશે ? પ્રાયશ્ચિત્ત કેંવી રીતે આપશે ?

આવી તો સેંકડો બાબતો છે.

**શિષ્ય :** જ્યારે જે મનમાં સુઝે, ત્યારે એ પ્રમાણે અજ્ઞાની નિર્ણય લેશે. સીધી જ વાત છે કે સદ્ગુરુની સલાહ ન હોય, શાસ્ત્રબોધ ન હોય ત્યારે પોતાની બુદ્ધિમાં જે આવશે, તેમ જ કરવાનું રહેશે.

**ઉપાધ્યાય :** એટલે આનો અર્થ એ કે આ અજ્ઞાની પોતાના ગુરુની ઈચ્છાથી કે શાસ્ત્રની ઈચ્છાથી તો કોઈપણ પ્રવૃત્તિ નથી જ કરવાનો, નથી કરી શકવાનો. એ માત્ર પોતાની ઈચ્છાથી જ પ્રવૃત્તિ કરવાનો ! બરાબર ને ?

આટલું જ નહિ, પોતાના શિષ્યો, પોતાના નિશ્રાવર્તી સાધ્વીજીઓ,

પોતાના શ્રાવકો વગેરેને પણ એ જ પ્રમાણે પ્રવૃત્તિ કરાવવાનો. એ આશ્રિતો જ્યારે પણ સલાહ લેવા આવશે, ત્યારે આ અજ્ઞાની ગુરુ પોતાના મનમાં જે ગમશે એ જ કહેશે, એ જ કરાવશે. પેલા ભોળા આશ્રિતો પણ 'ભગવાનનું વચન છે' એમ માનીને અજ્ઞાનીના કહ્યા પ્રમાણે જ બધું કરવાના. હકીકતમાં તો એમની પણ બધી જ પ્રવૃત્તિ અજ્ઞાનીની ઈચ્છા અનુસાર જ થવાની.

અથવા તો એવું પણ બને કે અજ્ઞાની પોતે જ પોતાના ગુર્વાદિ જ્ઞાનીઓને પરતંત્ર રહેવાના સંસ્કારવાળો ન હોય, એટલે પોતાના આશ્રિતોને પણ જ્ઞાનીનું પારતન્ત્ર્ય શીખવી ન શકે. એના સ્વચ્છંદતાના સંસ્કાર પેલા આશ્રિતોમાં પણ પડે. એનું મોટું નુકસાન એ કે એ આશ્રિતો પણ પછી પોતાની બુદ્ધિ પ્રમાણે જ પ્રવૃત્તિ કરવા લાગે.

હવે તું જ કહે કે જે ક્ષેત્રમાં આપણું જ્ઞાન ન હોય, એ ક્ષેત્રમાં આપણી બુદ્ધિ પ્રમાણે ચાલીએ તો નિર્ણયો કેવા લેવાય ? બધું ઉંધુ જ પડે ને ?

દર્દીને દર્દનું, દવાનું, સારવારનું જ્ઞાન નથી, તો એ જ્ઞાની એવા ડોક્ટરને સંપૂર્ણ પરતન્ત્ર રહે જ છે ને ? 'સારવાર બાબતમાં ડોક્ટરની સલાહ-સંમતિ લીધા વિના કંઈ ન કરવું' આટલી સાદી સમજણ દર્દીમાં છે, તો જ એનું દર્દ નાશ પામે છે.

પણ જે દર્દી સ્વચ્છંદી બને, ડોક્ટર પાસે જાય જ નહિ, ડોક્ટર સામેથી આવીને સલાહ આપે તો પણ એ સાંભળે નહિ, સાંભળે તો આચરે નહિ. પોતાના મનમાં જે દવા સૂઝે, એ પ્રમાણે દવા લીધા કરે, તો શું હાલત થાય ? દર્દીનું મોત જ થાય કે બીજું કંઈ ?

બસ, સ્વચ્છંદ બનીને વર્તનારા અજ્ઞાનીની હાલત આવા સ્વચ્છંદ દર્દી જેવી થાય. એણે ખરેખર વિચારવું જોઈએ કે 'હું અજ્ઞાની છું, માટે મારે જ્ઞાનીને પરતન્ત્ર રહેવું છે. એના કીધા પ્રમાણે જ કરવું છે....' પણ ભાઈસાહેબ રાજાપાઠમાં આવી જાય, અહંકારના નશામાં ચડી જાય તો આધ્યાત્મિકક્ષેત્રે એવી લપડાક લાગે કે કદાચ અનંતકાળે પણ એનું ઠેકાણું ન પડે.

<u>શિષ્ય :</u> આ તો આપે અજ્ઞાનીને સ્વચ્છંદતાથી થનારા નુકસાનની વાત કરી. અજ્ઞાનીની નિશ્રામાં રહેલાઓને શું નુકસાન ?

<u>ઉપાધ્યાય :</u> આયુર્વેદાદિ કંઈ નહિ ભણેલો કોઈ માણસ જાતને મોટા વૈદ્ય-ડોક્ટર તરીકે જાહેર કરે, પૈસાના જોરે મોટો આડંબર ઉભો કરે, પોતે ખૂબ અનુભવી હોવાનો દેખાવ કરે અને ભોળા લોકો એને સારો વૈદ્ય માની એની પાસે દવા શરું કરે તો ભોળાઓની હાલત શું ?

બસ, એ જ હાલત અજ્ઞાનીના શરણે ગયેલાઓની સમજવી.

અલબત્ત.અજ્ઞાની ગુરુ કોઈને પરતન્ત્ર નથી, સ્વચ્છંદ છે.

જ્યારે અજ્ઞાનીની નિશ્રા સ્વીકારનારાઓ સ્વતન્ત્ર નથી, અજ્ઞાનીને પરતન્ત્ર છે. પણ એ પરતન્ત્રતાનો કોઈ લાભ એમને ન થાય. સ્વચ્છંદ અજ્ઞાની જે ફળ પામે, એને પરાધીન રહેનારાઓ પણ લગભગ એ જ ફળ પામે.

આ હકીકત છે, માટે જ ઉપદેશમાલામાં શ્રીધર્મદાસ ગણિએ કહ્યું છે કે

**जं जयइ अगीयत्थो जं च अगीयत्थनिस्सिओ जयइ ।**

**वट्टावेइ गच्छं अणंतसंसारिओ होइ ।**

અગીતાર્થ = અજ્ઞાની ભલે ગમે એટલું સંયમ પાળવાનો પ્રયત્ન કરે, ભલે અજ્ઞાનીની નિશ્રામાં રહેલાઓ ઉંચુ સંયમ જીવવા પ્રયત્ન કરે, ભલે એ અજ્ઞાની આખા ગચ્છની વ્યવસ્થા સંભાળે..... પણ આ બધા અનંતસંસારી થાય.

આ બધાનો સાર એ કે

જેનામાં ગીતાર્થતા ન હોય, એને કદી ગુરુપદે સ્થાપવા નહિં. આ અંગે ગચ્છાચારમાં ઢગલાબંધ પાઠો આપેલા છે.

ત્યાં તો લખ્યું છે કે અગીતાર્થ અમૃત પીવા આપે, તો પણ ન પીવું અને ગીતાર્થ ઝેર પીવા આપે તો પણ પી લેવું. ગીતાર્થનું ઝેર પણ અમૃત બની રહે છે.

અગ્નિમાં સળગી મરવું પસંદ કરવું, પણ અગીતાર્થની નિશ્રામાં ન રહેવું.........

— x — x —

<u>શિષ્ય :</u> આપની એ વાત સાચી કે અગીતાર્થને ગુરુ ન બનાવવા. પરંતુ જે અજ્ઞાનીઓ ગુરુ બને છે, એ કંઈ સાવ અજ્ઞાની નથી હોતા. દીક્ષા બાદ એ અજ્ઞાનીઓ વર્ષો સુધી ગુરુની સાથે તો રહ્યા જ હોય, એટલે ગુરુની પાસે અનેકાનેક અનુભવો મળ્યા જ હોય, ગુરુની વાચનાઓ સાંભળી હોય, તે તે પ્રસંગોમાં ગુરુ વડે લેવાતા નિર્ણયો પણ જોયા હોય..... વળી આટલા વર્ષો દરમ્યાન સાવ જ અભ્યાસ ન કર્યો હોય એવું પણ નથી. જ્યારે જ્યારે જે પાઠો ચાલતા હોય, ત્યારે ત્યારે એમાં બેઠા પણ હોય. ભલે બધું ન સમજાય, પણ સહેલી બાબતો તો સમજાઈ હોય, ભલે પાછળ મહેનત કરી ન હોય, પદાર્થો રૂઢ કરેલા ન હોય, છતાં જે કંઈ થોડું ઘણું જાણ્યું હોય એના આછા આછા સંસ્કાર તો પડેલા જ હોય. 'આવું આવું કંઈક આવે છે'એવું મનમાં ઠસી ગયું હોય.

આ બધી રીતે તો એમણે ઘણો બોધ મેળવી લીધો હોય, ઘણા બધા આગમોના તે તે પદાર્થો જાણી લીધેલા હોય...... એટલે એ રીતે તો આ અજ્ઞાનીઓ પણ ઘણા જ્ઞાની બની જ ગયા હોય.... તો એમને જ્ઞાની-ગીતાર્થ માની ન શકાય ? એના દ્વારા એમનું પણ કલ્યાણ થાય, એમના નિશ્રાવર્તીઓનું પણ કલ્યાણ થાય, એમ માની ન શકાય ?

<u>ઉપાધ્યાય :</u> ના.

**<u>ખંડ ખંડ જે પંડિત હોવે, તે નહિ કહીએ નાણી રે.</u>**

**<u>નિશ્ચિત સમય લે તે નાણી, સંમતિની સહિનાણી રે. ॥૧૩॥</u>**

<u>ગાથાર્થ :</u> ટુકડે ટુકડે જે પંડિત બને, તે જ્ઞાની ન કહેવાય. શાસ્ત્રનો નિશ્ચયાત્મક બોધ જે પામે તે જ્ઞાની કહેવાય. સન્મતિતર્ક આ બાબતમાં સાક્ષી છે.

<u>ભાવાર્થ :</u> તને લૌકિક કહેવતની ખબર નથી લાગતી. <u>'નીમ હકીમ ખતરે જાન.'</u> જેણે વૈદકનું અધકચરું જ્ઞાન મેળવેલું હોય, તે ખતરા રૂપ જાણવો.

જેને કશું ન આવડે એ ઓછો ખરાબ ! પણ જેને અધકચરું આવડે તે વધારે ખરાબ ! એનું કારણ એ કે જેને કંઈ ન આવડે એ અજ્ઞાની જ જાહેર થવાથી કોઈ એની પાસે સલાહ લેવાનું નથી, એ સ્વયં પણ સલાહ આપવાનો નથી એટલે એનાથી નુકસાન ન થાય. પણ જેમને અધકચરું જ્ઞાન છે, તેઓ એ અધકચરા જ્ઞાનના કારણે ભોળા લોકોમાં આદેય બને, એના કારણે ભોળાઓ એમની વાતો માને....... એ અધકચરા જ્ઞાનનું મોટું નુકસાન ભોગવે.

આ વાત દૃષ્ટાન્તથી વિચારીએ.

જે યુવાનો મેડિકલ લાઈનમાં ગયા જ નથી, એની ડીગ્રી મેળવી જ નથી, એ દવાખાનું ખોલવાના જ નથી, દવાઓ કરવાના નથી. દર્દીઓ દર્દ દૂર કરવા એ યુવાનો પાસે જવાના નથી. એટલે એ યુવાનો ઉંધી દવા આપી દે, એનાથી રોગ વકરે..... મોત થાય......... વગેરે કશું બનવાનું નથી.

પણ જે યુવાનો મેડિકલ લાઈનમાં ગયા હોય, પૈસા ખવડાવીને, આડું અવળું ભણીને ૩૫% , ૪૦% , ૬૦% માર્ક લાવીને ડોક્ટર બન્યા હોય. એ તો દવાખાનું ખોલશે, પોતાની ડીગ્રીની વાતો કરશે, દર્દીઓ એની દવા કરવા આવશે, એ ડોક્ટર જાણે-અજાણે ઉંધી દવાઓ આપશે, રોગ વકરશે, કદાચ મોત થશે...... આ બધું નુકસાન કોને કારણે ? અજ્ઞાની યુવાનો કરતા અધકચરો જ્ઞાની નુકસાન કેટલું કરે ? એ આનાથી સમજાય છે ને ?

એમ જેઓ અભણ જ છે, તેઓ કોલેજમાં, સ્કુલમાં ટીચર-સર બનવાના જ નથી. કેમકે 'અભણ' તરીકેની એમની ડીગ્રી એમને ટીચર-સર બનવા જ ન દે. એટલે 'ટીચર-સર બનીને તેઓ બાળકોને બરાબર ન ભણાવી શકે, ઉંધુ ભણાવી દે, ન સમજાય એવું ભણાવી દે..... એનાથી બાળકો ત્રાસે - કંટાળે - નાપાસ થાય. જીવન બરબાદ થાય......' વગેરે કોઈ નુકસાનો અભણોથી નથી થવાના.

પણ B.C. વગેરે લોકો થોડું ઘણું બોલીને, ૪૦% , ૫૦% , લાવીને ટીચર-સર બને અને સેંકડો વિદ્યાર્થીના જીવનનો ભોગ લેવાય, એ અર્ધ ભણેસરીઓનું અડધું અજ્ઞાન-અધકચરું જ્ઞાન સેંકડો વિદ્યાર્થીઓને નુકસાનકારક બને જ.

આવું તો અનેકાનેક ક્ષેત્રોમાં વિચારી લેવું.

આ જ વાત અહીં પણ છે.

જેઓ કશું જ ભણ્યા નથી, દીક્ષા બાદ ગુરુસેવાદિ સિવાય કોઈ વિશેષ સ્વાધ્યાયાદિ યોગ સાધ્યા જ નથી. માષતુષાદિની માફક જેઓ સાવ અભણ છે. તેઓ તો પોતે જ સમજે કે 'અમે અજ્ઞાની! અમને કંઈ ન આવડે.' લોકો પણ એમને અજ્ઞાની જાણે, એટલે કોઈપણ પ્રશ્નો માટે એમને પુછવા ન જાય. કદાચ કોઈ જવાબ આપે, તો ય એ જવાબ પ્રાયઃ બહુમાન્ય ન બને.

એટલે 'આ સાવ અજ્ઞાનીઓ ખોટી સલાહ આપે, લોકો સ્વીકારે, એનાથી સંકલેશો-ઝગડાઓ-ઉન્માર્ગો-ઉભા થાય....' વગેરે કશું ન બને.

પણ જેઓએ ઘણા શાસ્ત્રો ઉપરછલ્લાં વાંચ્યા હોય, દરેકમાંના થોડા-ઘણા પદાર્થો યાદ રહી ગયા હોય, એવા છૂટા-છવાયા બસો-પાંચસો પદાર્થો આકર્ષક હોય, લોકોને ગમે તેવા હોય... આટલા જ્ઞાનથી એ અડધા જ્ઞાનીને પણ એમ લાગે કે 'હું જ્ઞાની છું' અને ભોળા લોકો તો એને 'સર્વજ્ઞ'ની ઉપમા આપતા ય વિલંબ ન કરે.

આવા અર્ધજ્ઞાનીઓ જ્ઞાની તરીકેની પ્રસિદ્ધિ પામે, એટલે સેંકડો લોકો એમની સલાહ લેવા આવવાના, સંઘો એમને આજ્ઞાંકિત રહેવાના... હવે એ અર્ધજ્ઞાનીઓ જે નિર્ણયો આપે, તે શાસ્ત્રવિપરીત હોય, તો ય શાસ્ત્રાનુસારી તરીકે લોકોમાં ગણાવા લાગે. એ રીતે ઢગલાબંધ ઉત્સૂત્ર આચારો પણ ચારેબાજુ ફેલાય..... એના ઢગલાબંધ નુકસાનો લોકો, સંઘ, શાસન ભોગવે.

આનું નામ **नीम हकीम खतरे जान ।**

પિતાના મૃત્યુ બાદ રાજવૈદ્યનું પદ મેળવવા માટે દીકરો પિતાના મિત્ર પાસે પરગામમાં વૈદક શાસ્ત્ર શીખવા ગયો. ત્યાં કોઈ માણસ બકરી લઈ આવ્યો,

"આની ડોકમાં કંઈક ફસાઈ ગયું લાગે છે......" એમ ફરિયાદ કરી.

__વૈદ્ય :__ આ બકરી ક્યાં ચરતી હતી ?

__માણસ :__ ઘરની પાછળના ભાગમાં.

__વૈદ્ય :__ ત્યાં શું શું પડેલું હતું ?

__માણસ :__ કાકડી વગેરે.......

વૈદ્યે ગળા પર હાથ ફેરવ્યો. ખ્યાલ આવી ગયો કે બકરી આખીને આખી કાકડી ગળી ગઈ લાગે છે. એ કાકડી ગળામાં ફસાઈ ગઈ છે.

વૈદ્યે હોંશિયારીપૂર્વક બકરીની ડોક મરડી, અંદર કાકડી તૂટી ગઈ. અડધો ભાગ બહાર નીકળ્યો, અડધો પેટમાં ગયો. બકરી સારી થઈ ગઈ.

પેલો શીખવા આવેલો યુવાન આટલું જોઈ હર્ષ પામ્યો- 'મને આવડી ગયું' એમ માનીને પોતાના નગરમાં પાછો ફર્યો. રાજાએ એને સત્કાર્યો, 'ઓછા સમયમાં ઘણું ભણી લીધું ' એમ એની પ્રશંસા કરી.

એકવાર રાણીને માથાનો દુ:ખાવો ઉપડ્યો. રાજાએ રાજવૈદ્યને બોલાવ્યા. આ ભાઈસાબ તો હોંશે હોંશે રાણી-વાસમાં પહોંચી ગયા.

__વૈદ્ય :__ શું થાય છે ?

__રાણી :__ માથું સખત દુ:ખે છે.

__વૈદ્ય :__ તમે ક્યાં ચરતા હતાં ?

રાણી વિચારમાં પડી. 'મારે ક્યાં ચરવાનું હોય ? હું કંઈ ગાય-ભેસ-બકરી છું......' પેલા વૈદ્યને એમ કે 'મેં ત્યાં જે પ્રશ્નોત્તરો સાંભળેલા, એ જ અહીં પણ થવા જ જોઈએ. પછી જ મારે સારવાર કરાય. સારવાર કરવાની પદ્ધતિ મેં એ જ જોઈ છે...'

રાણીએ જવાબ ન આપ્યો એટલે વૈદ્યે કહ્યું કે "બોલો, કે ઘરની પાછળના ભાગમાં ચરતી હતી..."

રાણી સમજી કે આ કંઈક વિધિ હશે, એટલે એણે એ પ્રમાણે શબ્દો ઉચ્ચાર્યા.

__વૈદ્ય :__ ત્યાં શું શું હતું ?

પાછી રાણી મુંઝાણી. એને શું ખબર પડે ? વૈદ્યે જ કહ્યુ કે "બોલો કે ત્યાં કાકડી વગેરે હતા..."

બિચારી રાણી ! એણે એ પ્રમાણે જવાબ આપ્યો.

તરત વૈદ્યે રાણીના ગળા ઉપર હાથ ફેરવવા માંડ્યો.

રાણી-રાજા બધા વિચારમાં પડ્યા કે 'દુ:ખે છે માથું, ને આ વૈદ્ય શું કરે છે ?'

પણ 'રાજવૈદ્યની કોઈક આ વિશિષ્ટ પદ્ધતિ હશે.' એમ વિચારી જોવા લાગ્યા.

વૈદ્યે એ પછી રાણીની ડોક જોરથી મરડી નાંખી, રાણી મૃત્યુ પામી. રાજાને ભારે આઘાત લાગ્યો. એ પછી તો બાકીના વૈદ્યોને બોલાવીને પૂછપરછ કરી. બધાએ એક અવાજે કહ્યું કે વૈદક શાસ્ત્રમાં આ રીતનો કોઈ ઉપચાર માથું મટાડવા માટે દેખાડયો નથી... છેવટે રાજવૈદ્યને કડકાઈ સાથે પૃચ્છા કરતા એણે તો બધી હકીકત જણાવી દીધી. રાજાએ તેને દેહાંતદંડની સજા કરી.

**<u>'અડધો ભણેલો અભણ કરતા ભૂંડો'</u>** એ વાત આના ઉપરથી સહેલાઈથી સમજી શકાય છે.

અડધા ભણેલાને અમુક ઉત્સર્ગનો ખ્યાલ હોય, તો એના અપવાદનો ખ્યાલ ન હોય. કોઈકમાં વળી અપવાદનો ખ્યાલ હોય તો ઉત્સર્ગનો ખ્યાલ ન હોય. ઉત્સર્ગ-અપવાદ બંનેનો ખ્યાલ હોય તો ય કઈ પરિસ્થિતિમાં ઉત્સર્ગ અને કઈ પરિસ્થિતિમાં અપવાદ......એનો ખ્યાલ ન હોય. વળી એ બધામાં ક્રમ કયો છે ? એની સમજણ ન હોય. શાસ્ત્રપાઠો આવડે, પણ એનો રહસ્યાર્થ ન આવડે.... એવું ય બને. 'ગમે તે પરિસ્થિતિમાં ચિકિત્સા ન કરાવવી' એટલું વાંચીને બધાને ચિકિત્સાની ના પાડતો ફરે. પણ એ ન સમજે કે 'આ જિનકલ્પી માટેની વાત છે, સ્થવિર કલ્પીઓ તો અપવાદે ચિકિત્સા કરાવી શકે.' .

આવી તો કઈ કેટલીય બાબતોમાં એ પોતે તો મુંઝાય જ, વધુમાં આશ્રિતોને ય મુંઝવી નાંખે.એટલે ઘણા શાસ્ત્રો વાંચ્યા હોય, ઘણા પાઠો આવડતા હોય એટલે એ જ્ઞાની, એવું માની ન લેવું. અલબત્ત આ બધું જ્ઞાની બનવાનું સાધન ખરુ, પણ એમાં એકાંત તો નહિ જ. જેની પાસે માત્ર શ્રુત આવે અને ચિન્તા ન આવે, શ્રુત પણ તમે કહ્યું એ પ્રમાણે કટકે-કટકે આવે, સંપૂર્ણ ન આવે, ક્રમશઃ ન આવે તો એને જ્ઞાની માની ન શકાય.

<u>શિષ્ય :</u> તો પછી જ્ઞાની કોણ ?

<u>ઉપાધ્યાય :</u> સમય = સિદ્ધાન્તો-આગમો-શાસ્ત્રો. એના પદાર્થોનો નિશ્ચયાત્મક બોધ ધરાવનાર મહાત્મા જ્ઞાની કહેવાય.

આશય એ છે કે જે મહાત્માએ ટુકડે ટુકડે, અડધો-પડધો શાસ્ત્રાભ્યાસ ન કર્યો હોય પણ વ્યવસ્થિત રીતે આગમોનું ઉંડાણથી વાંચન કર્યુ હોય, એના ઉપર ઉહાપોહ કર્યો હોય, જે જે પ્રશ્નો ઉપસ્થિત થાય, તેનું શાસ્ત્રાનુસારી માર્ગદર્શન મેળવ્યું હોય, 'આ પદાર્થ આમ હશે. પણ પાકી ખબર નથી' એવું સંદેહ ભરેલું જ્ઞાન ન હોય. તેમ 'મને બધી ખબર છે' એવો અતિવિશ્વાસ પણ ન હોય.

આવા મહાત્માને જ્ઞાની કહેવાય.

આ વાત માત્ર મારી નથી, ખુદ સિદ્ધસેન દિવાકર સૂરિએ સન્મતિતર્કમાં 'જ્ઞાની કોને કહેવો ?' એ વાત ઉપરની પદ્ધતિથી દર્શાવેલી છે.

– x – x –

બાકી જિનશાસનનો નિશ્ચયાત્મક બોધ જેની પાસે નથી. તેને માટે ઉપદેશમાલાકારે જે કડક શબ્દો વાપરેલા છે, એ સાંભળતા તો ધ્રુજારી છુટી જાય છે. આ રહ્યા એ શબ્દો :

**જિમ જિમ બહુશ્રુત, બહુજનસંમત, બહુશિષ્યે પરિવરિયો રે .**
**તિમ તિમ જિનશાસનનો વૈરી, જો નિશ્ચય નવિ દરિયો રે. ॥૧૪॥**

ગાથાર્થ : જો સાધુ નિશ્ચયનો દરિયો ન હોય, તો જેમ જેમ બહુશ્રુત બને, જેમ જેમ બહુજનને સંમત બને, ઘણા બધા શિષ્યોથી પરિવરેલો બને, તેમ તેમ જિનશાસનનો શત્રુ બને.

ભાવાર્થ : ગુજરાતી ભાષામાં ઉપર જે વાત જણાવી, તે ઉપદેશમાલાની પ્રાકૃતગાથાના આધારે જ જણાવી છે. એ ગાથા આ પ્રમાણે છે કે

**जह जह बहुस्सुअ सम्मओ य । सीसगणसंपरिवुडो य ॥**
**अविणिच्छिओ य समए, तह तह सिद्धन्तपडिणीओ ॥**

શાસ્ત્રનો જેને નિશ્ચયાત્મક બોધ ન હોય, તે જેમ જેમ બહુશ્રુત બને, બહુમાન્ય બને, વધુ શિષ્યોના પરિવારવાળો બને, તેમ તેમ તે સિદ્ધાન્તનો શત્રુ જાણવો.

શિષ્ય : એ બહુશ્રુત હોય અને છતાં શાસ્ત્રોનો નિશ્ચયાત્મક બોધ ન ધરાવતો હોય એ શી રીતે બને ?

ઉપાધ્યાય : બહુશ્રુતના બે અર્થ કરી શકાય. (૧) ઘણું બધું શ્રુત-સૂત્ર જેણે ગોખેલું છે તે. (૨) ઘણા બધા શાસ્ત્રો જેણે વાંચેલા છે તે.

આમાં જેણે સૂત્રો ઘણા ગોખેલા હોય, પણ એની નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ વગેરેનો અભ્યાસ ન કરેલો હોય તો એને શાસનના પદાર્થોનો નિશ્ચયાત્મક બોધ ન હોય એ સ્વાભાવિક છે. સૂત્રો ભલેને ૩૦ હજાર આવડે, પણ એનું રહસ્ય ભણ્યો જ ન હોય તો શી રીતે આવડે ? આજે પણ આપણે અનુભવીએ જ છીએ કે આપણને ય ગાથાઓ ઢગલાબંધ આવડતી હોય, તો પણ કોઈ એનો અર્થ પૂછે, તો આપણે કહી દઈએ કે 'મને અર્થ તો નથી આવડતો.....'

આમ બહુશ્રુતતા અને છતાં શાસ્ત્રોના નિશ્ચયાત્મક બોધનો અભાવ... એ

બંને સંભવિત છે.

માનો કે **'ઘણા બધા શાસ્ત્રો વાંચેલા હોય તે બહુશ્રુત'** એવો અર્થ લઈએ, તો જો કે એને અર્થો તો આવડે પણ એ પદાર્થોનું ચિંતન કરેલું ન હોય, માત્ર શબ્દાર્થ સમજી લે, પણ એના ભાવાર્થ તરફ ધ્યાન જ ન આપે. એટલે જ એને માત્ર લખેલાનો અર્થ કરતા આવડે, એ એટલું જ સમજે. એના કરતા હજાર ગણું નહિ લખેલું પણ સમજવાનું હોય છે, પણ એ ન સમજી શકે.

સ્પષ્ટ ભાષામાં કહીએ તો શ્રુતજ્ઞાન હોય, પણ ચિંતા અને ભાવના ન હોય તેને માટે કહી શકાય કે આ બહુશ્રુત છે, પણ શાસ્ત્રોના નિશ્ચયાત્મક બોધવાળો નથી.

આ જ પદાર્થ દૃષ્ટાન્ત દ્વારા સમજીએ.

વિશ્વનો મહાન વૈજ્ઞાનિક આલ્બર્ટ આઈન્સ્ટાઈન ઠેકઠેકાણે વિજ્ઞાનવિષય ઉપર પ્રવચનો આપતો. એનો ડ્રાઈવર ઢગલાબંધ વાર એકના એક પ્રવચન સાંભળીને કંટાળેલો. એકવાર તો એણે હિંમત કરીને આલ્બર્ટને કહી દીધું કે "તમે તો એકનું એક પ્રવચન બોલ્યા કરો છો. એમાં તમારી કોઈ હોંશિયારી નથી. તમે કહેતા હો તો એ આખું પ્રવચન હું આપી શકું. કેમકે મને તો એ મોઢે થઈ ગયું છે....."

આલ્બર્ટે હસીને કહ્યું કે "આજે મારા બદલે તું પ્રવચન આપ. આપણે જોઈએ કે શું થાય છે....." અને એ દિવસે બંનેએ કપડા બદલી લીધા. આલ્બર્ટ બન્યો ડ્રાઈવર અને ડ્રાઈવર બન્યો મહાન વૈજ્ઞાનિક આલ્બર્ટ આઈન્સ્ટાઈન !

અને ખરેખર હજારો માણસો સામે એ ડ્રાઈવરે જોરદાર પ્રવચન આપ્યું. લોકોએ તાળીઓ પાડી. ડ્રાઈવરે આલ્બર્ટ સામે જોયું. "જોયું ને ? મને ય આવું બોલતા તો આવડે......." એમ આંખના ઈશારાથી જ કહી દીધું.

પણ તે જ વખતે સભામાંથી દરખાસ્ત આવી કે "સભાસદો કેટલાક પ્રશ્નો પૂછવા માંગે છે..." અને ડ્રાઈવરને પરસેવો છૂટી ગયો. ના ન પાડી શક્યો ને પ્રશ્નો શરુ થયા. હવે એક પણ જવાબ આપવાની એની તાકાત ન હતી. કેમકે હવે ગોખેલું બોલવાનું હતું.

પણ ડ્રાઈવરનું પ્રચંડ ભાગ્ય કે અચાનક એને એક યુક્તિ સુઝી. "અરે ! આ તો સાવ સામાન્ય પ્રશ્નો છે. આનો જવાબ તો મારો ડ્રાઈવર પણ આપી દે......" એમ કહીને ડ્રાઈવર બનેલા આલ્બર્ટને ઊભો કરી દીધો. એણે બધા જવાબ આપ્યા. લોકોએ તો આલ્બર્ટના બેહદ વખાણ કર્યા કે 'એનો ડ્રાઈવર પણ

કેટલો હોંશિયાર !'

અહીં વાત એટલી જ કે જેમ ડ્રાઈવરને ગોખ્યા પ્રમાણે બધું આવડી ગયું પણ જરાક આડા-અવળા પ્રશ્નો પુછાયા કે એની જીભ બંધ થઈ ગઈ.

બસ આવું જ બને બહુશ્રુત એવા પણ નિશ્ચયબોધ વિનાના જીવમાં !

કેટલાક વ્યાખ્યાનકારોને એવું બને છે ને ? જેટલી તૈયારી કરી હોય, એટલું તો બધું બોલી દે, પણ સભામાંથી કોઈક અઘરો પ્રશ્ન આવે, તો જવાબ ન આપી શકે. કાં તો ના પાડવી પડે, કાં તો આડા-અવળા-ઉડાઉ જવાબો આપવા પડે......

શાસ્ત્રો વાંચી જવા એ અલગ વસ્તુ છે. વાંચ્યા બાદ એ પદાર્થોને દઢ કરવા, આગળ-પાછળનો વિચાર કરી એનો નિષ્કર્ષ કાઢવો એ અલગ વસ્તુ છે.

જુઓ.

+ સાતમા ગુણઠાણાથી જીવ અપ્રમત્ત સંયત કહ્યો છે. હવે કોઈ પ્રશ્ન કરે કે "વિષય-કષાય એ પણ પ્રમાદ જ ગણેલા છે. હવે સાતથી દસમાં ગુણસ્થાન સુધી પણ સંજવલનનો ઉદય તો છે જ, તો ત્યાં પણ કષાય નામનો પ્રમાદ હોવાથી એ જીવો અપ્રમત્ત શી રીતે કહેવાય ? એમ વેદોદય નવમા સુધી હોવાથી પણ એ જીવોને અપ્રમત્ત શી રીતે કહેવાય ? નિદ્રા તો છેક બારમા ગુણઠાણે પણ હોવાથી અને એ પ્રમાદરૂપ હોવાથી એ જીવોને અપ્રમત્ત શી રીતે કહેવાય ?"

+ 'મૈથુન સિવાય બધામાં અપવાદ છે' એવું શાસ્ત્રોમાં કહ્યું છે, અને હવે કોઈ પ્રશ્ન કરે કે "મહાનિશીથમાં તો 'મૈથુન+અપ્કાય+તેઉકાય એ ત્રણમાં કોઈ જ અપવાદ નથી.' એવું સ્પષ્ટ કહ્યું છે. તો એનું સમાધાન શું ?"

+ કોઈ પ્રશ્ન કરે કે "તમે તો શાસ્ત્રોના આધારે નિશીથચૂર્ણિના જ્ઞાતાને ગીતાર્થ કહો છો. જયારે દ્રવ્યગુણ પર્યાયના રાસ વગેરે ગ્રન્થોમાં સન્મતિતર્કાદિના જ્ઞાતાને ગીતાર્થ કહ્યો છે, તો એનું સમાધાન શું ?"

+ કોઈ પ્રશ્ન કરે કે "અભવ્યો કદી મોક્ષે ન જાય, એમ પ્રસિદ્ધ છે. પણ કેટલાકો એમ કહે છે કે અભવ્યો પણ અષ્ટકર્મનો ક્ષય કરીને આત્મસુખના ભોકતા બની શકે છે......." તો એ શી રીતે ?

+ કોઈ પ્રશ્ન કરે કે "તિર્યંચોને માત્ર પાંચમું ગુણઠાણું હોય, સર્વવિરતિ ન હોય એ વાત પ્રસિદ્ધ છે. પણ બીજી બીજુ એવું પણ જાણ્યું છે કે તિર્યંચો પણ સર્વ વિરતિનો સ્વીકાર કરે ......તો એ શી રીતે ઘટે ?"

+ કોઈ પ્રશ્ન કરે કે "જંબુસ્વામી બાદ પ્રથમ સંઘયણનો વિચ્છેદ થયો અને

એટલે પારાંચિત પ્રાયશ્ચિત્તનો પણ વિચ્છેદ થયો. કેમકે એ પ્રાયશ્ચિત્ત પ્રથમ સંઘયણી જ કરી શકે...... પણ બીજીબાજુ સંભળાય છે કે સિદ્ધસેન દિવાકર સૂરિજી ને પારાંચિત પ્રાયશ્ચિત્ત આપવામાં આવ્યું તો એ શી રીતે ઘટે ? એ તો જંબુસ્વામી બાદ થયા છે. તો પહેલા સંઘયણ વિના એમને પારાંચિત પ્રાયશ્ચિત્ત શી રીતે ?

+ કોઈક પૂછે કે "પાંચમાં આરામાં આ ભરતક્ષેત્રમાંથી કોઈ મોક્ષે ન જઈ શકે......પણ બીજી બીજુ સાંભળ્યું છે કે 'આ કાળમાં પણ આ ક્ષેત્રમાંથી પણ કોઈક જીવ આઠે ય કર્મોનો ક્ષય કરીને મોક્ષ પામી શકે ખરો.' તો આ વાત શી રીતે ઘટે ?"

+ કોઈક પૂછે કે "જેમ જેમ જિનવચનો પર શ્રદ્ધા વધતી જાય, તેમ તેમ સમ્યગ્દર્શન મલિન બનતું જાય એવું પણ બની શકે ખરું. એમ જેમ જેમ જિનવચનો પર શ્રદ્ધા ઘટતી જાય, તેમ તેમ સમ્યગ્દર્શન નિર્મળ બનતું જાય એવું પણ બની શકે ખરું ?" તો શું જવાબ દેશો ?

+ કોઈક પૂછે કે "સિદ્ધભગવંતોમાં પણ રાગદ્વેષ-અજ્ઞાનાદિ છે, એ વાત શું સાચી હોઈ શકે ખરી ?" તો શું જવાબ દેશો ?

+ કોઈક પૂછે કે "સિદ્ધોમાં તો અનંતજ્ઞાન-અનંતદર્શન-ક્ષાયિક સમ્યક્ત્વ-અનંતચારિત્રાદિ ગુણો છે. તો તેઓમાં ક્રમશઃ માત્ર જ્ઞાનોપયોગ અને દર્શનોપયોગ જ કેમ માન્યો ? સમ્યગ્દર્શનોપયોગ અને સમ્યગ્ચારિત્રોપયોગ કેમ ન માન્યા ? છદ્મસ્થોમાં જો આપણે સમ્યકત્વપરિણામ અને ચારિત્રપરિણામ માનીએ છીએ, તો એ સિદ્ધોમાં કેમ નહિ ?" તો શું કહેશો ?

+ કોઈક પૂછે કે "કેવલીઓમાં જો દ્રવ્યપરિગ્રહ માનો છો, તો તેઓમાં દ્રવ્યમૃષા અને દ્રવ્ય-અદત્તાદાન હોય ખરું કે નહિ ?" તો શું જવાબ દેવો ?

આવા તો સેંકડો પ્રશ્નો ઉપસ્થિત થાય,એ બધાના શાસ્ત્રાનુસારી જવાબો ભાવનાજ્ઞાનવાળાને ખ્યાલમાં આવે. અલબત્ત ક્ષયોપશમની તરતમતાના કારણે કદાચ ખ્યાલ ન આવે, તો પણ એ કદી એકાંતવાદી ન બને, સમાધાનવાદી બને.

<u>શિષ્ય :</u> તમારી એક વાત હજી સમજાતી નથી, ચિન્તા-ભાવનાજ્ઞાન વિનાનો સાધુ શાસનને નુકસાનકારી શી રીતે બને ? એમાય વધુ શ્રુતથી, વધુ લોકમાન્યતાથી, વધુ શિષ્યપરિવારથી વધુ શાસનશત્રુ બને, એ શી રીતે ?

<u>ઉપાધ્યાય :</u> આ વાત એક દૃષ્ટાંતથી વિચારીએ.

શિવભૂતિ દ્વારા દિગંબરમત ઉત્પન્ન થયો, આજે ભારતમાં લાખો દિગમ્બર

જૈનો વિદ્યમાન છે. એમનો ગુજરાત સિવાય અન્ય સ્થાનોમાં ફેલાવો પણ ખાસ્સો છે. આ બધું ક્યારે બન્યું ? શિવભૂતિ પાસે પોતાના મતનો પ્રચાર કરવા માટે ઘણું શ્રુતજ્ઞાન હતું, એના આધારે એ લોકમાન્ય પણ બનતો ગયો અને એના આધારે એનો શિષ્ય પરિવાર પણ વધતો ગયો..... આ બધુ થયું, માટે એ દિગંબરમત ઘણો ફાલ્યો-ફુલ્યો.

બાકી જો એ વ્યક્તિ પાસે પોતાના પદાર્થોને સાચા રજુ કરવા માટે જરૂરી શ્રુતજ્ઞાન જ ન હોત, એટલે જ એની વાતો બહુમાન્ય ન બની હોત, એટલે જ એના શિષ્યો વગેરે રૂપ પરિવાર થયો ન હોત, તો તો દિગંબરમત શિવભૂતિમાં જ ઉત્પન્ન થઈને શિવભૂતિમાં જ વિનાશ પામ્યો હોત.

આ જ વાત જરાક વિસ્તારથી સમજીએ.

કોઈપણ વ્યક્તિએ પોતે માનેલા મતનો વિસ્તાર કરવો હોય તો એને લગભગ આ ત્રણ વસ્તુની જરૂર પડવાની.

(૧) બહુશ્રુતજ્ઞાન

(૨) લોકમાન્યતા = બહુભક્તવર્ગ.

(૩) બહુશિષ્યાદિવર્ગ

**<u>(૧) બહુશ્રુતજ્ઞાન :</u> પોતે જે મત માન્યો છે, એને સાચો સાબિત કરવા માટે** શાસ્ત્રપાઠો તો આપવા પડે ને ? જાત-જાતની યુક્તિઓ તો આપવી પડે ને ? એ બધું એને મળે ક્યાંથી ? ઓછું ભણેલો હોય તો પોતાની માન્યતાનો પ્રચાર કરવો હોય તો પણ શી રીતે કરે ? લોકો પુછવાના તો ખરા જ કે "આ અંગે તમારી પાસે સાક્ષીપાઠ શું ? કયા શાસ્ત્રના આધારે તમે આ બોલો છો ?" એ વખતે એ જો એમ કહે કે "શાસ્ત્રપાઠ તો મારી પાસે નથી....." અથવા તો માંડ એક-બે પાઠ આપે તો એની વાત કોણ માનવાનું ? કોઈ જ ન માને. અને તો પછી એના આ મિથ્યામતનો ફેલાવો ઓછો થાય. અલબત્ત પોતે પોતાના કદાગ્રહને કારણે ઘણું નુકસાન પામે, પણ બીજાઓને મિથ્યાત્વાદિની પ્રભાવના ન થવાથી કોઈ જ વાંધો ન આવે.

પણ જો ઘણું બધું શ્રુત જ્ઞાન હોય, તો એ પોતાની તરફેણ માટે અનેક પાઠો આપી શકે. એ માટેની યુક્તિઓ પણ એ જ પાઠોના આધારે વર્ણવી શકે. આમ પણ અનેકાન્તવાદમય શાસનમાં પ્રાય : તમામ નયો અંગેના પાઠો સીધા કે આડકતરા મળવાના જ છે. ઉત્સર્ગ-અપવાદ, વ્યવહાર-નિશ્ચય, જ્ઞાન-ક્રિયા...આ બધું જ મળવાનું... આ જીવ તો મનગમતા પાઠોનો ઢગલો જ કરી

દે... હવે આટલા બધા પાઠો લોકો સાંભળે એટલે બધાને એના તરફ વિશ્વાસ ઉભો થતો જાય. 'મહારાજની વાત તો શાસ્ત્રાનુસારી છે. આ પ્રમાણે જ હોવું જોઈએ. જેઓ આવું નથી માનતા-નથી કરતા, તેઓ બધા ખોટા જ છે...'એવા નિર્ણય પર આવી જાય.

આમ બહુશ્રુતજ્ઞાનવાળો પુસ્તકાદિના આધારે પોતાના મતનો ચારેબાજુ ફેલાવો કરી શકે...આ રીતે સેંકડો-હજારો લોકો મિથ્યામતના પુજારી બને, મિથ્યાત્વી-આચારભ્રષ્ટ બને...કદાગ્રહી બને...આમાં જિનશાસનને તો નુકસાન થવાનું જ ને ? પ્રત્યેક મિથ્યામત જિનશાસનને માટે તો શત્રુ જ બની રહેવાનો. એ હજારો લોકો, પરંપરાએ લાખો- કરોડો લોકો આત્મહિત ગુમાવવાના, તેઓ જિનશાસનના વિરોધી બનવાના, જિનશાસનની સાચી માન્યતાને ખોટી સાબિત કરવાના... જિનશાસનના સંરક્ષકોએ એક નવો યુદ્ધનો મોરચો શરુ કરવો પડવાનો...આ બધામાં જિનશાસનને નુકસાન થવાનું જ થવાનું. ભલે સંરક્ષકો તમામ તાકાત લગાડીને વિજય મેળવી પણ લે, છતાં એ બધા મિથ્યામતીઓને ફરી જિનશાસનનો મત સ્વીકાર કરાવી શકવાના નથી. એમને ખોટો પ્રચાર કરતા રોકી શકવાના નથી...અને વિજય મેળવ્યા બાદ પણ જિનશાસનને નાના મોટા ફટકા તો પડ્યા જ કરવાના.

તાજેતરમાં જ એક મુગ્ધ મુનિએ મહાનિશીથ-ગચ્છાચારાદિના પાઠોને આધારે ચારેબાજુ પ્રચાર કર્યો કે "બે ઘડી પહેલા જે સાધુઓ ચોવિહાર ન કરે, તેઓને રાત્રિભોજનનો દોષ લાગે, વ્યાખ્યાનની પાટ વાપરે તેઓ ઉન્માર્ગગામી ગણવા..." વગેરે.

એમણે ઉત્સર્ગ ગ્રન્થોના ઘણા પાઠો આપ્યા, એટલે ઘણાઓને એ વાતો સાચી લાગી, ઘણા એમના અનુયાયી બન્યા, ઘણાઓ બાકીના સાધુ-સાધ્વીઓને આચારભ્રષ્ટ,મિથ્યાત્વી માનવા લાગ્યા, પરસ્પર ઘણા ઝગડાઓ-સંકલેશો ઉભા થયા.....આ તો શાસનનું સૌભાગ્ય કે એ મુનિને અચાનક શું સુઝયું કે એમણે રંગે ચંગે દીક્ષાત્યાગ કર્યો. ટાઢે પાણીએ ખસ ગઈ. જો આમ ન થયું હોત તો એમના દ્વારા નવો પંથ ઉભો થાત, જિનશાસન માટે, એના સંરક્ષકો માટે એક નવા શત્રુનો સામનો કરવાનો અવસર આવત.

જો આ મુનિ પાસે એ અધકચરું શ્રુતજ્ઞાન હોત જ નહિ, કશું ભણ્યા જ ન હોત...... તો આ નવો મત ઉભો કરી જ ન શકત. શાસ્ત્રપાઠો વિના તો એમની વાતો સાવ પગ-માથા વિનાની જ લાગત અને એટલે મુગ્ધલોકો પણ એ

ન સ્વીકારત......

(૨) <u>બહુભક્તવર્ગ :</u> સામાન્યથી એવું બને કે બહુ શ્રુતજ્ઞાન હોય, એની પાસે બહુ ભક્તવર્ગ ઉત્પન્ન થાય. જો કે ક્યારેક એમાં ઉંધુ પણ બને. બહુ શ્રુતજ્ઞાન હોવા છતાં પણ જો યશનામ, આદેય નામ, પ્રરૂપણાશક્તિ ન હોય તો કોઈ એમનો ભક્ત ન બને. મુક કેવલી જેવા એ મહાત્મા લગભગ અપ્રગટ - અજાહેર જ બની રહે. અને તો પછી એમનો મિથ્યામત એમનામાં જ સમાઈ જાય. બહાર ન ફેલાય. પણ જો બહુ ભકતવર્ગ થાય, શ્રીમંત ભકતવર્ગ થાય તો એમના મિથ્યામતનો ફેલાવો બેસુમાર થાય.

તે આ પ્રમાણે

+ ભકતો પ્રભાવનાદિની લાલચ દ્વારા એ મિથ્યામતીના વ્યાખ્યાનમાં ઘણા બધાને આકર્ષે, ભોળા - લોભીયા જીવો આકર્ષાય, મિથ્યામતના પાઠો-યુક્તિઓ સાંભળે, એમની માન્યતાને સાચી માનતા થાય અને એ રીતે એમના અનુયાયી બનતા જાય.

+ એ મિથ્યામતી પાસે ઘણા ભક્તો વારંવાર મળવા આવે, ગાડીમાં મળવા આવે... આ બધું મુગ્ધજીવો જુએ અને આ બાહ્ય આડંબરમાં ખેંચાઈ જાય. 'આ કોઈમહાપુરુષ લાગે છે' એમ એમના પ્રત્યે મનમાં સદ્ભાવ પામી જાય. એમની પાસે આકર્ષાતા જાય... એકવાર મનમાં સદ્ભાવ પ્રગટેલો હોય, પછી એમના મગજમાં મિથ્યામત ઘુસાડવો... એ મિથ્યામતીઓ માટે ડાબા હાથનો ખેલ બની રહે.

આમ ભક્તો કશું ન કરે, તોય એ બહુ ભકતો થકી મિથ્યામતીઓ વધતા જ જાય.

+ પૈસો પૈસાને ખેંચે, એમ ભકતો ભકતોને ખેંચે. ૫૦૦ ભકતો એક-એકને ઘસડી લાવે, એટલે હજાર થાય. એ હજાર વળી એક-એકને ખેંચી લાવે, થાય ૨૦૦૦.....આ રીતે કુદકે ને ભુસકે સંખ્યાવૃદ્ધિ થતી જ જાય.જમાલિ-ગોશાળાના શ્રાવકોની સંખ્યા પ્રભુવીરના શ્રાવકો કરતા ઘણી વધારે હતી, એ તો યાદ છે ને ?

+ ભકતો પૈસા દ્વારા, વાક્છટા દ્વારા ચારેબાજુ એ મહાત્માનો - એમના મતનો પ્રચાર કરી શકે. જ્યાં એ મિથ્યામતિઓ પહોંચે, ત્યાં એમના ભકતો પ્રચાર-પ્રસારની બધી વ્યવસ્થા ગોઠવી જ દે.....

એક વાત તો નક્કી છે કે જગતના મોટા ભાગના લોકો ધર્મક્ષેત્રમાં તો

મુગ્ધ જ છે. બાહ્ય આડંબરાદિ જોઈને ખેંચાઈ જનારા છે. સ્પષ્ટ કહીએ તો ધર્મની બાબતમાં વિવેકબુદ્ધિનો લગભગ અભાવ છે. વિચારવાની ક્ષમતા જ ધરાવતા નથી. અને એટલે જ એમના આ ભોળપણનો લાભ ચાલાકો ઉઠાવવાના જ . કોઈ એમને રોકી શકે નહિ.

આમ મિથ્યામતીઓનો ભકતવર્ગ જેટલો વધારે, એટલુ જ જિનશાસનને નુકસાન વધુ ! તાજેતરમાં જ મહારાષ્ટ્રની ચૂંટણીમાં શિવસેનાને સખત ફટકો પડ્યો. કેમકે શિવસેનામાંથી જ રાજ ઠાકરેએ છૂટા પડીને મ.ન.સે. નામની નવી સેના સ્થાપી. હવે અત્યાર સુધી એ શિવસેનામાં જ હતો એટલે રાજ ઠાકરેના વોટો શિવસેનામાં જ ગણાઈ જતા. પણ એ છૂટો પડયો, એટલે શિવસેનાના એટલા વોટ ઘટ્યા. એક નવો શત્રુ વધ્યો. દા.ત. શિવસેનાને દસલાખ વોટ મળતા હતા, તો રાજઠાકરેના ત્રણ લાખ ઓછા થવાથી શિવસેનાને સાત લાખ જ મળ્યા. એમાં આઠ - નવ લાખવાળા બીજા પક્ષો ફાવી ગયા. બે બિલાડીની લડાઈમાં વાંદરાને જલસા થઈ ગયા.

લગભગ આવી જ કંઈક પરિસ્થિતિ અહીં નિર્માણ પામે છે. જો જૈનોમાં દિગંબર મત ઉભો થયો ન હોત, તો આજે ધારો કે ૪૦ લાખ શ્વેતાંબરો છે એને બદલે ૮૦ લાખ જૈનો કહેવાત. જે બધા સાચા મતને અનુસરનારા હોત. એમ શ્વેતાંબરમાં પણ નવા નવા ફાંટાઓ પડતા જ ગયા, અને એના ટુકડા થતા ગયા. પરિણામે ભગવાનની સાચી માન્યતાઓને માનનારો વર્ગ ઘણો ઘણો ઘટી ગયો, અને ઘટતો જ જાય છે કેમકે ઉભા થયેલા અનેક નૂતન મતોની તાકાત ઘણી છે... જો કે બધા એમ જ કહે છે કે 'અમે જે માનીએ છીએ. એ જ સાચું. બાકી બધું ખોટું...' પણ વાસ્તવિકતા શું ?

ખેર ! પણ એક વાત નક્કી કે જિનશાસનને નહિ સમજેલા માણસનો ભક્તવર્ગ વધુ હોય, તો એ જિનશાસનને વધુ નુકસાન કરે જ... એ નિશ્ચિત હકીકત છે.

(૩) <u>બહુશિષ્ય પરિવાર :</u> બહુશ્રુતજ્ઞાનથી બહુભક્તો થાય, બહુભક્તોમાંથી તેઓ કે એમના સંતાનો દીક્ષા લે.... આ રીતે બહુ શિષ્ય પરિવાર થાય. ભક્તો કરતા પણ શિષ્યો વધુ મહત્વના છે, વધુ કામ કરનારા છે, ભક્તો તો પોતાના માનેલા ગુરુ પાસે ઓછો સમય રહેવાના, ગુરુ દૂર ગયા હોય તો તેઓ મહીને-વર્ષે એકાદ વાર મળવા જવાના, એમની પાસે ગુરુની માન્યતાનું જ્ઞાન પણ ઉપરછલ્લું જ હોવાનું, તેઓ વળી પોતાના સંસારના અનેક કાર્યોમાં ગુંચવાયેલા

રહેવાના.

જ્યારે શિષ્યો તો (૧) ગુરુની સાથે ઘણો બધો વખત રહેવાના. (૨) ગુરુ જયાં જાય ત્યાં સાથે જવાના. (૩) ગુરુના મતને બરાબર જાણીને એનો પ્રચાર-પ્રસાર કરવાની તાકાત કેળવવાના. (૪)એમને બીજા કોઈ કાર્યો ન હોવાથી ગુરુના મત માટે ધગશ સાથે પુષ્કળ કામ કરવાના.

ભક્તોને પૈસા ખરચતા આવડે, પણ ગુરુના મતની પ્રરૂપણા કરી શકે એવા ભક્તો તો ઓછા જ રહેવાના. જ્યારે શિષ્યો એ કામ સારી રીતે કરી શકવાના.

વળી ભક્તો પાસે સાધુવેષ નથી, શિષ્યો પાસે તો વેષ છે. લોકો ઉપર ભક્તો કરતા ય શિષ્યોની અસર હજારગણી પડવાની.

આજે કોઈપણ પ્રભાવકને ભક્તોની જેટલી જરૂર છે, એના કરતા શિષ્યોની જરૂર ઘણી વધારે પડે છે. ભક્તો ગમે એટલા હોય તો ય શિષ્ય વિનાનો પ્રભાવક પીંછા વિનાના મોર જેવો જ લાગે.....

ગુરુની પરંપરાને પેઢી-દર પેઢી આગળ વધારવાનું કામ આ શિષ્યો કરવાના. અવિચ્છિન્ન પરંપરા જો કોઈની પણ ચાલી છે, તો એ શિષ્યોના આધારે ચાલી છે, માત્ર ભક્તોના આધારે નહિ. મિથ્યામતીઓના ઉત્તરાધિકારી પણ એના શિષ્યો બને, એના ભક્તો નહિ. જેની પાસે શિષ્યપરિવાર નથી, એનો મત ચાલવાનો જ નહિ. ચોમાસામાં ઉત્પન્ન થયેલા દેડકાઓ ચોમાસુ પૂર્ણ થતા આપોઆપ અદશ્ય થઈ જાય, એમ આવા મિથ્યામતો ઝાઝા ચાલે નહિ, એ વ્યક્તિ જાય એટલે ભેગો મત પણ જાય. કારણ કે એની પાસે શિષ્યપરિવાર નથી. આજે પણ સ્પષ્ટ અનુભવાય છે કે જેની પાસે શિષ્યપરિવાર ઘણો, એ પોતાનો પ્રચાર ઘણો સારો કરી શકે છે.

વળી જેમ ભક્તો ભક્તોને ખેંચે, તેમ શિષ્યો શિષ્યોને ખેંચે...... એ રીતે શિષ્યપરિવાર શિષ્યપરિવારને વધારવામાં નિમિત્ત બનતો રહે, એ વધેલો પરિવાર વધુ પ્રચાર કરવાનો જ.

આમ સ્પષ્ટ લાગે છે કે આ ત્રણ વસ્તુઓ ચિન્તા-ભાવનાજ્ઞાન વિનાના શુષ્કજ્ઞાની પાસે જેટલી વધારે, એટલું જ શાસનને નુકસાન વધારે.

માટે જ તો અપાત્રજીવોને શ્રુતજ્ઞાન આપવાની ના પાડવામાં આવી છે, જેથી તેનું શ્રુતજ્ઞાન વધે જ નહિ.

માટે જ તો અપાત્રજીવોને વ્યાખ્યાનાદિની છૂટ અપાઈ નથી, કે જેથી એનો ભક્તપરિવાર વધે જ નહિ.

માટે જ તો અપાત્રજીવોને ગુરુપદવી આપવાનો નિષેધ કરાયો છે કે જેથી એનો શિષ્યપરિવાર વધે જ નહિ.

**શિષ્ય :** ચિનતાજ્ઞાન - ભાવનાજ્ઞાન અંગે કંઈક સમજાવશો ?

**ઉપાધ્યાય :** આ અંગે અન્ય ગ્રન્થોમાં વિસ્તારથી દર્શાવેલું છે. [વિરતિદૂત અંક - ૫૮ - ૫૯ - ૬૦ - ૬૧ જુઓ ] એટલે ટુંકમાં એટલું જણાવું કે જેના રોમે રોમે એટલી વાતની શ્રદ્ધા ધબકતી હોય કે "પ્રભુનું એક પણ વચન ખોટું ન હોય, એની પાછળ કોઈને કોઈ અપેક્ષા હોય........" અને એટલે જેટલા જેટલા વિરોધી વચનો મળે, એ બધામાં એ સમાધાન શોધી લે. શ્રુતજ્ઞાન વચ્ચે ઉભા થતા દેખીતા વિરોધને દૂર કરી દે..... આ રીતે દરેક વચનો પાછળની સાચી અપેક્ષાઓ શોધી કાઢે.... આવી પાત્રતાવાળો જીવ ચિન્તાજ્ઞાનવાળો બને છે. એના આધારે જિનવચન ઉપર અવિહડ શ્રદ્ધાનો માલિક બનેલો જીવ ભાવનાજ્ઞાની બને છે.

ષોડશક પ્ર.માં કહ્યું છે કે

**आद्य इह मनाक्पुंसस्तद्रागाद् दर्शनग्रहो भवति ।**

**न भवत्यसौ द्वितीये चिन्तायोगात्कदाचिदपि ।**

**અર્થ :** શ્રુતજ્ઞાનમાં પુરુષને શ્રુતના રાગના કારણે કંઈક દર્શન ગ્રહ થાય કે "અમારો ધર્મ મહાન !" પણ બીજા જ્ઞાનમાં તો ચિંતન દ્વારા દરેકની સાચી અપેક્ષા જાણી લીધી હોવાથી દર્શનગ્રહ હોતો નથી. વિશાળ દૃષ્ટિ હોય.......

**चारिचरकसञ्जीवन्यचरकचारणविधानतश्चरमे ।**

**सर्वत्र हिता वृत्तिर्गाम्भीर्याद् शमरसापत्या ।**

ભાવનાજ્ઞાનમાં ચારિસંજીવનીના દૃષ્ટાંત પ્રમાણે દરેક જીવોને વિશે હિતકારી પ્રવૃત્તિ હોય છે. કેમકે ગાંભીર્યને લીધે શમરસની પ્રાપ્તિ થયેલી હોય છે.

સાર એ કે

માત્ર શ્રુતજ્ઞાનીને શ્રુતજ્ઞાનાદિ ન વધે એ સારા માટે. [હા ! એનામાં માર્ગાનુસારીભાવના લીધે ચિન્તા - ભાવનાની યોગ્યતા પડી હોય, તો વાંધો નથી..... ]

એટલે જ અધકચરા, આડા-અવળા જ્ઞાન મેળવનારના ભરોસે મોક્ષમાર્ગનો નિર્ણય ન કરી શકાય.

– x – x –

<u>શિષ્ય :</u> મને લાગે છે કે દુઃખો સહન કરવા, શરીરને કષ્ટ આપવું એ જ મોક્ષમાર્ગ છે. કેમકે

+ ખુદ પ્રભુવીરે સાધનાકાળ દરમ્યાન સાડા અગ્યાર જેટલા વર્ષો તો ચોવિહારા ઉપવાસ કર્યા છે.

+ દસવૈકાલિકમાં કહ્યું છે કે देहदुःखं महाफलं ।

+ મોક્ષ માટે કર્મક્ષય જરૂરી, એ માટે તપ જરૂરી, એ માટે ઉપવાસાદિ દ્વારા દેહને કષ્ટ આપવા જરૂરી છે.

+ બત્રીશબત્રીશીમાં કહ્યું છે કે शरीरेणैव युध्यन्ते, दीक्षापरिणतौ बुधाः । ચારિત્રપરિણામ સંપન્ન મહાત્માઓ શરીર સાથે જ ઘોર યુદ્ધ કરે. અર્થાત શરીરને દુઃખ દે.

+ શ્રી આચારાંગસૂત્રમાં કહ્યું છે કે जुद्धारिहं खलु दुल्लहं આ ઔદારિક શરીર સાથે યુદ્ધ કરીને, એને કષ્ટ દઈને મોક્ષસાધના મેળવવી એ ખરેખર દુર્લભ છે.

+ જેઓ શરીરને કષ્ટ નથી આપતા, એને પંપાળે છે એને તો શાસ્ત્રોમાં શરીરબકુશ કહીને નિંદ્યા છે.

+ સાધુને માટે શાસ્ત્રોમાં ઠેર ઠેર શ્રમણ શબ્દ વાપર્યો છે. વૃત્તિમાં એનો અર્થ કર્યો છે કે श्राम्यति = तपस्यतीति श्रमणः । જે તપ કરે = શરીરને કચડે તે શ્રમણ !.

આવા તો ઢગલાબંધ પાઠો-યુક્તિઓથી એ સિદ્ધ થાય છે કે આપણે બીજી બધી વાત ગૌણ કરીને શરીર ઉપર જ તૂટી પડવું જોઈએ, આમ પણ અનાદિકાળથી આપણને સૌથી વધારે રાગ શરીરનો છે. એકપણ ભવ એવો નથી, જેમાં શરીર સતત-સતત આપણી સાથે ન રહ્યું હોય. ભોજન = આહાર તો એકેન્દ્રિયમાં હતો જ નહિ, એટલે એના સંસ્કાર અનંતકાળ સુધી તો પડ્યા જ નથી. બેઈન્દ્રિયાદિમાં કવલાહાર આવ્યો, તો ય એ કંઈ સતત ચાલુ રહેતો ન હતો. એટલે કવલાહારના સંસ્કાર એ રીતે પણ ઘણા ઓછા પડ્યા. મૈથુનના સંસ્કાર પંચેન્દ્રિયપણામાં જ મુખ્યત્વે વધુ પડ્યા. એમાં ય દેવ તિર્યંચ માનવ ભવમાં જ વધારે. પણ એ ય સતત તો નહિ જ. એટલે આપણને સ્ત્રીરાગ, ભોજનરાગ વગેરે બધા કરતા ય સૌથી વધારે સતાવનાર જો કોઈ હોય તો એ છે શરીરરાગ ! એને તોડીએ એટલે બાકીના રાગો એની મેળે તૂટી જશે... એટલે જ શરીરને કષ્ટ દેવું, એને નિચોવી દેવું... એને દમી નાંખવું એ જ મોક્ષમાર્ગ

છે. આપણે બીજી કોઈ વિચારણા કરવાની જરૂર જ નથી.

**ઉપાધ્યાય :** તેં ઘણી બધી દલીલો કરી, તારા જેવી જ વાત બીજાઓ પણ કરે છે.

સાંભળ.

**કોઈ કહે લોચાદિક કષ્ટે, મારગ ભિક્ષાવૃત્તિ રે.**
**તે મિથ્યા નવિ મારગ હોવે, જનમનની અનુવૃત્તિ રે. ॥૧૫॥**

**ગાથાર્થ :** કોઈ કહે છે કે લોચાદિ કષ્ટો સહન કરવા, ભિક્ષા દ્વારા આજીવિકા ચલાવવી એ મોક્ષમાર્ગ છે. પણ એ વાત ખોટી છે. આમાં તો લોકોના મનનું અનુવર્તન થાય છે, એ માર્ગ નથી.

**ભાવાર્થ :** કેટલાકો કહે છે કે

+ વર્ષમાં બે વાર હાથેથી તમામ વાળો ખેંચી નાંખીને લોચ કરવો એ મોક્ષમાર્ગ !

+ ઉનાળામાં ધગધગતી સડક પર ખુલ્લા પગે ગોચરી-સ્થંડિલાદિ માટે જવું એ મોક્ષમાર્ગ !

+ ઘેરે ઘેર ફરીને ઠંડી-ગરમ, સારી-નરસી ગોચરી લાવીને શરીરને ટેકો આપી દેવો એ મોક્ષમાર્ગ !

+ ભર શિયાળામાં માત્ર સંથારા-ઉત્તરપટ્ટા પર ઉંઘવું, ઘોર ઠંડી સહેવી એ મોક્ષમાર્ગ !

+ વધુમાં વધુ ઉપવાસો કરવા, વધુમાં વધુ આંબિલો કરવા એ મોક્ષમાર્ગ !

+ મોટા વિહારો કરીને શરીરને થકવી નાંખવું એ મોક્ષમાર્ગ !

+ વિહારાદિમાં વધુમાં વધુ વજન ઉંચકીને ચાલવું એ મોક્ષમાર્ગ !

+ મચ્છરોના ચટકાઓ આખી રાત સહન કરવા એ મોક્ષમાર્ગ !

+ ભયંકર તરસ લાગે છતાં ગરમ - હુંફાળા પાણીથી ચલાવી લેવું એ મોક્ષમાર્ગ !

+ ગમે એટલી માંદગીમાં ય સચિત્તાદિ ન વાપરવું એ મોક્ષમાર્ગ !

ટુંકમાં જેમાં શરીરને દુઃખ પડે, શરીર હેરાન થાય એ જ મોક્ષમાર્ગ !

**શિષ્ય :** તો શું આ વાત ખોટી છે ?

**ઉપાધ્યાય :** તેમાંનો એકાન્ત ખોટો છે.

હકીકત એ છે કે જેઓ મુગ્ધ છે, ઉંડી સમજણવાળા નથી. તેઓ આવી બધી

બાહ્ય ક્રિયાઓને જ ધર્મ માની લે છે. અને એ ધર્મ કરવા લાગી પડે છે. હવે મુગ્ધોની સંખ્યા સૌથી વધારે છે... એટલે ચારે બાજુ આ બાહ્યધર્મ ખૂબ ખૂબ વધવાનો જ. વળી એ ધર્મ જોનારાઓ પણ પાછા એ જ મુગ્ધો છે, એટલે તેઓ તો એ ધર્મ જોઈને આફરીન પોકારવાના, ફીદા થઈ જવાના. "વાહ ! વાહ! ધન્ય તપસ્વી ! ધન્ય એમની તપસ્યા !" એમ બેમોઢ વખાણ કરવાના.

હવે ઢગલાબંધ સંખ્યામાં ઠેર ઠેર બાહ્યધર્મની ઘોરાતિઘોર આરાધના થતી દેખાય, એની ચિક્કાર પ્રશંસા સંભળાતી દેખાય...... 'આ તપસ્વી તો ત્રીજા ભવે મોક્ષે જવાના.....' વગેરે વગેરે અતિ આહ્લાદક શબ્દો સંભળાય...... એ ય પાછા એક જગ્યાએ નહિ, પણ હજારો જગ્યાએ સંભળાય.... એટલે ભલભલાના મનમાં આ વાત દૃઢ થઈ જાય કે "આ બાહ્યતપ એ જ મોક્ષમાર્ગ છે." પેલા ત્રણ ઠગોએ મોટી ગાયને વેંચવા નીકળેલા માણસને વારાફરતી ત્રણવાર એ ગાયને બકરી કહી. એ સાંભળીને બકરીના ભાવે પેલાએ ગાય વેચી નાંખી...... એવું કંઈક અહીં થાય છે. હજારો લોકો જેને માર્ગ માને, જેને માર્ગ તરીકે આચરે, એ આચરનારાઓની ભરપેટ પ્રશંસા કરે..... ત્યારે બધાના મનમાં એ વસ્તુ માર્ગ તરીકે દૃઢ થઈ જ જવાની, એ અમાર્ગ પણ માર્ગ લાગવા માંડવાનો.

એટલે આ રીતે બાહ્યકષ્ટોને માર્ગ માની લેવાય અને એની આરાધના કરાય એમાં હકીકતમાં તો જનતા આચરે છે એટલે આપણે ય આચરતા થઈ જઈએ છીએ. જનતા પ્રશંસે છે એટલે આપણે ય પ્રશંસા કરતા થઈ જઈએ છીએ.

ખરેખર બહુમતીની એક એવી ભયંકર તાકાત છે કે સમજુ માણસને પણ ખોટા રસ્તે ચડાવી દે. પણ એ ગંગાનદીનો એવો ધસમસતો પ્રવાહ છે કે જેમાં વિદ્વાનો જેવા મોટા મોટા પત્થરો પણ રીતસર ધસડાઈ જાય અને એ લોકપ્રવાહ જ્યાં તાણીને લઈ જાય, ત્યાં પોતે ય પહોંચી જાય.

એટલે જ આજે આ બાહ્યકષ્ટને જ મોક્ષમાર્ગ તરીકે પ્રરૂપનારા કોઈક વિદ્વાનો પણ મળે તો લગીરે આશ્ચર્ય ન માનતા.એમાં એમનો દોષ નથી, એમાં પેલો લોકનો પ્રચંડ પ્રવાહ જ એમને ધસડી ગયો છે.

પ્રવાહમાં ધસડાતી વસ્તુ પ્રવાહ જયા લઈ જાય, ત્યાં પાછળ-પાછળ કે સાથે સાથે જાય. એમ આ લોકમન જે તરફ જાય એ તરફ ભલભલા માણસો ખેંચાવા લાગે. એટલે તું બાહ્યકષ્ટોને જ જે મોક્ષમાર્ગ માની રહ્યો છે, એ તો આ લોક મનની પાછળ જ ધસડાઈ રહ્યો છે, એ સ્પષ્ટ વાત છે.

જગતમાં પણ હજારો લોકો કષ્ટો આચરે છે, તે ય લોકમતને અનુસરીને જ આચરે છે. લોકોને આ ગમે છે, લોકો આને સારું માને છે, લોકો આને પ્રશંસે છે એટલે મુગ્ધજીવો લોકોને ગમાડવા, સારું લગાડવા, પ્રશંસા કરાવવા આ કષ્ટો આચરવા લાગી પડે છે.

જેને લોકો પ્રશંસતા નથી, જેને લોકો વધુ આચરતા નથી, તેમાં પ્રવૃત્તિ કરનારાઓ ઘણા ઘણા ઓછા મળે છે એ પણ પ્રત્યક્ષ દેખાય છે.

શાસ્ત્રીયભાષામાં કહીએ તો આ રીતે કષ્ટોને જ માર્ગ માની લેવો..... એ એકપ્રકારની લોકસંજ્ઞા બની રહે છે. કેમકે શાસ્ત્રવચનો આમાં મહત્ત્વનો ભાગ નથી ભજવતા, પણ લોકસંજ્ઞા જ આમાં અગત્યનો ભાગ ભજવે છે. જે પણ લોકો ઘોર કષ્ટો કરે છે, એ કંઈ શાસ્ત્રવચનો વિચારીને કરે છે, એવું નથી. પણ 'ઘણા લોકો કરે છે, ઘણા લોકોએ ભૂતકાળમાં કર્યું છે, ઘણા લોકો આ કરવાના છે..... માટે હું ય કરું.....' આવા આવા વિચારો પ્રગટ કે અપ્રગટરૂપે આમાં મહત્ત્વનો ભાગ ભજવતા હોય છે.

એટલે લોકસંજ્ઞાના પાયા ઉપર ઉભા થતા આ માત્ર બાહ્યકષ્ટોને માર્ગ માની શકાય નહિ.

— x — x —

<u>શિષ્ય :</u> ઘણા લોકો કરે છે, માટે એ માર્ગ નથી...... એમ નિયમ થોડો જ બાંધી દેવાય ? જેમ 'ઘણા લોકો જે કરે, તે માર્ગ જ હોય' એમ ન કહેવાય. એમ 'ઘણા લોકો જે કરે, તે માર્ગ ન જ હોય' એમ પણ શી રીતે કહેવાય ? વળી મેં શાસ્ત્રપાઠો પણ દર્શાવ્યા છે, તેનું શું ?

<u>ઉપાધ્યાય :</u>

**<u>જો કષ્ટે મુનિ મારગ પાવે, બળદ થાય તો સારો રે.</u>**
**<u>ભાર વહે ને તાડવે ભમતો, ખમતો ગાઢ પ્રહારો રે. ॥૧૬॥</u>**

<u>ગાથાર્થ :</u> મુનિ જો કષ્ટો સહન કરવાથી મોક્ષમાર્ગ પામે, તો તો બળદ થઈ જાય તો સારું. કેમકે બળદ ઘણો ભાર વહન કરે છે, તડકામાં ફરે છે, ગાઢ પ્રહારો સહન કરે છે.

<u>ભાવાર્થ :</u> તારી માન્યતા એ છે કે "કષ્ટો સહન કરવા એ જ મોક્ષમાર્ગ ! જે જેટલા કષ્ટો વધુ સહન કરે એ એટલો વધુ મોક્ષમાર્ગનો આરાધક !"

હવે જો આ વાત સાચી હોય તો તો સાધુ કરતા બળદ વધુ કષ્ટો સહન કરે

છે, માટે બળદ વધુ મોક્ષમાર્ગનો આરાધક ગણાય. એટલે સાધુએ પણ જો વધુ મોક્ષમાર્ગ આરાધવો હોય તો એણે બળદ બની જવું જોઈએ.

+ સાધુ વિહારમાં બધી ઉપધિ જાતે ઉચકે છે, પણ એ ઉપધિનું વજન કેટલું ? પાંચ-છ કીલો ખરું ? પેલો બળદ તો આખું ગાડું અને ગાડામાં ભરેલો સેંકડો કીલોનો સામાન વહન કરે છે. સાધુ કરતા એ ૧૦૦ ઘણું વજન ઉપાડતો હશે.

+ સાધુ તડકામાં ગોચરી- સ્થંડિલાદિ જાય છે, પણ એને તડકામાં કેટલો સમય ચાલવું પડે ? અડધો કલાક ? કલાક ? પેલા બળદો તો કલાકોના કલાકો સુધી તડકામાં ખેતર ખેડે છે.

+ સાધુના બરડા પર શું કોઈ લાકડી કે ચાબુકના પ્રહારો મારે છે ખરા ? પેલો બળદ તો સોળ પડી જાય અને લોહી પણ નીકળી જાય એટલી હદના પ્રહારો ખાય છે.

+ સાધુ ભર ઉનાળામાં ય હુંફાળું પાણી તો મેળવે છે, બળદો તો કેટલીકવાર આખો દિવસ કશું ખાધા-પીધા વિના ય પસાર કરે છે.

માલિક ધારે ત્યારે, ધારે તે કામ બળદ પાસે કરાવે, છેલ્લે કસાઈના હાથમાં વેંચી ય નાંખે અને ત્યારે કપાઈ જવા સુધીના દુઃખો એ બળદો સહન કરે છે.

આવા તો કંઈ કેટલાય દુઃખો-કષ્ટો એ વેઠે છે. જો કષ્ટ જ મોક્ષમાર્ગ હોય તો બળદ ઉંચો મોક્ષમાર્ગી બની રહે. બોલો, આ વાત માન્ય છે ?

આમ તો જો કે સૌથી વધુ દુઃખો નારકીઓ-નિગોદ સહન કરે છે, એટલે અહીં તિર્યંચ-બળદને બદલે નારકીઓ - નિગોદ દર્શાવવા જોઈએ. પણ નારકીઓ અપ્રત્યક્ષ છે. બળદો પ્રત્યક્ષ છે...... એટલે સહન કરવાની તરતમતાનો સ્પષ્ટ ખ્યાલ બળદોમાં આવી શકે છે, માટે એમનો ઉલ્લેખ કરેલો છે.

<u>શિષ્ય :</u> તો શું આ બધા કષ્ટો સહન કરવા એ નકામું છે ?

<u>ઉપાધ્યાય :</u> એવું કોણે કહ્યું ? મારી વાત તો એટલી જ છે કે માત્ર કષ્ટો સહેવા એ જ મોક્ષમાર્ગ નથી બનતો. એમાં નહિ દેખાતો તાત્ત્વિક મોક્ષમાર્ગ તો કંઈક જુદો જ છે. ભગવાને કષ્ટો સહન કર્યા, શાસ્ત્રોમાં કષ્ટ સહન કરવાની વાત કરી, એ બધું જ સાચું... પણ માત્રને માત્ર કષ્ટો જ સહેવા એ જ મોક્ષમાર્ગ... આવું ન મનાય. એ કષ્ટો સહન કરવા પાછળ પણ કોઈક એવું તત્ત્વ છે, જેના લીધે તે ઉપચારથી મોક્ષમાર્ગ બને છે... આદરણીય બને છે... તમે બાહ્ય કષ્ટો જુઓ છો, પણ એની પાછળ રહેલું એ તત્ત્વ જોવા તૈયાર નથી... એ તત્ત્વ બળદમાં નથી. માટે જ તેના કષ્ટો મોક્ષમાર્ગ બનતા નથી.

— x — x —

<u>શિષ્ય :</u> કષ્ટો સહન કરવાની વાતમાં બળદ ભલે સાધુ કરતા ચડિયાતો હોય...પણ બળદ ગોચરી ચર્યા કરે છે? સાધુ તો ઘરે ઘરે ફરીને ગોચરી લાવે છે...... અને ગોચરી ચર્યા એ તો ઘણો જ ઉંચો આચાર છે. કેમકે

+ સાધુ માટે ભિક્ષુ શબ્દ પ્રસિદ્ધ છે, એ એનો મુખ્ય આચાર દર્શાવે છે કે ભિક્ષા લાવે તે ભિક્ષુ !

+ દસવૈકાલિકના પ્રથમ અધ્યાયમાં પણ ભિક્ષાની વાત છે અને પાંચમુ અધ્યયન કે જેમાં દોઢસો ગાથા છે. તેમાં પણ ભિક્ષાનું જ વિસ્તૃત વર્ણન છે.

+ માત્ર ભિક્ષા માટે જ એક આખો ને આખો પિંડનિર્યુક્તિ ગ્રન્થ ફાળવવામાં આવ્યો છે.

+ અષ્ટ પ્રવચન માતામાં ત્રીજી માતા એષણા સમિતિ એટલે જ સંપૂર્ણ ભિક્ષાચર્યા !

+ પિંડનિર્યુક્તિમાં છેલ્લે લખેલું છે કે -

<u>**पिंडं असोहंतो अचरित्ती नत्थि संदेहो ।**</u>

<u>**अचरिअस्स य सव्वा दिक्खा निरत्थिया ।**</u>

'જે પિંડની=ગોચરીની વિશુદ્ધિ ન જાળવે, તે અચારિત્રી છે,' એ વાતમાં કોઈ સંદેહ નથી અને ચારિત્રહીનની બધી દીક્ષા નિરર્થક છે.

આ બધાથી આ પદાર્થ નક્કી થાય છે કે 'ભિક્ષાચર્યા એ મોક્ષમાર્ગ છે...' ભલે કષ્ટો એ મોક્ષમાર્ગ ન હોય.

<u>ઉપાધ્યાય :</u> માત્ર ભિક્ષાચર્યા એ ય મોક્ષમાર્ગ નથી. કેમકે

<u>લહે પાપાનુબંધી પાપે બલહરણી જન ભિક્ષા રે.</u>

<u>પૂરવભવ વ્રત ખંડન ફલ એ પંચવસ્તુની શિક્ષા રે. ॥૧૭॥</u>

<u>ગાથાર્થ :</u> સાધુઓ પાપાનુબંધી પાપના ઉદયે પૌરુષઘ્ની ભિક્ષા પામે, આ ભિક્ષા પૂર્વભવમાં જે વ્રત-ખંડન કરેલું હોય, તેનું ફળ છે, એમ પંચવસ્તુની શિક્ષા છે.

<u>ભાવાર્થ :</u> એક જ પ્રશ્ન પૂછું ? નવમા ગ્રૈવેયકમાં જનારા અભવ્યાદિ જીવો સાધુજીવનમાં વિશુદ્ધ ભિક્ષાચર્યા આચરે કે નહિ ? તારે હા જ કહેવી પડશે, કેમકે એ વિના ગ્રૈવેયકની પ્રાપ્તિ શક્ય નથી તો વિશુદ્ધ ભિક્ષાચર્યા આચરવા છતાં એ જીવો મોક્ષ તરફ એક ડગલું પણ આગળ વધતા નથી, તેનો અર્થ શું ? જો માત્ર ભિક્ષાચર્યા મોક્ષમાર્ગ હોત, તો એ માર્ગને આચરનારા અભવ્યો કેમ મોક્ષમાર્ગે આગળ ન વધે ?

એટલે માત્ર ભિક્ષાવૃત્તિ મોક્ષમાર્ગ નથી જ, એ તો સ્પષ્ટ જ છે.

બીજી વાત એ કે ભિક્ષાવૃત્તિ સારી જ છે, એવું એકાન્તે ન કહેવાય. શ્રી અષ્ટક પ્રકરણમાં ત્રણ પ્રકારની ભિક્ષાવૃત્તિ બતાવેલી છે.

(૧) સર્વસંપત્કરી (૨) પૌરુષઘ્ની (૩) વૃત્તિ

આનું ટુંકાણમાં વર્ણન જોઈએ

**यतिर्ध्यानादियुक्तो यो गुर्वाज्ञायां व्यवस्थितः ।**

**सदाऽनारम्भिणस्तस्य सर्वसंपत्करी मता ।**

જે સંયમયોગોમાં યત્નવાળો હોય, ધ્યાનાદિવાળો હોય, ગુરુની આજ્ઞામાં સારી રીતે રહેલો હોય એટલે કે ગુરુપરતન્ત્ર હોય, કોઈપણ પ્રકારનો આરંભ = હિંસા ક્યારેય ન કરનારો હોય તેવા સાધુને સર્વસંપત્કરી ભિક્ષા હોય.

**वृद्धाद्यर्थमसङ्गस्य भ्रमरोपमयाऽटतः ।**

**गृहिदेहोपकाराय विहितेति शुभाशयात् ।**

ગોચરી વહોરવા જાય ત્યારે સારી સારી વસ્તુઓમાં જેને આસક્તિ ન થાય, માત્ર સ્વાર્થ માટે નહિ પણ ગચ્છમાં રહેલા વૃદ્ધ-ગ્લાન-બાલ વગેરેની ભક્તિ-વૈયાવચ્ચના નિમિત્તે જે ગોચરી જાય, એમાંય એક જગ્યાએથી જ બધું ઉપાડી ન લે પણ ભ્રમરની જેમ ઘરે-ઘરે જે ભિક્ષા માટે ફરે અને થોડું-થોડું લે તથા 'સંસારમાં ખૂપેલા ગૃહસ્થો સાધુ દાન દ્વારા ધર્મ કરે - સંસાર તરે અને મારું શરીર પણ મોક્ષ સાધના માટે અનુકુળ બને...' આમ ગૃહસ્થો ઉપર અને સ્વદેહ ઉપર ઉપકાર કરવાના શુભ આશયથી જે ગોચરીચર્યા કરતો હોય, આવા સાધુની ભિક્ષા સર્વસંપત્કરી ભિક્ષા બને.

**प्रव्रज्यां प्रतिपन्नो यस्तद् विरोधेन वर्तते ।**

**असदारंभिणस्तस्य पौरुषघ्नीति कीर्तिता ।**

દીક્ષા સ્વીકાર્યા બાદ જે દીક્ષાથી વિરુદ્ધ વર્તન કરે, અસદ્ (મલિન) આરંભવાળા એવા તેની ભિક્ષાચર્યા એ પૌરુષઘ્ની ભિક્ષા કહેવાય.

**धर्मलाघवकृन्मूढो भिक्षयोदरपूरणं ।**

**करोति दैन्यात्पीनांगः पौरुषं हन्ति केवलम् ।**

ધર્મની લઘુતા કરનારો, મુઢ, તગડા શરીરવાળો આ સાધુ ભિક્ષા વડે પેટ ભરે છે, અને માત્ર પોતાના (સારા) પુરુષાર્થને હણે છે.

આશય એ છે કે દીક્ષાવિરોધી જીવન જીવે એટલે ચારેબાજુ એના નિમિત્તે ધર્મની હીલના પણ થાય. આવો સાધુ ખાઈ ખાઈને તગડો બનેલો હોય, તો કોઈ આશ્ચર્ય નહિ. આ સાધુ સંયમ માટેના પોતાના પુરુષાર્થને હણી નાંખે છે. માટે જ આની ભિક્ષા પૌરુષઘ્ની કહેવાય છે. લોકો સાધુઓને ભિક્ષા વહોરાવે છે, તે એમ સમજીને કે 'સાધુઓ સારું સંયમ પાળે છે...' એનો અર્થ એ જ કે ભિક્ષા લેવાનો અધિકાર એ જ સાધુને છે કે જે યોગ્ય સંયમ પાળે...જે ગુરુની આજ્ઞામાં ન રહે, જે વૃદ્ધ-ગ્લાનાદિની સેવા ન કરે, જે પ્રચુર પ્રમાદાદિ દોષો સેવે, જે સંસારી જેવું જીવન જીવે તેને ભિક્ષા લેવાનો અધિકાર જ નથી. એણે તો નોકરી-ધંધો કરીને જ પોતાની આજીવિકા ચલાવવી જોઈએ.

પણ સાધુવેષના બહાના હેઠળ આ સાધુ ગોચરી મેળવી લે છે, નોકરી-ધંધાનો પુરુષાર્થ કરતો નથી... આ રીતે આ ભિક્ષા એના પૌરુષને હણનારી બની રહે છે.

**निःस्वान्धपङ्गवो ये तु न शक्ता वै क्रियान्तरे ।**
**भिक्षामटन्ति वृत्त्यर्थं वृत्तिभिक्षेयमुच्यते ।**

જે ગરીબો, અંધ, પાંગળાઓ ધંધો-નોકરી કરવા સમર્થ ન હોય અને માટે જ પોતાનો નિર્વાહ કરવા માટે જેઓ ભિક્ષાચર્યા કરે તે વૃત્તિભિક્ષા કહેવાય.

આનું વિશેષ વર્ણન આની ટીકામાંથી જાણી લેવું.

આપણે મૂળ વાત પર આવીએ.

ભિક્ષાચર્યા જ મોક્ષમાર્ગ બનતી હોત, તો તો આ પૌરુષઘ્ની ભિક્ષા પણ ભિક્ષાચર્યા તો છે. એ તો ઉલ્ટી મોક્ષમાર્ગની ઘાતક માની છે, મોક્ષમાર્ગના પુરુષાર્થની ઘાતક માની છે.

<u>શિષ્ય :</u> કોઈપણ જીવ દીક્ષા લે છે, તો મોટાભાગે તો સારું જીવન જીવવાની અપેક્ષાથી જ દીક્ષા લે છે. તો પછી એ શા માટે આવી પૌરુષઘ્ની ભિક્ષા લે છે... શા માટે દીક્ષાવિરુદ્ધ જીવન જીવે છે ?

<u>ઉપાધ્યાય :</u> શ્રી પંચવસ્તુકગ્રન્થમાં કહ્યું છે કે જે જીવે પૂર્વભવમાં ચારિત્ર લીધા બાદ એનું ખંડન કરેલું હોય, કાં તો દીક્ષા ત્યાગી હોય, અથવા તો દીક્ષાના યોગોનો ત્યાગ કરી દીધો હોય તે જીવ એવું પાપાનુબંધી પાપ બાંધે કે જેના કારણે આ ભવમાં એને દીક્ષા મળે તો ય એ પૌરુષઘ્ની ભિક્ષાનો કરનાર બને.

<u>શિષ્ય :</u> ભિક્ષાની પ્રાપ્તિ તો પુણ્યથીજ થાય ને ? તો પછી 'પાપાનુંબંધી

પુણ્યથી આ ભિક્ષા મળે' એમ કહેવું જોઈએ. 'પાપાનુંબંધી પાપથી ભિક્ષા મળે' એમ શી રીતે કહેવાય ?

<u>ઉપાધ્યાય :</u> અપેક્ષાએ તારી વાત સાચી છે. પણ

(૧) આવી પ્રવૃત્તિ દ્વારા પાપાનુંબંધી પાપ બાંધે છે. માટે એને બાંધી આપનાર આ પાપાનુબંધી પુણ્યને ઉપચારથી પાપાનુબંધી પાપ કહ્યું છે.

(૨) બીજી વાત એ કે પૌરુષઘ્ની ભિક્ષા ક્યારે થાય ? એના મનમાં મોહનીયનો ઉદય થયો હોય ત્યારે જ ને ? ગુરુને પરતન્ત્ર ન રહેવું, વૃદ્ધની ઉપેક્ષા કરવી, એ તો પાપાનુબંધ છે... કારણ વિના દોષિતગોચરી વાપરવી... આ બધું મોહનીયના ઉદયથી થાય છે... અને આ બધું થાય છે, માટે જ એની ભિક્ષા પૌરુષઘ્ની કહેવાય છે. એટલે 'ભિક્ષા મળી' એટલા અંશમાં ભલે ને પુણ્યોદય હોય, પણ એ પૌરુષઘ્ની બને છે, એમાં તો ઢગલા બંધ પાપકર્મોનો ઉદય કારણ બને છે ને ? અને એ બધો ઉદય પાપાનુબંધ લાવનારો જ છે... નવા અઢળક પાપ બંધાવનારો છે... માટે એમ ચોક્કસ કહી શકાય કે પાપાનુબંધી પાપના ઉદયે જીવને પૌરુષઘ્ની ભિક્ષા મળે.

<u>શિષ્ય :</u> પૂર્વભવમાં જો વ્રતખંડન કરેલું હોય, તો એના ફળરૂપે પૌરુષઘ્ની ભિક્ષા મળે... એમ તમે કહો છો. આ બે વચ્ચે એવો કયો સંબંધ છે ? કે વ્રતખંડનથી પૌરુષઘ્ની ભિક્ષા હોય.

<u>ઉપાધ્યાય :</u> પૂર્વભવમાં જો વ્રતખંડન કરેલું હોય, તો એના સંસ્કારો ફરી ફરી વ્રતખંડન કરાવી શકે. પૌરુષઘ્ની ભિક્ષા એ એક પ્રકારનું વ્રતખંડન જ છે ને ? એટલે પૂર્વભવોના વ્રતખંડનના સંસ્કારો વર્તમાનભવમાં પૌરુષઘ્ની ભિક્ષારૂપ વ્રતખંડન ઉત્પન્ન કરે.

(૨) જે સારી વસ્તુનો સદુપયોગ ન કરો, આશાતના કરો..... તે સારી વસ્તુ ફરી મળે નહિ..... મળી હોય તો ટકે નહિ. આ જીવે પૂર્વભવમાં મળેલા વ્રતોનું પાલન ન કર્યું, આશાતના કરી....એટલે આ ભવમાં એને વ્રતો મળે જ નહિ,પણ ધારો કે કોઈક કારણસર મળી જાય તો એ વ્રતોનું પાલન ન કરી શકે, પૌરુષઘ્ની ભિક્ષાદિ દ્વારા એ વ્રતોનું ખંડન થાય....

મૂળ વાત એટલી જ કે

ભિક્ષાચર્યા જ મોક્ષમાર્ગ છે..... એ વાત ખોટી પડે છે. કેમકે પૌરુષઘ્ની ભિક્ષા ભિક્ષાચર્યા હોવા છતાં એ મોક્ષમાર્ગ નથી, મોક્ષમાર્ગનું ખંડન કરનાર છે.

— x — x —

**શિષ્ય :** ગુરુજી ! આ સાધુવેષ એ જ મોક્ષમાર્ગ ન કહેવાય ? સાધુવેષનો મહિમા અપરંપાર છે.

+ ચારિત્ર આંતરિક પરિણામ રૂપ છે. સાધુવેષ ન હોય તો ય એ ચારિત્ર આવી શકે છે..... છતાં તમામ તીર્થંકરો પોતાના શાસનમાં સાધુવેષ દ્વારા જ સાધુપદની સ્થાપના કરે છે. જે વેષ બદલે, એને જ ગણધરાદિ તરીકે સ્થાપે છે. સાધુવેષ ધારણ ન કરે એને સાધુ - સાધ્વીપદ આપતા નથી જ. આનો અર્થ જ એ કે સાધુવેષનો મહિમા અજબગજબનો છે.

+ સાધુને મનમાં ગમે એટલા ખરાબ વિચાર આવે, તો પણ જો એ સાધુવેષ ન છોડે તો એ સાધુધર્મથી ભ્રષ્ટ નથી કહેવાતો. જ્યારે ઓછા ખરાબ વિચારો પણ જો સાધુવેષ ત્યાગી દે, તો એ સાધુધર્મથી ભ્રષ્ટ ચોક્કસ ગણાય છે.

આમ સાધુધર્મ હોવો ન હોવો એ બધું વેષને જ આધીન છે.

+ શ્રી ઉપદેશમાલામાં કહ્યું છે કે **धम्मं रक्खइ वेसो, संकह वेसेण दिक्खिओम्हि अहं ।** સાધુવેષ એ સાધુધર્મની રક્ષા કરે છે. સાધુ કોઈક પાપ કરવા જાય તો પણ સાધુવેષના કારણે એને તરત જ વિચાર આવે કે "હું તો સાધુ છું. મારાથી આ પાપ કેમ થાય ?" આમ સાધુવેષ સાધુધર્મની રક્ષા કરે.

આ બધું જોવાથી એમ લાગે કે સાધુવેષ એ જ મોક્ષમાર્ગ ! એનાથી આપણે મોક્ષમાં પહોંચશું.

**ઉપાધ્યાય :** ઓ હો હો! આવી માન્યતાવાળા પણ છે ખરા.....

**કોઈ કહે અમે લિંગે તરશું, જૈનલિંગ છે વારૂ રે.**
**તે મિથ્યા નવિ ગુણ વિણ તરીએ, ભુજ વિણ ન તરે તારૂ રે. ॥૧૮॥**

**ગાથાર્થ :** કોઈ કહે છે કે "અમે સાધુવેષથી તરી જશું, આ જૈન સાધુનો વેષ તો કેટલો બધો સુંદર!" પણ આ વાત ખોટી છે. ગુણ વિના તરી ન શકાય. તરનારો માણસ હાથ વિના ન તરે.

**ભાવાર્થ :** 'માત્ર સાધુવેશથી મોક્ષ મળી જશે' એવું માનનારાની બુદ્ધિને શતશઃ ધન્યવાદ !

એને કોઈ પૂછો તો ખરા કે

+ ડ્રાઈવરના કપડા પહેરી લેવા માત્રથી ગાડી ચલાવતા આવડી જાય ખરી ? ગાડી ચલાવીને ઈષ્ટસ્થાને પહોંચી શકાય ખરું ?

+ રસોઈયાનો વેષ પહેરી લેવા માત્રથી લોકો આંગળા ચાટતા રહી જાય

એવી High class રસોઈ બનાવતા આવડી જાય ખરી ?

+ લશ્કરી માણસનો વેષ પહેરી લેવા માત્રથી બંદુક ચલાવતા, નિશાન લગાવતા આવડી જાય ખરું ?

આ કેવી મૂર્ખતા ભરેલી માન્યતા !

'સાધુવેષ લીધો એટલે આપણે તરી ગયા' આવું માની લેનારાઓ ઉપરની વાતોનો ખાસ વિચાર કરે.

જેમ કોઈ તરવૈયો મોટી નદીઓ તરવા સક્ષમ હોય, પણ એના બે હાથ કપાઈ ગયા હોય... અથવા તો એ હાથ હલાવે જ નહિ... તો એ વિશ્વપ્રસિદ્ધ તરવૈયો પણ નદી તરી ન શકે. માત્ર તરવૈયાનો વેષ એને બચાવી ન શકે.

એમ કોઈ સાધુવેષ ધારણ કરી લે, પણ સાધુજીવન પાળે નહિ, સાધુતાના ગુણો કેળવે નહિ, તે સંસાર તરી ન શકે.

આ બધી ચર્ચા રહેવા દઈએ તો ય આપણે અત્યાર સુધીમાં અનંતીવાર સાધુવેષ લીધો છે એ વાત તો બધા જ જાણે છે, માને છે. જો સાધુવેષ મોક્ષમાર્ગ હોત, તો પાંચ-પચીસ વાર સાધુવેષ લીધા બાદ તો આપણો મોક્ષ થઈ જ ગયો હોત ને ? પણ અનંતીવાર સાધુવેષ લીધા બાદ પણ મોક્ષ થયો નથી, એ જ દેખાડે છે કે સાધુવેષ મોક્ષમાર્ગ નથી.

– x – x –

વળી જો સાધુવેષ મોક્ષમાર્ગ હોત, તો શાસ્ત્રોમાં કહ્યું હોત કે "સાધુવેષધારી જે હોય, એ બધા મોક્ષમાર્ગી હોવાથી બધાને વંદન કરવા" ૧ આવી કોઈ વાત શાસ્ત્રોમાં કરી નથી. શાસ્ત્રોમાં તો સાધુવેષધારીઓ પણ ગુણવાન ન હોય તો અવંદનીય બતાવ્યા છે. આ પદાર્થ દૃષ્ટાંતથી સમજીએ.

**<u>કુટલિંગ જેમ પ્રગટ વિડંબક, જાણી નમતા દોષ રે.</u>**
**<u>નિદ્ધંધસ જાણીને નમતા, તેમ કહ્યો તસ પોષ રે. ॥૧૯॥</u>**

<u>ગાથાર્થ :</u> 'આ ખોટો સાધુવેષ ધારણ કરનારો નાટકીયો છે' એટલું જાણ્યા બાદ પણ એને નમન કરવા એ જેમ દોષ છે. તેમ 'આ નિર્ધ્વંસ છે' એવું જાણ્યા બાદ પણ નમન કરવામાં આવે, તો એના દોષોનું પોષણ થાય.

<u>ભાવાર્થ :</u> જૂના જમાનામાં ભવૈયાઓ જાત-જાતના નાટકો ભજવી લોકોને રીઝવતા. શક્ય છે કે એમા કોઈ ભવૈયો નાટકમાં સાધુનું પાત્ર ભજવવાનો હોય અને એટલે એણે સાધુવેષ ધારણ કર્યો હોય. એ ભવૈયો સ્ટેજ પર આવે ત્યારે

સભામાં બેઠેલા શ્રાવકો શું એને હાથ જોડશે ? વંદન કરશે ? સુખશાતા પૂછશે ? નહિ જ ને ? કેમકે શ્રાવકો જાણે છે કે આ તો ભવૈયો છે, એનામાં સાધ્વાચારો છે જ નહિ, સાધુગુણો છે જ નહિ. આ તો સાધુવેષની અવહેલના કરનારો છે. આવો મહાન સાધુવેષ એક તુચ્છ માણસ પહેરે, એમાં એ વેષનું અવમૂલ્યન છે. એમાં વળી નાટકમાં એ વિચિત્ર ચેષ્ટાઓ કરે, લોકો હસે... 'જુઓ, જુઓ. જૈનસાધુના નાટકો..!' વગેરે બોલે.

હવે જો સાધુવેષ વંદનીય હોત તો આ ભવૈયો પણ વંદનીય બની જાત, કેમકે એની પાસે વેષ રૂપી મોક્ષમાર્ગ છે. પણ કોઈપણ ડાહ્યો માણસ એને વંદન કરતો નથી, એ જ દેખાડે છે કે માત્ર સાધુવેષ મોક્ષમાર્ગ નથી.

સ્ટેજ પર આવીને નાટક ભજવનારા એ સાધુવેષધારી ભવૈયાને જો કોઈ વંદન કરે તો નક્કી એ લોકોમાં મશ્કરી પાત્ર બનવાનો, મુગ્ધ-મુઢ-મૂર્ખ ગણાવાનો.

તો એ જ વાત સાધુગુણ વિનાના માત્ર વેષધારીમાં પણ કેમ લાગુ ન પડે ? આપણને જ્યારે સ્પષ્ટ ખબર પડે કે આ સાધુને સાધુધર્મનો કોઈ જ અનુરાગ નથી, એ નિર્ધ્વંસભાવવાળો છે, નિષ્ઠુર છે, છ મહાવ્રતોની કે છ કાયની એણે લેશ પણ કાળજી કરવી નથી. તો એવાને વંદન કરવાનો કોઈ અર્થ ખરો ?

<u>શિષ્ય :</u> વંદન કરવાનો લાભ ભલે કોઈ ન હોય, પણ નુકસાન શું ?

<u>ઉપાધ્યાય :</u> નુકસાન ? એની શિથિલતાનું પોષણ એ જ મોટું નુકસાન ! એને જો કોઈ વંદન ન કરે તો એને ભાન આવે કે 'જ્યાં સુધી હું સાધ્વાચાર સારી રીતે પાળતો હતો, ત્યાં સુધી બધા મને વંદન કરતા હતા. પણ હું શિયિલ બન્યો, જિનાજ્ઞાની ઉપેક્ષા કરનાર બન્યો એટલે બધા મને વંદન કરતા બંધ થઈ ગયા. બધાનો મારા પ્રત્યેનો સદ્ભાવ ઉતરી ગયો. એટલે મારે સુધરવું જ જોઈએ.....'

આર્યરક્ષિતસૂરિના પિતાજીએ દીક્ષા લીધી, પણ પગમાં જોડા + માથે છત્ર..... આ બધું છોડે નહિ. છેલ્લે પુત્ર-આચાર્યે કેવી કુનેહ વાપરી ! વંદન કરવા આવનારા છોકરાઓ બધાને વંદન કરે, પણ એ પિતાજીને વંદન ન કરે..... એમને હાડોહાડ લાગી આવ્યું ' કેમ મને વંદન નથી કરતા ?' પૃચ્છા કરી. 'તમે શિથિલ છો, પગમાં જોડા પહેરો છો, માથે છત્ર રાખો છો...... માટે તમને વંદન નથી કરતા.....' અને એ ટકોરના લીધે ધીરે ધીરે એમની બધી શિથિલતાઓ દૂર થઈ ગઈ.

એને બદલે બધા વંદન ચાલુ જ રાખે, તો શિથિલોને થવાનું જ કે 'પેલા બધા સારું જીવન જીવે અને અમે આડું-અવળું જીવીએ, તો ય લોકો તો બધાને એક સરખા જ માને છે. એટલે આપણે ચિંતા કરવાની કોઈ જરૂર નથી. મસ્તીથી જીવો.....'

આજે એવું જ થયું છે ને ?

કેટલાકો ચતુર્થવ્રતની ભૂલોમાં પકડાયા છતાં સમાજે એમને આવકાર્યા, ભયંકર ભૂલો છડેચોક જાહેર થવા છતાં એમના જાજવલ્યમાન ચોમાસાઓ, સામૈયાઓ, ઠાઠ-ઠઠારાઓ, ભક્તવૃંદો... બધું જ એક સરખું ચાલું રહ્યું. શિથિલો સમજી ગયા કે 'Line is clear ' ગભરાવાની જરૂર નથી.' એટલે છડેચોક જાહેરાત વખ઼તે જે ભય ઉભો થયેલો, એ બધો ભય ઓસરી ગયો.

રે ! આની અનવસ્થા પણ કેવી ચાલી ! કેટલાય સાધુઓ માનસિક રીતે શિથિલ હતા, પણ સમાજ વગેરેના ડરથી કાયિક શિથિલતાઓ આચરી શકતા ન હતા. પણ આ બધાના જગજાહેર દૃષ્ટાંતો જોઈ એમનામાં પણ હિંમત (!) આવી, 'સમાજ બધાને અપનાવે જ છે. કદાચ પકડાઈ જઈએ અને રાડારાડ થાય, તો એ બે-પાંચ દિવસ ! છઠ્ઠા દિવસથી જૈસે થે ની જ ભૂમિકા હોય. એટલે બિન્ધાસ્ત બની જવાનું, ગભરાટ છોડી દેવાનો' <u>હિંમતે મર્દા, તો મદદે ખુદા (!)'</u> .....' અને કેટલાય લોકો શિથિલતા આચરવામાં બિન્ધાસ્ત બન્યા.

કારણ ? લોકોએ એમની શિથિલતાઓ જાણ્યા બાદ પણ વંદન-સત્કાર-સન્માન ચાલુ રાખ્યા..... એ જ આનું કારણ !

હજી પાંચેક વર્ષ પહેલાનો કાળ એવો હતો કે સાધુએ એક ફોન કરાવવો હોય તો ય એને ભય લાગતો કે 'શ્રાવકોને કેવું લાગશે ? મને કેવો માનશે ?' અને આજનો કાળ એ છે કે મોબાઈલ ફોનો કરાવવાનું તો સાવ સામાન્ય થઈ જ ગયું, પણ જાતે વાપરનારાઓ પણ ઘણા વધી ગયા. કારણ ? એ જ કે લોકોએ આ શિથિલતા સામે વંદનાદિત્યાગ દ્વારા કોઈ વિરોધ ન નોંધાવ્યો. ઉલ્ટું શિથિલોની પ્રશંસા, એમના હાથે મહોત્સવો....વગેરે બધું કરાવી એમને પુષ્કળ પોષણ આપ્યું.

હજી પણ જો શ્રાવકો-સંઘો આ વાત નહિ સમજે, વિવેકસંપન્ન નહિ બને, "આપણે શું ? મહારાજ મહારાજનું જાણે ! આપણે તો વંદન કરવાના, ગમે તે હોય, આપણા કરતા તો સારા છે ને ?" આવી આવી વિચારધારાઓ જો દૂર નહિ ફગાવે તો શિથિલતાઓ વધતી રહેવાની, સંવિગ્નતા પર ઘણના ઘા પડતા

રહેવાના, જિનશાસનની મહાનતામાં ખામી દેખાવા લાગવાની...

પણ આ બધું અરણ્યરુદન જેવું છે ! વેરાન જગ્યામાં ગમે એટલું રડો, કોઈ સહાય કરવા ન આવે... એમ આ વાસ્તવિક્તાઓ પ્રરૂપવા છતાં એને વાંચશે કેટલા ?વાંચનારાઓ એના પર શ્રદ્ધા કરશે કેટલા ? શ્રદ્ધા કરનારાઓ આચરણમાં મુકશે કેટલા ? એ એકેએક પ્રશ્ન મસ્તકમાં પત્થરની જેમ વાગે એવા છે.

છતાં માર્ગની પ્રરૂપણા કરવી એ મારી ફરજ છે. આત્માર્થી જીવોને આની અસર થશે અને એટલા અંશમાં શાસનની બેહાલી અટકશે તો ય આ લખાણ સફળ છે.

સંબોધસિત્તરિ ગ્રન્થમાં સ્પષ્ટ લખ્યું છે કે

**पासत्थाइ वंदमाणस्स नेव कित्ती न निज्जरा होइ ।**

**जायइ कायकिलेसो बंधो कम्मस्स आणाइ ।**

જેઓ પાર્શ્વસ્થાદિ શિથિલોને વંદન કરે છે, એમને (૧) યશ-કીર્તિ નથી મળતા. (૨) નિર્જરા થતી નથી. (૩) માત્ર કાયક્લેશ થાય છે. (૪)કર્મનો બંધ થાય છે. (૫) આજ્ઞાભંગાદિ દોષો લાગે છે.

આશય એ કે નાટકીયાને વંદન કરનારાને કોઈ શાબાશી નથી આપવાનું, એમ શિથિલોને વંદન કરનારાને કોઈ અનુમોદવાનું નથી. એમાં નિર્જરા થવાની નથી. ઉલટું ખમાસમણાદિ ક્રિયા કરવામાં શરીરને નકામું કષ્ટ પડવાનું. આ વંદન શિથિલતાઓની અનુમોદના રૂપ બનવાથી એમાં પાપકર્મનો બંધ થવાનો. 'શિથિલોને વંદન ન કરવા' એ જિનાજ્ઞાનો ભંગ થવાનો. એક જણના વંદનાદિ જોઈ બીજા પણ ભોળા જીવો વંદનાદિ કરવા લાગવાના એટલે અનવસ્થા ચાલવાની. ભગવાનની આજ્ઞાથી વિરુદ્ધ વસ્તુમાં શ્રદ્ધા થઈ, એટલે મિથ્યાત્વ પણ લાગવાનું અને શિથિલોની શિથિલતા વંદનાદિના કારણે વધવાથી સંયમવિરાધનાદિ દોષો પણ ઉભા થવાના.......

એટલે આત્માર્થી જીવોએ બહુ જ સ્પષ્ટ સમજી લેવા જેવું છે કે 'કયાંય વ્યક્તિરાગમાં તણાઈ જવું નહિ.' આપણે અમુક વ્યક્તિને, અમુક ગચ્છને માનતા હોઈએ ને એ વ્યક્તિમાં, એ ગચ્છમાં ગરબડો દેખાય તો એની સામે આંખમીંચામણા કરવા, એ ચલાવી લેવું...... એ પક્ષરાગનું ઘોર પાપ છે. આપણે કોઈ વ્યક્તિ કે ગચ્છ કે પક્ષના ઉપાસક નથી, આપણે જિનાજ્ઞાના ઉપાસક છીએ. જ્યાં એમાં સરીયામ શિથિલતા દેખાય, ત્યાં એ વ્યક્તિ સગો ભાઈ હોય - સગો બાપ હોય.....તો પણ એનાથી અળગા થઈ જવું... સમ્યગ્દર્શનની

વિશુદ્ધિ હોય તો જ આ શક્ય બનશે.

બાકી

'પારકાઓના નાના પણ દોષો શિથિલતા દેખાય અને પોતાના તરીકે માનેલાઓના મોટા પણ દોષો અપવાદ દેખાય...' એ વિટંબણાઓ આ કાળમાં ઓછી નથી.

'પારકાઓની શિથિલતાઓમાં એ જીવોની અધમતા દેખાય અને પોતાના તરીકે માનેલાઓની શિથિલતાઓમાં પડતા કાળની, કુનિમિત્તોની જ અધમતા દેખાય...' એવો મિથ્યા વિવેક પણ આ કાળમાં ઓછો નથી.

'હું કયા ગચ્છનો? કઈ વ્યક્તિનો અનુરાગી ?' એ ભૂલી જિનાજ્ઞાને યાદ કરી એના આધારે જ પ્રવૃત્તિ કરવી એ જ આત્માર્થી જીવોનું એક માત્ર કર્ત્તવ્ય છે.

– x – x –

<u>શિષ્ય :</u> શિથિલોને વંદન ન કરવાથી તેઓ સુધરવાની શક્યતા છે, એમ તમે કહ્યું પણ મારી પાસે તો તદ્દન વિપરીત દૃષ્ટાંત છે. મેં તો સાંભળ્યું છે કે સજ્જનમંત્રીએ સાંજના સમયે એક ગલીના ખૂણામાં કોઈ વેશ્યાના ગળામાં હાથ નાંખીને ઉભેલા, પાન ચાવતા જૈન મુનિને જોયા અને એનાથી પેલા મુનિ ધ્રુજી ઉઠ્યા, એમને ઘોર પશ્ચાત્તાપ થયો, બધું પાપ છોડી પ્રાયશ્ચિત્ત કરી એ પવિત્ર સાધુ બન્યા.

આ દૃષ્ટાન્તમાં સ્પષ્ટ ખ્યાલ આવે છે કે મંત્રીએ શિથિલને વંદન કર્યા અને એનાથી શિથિલ સાધુએ શિથિલતા ત્યાગી.

જ્યારે તમે કહો છો કે 'શિથિલને વંદન ન કરવા, એનાથી એની શિથિલતાઓને પોષણ મળતું અટકશે...' પણ આ બેનો કંઈ મેળ જ નથી.

<u>ઉપાધ્યાય :</u> તેં આપેલું દૃષ્ટાન્ત સાચું એની ના નહિ, પણ એવું તો કયારેક બને. એને મૂળમાર્ગ બનાવી ન દેવાય. બીજી વાત એ કે સજ્જનમંત્રીએ જે વંદન કર્યા, એમાં એમની જોરદાર ચાલાકી હતી. પોતે એક મંત્રી છે, અને સાધુ પાપ કરતા ખુલ્લો પકડાયો છે, એ વખતે એમના વંદન પણ સાધુને જબરદસ્ત ભય ઉત્પન્ન કરાવનાર બનવાના જ. એમની આંખમાં રહેલી ગંભીરતા-મોઢા પરનો ભાવ-વંદનના શબ્દો બોલવાની વિશિષ્ટતા... પેલાને વધુ ને વધુ ભય ઉત્પન્ન કરાવનાર બની રહે એટલે એ પાપો કરતા અટકે એ શક્યતા ઘણી !

જ્યારે તું જે રીતે વંદન કરવાની વાત કરે છે, એમાં તો શિથિલ સાધુને ભય ઉત્પન્ન થવાનો સંભવ જ નથી. એટલે શિથિલોને વંદન કરવા દ્વારા સુધારવાનો

માર્ગ સીધો માર્ગ નથી.

<u>શિષ્ય :</u> એનો અર્થ એ કે "ગુણ વિનાના માત્ર વેષધારીને વંદન ન કરવા" એવો તમારો અભિપ્રાય છે. પણ એ બરાબર નથી.

**<u>શિષ્ય કહે જેમ જિનપડિમાને, જિનવર સ્થાપી નમીયે રે.</u>**
**<u>સાધુવેષ સ્થાપી અતિસુંદર, તિમ અસાધુ નમીયે રે. ॥૨૦॥</u>**

<u>ગાથાર્થ :</u> શિષ્ય કહે છે કે "જેમ જિનપ્રતિમાને જિનવર સ્થાપીને નમન કરો છો, તેમ અતિસુંદર સાધુવેષની સ્થાપના કરીને અસાધુને પણ વંદન કરવા."

<u>ભાવાર્થ :</u>

<u>શિષ્ય :</u> પ્રતિમામાં ગુણો છે ખરા ? એ તો જડ છે. છતાં તમે એમાં ભગવાનની સ્થાપના કરો છો ને ? "આ ભગવાન છે" એમ માનીને પૂજો છો ને ? એના પ્રભાવથી જ તમને નિર્જરાદિ પણ થાય છે ને ? તો એ જ રીતે કુસાધુમાં સાધુતાના કોઈ ગુણો નથી, એ વાત માની લઈએ. છતાં એમાં સુસાધુતાની સ્થાપના કરી શકાય ને ? "આ સુસાધુ છે.... ગૌતમસ્વામી છે.....એમણે પહેરેલો વેષ એ ગૌતમ સ્વામીનો વેષ છે....." વગેરે ભાવો દ્વારા એમને સુસાધુ માનીને એમને વંદન કરી જ શકાય. અને એના દ્વારા કર્મનિર્જરાદિ ચિકક્કાર લાભો પણ મેળવી શકાય.

ટુંકી વાત એટલી જ કે

જિનપ્રતિમા ગુણો વિનાની, કુસાધુ પણ ગુણો વિનાનો !

જિનપ્રતિમામાં જિનગુણોની સ્થાપના !, તો કુસાધુમાં સુસાધુગુણોની સ્થાપના !

જિનપ્રતિમાને સાક્ષાત્ જિન માની વંદન કરવા, તો કુસાધુને સાક્ષાત સુસાધુ માની વંદન કરવા.

જિનપ્રતિમાને વંદન કરવાથી પુષ્કળ કર્મક્ષય પ્રાપ્ત થાય, તો કુસાધુને વંદન કરવાથી પુષ્કળ કર્મક્ષય મળે.

– x – x –

<u>ગુરુ :</u>

**<u>ભદ્રબાહુ ગુરુ બોલે પડિમા ગુણવંતી નહિ દુષ્ટ રે.</u>**
**<u>લિંગમાંહે બે વાના દિસે, તે તું માન અદુષ્ટ રે. ॥૨૧॥</u>**

<u>ગાથાર્થ :</u> ભદ્રબાહુ ગુરુ બોલે છે કે પ્રતિમા ગુણવાન છે, દુષ્ટ નહિ.

લિંગમાં બંને પ્રકાર દેખાય છે હે નિર્દોષ ! તું તે વાત માન. [અથવા દોષરહિત એવી આ વાત તું માની લે.... ]

ભાવાર્થ : તારા આ પ્રશ્નોનો ઉત્તર શ્રીભદ્રબાહુસ્વામીજીએ આવશ્યક નિર્યુક્તિમાં ખૂબ જ સારી રીતે આપ્યો છે. તેઓ શ્રી ફરમાવે છે કે જિનપ્રતિમામાં જેમ ગુણ નથી, તેમ દોષ પણ ક્યાં છે ? જિનપ્રતિમામાં ભલે કેવલજ્ઞાનાદિ ગુણો ન હોય, પણ એ પ્રતિમા ઈર્ષ્યાળુ, રાગી, ક્રોધી, જીદ્દી.......ખરી ? નહિ જ.

જ્યારે સાધુવેષધારીમાં તો સંભવિત છે કે એ ગુણવાન પણ હોય અને ઈર્ષ્યાળુ, રાગી, ક્રોધી, જીદ્દી પણ હોય....

આમ જિનપ્રતિમામાં દોષની સંભાવના જ ન હોવાથી એમાં અરિહંતની સ્થાપના કરવી શક્ય છે. જ્યારે સાધુવેષધારીમાં જો ચિક્કાર દોષો હોય, તો ત્યાં સુસાધુની સ્થાપના કેવી રીતે કરી શકાય ? આમ બંનેમાં સ્પષ્ટ તફાવત છે જ.

આ વાત દૃષ્ટાન્તથી વિચારીએ તો

જે કાગળ કોરું છે, જેના પર સારું કે ખરાબ કોઈપણ ચિત્ર દોરાયું નથી, એ કાગળ પર સારું ચિત્ર દોરવું શક્ય છે. જિનપ્રતિમામાં ગુણોરૂપી સારું ચિત્ર ભલે ન હોય, પણ દોષોરૂપી ખરાબ ચિત્ર પણ નથી, અને આકાર તો જિનની યાદ અપાવે એવો મનોહર છે જ ને ? એટલે એમાં જિનની સ્થાપના ચોક્કસ થઈ શકે. જ્યારે કુસાધુઓ રૂપી કાગળ ઉપર તો શિથિલાચાર રૂપ ખરાબ ચિત્ર ઉપસેલું છે, એમાં સુસાધુની સ્થાપના કરવાનું મન જ ન થાય.

એમ જે માણસ ચોરી વગેરે દોષોથી ભરેલો હોય, વેપારીને ખબર હોય, એ વેપારી પાસે આવે તો વેપારી એનામાં સારા ગુણોની કલ્પના કરીને એને નોકરી-ધંધામાં રાખી લેવાની ભૂલ કરે ખરા ? એના દોષો યાદ આવે, એનાથી થનારા નુકસાનો યાદ આવે એટલે સહજ રીતે જ એના પ્રત્યે સારી લાગણી જન્મી શક્તી નથી. એને બદલે જે તદ્દન નવો વ્યક્તિ હોય, જેનામાં દોષો છે કે નહિ ?એની વેપારીને ખબર ન હોય, અથવા તો 'જે ગુણવાળો છે' એવી ખબર હોય એને એ વેપારી સારો ગણીને નોકરી-ધંધામાં લઈ લે એ બની શકે. એમ જિનપ્રતિમામાં દોષો ન હોવાની આપણને ખબર છે, તો તેમાં જિનેશ્વર દેવની સ્થાપના ચોક્કસ થઈ શકે.

શાસ્ત્રીયભાષામાં કહીએ તો

'વસ્તુ બહુદોષવાળી છે' એ જ્ઞાન વસ્તુમાં સારી વસ્તુની સ્થાપના થવા ન દે, 'વસ્તુ બહુદોષવાળી નથી' એ જ્ઞાન વસ્તુમાં સારી વસ્તુની સ્થાપના થવા દે.

અલબત્ત કોઈક જડ માણસ બહુદોષવાળી વસ્તુ જાણવા છતાં પણ એમાં મારી-મચડીને સારી વસ્તુની સ્થાપના કરે એવું બને ખરું, પણ એ હિતકારી ન બને.

વળી ખરી વાત તો એ કે તમે ખોટાસાધુમાં સારા સાધુની સ્થાપના કરવાની જીદ શા માટે કરો છો ? એના બદલે જે સાક્ષાત સારા સાધુઓ હાજર જ છે, એને જ સારા સાધુ તરીકે માનીને એમની ભક્તિ કરો ને ? બાકી જો ખોટા સાધુમાં ય સારા સાધુની સ્થાપના કરવાની તમને કુટેવ જ હોય તો એનો ઉપયોગ બધે કેમ નથી કરતા ?

ગધેડાને કે કુતરાને મૃત મા-બાપ તરીકે માનીને રોજ એને વંદન કરશો ?

પત્ની મરી ગઈ છે તો કોઈ કાળી-કુબડી સ્ત્રીને પોતાની પત્ની તરીકે રાખવાનું પસંદ કરશો ?

ડોક્ટર હાજર ન હોય તો નોકરમાં ડોક્ટરની સ્થાપના કરી ઈંજેક્શન લેશો ?

દીકરો મરી ગયો હોય તો દીકરાના હાડકાઓને દીકરો માની સ્નેહથી ઘરે કબાટમાં રાખશો ?

તમે કહેશો જ કે

મૃત મા-બાપના સ્થાને એમના જેવા જ કાકા-કાકી-માસા-માસી વગેરેને મા-બાપ માની શકાય.

મૃત પત્નીના સ્થાને એના જેવા ગુણોવાળી સ્ત્રીને પત્ની તરીકે રાખી શકાય.

ડોકટર ન હોય તો એના આસીસ્ટન્ટને સારો સમજી એની પાસે ઈંજેક્શન લઈ શકાય.

દીકરો ન હોય તો એના ફોટાને-એની પ્રિયવસ્તુઓને સ્નેહથી દીકરાની સ્મૃતિમાં રાખી શકાય....

આનો અર્થ જ એ કે ગમે તે વસ્તુને ગમે તે સારી વસ્તુ તરીકે ન મનાય. આજે ગૌતમસ્વામી વગેરે મહાત્માઓ નથી, તો શિથિલાચારીને ગૌતમસ્વામી માનીને વંદનાદિ ન કરાય, પણ એકંદરે સંવિગ્ન મહાત્માને ગૌતમસ્વામી માની વંદન કરી શકાય.

આમ

જિનપ્રતિમાને જિનેશ્વર માનીને ભક્તિ કરાય,
સારા સાધુને ગૌતમસ્વામી માનીને ભક્તિ કરાય,
પણ ખરાબ સાધુને સારો માનીને ભક્તિ ન કરાય.

<u>શિષ્ય :</u> પણ મેં તો એવું સાંભળ્યું છે કે "આપણા ગુરુ ખરાબ હોય તો પણ એમનામાં ગૌતમસ્વામીની કલ્પના કરીને ઉચ્ચભાવથી એમની સેવા કરવી." જ્યારે તમે તો સાવ અલગ જ વાત કરો છો.

<u>ગુરુ :</u> ગુરુમાં બે પ્રકારના દોષો સંભવે છે. (૧) મોટા દોષો, મહાવ્રતો સંબંધી દોષો. (૨) નાના દોષો, ગોચરી વગેરે સંબંધી દોષો !

આમાં મોટાદોષો ચારિત્રનો ઘાત કરનારા છે, તેવા દોષોવાળા સાધુને સારા સાધુ માનીને વંદનાદિ ન કરાય. પણ જે ગુરુમાં ચારિત્રનો રાગ હોય, બ્રહ્મચર્યાદિ મૂલગુણોનો ખપ હોય, પણ દોષિતગોચરી વગેરે રૂપ નાના-નાના- દોષો હોય, એ દોષોનો એમનામાં પશ્ચાત્તાપ પણ હોય...તો એવા ગુરુમાં ગૌતમસ્વામીની સ્થાપના કરીને ઉત્કૃષ્ટ ભાવે વંદનાદિ કરવામાં ચોક્કસ લાભ થાય.

<u>શિષ્ય :</u> આવો ભેદ તમે શી રીતે પાડી શકો ? કે 'મોટાદોષવાળા સાધુમાં સુસાધુતાની સ્થાપના ન કરાય, ને નાનાદોષવાળા સાધુમાં ગૌતમસ્વામીની કલ્પના કરાય ?'

<u>ગુરુ :</u> સવાસો ગાથાના સ્તવનામાં ઉપાધ્યાયજીએ કહ્યું જ છે કે **<u>"ઉત્તરગુણમાંહિ હીણડા, ગુરુ કાલાદિક પાંખે. મૂલગુણે નવિ હીણડા એમ પંચાશક ભાખે...."</u>**

એનો અર્થ એ છે કે આ વિષમકાળાદિને કારણે કોઈક ગુરુ ઉત્તરગુણમાં હીન હોય, તો એ ગુરુ તરીકે માન્ય કરવા. પણ મૂલગુણોમાં હીન હોય એને ગુરુ તરીકે માન્ય ન રાખવા. આ વાત પંચાશકમાં કરી છે.

આ શાસ્ત્રપાઠના આધારે જ મેં ઉપરની વાત કરી છે કે નાના દોષોવાળા ગુરુમાં ગૌતમપદની સ્થાપના કરો, મોટા દોષવાળામાં ગૌતમપદની સ્થાપના ન કરો...

અને આ પદાર્થ એકદમ તર્કસંગત પણ છે.

જો M.D. ડોક્ટર ન મળે, તો M.B.B.S. પાસે ગોળી લઈએ, પણ હજામ પાસે ગોળી ન લઈએ.

જો મિષ્ટાન્નાદિ ન મળે, તો છેવટે સાદા ખોરાકથી ચલાવીએ, પણ વિષ્ટામૂત્ર ખાવા ન મંડીએ.

એમ જો ગૌતમસ્વામી જેવા સદ્ગુરુ ન મળે, તો છેવટે નાના દોષવાળા ગુરુને પૂજીએ,પણ મોટા દોષવાળા સાધુને ગુરુ ન બનાવાય.

<u>શિષ્ય :</u> નાના દોષવાળા ગુરુમાં સાધુતા તો ખરી જ ને ? તો જો એ સાચા જ સાધુ હોય તો એમાં સાધુતાની=ગુરુપદની સ્થાપના કરવાની જરૂર જ ક્યાં રહી ?

<u>ગુરુ :</u> સાચી વાત છે તારી. ગૌતમસ્વામી વગેરે પાસે ૧૦૦% ગુરુપદની પાત્રતા છે, તો વર્તમાનના ઓછાદોષવાળાઓ પાસે ૫૦-૬૦-૭૦-૮૦ % ગુરુપદની પાત્રતા છે. એટલે તેઓ ગુરુપદ માટે Pass તો થઈ જ ચૂક્યા છે. એટલે તેઓ સાચા જ ગુરુ હોવાથી એમાં ગુરુપદની સ્થાપના કરવાની જરૂર નથી. પણ એમનામાં આ પાત્રતા ઓછી હોવાથી કોઈને જો એમના પ્રત્યે અસદ્ભાવ થયા કરતો હોય, "મારા ગુરુ તો દોષવાળા છે...." એવા ભાવોને કારણે સદ્ભાવ ઓછો થતો હોય, તો એના માટે આ વાત છે કે "તું તારા ગુરુમાં સંપૂર્ણપણે ગૌતમસ્વામીની સ્થાપના કર."

આનાથી એ ફાયદો થાય કે એને નાનાદોષોના કારણે જે અસદ્ભાવ થતો હોય, એ અટકી જાય. વળી ગુરુના એ નાના દોષો એને નુકસાન ન કરનારા હોય એટલે આ રીતે તે જીવનું કલ્યાણ થાય. પણ ગુરુ જો મોટા દોષવાળા હોય તો તો એનાથી આ શિષ્યને નુકસાન થવાની શક્યતા ઘણી જ છે, એટલે ત્યાં આ રીતે સ્થાપના કરવાની સ્પષ્ટ ના છે.

આ વિષયમાં હજી ઉંડાણથી જાણકારી મેળવવી હોય તો આવશ્યકનિર્યુક્તિવૃત્તિ + ગુરુતત્ત્વવિનિશ્ચય ગ્રન્થનો તે તે વિષય જોઈ શકાય.

આપણે મૂળ વાત પર આવીએ, તે એ છે કે માત્ર સાધુવેષ એ મોક્ષમાર્ગ માની ન શકાય, એટલે સાધુવેષથી જ સંસાર તરી જવાની ભાવનામાં જો કોઈ રમતું હોય તો એ બિલકુલ બરાબર નથી.

— x — x —

<u>શિષ્ય :</u> ચાલો, માની લઈએ તમારી વાત ! પણ મને હજી એક મોક્ષમાર્ગ મેળવવાનો ઉપાય સૂઝે છે અને મને લાગે છે કે એ તો મોક્ષમાર્ગનો ઉપાય હશે જ અને છે <u>પરમાત્મભક્તિ !</u>

શાસ્ત્રોમાં જિનભક્તિનો અપરંપાર મહિમા દર્શાવ્યો છે.

+ **सारमेतन्मया लब्धं, श्रुताब्धेरवगाहनात् । भक्तिर्भागवती बीजं परमानन्दसम्पदाम् ।** બત્રીશબત્રીશીની આ ગાથામાં ઉપાધ્યાયજી ખુલ્લંખુલ્લા શબ્દોમાં કહે છે કે શાસ્ત્રસમુદ્રમાં ડુબકી મારીને મેં જે શોધ ખોળ કરી છે, એનાથી મને આટલો સાર મળ્યો છે કે ભગવાનની ભક્તિ એ જ પરમાનંદ રૂપી સંપત્તિનું બીજ છે.

+ એક સ્તવનની કડીમાં કહ્યું છે કે **'કાળ-સ્વભાવ- ભવિતવ્યતા એ સઘળા તારા દાસો રે. મુખ્ય હેતુ તું ધર્મનો એ મુજ સબળ વિશ્વાસો રે.'** અર્થાત ધર્મપ્રાપ્તિ, મોક્ષપ્રાપ્તિનો મુખ્ય હેતુ જો કોઈ હોય તો એ ભગવાન જ છે. કાળ, જીવનો સ્વભાવ અને ભવિતવ્યતા એ તો ભગવાનના દાસ છે. ભગવાન આપણા પર જો ખુશ થઈ જાય, તો આ બધું આપણા હાથમાં જ છે...

હવે જો આ રીતે ભગવાન જ બધું જ કરવાની શક્તિ ધરાવતા હોય, તો આપણે એમને ભક્તિ કરીને ખુશ કરી દઈએ, પછી એમની પાસે માંગણી કરીને મોક્ષમાર્ગ મેળવી લેશું, મોક્ષે પહોંચી જઈશું.

+ એક સ્તવનમાં કહ્યું છે કે **'ચમકપાષાણ જિમ લોહને ખીંચશે, મુક્તિને સહજ તુજ ભક્તિરાગો.'** લોહચૂંબક જેમ લોખંડને ખેંચે, એમ તારા પ્રત્યેનો ભક્તિરાગ સહજ રીતે મોક્ષને ખેંચશે...

+ સમક્તિના સડસઠ બોલની સજ્ઝાયમાં કહ્યુ છે કે **'જિનભક્તે જે નવિ થયું તે બીજાથી કેમ થાય ?'** પ્રભુભક્તિથી જે કામ ન થાય, તે બીજી કોઈપણ વસ્તુથી ન થાય...

આ બધા શાસ્ત્રપાઠોથી સ્પષ્ટ ખ્યાલ આવે છે કે પ્રભુભક્તિ એ જ મોક્ષમાર્ગ છે. આપણે બીજું કશું કરવાની જરૂર નથી. પૂજા કરો, ગીતો ગાઓ, સ્તુતિઓ અને સ્તવનો ગાઓ... પછી છેલ્લે ભગવાન પાસે માંગણી કરો કે 'મને મોક્ષમાર્ગ આપો...'

ભગવાન તો કરુણાના ભંડાર છે. એ કંઈ આપણને ના પાડવાના છે ? બિલકુલ નહિ.

**ગુરુ :** હા ! આવા મતવાળા પણ કેટલાકો છે ખરા.

**કોઈ કહે જિન આગે માંગી, મુક્તિમારગ અમે લેશું રે.**
**નિર્ગુણીને પણ સાહિબ તારે, તસ ભક્તે ગહગહેશું રે. ।।૨૨।।**

**ગાથાર્થ :** કોઈ કહે છે કે અમે તો જિનેશ્વર પાસે માંગણી કરીને મુક્તિમાર્ગ લેશું. આ સાહેબ તો નિર્ગુણીને પણ તારનારા છે. તેની ભક્તિથી આપણે આનંદમાં રહેશું-હર્ષ પામશું.

**ભાવાર્થ :** કેટલાકોને તપ-ત્યાગ-કષ્ટ-ક્રિયાઓ ગમતા નથી, એ કારણસર કે પછી અજ્ઞાનતા-ઘેલછાના કારણે એમને એવું લાગે છે કે → ભગવાન કરુણાના ભંડાર છે. આપણે ભલે ગમે એટલા દોષોથી ભરેલા હોઈએ તો પણ પ્રભુ આપણને તારશે. એ કોઈના દોષ ન જુએ, દોષ જૂએ તો ય કરુણાભંડાર હોવાથી આપણું હિત જ કરે.

વળી એ માત્ર કરુણાશાલી જ છે, એટલું નહિ. એ સાથે શક્તિશાળી પણ છે. ગમે એટલો કરુણાવાળો માણસ પણ જો શક્તિહીન હોય તો એ આપણને શું સહાય કરવાનો ? પણ આ પ્રભુ તો અનંતશક્તિના ધણી છે, ધારે તે કરી શકે, એટલે જ આપણે બીજું કશું કરવાની જરૂર જ નહિ. ભગવાનની ખૂબ ભક્તિ કરવાની અને છેલ્લે માંગણી કરવાની હે પ્રભુ ! તું મને મોક્ષમાર્ગ + મોક્ષ આપ, મને આ સંસારમાંથી તાર.

અમને તો ચોક્કસ વિશ્વાસ છે કે પ્રભુ દીનદયાળ છે, પતિતોદ્ધારક છે, એ અમને - નિર્ગુણીઓને તારશે જ તારશે... ←

પણ આવી માન્યતા બરાબર નથી.

— x — x —

**શિષ્ય :** શા માટે ? શું ભક્તિ મોક્ષમાર્ગ ન આપે ?

**ગુરુ :**

**પામી બોધ ન પાળે મુરખ, ચાલે બોધ વિચાલે રે.**
**લહીએ તેહ કહો કુણ મૂલે, બોલ્યું ઉપદેશમાલે રે. ॥૨૩॥**

**ગાથાર્થ :** જે બોધ મળ્યો છે, તેનું પાલન ન કરે... અને પરલોકમાં એની પ્રાપ્તિની યાચના કરે. એ કયા પૈસે પરલોકમાં એ બોધ પામશે ?... એમ ઉપદેશમાલામાં કહ્યું છે.

**ભાવાર્થ :** પહેલી વાત તો એ કે મોક્ષની પ્રાપ્તિ મોક્ષમાર્ગ વિના તો થવાની જ નથી. એટલે મોક્ષમાર્ગ મેળવવો અત્યંત આવશ્યક તો છે જ. તું કહે છે કે 'ભગવાનની ભક્તિ કરશું એટલે મોક્ષમાર્ગ મળી જ જશે.....' પણ આ વાત એકાંતે બરાબર નથી. મોક્ષમાર્ગ એટલે શું ? એ તને ખબર છે ? તત્ત્વાર્થસૂત્રમાં

જણાવ્યું છે કે **सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः ।**

હવે સૌ પ્રથમ તો ઉપદેશમાળાનો એક શ્લોક જોઈ લઈએ.

**लद्धिल्लियं च बोहिं अकरिंतो अणागयं च पत्थिंतो ।**

**अन्नं दाहिं बोहिं लब्भिहिसि कयरेण मुल्लेण ।**

અત્યારે જે, જેટલો મોક્ષમાર્ગ મળ્યો છે, એનું આચરણ ન કરે અને 'ભવિષ્યમાં મને આ મળો' એવી પ્રાર્થના કરે એ બિચારો પરભવમાં ક્યા પૈસે આ મોક્ષમાર્ગ મેળવશે ?

આશય એ છે કે જેમ બજારમાં જાઓ અને કોઈપણ વસ્તુ ખરીદવી હોય તો ધન તો જોઈએ ને ? પૈસો હોય તો ભાત ભાતની વસ્તુઓ ખરીદી શકાય. સસ્તી વસ્તુ ખરીદવી હોય તો ઓછા પૈસાથી ચાલી જાય અને મોંઘી વસ્તુ ખરીદવી હોય તો ઘણા પૈસા જોઈએ.

હવે આ પૈસા કંઈ ઝાડ પર ઉગતા નથી. એ માટે ધંધો-નોકરી કરવી પડે, પરસેવો પાડવો પડે ત્યારે પૈસો હાથમાં આવે. અને તો જ ઈચ્છા પ્રમાણે ખરીદી કરી શકાય.

હવે આ જીવને આવતા ભવ રૂપી બજારમાં જવાનું છે, ત્યાં એની ઈચ્છા છે કે એને મોક્ષમાર્ગ મળે, અર્થાત્ મોક્ષમાર્ગની સામગ્રી મળે. પણ એ સામગ્રી કંઈ મફતમાં તો મળવાની નથી. સારો દેહ-સારી બુદ્ધિ-જૈનકુળ-દેવ-ગુરુનો સમાગમ- એ બધા પ્રત્યે અહોભાવ- ધર્મ માટેની બધી અનુકુળતા-દીક્ષા-દીક્ષાપાલન માટે યોગ્ય જ્ઞાન, સમજણ, ઉત્સાહ....વગેરે વગેરે ઢગલાબંધ વસ્તુઓ મેળવવાની છે, એનાથી મોક્ષમાર્ગ આરાધી શકાય. પણ આ બધું મફતમાં તો ન મળે ને ? એ માટે જોઈએ પૈસો ! પુણ્ય રૂપી પૈસો ! પુણ્યાનુબંધી પુણ્ય રૂપી ધન ! એ ધન પણ કંઈ આભમાંથી વરસાદની જેમ ટપકી પડતુ નથી, એ માટે ધંધો-નોકરી કરવી પડે, પુરુષાર્થ કરવો પડે.

એ પુરુષાર્થ એટલે આ ભવમાં જે કંઈ સામગ્રી મળી છે, એનો સદુપયોગ કરી લેવો, તેમાં સુંદર પ્રયત્ન આદરવો.

આજે જો આ પ્રયત્ન કરાય, તો એનાથી પુણ્યાનુબંધી પુણ્યરૂપી ધનની કમાણી થાય, એ થાય તો આવતા ભવમાં એના આધારે મોક્ષમાર્ગ મળે, એની સામગ્રી મળે.

પણ આજે દેવ મળ્યા હોવા છતાં એની ઉચિત સેવા ન કરવી, ગુરુ મળ્યા

હોવા છતાં એમની આરાધના ન કરવી, શ્રુતજ્ઞાન મળ્યું હોવા છતાં એમાં પ્રમાદ કરવો, ચારિત્ર મળ્યું હોવા છતાં એમાં સરિયામ ઉપેક્ષા કરવી અને પછી ભગવાનને કહેવું કે "પ્રભુ ! તું મને આવતા ભવમાં બધું આપજે....." તો એ શું હાસ્યાસ્પદ નથી ?

પ્રભુ તો કહેશે કે "ભલા આદમી ! આવતા ભવમાં આપવાની વાત જવા દે. મેં તને આ ભવમાં ય કેટલું બધું આપ્યું છે....એમાં તો સફળતા મેળવ. તું તો પહેલા ધોરણની પરીક્ષા આપવા ય તૈયાર નથી,અને મને કહે છે કે દસમા ધોરણની પરીક્ષાનું પ્રશ્નપત્ર મને આપ, હું એમાં મહેનત કરીશ..... પણ તારા પર ભરોસો શું રખાય ? જે પોતાને મળેલા હજાર રૂપિયા વેડફી નાંખે અને ઉપરથી માંગણી કરે કે 'મને લાખ રૂપિયા આપો, મારે ધંધો કરવો છે' તો કોણ દાનવીર એવો મૂર્ખ છે કે આવા આળસુને લાખ રૂપિયા આપે... અરે ! પહેલા હજાર રૂપિયાના પંદરસો તો કરી બતાવ, પછી લાખની વાત !"

સીધી સાદી વાત એ કે આ ભવમાં જે કંઈ મળ્યું છે, એનો જેઓ સદુપયોગ કરતા નથી, અને 'આવતાભવમાં મળશે, ત્યારે હું આરાધના કરીશ' એવા મૂર્ખતા ભરેલા વિચારો કર્યા કરે છે, એનામાં આ મુર્ખતાના સંસ્કાર એવા ચક્કાજામ થાય છે કે આવતા ભવમાં પણ જો એને બધી'અનુકુળતા મળે ને ! તો ય ત્યાં આ જ વિચાર આવશે કે "આ ભવમાં નહિ, પણ આવતા ભવમાં હું આરાધના કરીશ...." એ બિચારાને એ આવતો ભવ ક્યારેય આવશે જ નહિ કે જેમાં એ આરાધના કરનારો બને.

આ આળસના, આરાધના નહિ કરવાના ખરાબ સંસ્કારો ભારે નુકસાનકારી છે, એટલે ભવિષ્યની વાત પછી...અત્યારે તો આ ભવમાં જે મળ્યું છે, તેને બરાબર સાધી લો, એનાથી ખુશ થયેલી કુદરત આવતા ભવમાં જોઈએ એટલું ફરી આપશે, ત્યારે ફરી આરાધના કરશું.

એક માથા ફરેલો દેવાદાર ઉઘરાણી કરવા આવેલા લેણદારને કહે કે "મારે આજે અનુકુળતા નથી, આવતી કાલે આપીશ," બીજા દિવસે કહે કે "મેં તને કહ્યું તો ખરું કે આજે અનુકુળતા નથી, આવતી કાલે આપીશ. આ દિવસ તો આજનો જ દિવસ છે. આવતીકાલનો દિવસ ક્યા છે ?..."

આવી કપટવૃત્તિ કયો લેણદાર ચલાવી લે ? એ મારી ઝૂડીને લેણું વસુલ કરશે, અને ભવિષ્યમાં ફરી કદી સહાય નહિ કરે...

આવું અહીં બને.

ભગવાન કહે કે "મેં તને આ ભવમાં આટલી સગવડ આપી છે, એટલી તો તું આરાધના કર..." આપણે જવાબ દઈએ કે "આ ભવમાં નહિ, આવતા ભવમાં..." તો ભગવાન પણ કંઈ બુદ્ધિહીન નથી, એ ભવિષ્યમાં ફરી એવી અનુકૂળતાઓ આપવાનું જ બંધ કરી દે. [અલબત્ત ભગવાન બોલતા નથી કે આપતા નથી, પણ આપણું પુણ્ય આ રીતે સામગ્રી મેળવી આપવામાં અને નહિ મેળવી આપવામાં બધો ભાગ ભજવે છે... અહીં કાલ્પનિક દૃષ્ટાંતથી એ વાસ્તવિકતાની રજુઆત કરી છે.]

<u>શિષ્ય :</u> તો શું આવતા ભવની માંગણી કરવી ખોટી ? તો લોગસ્સમાં બોહિલાભની માંગણી કરી છે, એનું શું ? એનો અર્થ જ છે કે આવતાભવમાં જિનધર્મની પ્રાપ્તિ ! એમ જયવીયરાયમાં પણ બોધિલાભની માંગણી તો કરી જ છે. समाहिमरणं च बोहिलाभो अ એ શબ્દો સ્પષ્ટ બોલીએ જ છીએ. ખુદ ઉદયરત્નજી મ.એ 'ભવોભવ તુમ ચરણોની સેવા, હું તો માંગુ છું દેવાધિદેવા !' એ પંક્તિ દ્વારા ભવોભવમાં પ્રભુચરણની સેવા માંગી જ છે.

આવી તો માંગણીઓ ઘણી બધી જગ્યાએ જોવા મળે છે, ને તમે ના પાડો છો કે પરભવની માંગણી નહિ કરવાની... તો આ બધામાં સાચું શું ?

<u>ગુરુ :</u> બંને સાચું.

જેમ કોઈ ધનવાન પોતાને મળેલી સંપત્તિને શક્તિ પ્રમાણે સન્માર્ગે ખર્ચે, તો એ ભગવાન પાસે એવી માંગણી કરવા માટે હકદાર છે કે "પ્રભો ! તેં આપેલી સંપત્તિનો સારામાં સારો સદુપયોગ કર્યો છે, આવતા ભવમાં હજી વધુ ધન આપીશ, તો હજી વધુ સદુપયોગ કરીશ..."

કોઈ બળવાન માણસ શારીરિકબળથી ઘોર તપ કરે તો એ માંગણી કરી શકે કે "આવતા ભવમાં હજી વધુ સારું બળ આપજે, જેથી હું વધુ સારો તપ કરી શકું..."

ટુંકમાં અત્યારે જે મળ્યું છે, એનો જે માણસ બરાબર સદુપયોગ કરે, એ માણસ વધુ મેળવવાની ઝંખના કરે, માંગણી કરે તો એ યોગ્ય જ છે.

એટલે લોગસ્સમાં, જયવીયરાયમાં, સ્તવનમાં જે માંગણી કરવામાં આવી છે, એની પાછળનો ભાવ આ જ છે કે "હે પ્રભો ! આ ભવમાં તારું શાસન મળ્યું તો એની યથાશક્તિ આરાધના કરી, હવે આવતા ભવમાં પણ તારું શાસન આપજે, જેથી આવતાભવમાં પણ તારા શાસનની આરાધના કરી શકું....." આમ આવી માંગણી ઉચિત જ છે.

પણ તું જ વિચાર કે

જે આજે લાખોપતિ હોય, છતાં દાનમાં સો-હજાર રૂપિયા પણ ન ખર્ચે, ભારે કંજુસાઈ દાખવે અને પછી બધાને કહે કે "ભગવાન જો મને આવતા ભવમાં અબજોપતિ બનાવે, તો હું લાખો-કરોડોનું દાન કરું..." તો શું એ માંગણી યોગ્ય ગણાશે ?

હૃષ્ટ પુષ્ટ શરીરવાળો, નીરોગી માણસ જો રોજ નવકારશી પણ ન કરે અને ભગવાનને કહે કે "પ્રભો ! આવતા ભવે જોરદાર શરીર આપજે, તો હું માસક્ષમણાદિ ઘોર તપ કરીશ..." તો એ શું શોભાસ્પદ બને ?

આજે ઘણાને સંયમ મળ્યું છે, સંયમપાલનની ઘણી અનુકુળતાઓ મળી છે, છતાં તેમાં જો સંયમીઓ પ્રમાદ કરે અને પછી ભગવાનને કહે કે "મને આવતા ભવે ફરી સંયમ આપજે, હું જોરદાર આરાધના કરીશ..." તો શું એ યોગ્ય ગણાશે ?

આજે ઘણી સારી પ્રજ્ઞા મળી હોવા છતાં શાસ્ત્રાભ્યાસાદિ ન કરે અને ફાલતું વાતોમાં વર્ષોના વર્ષો વિતાવે, પછી ભગવાનને કહે કે " મને આવતા ભવે જોરદાર બુદ્ધિ આપજે, તો હું ચૌદપૂર્વનો જ્ઞાની બનું..." તો શું એ યોગ્ય ગણાશે ?

'આવતાભવની માંગણીઓ કરવી એ ખોટી છે' એ આવા આળસુ-કપટી-કશું ન કરવાની વૃતિવાળા જીવો માટે કહ્યું છે, અને એ યોગ્ય જ છે.

ટુંકમાં

વર્તમાનમાં જે મળ્યું હોય, એની યથાશક્તિ પણ આરાધના કરે, તો પરભવ માટે ફરી માંગણી કરી શકે. પણ વર્તમાનમાં જે મળ્યું હોય, એનો દુરુપયોગ કરે, તે પરભવ માટે ફરી માંગણી કરવાને લાયક જ નથી.

ખેદ સાથે કહેવું પડે છે કે

આજે કેટલાકો એવા છે કે જેઓને નિર્દોષ ગોચરી ચર્યા માટે તડકામાં ફરવું, કલાક ફરવું, ઘરોમાં અપમાનો સહેવા... વગેરે નથી ફાવતું, વર્ષમાં બે વાર લોચ નથી ફાવતા, બ્રહ્મચર્ય અંગેના કડક નિયમો બંધન સમાન લાગે છે, ખાવા-પીવાની બાબતોની મર્યાદાઓ પગમાં નાંખેલી સાંકળ જેવી અનુભવાય છે... ભગવાને બતાવેલું સંયમજીવન ભારભાર લાગે છે... છતાં પાછું મોક્ષાર્થી તો દેખાવું જ છે, ધર્મી તો દેખાવું છે... એટલે પ્રભુભક્તિ નામના બહાને તેઓ પોતાના આ અવગુણોને છુપાવવાનું કામ કરે છે. એ

માટે પ્રભુભક્તિનો મહિમા દર્શાવનારા શાસ્ત્રવચનોનો દુરુપયોગ કરે છે... બસ, પ્રભુ પાસે ખૂબ ગાઓ, ખૂબ નાચો, ખૂબ કુદો, ખૂબ બેસો... એટલે તમે પ્રભુભક્ત તરીકે જગ-વિખ્યાત ! એમાં જો તમે કવિ હો, નવા-નવા સ્તવનો બનાવતા આવડતા હોય, કલ્પનાશક્તિના બેતાજ બાદશાહ હો, એવો અજબ ગજબનો શબ્દ ભંડોળ જો તમારી પાસે હોય અને તમે ૧૦૦-૨૦૦ સ્તવનો વિવિધ રાગોમાં રચી દો... તો તો નરસિંહ મહેતા અને મીરા જેમ હિન્દુઓમાં મહાન પ્રભુભક્તો તરીકે પૂજાય છે, એમ તમે જૈનોમાં મહાન પ્રભુભક્તો તરીકે પુજાવા લાગો.

કરવાનું કશું નહિ, શક્તિ હોય તો ય તપ નહિ કરવાનો, સ્વાધ્યાય નહિ કરવાનો. નિર્દોષ સ્થંડિલભૂમિ માટે દૂર નહિ જવાનું, ગુરુપારતન્ત્ર્ય રાખવાની ય જરૂર નહિ, પ્રતિક્રમણાદિ ક્રિયાઓ વિધિસર કરવાની ય જરૂર નહિ... સંયમ માટે ઉદ્યમી બનવાની જરૂર નહિ. બસ, ગાવાનું, ગવડાવવાનું, ભક્તિની વાતો કરવાની...

આવા પ્રભુભક્તો આડકતરી રીતે મોક્ષમાર્ગનો વિચ્છેદ કરવાનું ઘોર પાપ જ બાંધે છે, આવા પ્રભુભક્તો આવતા ભવોની માંગણી કરીને જશ ખાટે છે કે " કેવી ભાવના છે આ પ્રભુભક્તની ! આવતા ભવમાં બધું જ આરાધવાની કેવી ખેવના છે ! ધન્ય છે, ધન્ય છે !"

એ બધું ન થાય, એ માટે જ ઉપદેશમાલાકારે ચોકખા શબ્દોમાં ના પાડી કે "આજે અત્યારે તમારી પાસે જે છે, તેની આરાધના બરાબર કરો, પરભવની વાત પછી !"

હા ! એવું બની શકે કે અજ્ઞાન કે પ્રમાદના કારણે આરાધના કરી ન હોય, પાછળથી ઘોર પશ્ચાત્તાપ થાય, પણ એ વખતે આરાધના કરવાની શક્તિ ન હોય તો પ્રભુ પાસે માંગણી ચોક્કસ કરે કે "પ્રભો ! તેં મને આરાધના કરવાની ઘણી સગવડ આપી, પણ મેં અભાગીયાએ અજ્ઞાન-પ્રમાદમાં અમૂલ્ય તક ગુમાવી. આજે હવે પશ્ચાત્તાપ થાય છે, હવે આરાધના કરવાની સાચી ભાવના પ્રગટી છે. પણ હવે શરીરની શક્તિ નથી, હવે એવી અનુકૂળતા નથી. પ્રભો ! તું મને ક્ષમા કર. હવે એકવાર ફરી મને આવતાભવમાં અનુકૂળતાઓ આપ, હું હવે બરાબર આરાધના કરીશ. પ્રમાદ નહિ કરું..... પ્રભો ! આ એક વિનંતિ માન્ય રાખ....."

આમ પશ્ચાત્તાપથી તરફડતો સંવિગ્નપાક્ષિક જેવો આત્મા આવી માંગણી

કરે, તો એ યોગ્ય છે.

આ બધામાં મનની સચ્ચાઈ અગત્યનો ભાગ ભજવે છે.

શિષ્ય : કોઈ સાધુ એવો હોય કે જેની અત્યારે આરાધના કરવાની શક્તિ હોય અને છતાં પ્રમાદાદિના કારણે આરાધના ન કરતો હોય તો તે આવી માંગણી કરી શકે ? કે "પ્રભો ! આ ભવમાં અત્યારે તો મને પ્રમાદદોષ ખૂબ હેરાન કરે છે, એટલે તારી આજ્ઞાની આરાધના નથી કરતો. પણ પ્રભો ! આવતા ભવમાં ફરી તક આપજે. ત્યારે હું આરાધના કરીશ...."

ગુરુ : જેમ આ ભવમાં બધી અનુકૂળતા હોવા છતાં પ્રમાદના કારણે આરાધના નથી કરતો, તો એ જ રીતે આવતા ભવમાં પણ પાછો એ જ પ્રમાદદોષ આડો નહિ આવે ? એક વાત ધ્યાનમાં લો કે શરીરની શક્તિ જુદી વસ્તુ છે, શરીર તદ્દન નવું મળે, તો આરાધનાની શારીરિક શક્તિ પાછી આવે. પણ પ્રમાદદોષ તો આત્માનો જ છે, એ તો આવતા ભવમાં ય હેરાન કરશે તો ? તો એ માટેનો કોઈ ઉપાય ખરો ?

શિષ્ય : એ તો પ્રમાદને દૂર કરશે ને ?

ગુરુ : શી રીતે કરશે ? આજે જો પ્રમાદને દૂર નથી કરતો, તો આવતા ભવમાં પ્રમાદને દૂર કરશે એની ખાત્રી શું ? વળી આનો અર્થ તો એ જ કે પ્રમાદનિવારણ જ એના માટે આવતા ભવમાં મહત્ત્વનું બની રહેશે ને ? તો તો પછી ભગવાન પાસે આટલું જ માંગે ને ? કે "પ્રભો ! મારો પ્રમાદ દૂર કર. તો હું આ જ ભવમાં આરાધના કરવા લાગું......" પ્રમાદ દૂર કરવા છેક પરલોકની રાહ જોવાની શી જરૂર છે ?

માટે સાર એટલો જ પકડો કે **ભક્તિના બહાના હેઠળ શક્તિને કુંઠિત કરીને મુક્તિને અટકાવી દેનારી પ્રવૃત્તિ બિલકુલ વ્યાજબી નથી.**

શિષ્ય : તો ભક્તિનો મહિમા દર્શાવનારા જે શાસ્ત્રપાઠો મેં તમને દર્શાવ્યા, એ શું બધા ખોટા ?

ગુરુ : કોણ કહે છે ? ભક્તિનો મહિમા અપરંપાર છે જ. પણ કઈ ભક્તિનો ? તેં માની લીધેલી ભક્તિનો ? કે શાસ્ત્રાનુસારી ભક્તિનો ?

(૧) સર્વવિરતિ એ સર્વોચ્ચકક્ષાની ભક્તિ જ છે, માત્ર ગીતો ગાવા એ ભક્તિ નથી. અને એ સર્વવિરતિ રૂપી ભક્તિનો મહિમા અપરંપાર છે. યોગસારમાં કહ્યું છે કે -

**इयं तु ज्ञानयोगेन भावसारस्तुतिस्तवैः**
**पूजादिभिः सुचारित्रचर्यया पालिता भवेत् ।**

જિનાજ્ઞાનું પાલન એ જ ભક્તિ ! આ આજ્ઞાપાલન જ્ઞાનયોગથી, ભાવપ્રધાન સ્તુતિ-સ્તવનોથી, દ્રવ્યપૂજાદિથી અને સુચારિત્રના પાલનથી થાય છે.....અર્થાત્ ચારિત્રપાલન એ પણ ભક્તિ છે.

ત્યાં આગળ કહ્યું છે કે -

**आराधितोऽस्त्वसौ भावस्तवेन व्रतचर्यया ।**
**तस्य पूजादिना द्रव्यस्तवेन तु सरागिणा ।**

ચારિત્રપાલન ભાવસ્તવ છે, એનાથી પ્રભુની આરાધના થાય. જ્યારે તેની પૂજાદિ એ દ્રવ્યસ્તવ છે, રાગવાળા અનુષ્ઠાનો છે, તેનાથી પણ એની આરાધના થાય.

આમાં ભાવસ્તવ મુખ્ય છે, દ્રવ્યસ્તવ તો જ સાચું જો એ ભાવસ્તવને જન્મ આપે.....એટલે ભાવસ્તવની ઉપેક્ષાવાળા, દ્રવ્યસ્તવમાં સર્વસ્વ સમજનારાઓ હકીકતમાં પ્રભુભક્ત જ નથી, તો પછી એમને ભક્તિનો લાભ મળે જ શી રીતે ?

(૨) હમણા જ વાત કરી, તેમ પૂજા - સ્તુતિસ્તવનો એ બધું પણ સાચી ભક્તિ રૂપ ત્યારે જ બને કે જેમાં સર્વવિરતિની ઝંખના હોય, હૃદયની સચ્ચાઈ હોય, ગુણાનુરાગ હોય, પોતાના દોષોનો એકરાર હોય..... દંભ-કપટથી ભરેલા પૂજાદિ સાચી ભક્તિ બનતા જ નથી.

(૩) રહી વાત ભગવાન કરુણાશાલી, અનંતશક્તિશાલી હોવાની ! એ એવા છે, એની ના નથી. પણ એનો અર્થ તું કંઈ જુદો જ સમજે છે. ભગવાન જો ગમે તેવાને પણ તારી દેવાની શક્તિ ધરાવતા હોત, તો આજે એકેય જીવ સંસારમાં બાકી જ ન હોત, સર્વજીવની કરુણાને ધારણ કરતા પ્રભુએ તમામે તમામને મોક્ષે પહોંચાડી જ દીધા હોત !

પણ આવું બન્યું નથી કે બનવાનું નથી. એનો અર્થ એ કે પ્રભુની અનંત-શક્તિનો અર્થ તું જે સમજે છે, એ નથી. એ ધારે એને મોક્ષે પહોંચાડી દે એ વાત તું ભૂલી જા.

હા ! કવિઓ ભક્તિસભર ભાષામાં પ્રભુને ખૂબ મહાન વર્ણવે, તો એ અસત્યામૃષા ભાષા રૂપ બની રહે છે, નહિ કે સત્યભાષા !

તાત્ત્વિકભાષાને બદલે જો લૌકિકભાષામાં કહેવું હોય તો એમ કહેવાય કે

"પ્રભુ જેમ કરુણાશાલી છે, અનંતશક્તિસંપન્ન છે, તેમ પ્રજ્ઞાસંપન્ન પણ છે. એ મુરખ નથી કે કોઈ એમને ફોસલાવી જાય. એ કોઈના મસ્કા સાંભળીને ફુલાઈ જાય એ શક્ય નથી અને એટલે જ એ એવા લોકોની હજાર મીઠી વાતો પછી પણ એમને કશું ન આપે એ સાવ સીધી વાત છે. જો લોકમાં પણ બુદ્ધિમાન માણસ ઠગાતો નથી, તો ભગવાન જેવા ભગવાન ઠગાય ખરા ?......

એટલે પ્રમાદગર્ભિત, ચારિત્રની અરતિથી ગર્ભિત..... વિચિત્ર પ્રકારની ભક્તિના આલંબને મોક્ષે જવાની ઈચ્છા કરવી, પરલોકમાં મોક્ષમાર્ગની માંગણી કરતા મધુરા શબ્દો બોલવા, એ બધું જ નિષ્ફળ જ બની રહેશે એ નિશ્ચિત જાણજે.

– x – x –

<u>શિષ્ય :</u> ભગવાન કરુણાશાળી છે, છતાં જો તમારા કહેવા પ્રમાણે માત્ર ભક્તિની વાતો કરનારાઓની માંગણી ન પૂરી કરતા હોય, તો પ્રભુ કોની માંગણી સ્વીકારે એ તો કહો ?

<u>ગુરુ :</u>

**<u>આણા પાળે સાહિબ તુસે, સકળ આપદા ટાળે રે.</u>**

**<u>આણાકારી જે જન માંગે, તસ જસલીલા આપે રે. ॥૨૪॥</u>**

<u>ગાથાર્થ :</u> જો આજ્ઞા પાળો ! તો સાહેબ ખુશ થાય, બધી મુશ્કેલીઓ દૂર કરે. જે આજ્ઞાપાલક જન માંગણી કરે, તેને પ્રભુ યશલીલા આપે.

<u>ભાવાર્થ :</u> પ્રભુને ખુશ કરવાનો એક માત્ર માર્ગ છે **<u>આજ્ઞાપાલન !</u>** ન લોચ, ન ગોચરી, ન લોકોની બહુમતીનો આદર, ન સાધુવેષ, ન ભક્તિ !

જ્યાં આજ્ઞાપાલન છે, ત્યાં આ બધું હોય - ન હોય તો ય પ્રભુ ખુશ થાય. જ્યાં આજ્ઞાપાલન નથી, ત્યાં બધું હોય તો ય નકામું ! પ્રભુ ખુશ ન જ થાય.

આ વાત શાસ્ત્રોમાં પણ સ્પષ્ટપણે ફરમાવાઈ છે.

અષ્ટકપ્રકરણમાં શ્રીહરિભદ્રસૂરિજી મહારાજા ફરમાવે છે કે

**यस्य चाराधनोपायः सदाऽऽज्ञाभ्यास एव हि ।**

**यथाशक्ति विधानेन नियमात्स फलप्रदः ॥**

ભગવાનને ખુશ કરવાનો ઉપાય છે "સદા એમની આજ્ઞાઓનો અભ્યાસ કરવો એટલે કે એનું પાલન કરવાનો પ્રયત્ન કરવો."

આ એક જ ઉપાય છે.

હા ! એમાં બે કાળજી રાખવાની છે.

(૧) આજ્ઞાનો અભ્યાસ શક્તિ પ્રમાણે કરવાનો. શક્તિ કરતા વધારે પણ નહિ અને શક્તિ કરતા ઓછો પણ નહિ.

(૨) આજ્ઞાનો અભ્યાસ વિધિપૂર્વક કરવાનો. અવિધિથી નહિ કરવો. આવો આજ્ઞાભ્યાસ અવશ્ય ફળ આપે જ.

અર્થાત્

વિધિપૂર્વક શક્તિ પ્રમાણે જિનાજ્ઞાઓનો અભ્યાસ = પાલન કરવાનો પ્રયત્ન એ જ પ્રભુને ખુશ કરવાનો એકમાત્ર ઉપાય છે.

શ્રીયોગસારમાં પણ આ જ વાત કરી છે કે

**कृतकृत्योऽयमाराद्धः स्यादाज्ञापालनात्पुनः ।**

આ ભગવાન કૃતકૃત્ય છે, છતાં એમનો પ્રસન્ન કરી શકાય છે 'આજ્ઞાપાલનથી' !

શ્રી ષોડશકપ્રકરણમાં કહ્યું છે કે

**वचनाराधनया खलु धर्मस्तद्बाधया त्वधर्म इति ।**

જિનવચનની આરાધનાથી ધર્મ છે, જિનવચનની વિરાધનાથી અધર્મ છે. જિનવચન એટલે જિનાજ્ઞા ! એની આરાધના એટલે વિધિપૂર્વક યથાશક્તિ એનું પાલન !

આ બધા શાસ્ત્રપાઠોના આધારે બહુ જ સ્પષ્ટ ખ્યાલ આવે છે પ્રભુને ખુશ કરવા હોય તો યથાશક્તિ વિધિપૂર્વક આજ્ઞાઓ પાળવી જ પડે. એનાથી એ ખુશ થાય, અને બધી આપત્તિઓ દૂર કરે.

આવો આજ્ઞાપાલક સાધુ ભગવાનને કહે કે "પ્રભો ! આવતા ભવમાં ફરી જિનધર્મ આપ, ફરી દીક્ષા આપ... ફરી વિશિષ્ટ આરાધના કરવાની તક આપ..." તો ખુશ થયેલા ભગવાન એની બધી વાત માને, એને યશલીલા આપે, એનો અર્થ એ કે સર્વત્ર એને યશ મળે. સર્વત્ર એને સફળતા મળે, એ માટેની બધી અનુકૂળતાઓ પ્રભુ કરી આપે.

<u>શિષ્ય :</u> લોચ એ આજ્ઞા નથી ?ગોચરીચર્યા એ આજ્ઞા નથી ? સાધુવેષ પહેરવો એ આજ્ઞા નથી ? આ બધી આજ્ઞા જ છે ને ? તો તમે પહેલા એ બધાનું ખંડન કરી નાખ્યું અને હવે પાછા કહો છો કે આજ્ઞાપાલન એ જ પ્રભુને ખુશ કરવાનો ઉપાય છે.

જેની પહેલા ના પાડી, એની જ હવે હા પાડો છો..... આ બધામાં મને સમજણ નથી પડતી કે વાસ્તવિક તત્ત્વ શું છે ?

<u>ગુરુ :</u> તારો પ્રશ્ન વ્યાજબી છે, ખૂબ જ માર્મિક છે. લોચાદિ પદાર્થો જિનાજ્ઞા તો છે જ, તો પૂર્વે એનું ખંડન કરવું અને હવે આજ્ઞાપાલનને મહત્ત્વ આપવું..... એ સીધી રીતે જોઈએ તો મનમાં ન જ ઉતરે એવું છે.

પણ આ અંગે મારે ઘણું કહેવાનું છે, એ તું એકદમ શાંતચિત્તે સાંભળજે.

ભગવાનની આજ્ઞા બે પ્રકારે છે.

(૧) નિશ્ચય - આજ્ઞા (૨) વ્યવહાર - આજ્ઞા.

મુખ્ય છે નિશ્ચય - આજ્ઞા ! પણ એને સાધવા માટે પ્રાય : વ્યવહાર - આજ્ઞાની જરૂર પડે જ..... એટલે એ રીતે વ્યવહાર - આજ્ઞા પણ ઘણી જ મહત્ત્વની છે.

આમાં નિશ્ચયાજ્ઞા શું ? એ શ્રી યોગસારગ્રન્થમાં દર્શાવ્યું છે કે

**<u>आज्ञा तु निर्मलं चित्तं कर्त्तव्यं स्फटिकोपमम् ।</u>**

**ज्ञानदर्शनशीलानि पोषणीयानि सर्वथा ।**

**रागद्वेषादयो दोषा हन्तव्याश्च क्षणे क्षणे ।**

**एतावत्येव तस्याज्ञा.....**

<u>અર્થ :</u> ચિત્ત = મન = અધ્યવસાય સ્ફટિક જેવા નિર્મળ બનાવવા એ જિનની આજ્ઞા છે. જ્ઞાન-દર્શન-ચારિત્ર ગુણો સર્વ પ્રકારે પોષવા, અને પળે પળે રાગ-દ્વેષાદિ દોષો ખતમ કરવા.

બસ, આટલી જ જિનની આજ્ઞા છે.

આમાં **एतावत्येव** શબ્દ દ્વારા એમ જણાવી દીધું કે આ સિવાય બીજી કોઈ આજ્ઞા છે જ નહિ. આ પદાર્થ નિશ્ચયનયનો છે. વાસ્તવિક્તા તો આ જ છે કે રાગાદિદોષોનો સર્વથા નાશ અને જ્ઞાનાદિગુણોની સર્વથા પ્રાપ્તિ આ એક જ વસ્તુ પ્રભુને ગમે છે. લોચ, વિહાર, ગોચરી, તપ, જપ, સ્વાધ્યાય વગેરે બાહ્યક્રિયાઓ એકવાર ન પણ હોય, તો ય જો નિશ્ચયની આજ્ઞા હોય, તો ભયો ભયો ! એનાથી આત્મકલ્યાણ થાય જ ! ભરતચક્રવર્તી જેવા અનંત આત્માઓ આ રીતે માત્ર નિશ્ચયાજ્ઞાના સામર્થ્યથી વ્યવહારાજ્ઞા વિના મોક્ષે પહોંચી ગયા છે.

પણ આનો અર્થ એવો તો નથી જ કે 'વ્યવહારાજ્ઞાઓ નકામી છે.' કેમકે

+ પ્રાયઃ તો નિશ્ચયાજ્ઞા વ્યવહારાજ્ઞાઓથી જ ઉત્પન્ન થાય છે.

+ પ્રાયઃ તો નિશ્ચયાજ્ઞા વ્યવહારાજ્ઞાઓ વિના હોતી નથી, ટકતી નથી.

+ ભરતાદિ અનંત આત્માઓ માત્ર નિશ્ચયાજ્ઞાથી મોક્ષ પામેલા દેખાય છે ખરા, પણ એની પાછળ વ્યવહારાજ્ઞાઓએ છૂપી રીતે અતિ - અગત્યનો ભાગ ભજવ્યો જ છે. ભરતચક્રી પૂર્વભવોમાં ઉત્તમોત્તમ કોટિનું ચારિત્ર પાળનારા હતા, એ વ્યવહારાજ્ઞાના જબરદસ્ત પાલનનો જ આ પ્રતાપ કે આ ભવમાં તેઓ વ્યવહારાજ્ઞા ન હોવા છતાં મોક્ષે જતા રહ્યા.

પણ જેમ છાતી વીંધીને નીકળી ગયેલું તીર દેખાય, તો ધનુષ્ય ન દેખાવા છતાં બધા માની જ લે કે "કોઈક ધનુષ્યમાંથી આ તીર છુટયું છે." ધનુષ્ય વિના આ તીર અહીં આવી જ ન શકે, અને છાતી વીંધી જ ન શકે.

સણસણતી ગોળી આવી હોય, વાગી હોય તો જોનારા સમજે જ કે "કોઈક બંદુકમાંથી જ આ ગોળી છુટી છે, એ વિના આ રીતે શરીર વીંધાઈ જવું શકય જ નથી."

એ જ રીતે નિશ્ચયાજ્ઞાઓ દેખાય, ત્યારે બુદ્ધિમાનો સમજી જ લે કે "કોઈક વ્યવહારાજ્ઞાઓથી જ આ નિશ્ચયાજ્ઞાઓ આવી છે, એ વિના નિશ્ચયાજ્ઞાઓ આવી ન શકે. ભલે આ ભવની એ વ્યવહારાજ્ઞાઓ ન દેખાય, પણ પરભવની તો વ્યવહારાજ્ઞાઓ હોવી જ જોઈએ."

આમાં

વ્યવહારાજ્ઞાઓ નિશ્ચયાજ્ઞાને લાવી જ આપે એવો એકાંત નથી. પણ મોટા ભાગે આવું જ બને.

વ્યવહારાજ્ઞાઓ જ નિશ્ચયાજ્ઞા લાવી આપે એવો એકાંત નથી, પણ મોટા ભાગે આવું જ બને.

લોચ, વિહાર, ગોચરી, સ્વાધ્યાય, તપ, વૈયાવચ્ચ વગેરે વગેરે હજારો વ્યહારાજ્ઞાઓ જિનેશ્વર દેવની જ આજ્ઞા છે, એ વાત સાચી પણ એ હિત કરે જ એવો નિયમ નથી. પૂર્વે જણાવી દીધું તેમ (૧) અભવ્યજીવો (૨) ભવ્ય છતાં અચરમાવર્તી જીવો (૩) ચરમાવર્તી છતાં માર્ગાનુસારીપણાના = અપુનર્બંધકપણાના ગુણો વિનાના જીવો..... આ જીવો ગમે એટલી વ્યવહારાજ્ઞાઓ પાળે એ નકામી છે, મોક્ષ માટે અનુકૂળ નથી.

આ હકીકત છે, માટે જ જેઓ એકાંતે એને મોક્ષમાર્ગ માની લે છે.

તેઓની માન્યતા બરાબર ન હોવાથી પૂર્વે એ બધી માન્યતાઓનું અનેક રીતે ખંડન કરેલું છે. બાકી એ બધી જ ક્રિયાઓ વ્યવહારાજ્ઞાઓ છે જ અને સુપાત્રજીવોને એ આજ્ઞાઓથી પુષ્કળ પુષ્કળ લાભ થાય જ છે.

અપેક્ષાએ એમ કહી શકાય કે વ્યવહારાજ્ઞાઓ નિશ્ચયાજ્ઞાઓની માતા છે કેમકે

+ માતા સંતાનને જન્મ આપે, વ્યવહારાજ્ઞાઓ નિશ્ચયાજ્ઞાને જન્મ આપે.

+ માતા સંતાનનો મોટો કરે, વૃદ્ધિ પમાડે એમ વ્યવહારાજ્ઞાઓ નિશ્ચયાજ્ઞાઓને વૃદ્ધિ પમાડે.

+ માતા સંતાનનું સંરક્ષણ કરે, એમ વ્યવહારાજ્ઞાઓ નિશ્ચયાજ્ઞાઓનું સંરક્ષણ કરે.

એટલે શ્રીયોગસારમાં ભલે નિશ્ચયાજ્ઞાઓની મહાનતા દર્શાવી હોય, પણ એનો અર્થ એવો તો નથી જ કે વ્યવહારાજ્ઞાઓની કશી કિંમત નથી.

શ્રીયોગસારમાં કહ્યું છે કે

**किं व्रतैः किं व्रताचारैः किं तपोभिर्जपैश्च किं ।**

**किं ध्यानैर्किं तथा ध्येयै र्न चित्तं यदि भास्वरं ।**

<u>અર્થ :</u> વ્રતોથી શું ? વ્રતાચારોથી શું ? તપો અને જપોથી શું ? ધ્યાનો અને ધ્યેયોથી ય શું ? જો મન ભાસ્વર = પવિત્ર ન હોય.

**किं क्लिष्टेनेन्द्रियरोधेन किं सदा पठनादिभिः ।**

**किं सर्वस्वप्रदानेन तत्त्वं नोन्मीलितं यदि ।**

<u>અર્થ :</u> કલેશભરપૂર ઈન્દ્રિયનિરોધથી શું ? સદા ભણ્યા કરવાદિથી શું ? બધું જ આપી દેવાથી શું ? જો તત્ત્વ ન પ્રગટેલું હોય તો.

**नाञ्चलो मुखवस्त्रं न न राका न चतुर्दशी ।**

**न श्राद्धादिप्रतिष्ठा वा तत्त्वं किन्त्वमलं मनः ।**

<u>અર્થ :</u> અંચલ કે મુહપત્તી તત્ત્વ નથી. પુનમ કે ચૌદશ તત્ત્વ નથી. શ્રાવકાદિની પ્રતિષ્ઠા એય તત્ત્વ નથી. તત્ત્વ છે નિર્મલ મન !

આવી ઢગલાબંધ ગાથાઓમાં આપણને નિશ્ચયાજ્ઞાઓનું જબરદસ્ત મંડન જોવા મળે, અને ભેગું વ્રતાદિ રૂપ વ્યવહારાજ્ઞાઓનું ખંડન પણ અનુભવવા મળે. પણ જરાક ઉંડાણથી વિચાર કરશો તો આમાં વ્યવહારાજ્ઞાઓનું ખંડન નથી, પણ મંડન છે.

તે આ રીતે –

વ્રતાદિ નકામા ક્યારે કહ્યું ? જો નિર્મલ મન રૂપી તત્ત્વ પ્રાપ્ત ન થયું હોય તો - તો આ વાત તો સાચી જ છે. વ્યવહારાજ્ઞાઓને માનનારાઓ પણ આ વાત તો સ્વીકારે જ છે કે વ્યવહારાજ્ઞા નિશ્ચયાજ્ઞાઓને લાવી આપે તો જ સાચી. બાકી એ વ્યવહારાજ્ઞાઓની કિંમત વિશેષ નહિ. રે ! માટે જ તો વ્યવહારાજ્ઞા માનનારાઓ ય અભવ્યાદિની વ્યવહારાજ્ઞાઓને કદી પણ પ્રશંસે છે ખરા ? નહિ જ. એટલે આ વાત તો વ્યવહારને પણ માન્ય જ છે.

બીજી વાત એ કે આ ગાથાઓનો અર્થ એ થયો કે જો નિર્મળ મન પ્રગટ ન થાય તો વ્યવહારાજ્ઞા નકામી ! પણ એનો અર્થાપત્તિથી અર્થ એવો થવાનો કે જો નિર્મળ મન પ્રગટ થઈ જાય, તો વ્યવહારાજ્ઞાઓ નિષ્ફળ નહિ જ. અર્થાત્ ત્યારે તો વ્યવહારાજ્ઞાઓ મહાન છે.

જેમ

ચશ્માનું શું કામ ? જો માણસ આંધળો હોય તો !

ઈંજેક્શનનું શું કામ ? જો દર્દી મરી ગયો હોય તો !

ડ્રાઈવરનું શું કામ ? જો ગાડી જ ન હોય તો !

આ બધા વાક્યોનો અર્થ એ થાય જ છે કે

દેખતા માણસ માટે ચશ્મા ઉપયોગી બની શકે છે.

જીવતા દર્દી માટે ઈંજેકશન ઉપયોગી બની શકે છે.

ગાડીવાળા માટે ડ્રાઈવર ઉપયોગી બની શકે છે.

એમ

આ બાહ્ય-આચારોનું શું કામ ? જો મન નિર્મળ ન થયું હોય તો !

આનો અર્થ એ જ કે

જો મન નિર્મળ હોય, થઈ રહ્યું હોય તો બાહ્ય આચારો ઘણા ઘણા ઉપયોગી બની શકે.

એટલે આ બધી ગાથાઓ પણ આડકતરી રીતે વ્યવહારાજ્ઞાઓની ઉપયોગિતા સુચવે જ છે.

અને હકીકતમાં વ્યવહારાજ્ઞાઓ અતિશય ઉપયોગી છે જ, માટે જ અષ્ટક પ્રકરણમાં એ બધી આજ્ઞાઓને પણ લઈ લીધી છે.

તે આ પ્રમાણે –

અષ્ટકપ્રકરણકાર કહે છે, "શક્તિ પ્રમાણે વિધિપૂર્વક સદા આજ્ઞાભ્યાસ કરવો એ જ પ્રભુની આરાધનાનો ઉપાય છે."

હવે શક્તિ પ્રમાણે અને વિધિપૂર્વક આ બે પદાર્થો સામાન્યથી વ્યવહારાજ્ઞામાં જ વધારે સંગત થાય. નિશ્ચયાજ્ઞાઓ તો માત્ર અધ્યવસાયરૂપ છે, એમાં શક્તિ શું ? અને વિધિ શું ? પણ વ્યવહારાજ્ઞાઓમાં શક્તિ મુજબ વધ-ઘટ થતી જ રહે, એમાં વિધિ પણ ઢગલાબંધ પ્રકારની હોય. એટલે આ ગ્રન્થમાં એ આજ્ઞાઓને પણ ભેગી લઈ જ લીધી છે.

લોચ શક્તિ પ્રમાણે વિધિપૂર્વક કરવામાં આવે તો કર્મક્ષયાદિ લાભો થાય જ.

ગોચરીચર્યા શક્તિ પ્રમાણે વિધિપૂર્વક કરવામાં આવે તો કર્મક્ષયાદિ લાભો થાય જ.

એમ તમામ વ્યવહારાજ્ઞાઓમાં સમજી લેવું.

અલબત્ત શક્તિ પ્રમાણે કરવું એ પણ વિધિનો જ એક ભાગ છે. છતાં પણ અહીં શક્તિનું અલગ વર્ણન કર્યું છે, એ એની મહત્તા દર્શાવવા માટે છે.

આંબિલો કરી શકવાની શક્તિવાળો જીવ એકાસણા કરે તો એ દોષનો ભાગીદાર બને.

નવકારશી જ કરવાની શક્તિવાળો જીવ નવકારશી-પોરિસી કરે, તો એ લાભ પામનારો બને.

રોજની ૧૦ ગાથા ગોખી શકનારો જીવ પાંચ ગાથા જ ગોખે, તો દોષ લાગે.

રોજની ૧ ગાથા ગોખી શકનારો જીવ ૧ કે ૨ ગાથા ગોખે, તો કર્મક્ષય પામે.......

આવું હજારો વ્યવહારાજ્ઞાઓમાં વિચારી લેવું.

એજ રીતે

આંબિલની જ શક્તિવાળો જીવ છઠ્ઠ-અટ્ઠમાદિ કરવા જાય તો આર્તધ્યાનાદિ દોષ પામે.

આંબિલની જ શક્તિવાળો જીવ આંબિલ કરે તો ગુણ પામે.

૧૦ ગાથાની શક્તિવાળો જીવ ૨૦ ગાથા ગોખવા જાય, તો બધું કાચું કપાય.

૧ ગાથાની શક્તિવાળો જીવ ૧ ગાથા ગોખે, તો બધું પાકું થાય.

આ હકીકત પણ બધી જ વ્યવહારાજ્ઞાઓમાં સમજી લેવી.

ખ્યાલ રાખવો કે

(૧) શક્તિ-ગોપન ઘણું ખરાબ.

(૨) શક્તિ- ઉલ્લંઘન અપેક્ષાએ ઓછું ખરાબ.

પણ (૩) શક્તિવર્ધન ઘણું સારું. યથા શક્તિમાં શક્તિવર્ધન સમજી જ લેવું.

નવકારશીની તાકાતવાળો ધીમે ધીમે શક્તિ વધારે, પોરિસી - બેસણું કરતો થાય..... તો એ યોગ્ય જ છે. સીધો ઉપવાસાદિ કરવા જાય, તો એ શક્તિ-ઉલ્લંઘન થાય અને એ નુકસાન કરે.

નાનો બાળક ધીમે ધીમે ખોરાક વધારતો જાય છે, એનું શરીર વધતું જાય છે. પણ જો એને એક ઝાટકે ૧ને બદલે પાંચ રોટલી ખવડાવવા માંડો તો એ માંદો પડવાનો જ.

દસમા માળેથી દાદરા દ્વારા કે લિફ્ટ દ્વારા ધીમે ધીમે ઉતરનારો નીચે પહોંચે, પણ જલ્દી પહોંચવા દસમા માળેથી કુદકો મારે તો હાડકા તૂટી જ જવાના.

વિદ્યાર્થીઓ ક્રમશઃ એક-એક ધોરણ આગળ વધતા જાય, તો જ સારામાં સારું ભણી શકે. પણ પહેલા ધોરણમાં ૯૦% જોઈને સીધા ૧૦માં ધોરણની પરીક્ષા આપવા બેસે તો નાપાસ જ થવાના......

એટલે

શક્તિ-ઉલ્લંઘન અને શક્તિ-વર્ધન વચ્ચે મોટો તફાવત છે. એ તફાવત ધ્યાનમાં રાખીને શક્તિ-ઉલ્લંઘન ન કરવું પણ શક્તિ-વર્ધન તો કરવું જ. [વિરતિદૂતમાં - ધન તે મુનિવરા રે.... પુસ્તકમાં આ પદાર્થ વિસ્તારથી વર્ણવેલો છે. જિજ્ઞાસુઓ એમાંથી વિશેષ જાણકારી મેળવી શકે છે.]

બીજી વાત છે વિધિની !

વિધિમાં પણ આંતરિક શુભ પરિણામ રૂપ વિધિ ! અને બાહ્ય ક્રિયાઓ સંબંધી વિધિ ! એમ બે પ્રકારની વિધિ જાણવી.

જો આમ ન માનો અને માત્ર બાહ્ય ક્રિયાઓ સંબંધી વિધિને જ વિધિ માનો, તો અભવ્યો બાહ્ય વિધિઓ તો તમામે તમામ પાળે જ છે, યથાશક્તિ પાળે જ છે......તો એ બધાનો આજ્ઞાભ્યાસ સાચો માનવો પડશે, એ નિયમા ફલદાયી માનવો પડશે. પણ એવું તો આપણે માનતા નથી. એટલે શુભ

પરિણામ પણ વિધિનો જ એક ભાગ સમજવો. દોષનાશની ભાવના, મોક્ષની ઈચ્છા, ક્રિયા પ્રત્યે સદ્‌ભાવ વગેરે વગેરે અનેક પ્રકારના શુભભાવો હોઈ શકે છે. નાનામાં નાનો શુભભાવ પણ ક્રિયાને ચેતનવંતી બનાવી દે છે.

હવે આ પદાર્થમાં કેટલીક અગત્યની બાબતો દર્શાવવાની છે.

અહીં વિધિના ત્રણ વિભાગ પાડીએ.

(૧) ક્રિયારુચિ - ક્રિયાસદ્‌ભાવ - માર્ગાનુસારિભાવ વગેરે રૂપ પાયાનો શુભપરિણામ એ પ્રથમવિધિ.

(૨) ક્રિયા સંબંધી ઉપયોગ, સૂત્ર-અર્થ વગેરેમાં ઉપયોગ, અપ્રમત્તતા, એકાગ્રતા એ બીજી વિધિ.

(૩) ઉભા ઉભા ક્રિયા, સત્તરસંડાસા પૂર્વકની ક્રિયા, ગોચરીમાં નીચે જોઈને ચાલવું..... એ ત્રીજી વિધિ.

ધારો કે આ ત્રણ વિધિ વચ્ચે ટકાવારીની વિચારણા કરીએ, તો પહેલી વિધિના ઓછામાં ઓછા ૬૬% તો ગણવાના જ. બાકીની બે વિધિના ભેગા મળીને ૩૪% ગણવાના. આવું એટલા માટે કે આજે ૩૫% પાસ થવા માટે જોઈએ. હવે એક વાત પાકી છે કે જેની પાસે પ્રથમ વિધિ નથી, એ અભવ્યાદિ જીવો ગમે એટલા અનુષ્ઠાનો સારામાં સારા કરે, તો ય તેઓ કદી આગળ વધી શકવાના નથી, વધતા નથી,એટલે જો પ્રથમવિધિના ૬૬% રાખીએ, તો એમની પાસે એ બિલકુલ ન હોવાથી એ ૬૬ % તો એમને ન જ મળે. એટલે બાકીના બધા ટકા મેળવે, તો પણ તે ૩૪% જ થાય, ૩૫% નહિ. અર્થાત્ તેઓ નાપાસ જ થાય. એટલે જાડીભાષામાં વસ્તુ સમજાવવા માટે પ્રથમ વિધિના ઓછામાં ઓછા ૬૬% કહ્યા છે.

જો પ્રથમ વિધિ ન હોય અને બાકીની બંને વિધિ પૂરેપૂરી હોય તો અભવ્યાદિજીવો ૩૪% જ મળવાથી નાપાસ જ ગણાય, તેઓ આગલા ધોરણમાં જઈ ન શકે.

જો પ્રથમ વિધિ હોય તો ૬૬% તો આવી જ ગયા એટલે ધારો કે બાકીની બે વિધિ ન હોય, તો ય એ જીવ પાસ તો થઈ જ ગયો, અને એ આગળના ધોરણમાં જાય. જો બાકીની બંને વિધિ પણ હોય તો ૧૦૦% પાસ થયેલો ગણાય. હવે એ બે વિધિઓમાં જેટલી ઓછાશ, એટલા ટકા એમના કપાતા જાય, પણ એ પાસ તો ગણાય જ.

આવા વખતે જે જીવોમાં બાકીની બે વિધિઓની ખામી દેખાય, ત્યારે એ ખામીઓ દૂર કરવા માટે પ્રયત્ન ચોક્કસ કરવો. પણ આ ખામીઓ છે, માટે તારે અનુષ્ઠાન જ ન કરાય..... એમ ન કહેવાય.

આશય એ છે કે

વિદ્યાર્થીના ૮૦% આવે, તો ૨૦% ક્યાં ઓછા આવ્યા ? એ બધું જ પુછવાનું, એ ૨૦% પણ પાછા મેળવી શકાય એવો પ્રયત્ન કરવાનો. પણ "તારા ૨૦% કપાઈ ગયા એ ન ચાલે. ૧૦૦% જ જોઈએ, નહિ તો પરીક્ષા આપવાની બંધ કરી દો....." એમ ન કહેવાય. તથા એમ પણ ન કહેવાય કે "આ ૨૦% ખોયા, એટલે આણે આપેલી પરીક્ષા ભયંકર નુકસાન કરનારી બનશે....."

બસ, એ જ રીતે માર્ગાનુસારિતાદિ ગુણો વાળામાં કદાચ ક્રિયામાં અનુપયોગાદિ દોષો હોય, બેઠા બેઠા ક્રિયા કરવાદિ દોષો પણ હોય, તો એ દોષો દૂર કરવાનો પ્રયત્ન ચોક્કસ કરાય, એ માટે વ્યવસ્થિત ઉપદેશ પણ અપાય. જે જે અવિધિઓ હોય, એની સમજણ આપી એના નિરાકરણ ઉપર ભાર અપાય, પણ "જો અવિધિ હોય તો અનુષ્ઠાન જ છોડી દો. જો અવિધિ હોય તો અનુષ્ઠાન મહાભયંકર અનર્થો સર્જે."વગેરે વગેરે ન બોલાય.

<u>શિષ્ય :</u> કેમ ન બોલાય ? આ જ ઢાળમાં આગળ સ્પષ્ટ કહી ગયા છે કે "વિષમકાળમાં જિમ વિષ મારે, અવિધિદોષ તિમ લાગે....." અવિધિદોષને ઝેરની ઉપમા આપવામાં આવી છે.

સંબોધસિત્તરીનો પાઠ પણ આપણે જોઈ ગયા કે **"जह भोयणमविहिकयं विणासेइ विहिकयं जीयावेइ । तह अविहिकओ धम्मो देइ भवं विहिकओ मुक्खं"** અવિધિથી કરેલું ભોજન ખતમ કરે, વિધિથી કરેલું ભોજન જીવાડે. એમ અવિધિથી કરેલો ધર્મ સંસાર આપે, વિધિથી કરેલો ધર્મ મોક્ષ આપે......

અવિધિનો આવો ભયંકર વિપાક છે, માટે બે જ વાત !

કાં તો વિધિવાળું અનુષ્ઠાન કરવું

જો બધી વિધિ ન જળવાય, તો અનુષ્ઠાન જ છોડી દેવું. અવિધિવાળું અનુષ્ઠાન ન કરવું.

+ પ્રતિક્રમણ બેઠા બેઠા કરે એના કરતા ન કરે એ સારું.

+ અંધારામાં રસોડા શરુ થાય અને એ રીતે સ્વામી વાત્સલ્યો થાય એના કરતા સ્વામીવાત્સલ્ય જ ન થાય એ સારું.

+ પૂજા પેન્ટશર્ટ પહેરીને, લેંઘો-જભ્ભો પહેરીને કરવી, એના કરતા તો પૂજા ન કરવી એ જ સારી.

+ બસોમાં-ટ્રેનોમાં જાત્રાઓ કરવી, એના કરતા જાત્રાઓ બંધ કરી દેવી સારી.

+ સામાયિકમાં આડી-અવળી વાતો કરવી, એના કરતા સામાયિક ન કરવું એ જ સારું.....

+ નવ્વાણુઓમાં કે છ'રી પાલિત સંઘોમાં જલસાઓ કરવા, વિજાતીયપરિચયાદિ કરવા એના કરતા નવ્વાણુ +સંઘો ન કરવા એ જ સારા.

<u>ગુરુ :</u> વાહ રે વાહ ! આ નીતિ જબરી છે. જો આવું જ માનવાનું હોય તો હું જે પુછું છું, એના તું જવાબ આપ.

+ આજે કોઈપણ સાધુનું ચારિત્ર બકુશ+કુશીલ જ છે, એટલે કે અતિચારોવાળું છે, એટલે કે અવિધિઓવાળું છે. હવે જો 'કોઈપણ અનુષ્ઠાન અવિધિવાળું તો ન જ કરવું' એવી જ તારી માન્યતા હોય તો આજે કોઈપણ સાધુનું ચારિત્ર અવિધિવાળું છે,છે ને છે જ. ૧૦૦% વિધિવાળું ચારિત્ર એકે ય પાસે નથી. જો હોય તો તો એ ચારિત્ર નિરતિચાર બની જાય, અને એવું ચારિત્ર તો વર્તમાનમાં છે જ નહિ, એવો સ્પષ્ટ શાસ્ત્રપાઠ છે, જે જંગપ્રસિદ્ધ છે.

તો બોલ, તારી માન્યતા પ્રમાણે બધાએ ચારિત્ર છોડી દેવાનું ને ? પંદર હજાર સંયમીઓ અવિધિ હોવાના કારણે સાધુવેષ ત્યાગી સંસારી બની જાય ?

+ ડોલીમાં વિહાર કરવો - ઈર્યાસમિતિના ઉપયોગ વિના વિહાર કરવો - રસ્તામાં વાતો કરતા કરતા વિહાર કરવો.....આ બધી વિહારની અવિધિઓ છે. લગભગ કોઈપણ સંયમીનો વિહાર કોઈને કોઈ અવિધિથી મલિન થયેલો છે જ, તો શું બધા સંયમીઓએ વિહાર બંધ કરી દેવો ?

+ ગોચરી વહોરતી વખતે કે વાપરતી વખતે પાત્રામાં-હાથમાં કે મોઢામાં ખાંડ - દૂધ, રોટલી સાથે શાક, ભાત સાથે દાળ, ખાખરા સાથે ચા.....ભેગા કરવા.... એ અવિધિ છે.

મોઢામાં એક બાજુથી બીજી બાજુ કોળીયો મમળાવવો એ પણ અવિધિ છે...... આમાંથી એકાદ અવિધિ તો લગભગ દરેકે દરેક સંયમીના જીવનમાં છે જ. તો શું બધાએ ગોચરી વાપરવાનું બંધ કરી દેવું ?

+ ધર્મોપદેશ આપતી વખતે મુહપત્તીનો ઉપયોગ ન રહેવો એ પણ એક અવિધિ છે. તો જે જે ઉપદેશકોને થોડાક કાળ માટે પણ જો મુહપત્તીનો ઉપયોગ ન રહેતો હોય તો એમણે વ્યાખ્યાનો બંધ કરી દેવા ?

+પ્રતિક્રમણમાં સંપૂર્ણ ઉપયોગ રહેવો જોઈએ, છતાં એ ન રહે તો એ અવિધિ છે. મનમાં બીજા-ત્રીજા વિચારો આવે એ અવિધિ છે, ખમાસમણાદિમાં સત્તર સંડાસા ન જળવાય એ અવિધિ છે, સૂત્રોચ્ચાર સ્પષ્ટ રીતે ન થાય એ અવિધિ છે... કોઈપણ સંયમીને આમાંની કોઈ ને કોઈ અવિધિ તો છે જ... એમાંય સતત ઉપયોગભાવ પ્રાયઃ એકેય પાસે નથી. એટલે એ અવિધિ તો બધામાં છે... તો શું બધાએ પ્રતિક્રમણાદિ ક્રિયાઓ છોડી દેવી - બંધ કરી દેવી ?

સાધુજીવનના સેંકડો અનુષ્ઠાનમાં આવી તો નાની-મોટી અવિધિઓ લગભગ તમામે તમામ સંયમીઓના જીવનમાં સેવાય જ છે. કોઈ એની ના પાડી શકે એમ નથી. હવે તારા ન્યાય પ્રમાણે ચાલીએ તો કોઈપણ અનુષ્ઠાન અવિધિવાળું તો ન જ ચલાવી લેવાય ને ? તો બધા સંયમીઓ દીક્ષાદિ બધું ત્યાગીને સંસાર ભેગા થઈ જાય ને ?

બોલ, છે મંજુર આ વાત ?

<u>શિષ્ય :</u> ના.

<u>ગુરુ :</u> તો પછી એ માનવું જ પડશે કે અવિધિવાળું અનુષ્ઠાન પણ માન્ય બની શકે છે જ, એ પણ હિતકારી બની શકે છે જ, એનો વગર વિચાર્યે વિરોધ એ હકીકતમાં શાસ્ત્રીય વ્યવસ્થાની અણસમજનો કે ગેરસમજનો પ્રતાપ છે.

<u>શિષ્ય :</u> પણ શાસ્ત્રમાં સ્પષ્ટ લખ્યું છે કે **आणाजुत्तो संघो सेसो पुण अट्ठिसंघाओ ।** જેઓ ભગવાનની આજ્ઞા પાળે, એ જ સંઘ ! બીજા બધા તો હાડકાનો માળો છે. જેઓ અવિધિ આચરે છે, તેઓ તો પ્રભુની આજ્ઞા નથી પાળતા, માટે એ સંઘ ન કહેવાય, એ તો હાડકાનો માળો કહેવાય.

<u>ગુરુ :</u> પાછી એ જ વાત ! તો પછી આજે કોઈપણ સંઘ જ નથી. કેમકે બધામાં ઘણી બધી બાબતોમાં જિનાજ્ઞાવિપરીત વર્તન છે જ. તો બધા આજ્ઞાભંજક અને એટલે જ હાડકાનો માળો બની ગયા.

તો શું અત્યારે શાસનવિચ્છેદ માનવો છે ?

ગચ્છાચારમાં કહ્યું છે કે જે આચાર્યો શેષકાળમાં પાટ વાપરે, તે બધા ઉન્માર્ગગામી જાણવા... તો શું અત્યારે પાટ વાપરનારા તમામ આચાર્યો ઉન્માર્ગગામી માનવા છે ?

**एगभत्तं च भोअणं**ની આજ્ઞા ન પાળીને બેસણું-નવકારશી વગેરે કરનારા સંયમીઓ આજ્ઞાભંજક માનવા છે ? માટે જ સંઘબાહ્ય માનવા છે ?

આવી તો સેંકડો બાબતો આજે મળશે, બધા સંઘબાહ્ય બની ગયા ને ?

**શિષ્ય :** એ તો બધું અપવાદમાર્ગે કરાય છે. અપવાદમાર્ગે ઉંધુ આચરણ કરીએ, તો એ અવિધિ ન ગણાય.

**ગુરુ :** એમ ? એટલે આજે જે કંઈપણ અવિધિઓ દેખાય છે, એ બધી અપવાદ રૂપ છે ? તો પછી કોઈ અતિચાર રહ્યો જ નહિ. તો ચારિત્ર નિરતિચાર બની ગયું ? એ તો શાસ્ત્રવિરુદ્ધ છે. કેમકે વર્તમાનમાં સાતિચાર ચારિત્ર જ છે.

એટલે બધી અવિધિઓ અપવાદ નથી જ, પણ ઘણી બધી અવિધિઓ એવી પણ છે કે જે અતિચાર છે, એટલે કે આજ્ઞાભંગ છે. તો આજ્ઞાભંજક એ સંયમીઓ સંઘબાહ્ય જ બનશે ને ?

**શિષ્ય :** આ બધામાં મનો ગુંચવાડો થાય છે. શાસ્ત્રપાઠો અનો વાસ્તવિકતાનો મેળ પડતો નથી. તમે જ કહો, શું કરવું ? શું માનવું ?

**ગુરુ :** શાસ્ત્રપાઠો અને વાસ્તવિકતાનો મેળ છે જ ! બધું જ બરાબર જ છે. પણ શાસ્ત્રપાઠોના અર્થઘટન કરવામાં ખામી છે, માટે આ બધી મુશ્કેલીઓ ઉભી થાય છે.

'વિધિ બિલકુલ ન હોવી જોઈએ' એ એક આદર્શ છે. પણ વર્તમાનમાં કોઈ ને કોઈ અનુષ્ઠાનમાં નાની-નાની અવિધિઓ હોવાની એ હકીકત છે. એ અવિધિઓ તો સારી નથી જ, પણ અવિધિ સિવાયનું બાકીનું શુભાનુષ્ઠાન તો સારું છે જ. માત્ર અવિધિની ખરાબીને કારણે સારા અનુષ્ઠાનનો ય ત્યાગ કરી દેવો એ બુદ્ધિનું દેવાળું છે.

હા !

એ વાત ફરી સ્પષ્ટપણે સમજી લેવી કે જેઓ અભવી છે, ભવી છતાં અચરમાવર્તી છે, ચરમાવર્તી છતાં માર્ગાનુસારિતાદિ ગુણોવાળા નથી... તેઓની તો બાહ્ય વિધિવાળી કે અવિધિવાળી કોઈપણ ક્રિયા લગભગ નિરર્થક જ છે, એટલે એવી ક્રિયાઓ ચલાવી લેવાની વાત તો કોઈ જ કરતું નથી.

પણ માર્ગાનુસારિતાવાળા જીવોની નાની-મોટી બાહ્ય-અવિધિઓને જોઈ, ભડકી જઈને એ ક્રિયાઓ છોડાવી દેવી, એને પાપ માનવું એ બરાબર નથી.... તે જગ્યાએ અવિધિત્યાગનો પ્રયત્ન સખત કરવો...... પણ અવિધિ છે, માટે અનુષ્ઠાન જ બંધ.... આવું ગાંડપણ ન આદરવું.

ઉપદેશમાલામાં કહેલો સિદ્ધાંત યાદ રાખવો કે **आयं वयं तुलिज्जा लाहाकंखिव्व वाणियओ ।** નફો-નુકસાન વિચારીને કોઈપણ નિર્ણય લેવો. એકાંત પકડીને ન ચાલવું.

ભૂખ્યાઓનો આદર્શ તો એ જ હોય કે 'રોજ ઉત્તમોત્તમ ભોજન મળે.' પણ એ ન મળે તો છેલ્લે સાદા ભોજનથી ય ચલાવી તો લે છે. "મને ઉત્તમભોજન નથી મળ્યું, તો હું સાદું ભોજન તો નહિ જ કરું." એવું કોઈ બોલે છે ખરું ?

ધંધાદારીઓનો આદર્શ તો એ જ હોય કે 'મહીને લાખ રૂપિયાની કમાણી થાય.' પણ લાખ ન કમાઈ શકે, અને દસહજાર પણ કમાય તો એ સ્વીકારી તો લે જ ને? 'લાખ મળે તો જ લઉ, દસહજાર તો ન જ લઉં' એવું કોઈ બોલે છે ખરું ?

એ બોલનારાઓ મૂર્ખા જ ગણાય ને ?

એમ મોક્ષાર્થી આત્માનો આદર્શ તો એ જ હોય કે "મને બધી જ વિધિથી ભરપૂર એવું અનુષ્ઠાન મળો." પણ છતાં નાની-નાની અવિધિઓવાળું અનુષ્ઠાન મળે, તો એને છોડી દેવાની મૂર્ખાઈ માર્ગાનુસારી જીવ ન કરે. એવા અનુષ્ઠાનને પાપ માનવાની મૂર્ખાઈ, એને ગાળો દેવાની મૂર્ખાઈ માર્ગાનુસારી જીવ ન કરે.

યોગવિંશિકાના એ શબ્દો બરાબર ધ્યાનમાં લો.

**ये तु गीतार्थाज्ञानिरपेक्षा विध्यभिमानिनो इदानीन्तनं व्यवहारमुत्सृजन्ति, अन्यं च विशुद्धं व्यवहारं न संपादयन्ति, ते बीजमात्रमप्युच्छिन्दन्तो महादोषभाजो भवन्ति ।**

જેઓ ગીતાર્થોની આજ્ઞાની પરવા કરતા નથી, વિધિના અભિમાની છે અને એટલે અત્યારના (અવિધિવાળા) વ્યવહારને છોડી દે છે, નવા વિશુદ્ધ વ્યવહારને આપી શકતા નથી. તેઓ બીજ માત્રનો પણ ઉચ્છેદ કરે છે અને એ રીતે મહાદોષને પામે છે.

ચાલો, ઘણું કહેવાનું બાકી છે, છતાં ઘણું કહી દીધું છે.

જો મધ્યસ્થ બનીને વાંચશો, તો બધું સમજાશે.

જો મનમાં પોતે માનેલા પદાર્થોને જક્કડ બનીને, પકડી રાખીને વાંચશો, તો આ બધું જ ઉંધું જ પડશે...

વિધિરાગ અને વિધિ-અભિમાન એ બેમાં મોટો તફાવત છે.

માર્ગાનુસારિતાભાવ ન હોવા રૂપી અવિધિ અને ઉપયોગ - ક્રિયાદિની અવિધિ વચ્ચે મોટો તફાવત છે

અવિધિનું ખંડન કરનારા શાસ્ત્રોમાં અને અવિધિ પ્રત્યે આંખ મીંચામણા કરનારા શાસ્ત્રોમાં ગંભીર રહસ્ય છે.

આ બધું શાંતચિત્તે ધ્યાનમાં લેવું.

**પહેલી ઢાળનો ભાવાર્થ સંપૂર્ણ**

૩૫૦ ગાથાનું સ્તવન

• ૩૫૦ ગાથાનું સ્તવન • ૩૫૦ ગાથાનું સ્તવન • ૩૫૦ ગાથાનું સ્તવન • ૩૫૦ ગાથાનું સ્તવન •



• ૩૫૦ ગાથાનું સ્તવન • ૩૫૦ ગાથાનું સ્તવન • ૩૫૦ ગાથાનું સ્તવન • ૩૫૦ ગાથાનું સ્તવન • ૩૫૦ ગાથાનું